ચરિત્રમાળા

પુસ્તક ૪૬-૪૮

વર્ષ ૪ થું

સં. ૧૯૭૯

(૭)

[illegible]

[illegible]

महान् अलेक्झांडर

योजकः

व्रजलाल जादवजी ठक्कर.

સ્થળ: મુંબઈ

અને અમદાવાદ

વાર્ષિક રૂ. ૨

પાકાં પૂઠાં ૩

પો. આઠ

ચરિત્રમાળા: પુસ્તક ૪૧-૪૨: વર્ષ ચોથું-સં. ૧૯૭૧

મહાન્ અલેકઝાંડર

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તર્ફથી
પ્રયોજક: વ્રજલાલ જાદવજી ઠક્કર. સ્થળ-અમદાવાદ.
મેનેજર, કથાકુંજ—નવલકથામાળા.
સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ-અખંડાનંદ
સ્થળ: કાલબાદેવી—મુંબઈ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૩૦૦. વિ૦ સં૦ ૧૯૭૧. ઈ. સ. ૧૯૧૫.

મૂલ્ય—વાર્ષિક હાળે ૦॥ૢ પાકું પૂઠું ૦॥ૣ પો. માફ.

દારા રહા ન જમ ન સિકંદરશા પાદશાહ,
તખ્તે ઝમીંપે સેંકડો આયે ચલે ગયે.

ભાવાર્થ—મહા વૈભવશાળી દારા (ડરાયસ), જમશીદ, કે સિકંદર (અલેકઝાંડર) જેવા અજિત અને મહા વૈભવશાળી પાદશાહો પણ આ જગતમાં અમ્મર રહી શક્યા નથી. આ જમીનરૂપી તખ્તા ઉપર એવા તો સેંકડો આવીને ચાલ્યા ગયા છે.

અમદાવાદ
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

નિવેદન

ચરિત્રમાળાના આ ૪૧-૪૨ મા પુસ્તકમાં મહાન્ અલેકઝાંડરનું ચરિત્ર આલેખાયલું છે. રા. રા. ચુનીલાલ બાપુજી મોદી તરફથી પણ આ મહાન્ પુરૂષનું ચરિત્ર ઇ. સ. ૧૮૮૭ માં પ્રકટ થયું હતું. જગતના મહાન્ પુરૂષોનાં બને તેટલાં જીવનોનો સંગ્રહ કરવાના ઉદ્દેશને લઇને થોડા જૂદા રૂપમાં ચરિત્રમાળામાં પણ તે પ્રકટ થાય છે.

આ પુસ્તકના પ્રયોજકે આમાં યથાસાધ્ય વિશેષ માહિતી આપવાનો યત્ન કર્યો છે. ભારતે અલિકસંદર (બંગાળી), ગ્રીસ દેશનો ઇતિહાસ (ગુજરાતી), Alexander The Great (અંગ્રેજી) અને સિકંદરનામું (ગુજરાતી) આ ચાર પુસ્તકોના આધારે તેમણે આ પુસ્તક તૈયાર કર્યું છે. એમાં પણ 'ભાર તે અલિકસંદર' નેજ આ પુસ્તક વિશેષ આભારી છે. ટીપણીઓ પણ તેમાંથીજ લીધેલી છે. જે બદલ એ ગ્રંથ તેમજ ઉપલા સર્વ ગ્રંથોના કર્તા તેમજ પ્રકાશક મહાશયોનો યોજક તેમજ આ સંસ્થા તરફથી અત્રે આભાર માનવામાં આવે છે.

આ પુસ્તકમાં આવેલાં ગ્રીક ભાષાનાં નામો લખવામાં પ્રયોજકે બનતી કાળજી રાખી છે. છતાં તે તેમજ બીજી બાબતોમાં શુભેચ્છક વિદ્વાનોને કાંઇ દોષ અથવા ન્યૂનતા જણાય તો તે લખી મોકલવા પ્રાર્થના છે. આભાર અને નામોલ્લેખ સહિત બીજી આવૃત્તિ સમયે તેનો બનતો ઉપયોગ કરવામાં આવશે.

ચરિત્રમાળાનું આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં કેટલાંક અનિવાર્ય કારણસર થયેલી ઢીલ વાચકો દરગુજર કરશે. ચાલુ સાલનાં બીજાં પુસ્તકો પણ બનતી ત્વરાએ છપાતાં જઇને રવાના થતાં રહેશે.

વિ. સં. ૧૯૭૧ જ્યેષ્ઠ }
ઇ. સ. ૧૯૧૫ જુન }

મંત્રી.

નવાં નીકળેલાં પુસ્તકો

વેદાન્તનો અતિ ઉત્તમ, સરલ અને સર્વથી મ્હોટો રૂ. ૧૮) નો ગ્રન્થ માત્ર રૂ. ૫) માં ખરીદવાની ઉત્તમ તક.

આદિકવિ શ્રી વાલ્મીકિ મુનિપ્રણીત, શ્રીમદ્—

યોગવાસિષ્ઠ મહારામાયણ

બે ભાગમાં થઇને મ્હોટાં પૃષ્ઠ ૨૧૦૦

મુંબઇની વેદધર્મસભા તરફથી આ ગ્રંથનું ઉત્તમ ભાષાંતર બે મ્હોટા ગ્રંથોના રૂપમાં વીશેક વર્ષપર રૂ. ૧૮) માં નીકળેલું, તેનીજ આ નવીન આવૃત્તિ તે સભાની પરવાનગીથી તેવાજ મ્હોટા ટાઇપમાં આ ખાતા તરફથી છપાતી હતી, તેનો પ્રથમ ભાગ બહાર પડી ચૂકયો છે.

આ પ્રથમ ભાગમાં વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ અને ઉપશમ, એ પાંચ પ્રકરણોનો સમાવેશ છે.

દસ્કત—આ લાઈનમાં છે તેવા મ્હોટા લેવામાં આવ્યા છે.

કદ—આ ગ્રંથમાળા કરતાં બેવડા કદનાં પૃષ્ઠ ૯૪૦ છે.

કાગળ ગ્લેજ જાડા ૭૦ રતલી, **છપાઈ** સુંદર, પ્રત્યેક અધ્યાયના આદિ અંતમાં અક્કેક શ્લોક, ઉપરાંત વધારામાં શ્લોકના અંક, તેમજ કોઇ કોઇ શ્લોકનું રહી ગયેલું ભાષાંતર ઉમેરવામાં આવ્યું છે. **પૂઠાં** પાકાં સોનેરી કરાવવામાં આવ્યાં છે.

ઉપર પ્રમાણે છતાં આ ખાતાના સસ્તાપણાના ધોરણ મુજબ આ ભાગનું મૂલ્ય માત્ર રૂ. ૩) રાખ્યું છે. (પોષ્ટેજ ૦ાા૦ જૂદું.) **પૂરી કિંમત તથા રેલખર્ચના ૦ાા૦ પ્રથમ મોકલી રેલ રસ્તે મંગાવનારને તેટલા ખર્ચમાંજ આવશે. નાણાં પ્રથમ મોકલ્યા સિવાય રેલ રસ્તે મોકલાશે નહિ.**

"ગુજરાતી" પત્રવાળાનો બળાપો.

આ ખાતા તરફથી નીકળેલું શાન્તિપર્વ, આગળ રૂ. ૮ થી નીકળેલા શાન્તિપર્વની નવી સુધરેલી આવૃત્તિ છે; એ મતલબનું ખુદ એ ગ્રંથના મુખપૃષ્ટ તથા નિવેદનમાં સ્પષ્ટ લખાવા ઉપરાંત તેને લગતી જાહેર ખબરોમાં પણ સુચિત છે; વળી મહાભારતના બાકીના ત્રણ ભાગોનું ઉત્તમ ભાષાંતર અનુભવી શાસ્ત્રીને હાથે નવુંજ તૈયાર થતુ હોવાની વાત પણ ગયા આસો માસમાં વિવિધ ગ્રંથમાળાના ગયા ૪૯–૫૦ મા પુસ્તકમાં અને તે પછીની જાહેર ખબરો તથા હેંડબીલોમાં સ્પષ્ટ જણાવેલી છે; છતાં 'ગુજરાતી' વાળાએ પોતાના ઘરના છાપામાં એવીજ ગપ ચલાવી છે કે "શાન્તિપર્વનું ભાષાંતર નવું હોવાનો દાવો અમે રાખ્યો હતો; અને આ ખાતા તરફથી નીકળનારૂં મહાભારતનું ભાષાંતર અમદાવાદવાળા ભાષાંતર પ્રમાણેજ છપાનાર છે" (!) આખું શાન્તિપર્વ ઉથલાવી જઇને તેમાં જે શબ્દો નથી તે શબ્દો છે એમ ઠોકી બેસાડીનેજ કેટલીક ભૂલો તો તેમણે પોતાના પત્રમાં પ્રસિદ્ધ કરી છે; અને બીજી રીતે પણ બને તેવી હલકી ભાષા અને જૂઠા આક્ષેપોથી પોતાના હૃદયનો ઉંડો બળાપો બને તેટલો ખાલી કર્યો છે. આવી હડહડતી જૂઠી વાતો ફેલાવવાનું ખરેખરૂં કારણ શું છે ? આ સંસ્થા તરફથી સ્વલ્પ મૂલ્યે નીકળેલા ભાગવત, જ્ઞાનેશ્વરી, યોગવાસિષ્ઠ, તેમજ નીકળનારા મહાભારત, વાલ્મીકિ રામાયણ, પંચદશી ઇ. ગ્રંથોને લીધે, તેમના બમણી ત્રમણી કિંમતવાળા ગ્રંથોનું વેચાણ ઘટી જઇ તેમાંથી દર વર્ષે સહેલાઇથી થતી હજારોની આવક ઘટી જવાનો દ્વેષજ એમાં મૂળ કારણભૂત છે.

ગમે તેવા બડબડાટ કે આક્ષેપો થયા કરે છતાં તે તરફ લક્ષ્ય

ન આપતાં મુંગે મોઢે બને તે કાર્ય કર્યા જવું; અને છેવટે જનસમાજ એવાઓથી ઉંધા વિચારોએ ચ્હડી જઇને સેવાનો લાભ લેવાથી વિમુખ થાય તો તે ઉપરથી "ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ" ની પેઠે પરમાત્મ દેવે પોતા તરફ વિશેષ અભિમુખ બનાવવાની કૃપા કરેલી સમજીને તેમાં રહેલા સ્વપરના અધિક હિતને માટે અહોભાગ્ય માનવું; આ ધોરણ સસ્તા સાહિત્યની પ્રવૃત્તિની શરૂઆતમાંજ જણાવેલું છે. જેથી કોઇ કોઇ સજ્જનોની સુચના છતાં વર્તમાનપત્રોમાં ખુલાસાઓ આપવા જેટલું વજન એવાઓને આપવું; અથવા એવાની સાથે તેવા બનીને એકની બે ચોપડી બતાવવી; કે સરકાર દરબારનો સ્વાદ ચખાડી મદ ઉતારવો; એમાંનું કાંઇ પણ કરવામાં આવ્યું નથી. હવે પછી પણ બનતાં સુધી એજ ધોરણ રહેશે. શુભેચ્છા પૂર્વકની શંકા અથવા જિજ્ઞાસા દર્શાવવાના માર્ગ જૂદાજ હોય છે, અને તેનું નિવારણ કરવામાં વાંધો હોતો નથી; પરંતુ દ્વેષને લઇને ગમે તેવી લવરી કરવામાં આવે તેને માટે તો ઉપેક્ષા વૃત્તિજ ઉચીત છે.

આમ છતાં કેટલાક સજ્જનોને એમ લાગ્યું કે સાધારણ જનવર્ગ આવી ચુપકીદીથી અવળે માર્ગે દોરાઇ જઇને છેવટે લોકોનાજ હક્કમાં નુકશાન થાય તે ઠીક નહિ; જેથી તેમણે જુદાં જુદાં વર્તમાનપત્રોમાં "ગુજરાતી" ના ઉત્તરમાં કેટલાક લેખો પ્રસિદ્ધ કરાવ્યાં છે.

આ પ્રમાણે જ્યારે આ કાર્ય થયું છેજ; તો પછી આ ખાતાના વાંચકોની જાણ માટે તે લેખો વિવિધ ગ્રંથમાળાના તરતમાં નીકળનારા ૫૭–૫૮–૫૯ મા પુસ્તકમાં ઉતારી લેવાનું ઉચીત સ્હમજવામાં આવ્યું છે. મહાભારતના કદ ૯૦ ની યોજનામાં કરાયલો કેટલોક ફેરફાર પણ એ સાથે જણાવાશે. માટે ચરિત્રમાળાના પ્રત્યેક વાચક બંધુનું તે તરફ ખાસ લક્ષ્ય ખેંચવામાં આવે છે.

ચાતુર્માસમાં દાન તથા ભેટ તથા નિત્ય પાઠ કરવા યોગ્ય

થોડી થોડી કિંમતના ઉત્તમ ધાર્મિક ગ્રંથો.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ગુટકા–પૃષ્ઠ ૨૭૫, મૂળ શ્લોક, સરલ અર્થ, માહાત્મ્ય. ન્યાસ, ધ્યાન તથા છબી સાથે.

૦)= કપડાની પટીવાળું સાદું પૂઠું, ૦। સોનેરી અથવા રેશમી પૂઠું,

૦)≡ સળંગ કપડાવાળું પાકું પૂઠું, ૦॥ અતિ સોનેરી પૂઠું

ભાગવતનો એકાદશસ્કંધ–મૂળ શ્લોક તથા અર્થ સાથે પૃષ્ઠ ૪૫૦

૦। સાદું કાગળનું પૂઠું, ૦।=॥ પાકું પૂઠું, ૦॥ સોનેરી પૂઠું.

આર્યધર્મનીતિ સાદું પૂઠું ૦।, પાકું પૂઠું ૦॥

મનહરપદ સાદું પૂઠું ૦)=॥ પાકું પૂઠું ૦।

ચાતુર્માસના પવિત્ર દિવસોમાં વાંચવા વિચારવા યોગ્ય

ઉત્તમ, મ્હોટા, સસ્તા ધાર્મિક ગ્રંથો.

શાન્તિપર્વ (મહાભારતનું) રૂ. ૨, ઉંચી આવૃત્તિ ... ... રૂ. ૨॥

શ્રીમદ્ ભાગવત ભાષાંતર. ૧૫ ચિત્રો સાથે ... ... રૂ. ૨)=

શ્રી યોગવાસિષ્ઠ મહારામાયણ ભાગ ૧ લો. પાંચ પ્રકરણ રૂ. ૩),

શ્રીભગવતી ભાગવત. અષાઢ આખરે નીકળશે. ... રૂ. ૨॥

સ્વામી રામતીર્થ. ભાગ ૧ થી ૫ નો મ્હોટો ગ્રંથ રૂ. ૧) અને ૧।

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

કાલબાદેવીરોડ **મુંબઈ નં. ૨** અને સલાપોસરોડ **અમદાવાદ**

મહાન્ અલેકઝાંડર

પરિચ્છેદ ૧ લો.

લગભગ ૨૩ સૈકા પૂર્વે યૂરોપખંડનો એક સુપ્રસિદ્ધ પુરૂષ ઘણા થોડા દ્રવ્ય અને સૈન્યની સહાયતાથી એ સમયે તેની જાણમાં આવેલી પૃથ્વીનો ઘણો ખરો પ્રદેશ પોતાની સત્તામાં લેવાને સમર્થ થયો હતો. ભારતની સીમા સુધીના તેના આગમનની તથા પોતાની મુસાફરીમાં તેણે મેળવેલા વિજયની હકીકત યૂરોપના લોકો ઘણાજ ગૌરવથી કહે છે. આ સંબંધી યૂરોપખંડના અનેક મનુષ્યોએ જૂદી જૂદી ભાષામાં સતત પરિશ્રમથી એ વીરવરની કીર્તિનો ઇતિહાસ આલેખ્યો છે; પરંતુ આ દેશના કોઈ પણ પ્રાચીન લેખકે એ વીરવર સંબંધી કાંઇ પણ લખ્યું હોય એમ જાણમાં નથી. એક અપરિચિત દેશનો રહેવાસી આપણા ભારતવર્ષની શાંતિનો બે ચાર દિવસને માટે ભંગ કરવાને તથા થોડું ઘણું દ્રવ્ય લઇ જવાને સમર્થ થયો હતો, એવા ઇતિહાસને પ્રસિદ્ધ કરવો, આપણા પૂર્વજોએ યોગ્ય ધાર્યો નહિ હોય. સમુદ્રમાં અનેક તરંગો ઉત્પન્ન થઇ કાળાંતરે વિલીન થઇ જાય છે, આવા તરંગોના આઘાત-પ્રત્યાઘાતને લક્ષ્યમાં રાખવા, એ હિંદુઓના સ્વભાવ વિરૂદ્ધ છે. આવા સ્વભાવનેલીધેજ તેઓ આ સંસારની ઘટનાઓને મુખ્યતા નહિ આપતાં પારલૌકિક ઉન્નતિના પ્રયાસમાં નિમગ્ન રહેતા હતા. સ્વતંત્ર હિંદુઓનો આવો ઉદાર સ્વભાવ પ્રશંસાપાત્ર છે. કોઈ એક શ્રીમંતના ઘરમાંથી કોઈ કાંઇ થોડી ઘણી વસ્તુઓ કે દ્રવ્યાદિ ચોરી જાય તે વાત જેમ અલ્પ સમયમાંજ વિસ્મૃત થઇ જાય છે,

તેમ અલેકઝાંડર વગેરેએ હિંદુસ્તાન ઉપર કરેલી ચઢાઇઓની વાત પણ આપણા દેશના પૂર્વપુરૂષો ભૂલી ગયા હતા. હિંદુસ્તાનમાં કોઇ પણ ગ્રંથમાં એ કારણથી પણ અલેકઝાંડરના નામનો ઉલ્લેખ ન કરાયો હોય તો તે સંભવિત છે. આવા પ્રકારના શત્રુનું નામ લેવામાં પણ પાપ છે, એવી તે સમયના હિંદુઓની કલ્પના હોય એમ લાગે છે; પરંતુ એ સમયે અલેકઝાંડરની સામે ટક્કર ઝીલી તેને હાંકી કાઢવાને માટે–સ્વદેશનું રક્ષણ કરવાને માટે–ભારતવાસીઓએ કેવી રીતે પોતાના આત્માનો ભોગ આપ્યો હતો, તેની આલોચના કરવા જતાં શરીર કંપી ઉઠે છે. તેનો વિચાર કરવા જતાં મસ્તક ભમી જાય છે. એ સમયે આપણા દેશના બ્રાહ્મણાદિ ચારે વર્ણ જે ઐક્યથી કાર્ય કરતા હતા તે જોતાં આશ્ચર્ય થયાવિના રહેતું નથી. એ સમયના બ્રાહ્મણોએ નિઃસ્વાર્થભાવે જે કાર્ય કર્યું હતું તેથી અલેકઝાંડરને પોતાના સૈન્ય-સહિત અપાર કષ્ટ વેઠવું પડયું હતું. આ કષ્ટમાંથી તે કેવી રીતે અને કેવી સ્થિતિમાં પોતાના પ્રાણનું રક્ષણ કરી પાછો ફરવાને સમર્થ થયો હતો; તે કેવી રીતે વૈરાગ્યવૃત્તિથી રહેનારા બ્રાહ્મણો આગળ પરા-જય પામ્યો હતો; સામાન્ય બ્રાહ્મણોનું સન્માન નહિ કરતાં કેવી રીતે તેણે પોતાનું સન્માન કર્યું હતું, તથા કેવી રીતે વીરત્વની સાથે યુદ્ધ કરીને તે સમરમાં શત્રુઓથી અજીત રહ્યો હતો, વગેરે હકીકત સુપ્રાચીન હોવા છતાં પણ તે ચિર–નૂતન હોઇને તેની આલોચના આપણા પક્ષમાં પુણ્યજનક છે. એક યુવકે માત્ર ૧૨–૧૩ વર્ષની મહેનતથી અને માત્ર ૩૩ વર્ષની ઉંમરમાં જે જે અસાધારણ કાર્યો કર્યાં હતાં તે યૂરોપના ઇતિહાસમાં ખરેખર અતિ આશ્ચર્યજનક પ્રકાર છે.* આવા પ્રકારની કાર્ય તત્પરતા, આવા પ્રકારનો સતત શ્રમ, આવા

* અલેકઝાંડરે પશુબળથી જે પ્રમાણે સમસ્ત દુનિયાને મુગ્ધ કરવાનો યત્ન કર્યો છે, તેજ પ્રમાણે તેના કરતાં થોડા સમયમાં અને તેના કરતાં

પ્રકારનું અડગ ધૈર્ય અને સાહસ, સાધારણ જનસમાજ ઉપર પોતાનો પ્રભાવ બેસાડવાની શક્તિ વગેરે ગુણો ધરાવનાર મનુષ્યો જગતમાં વિરલજ હોય છે. નેપોલિયન વગેરે પાશ્ચાત્ય વીરપુરૂષો અલેકઝાંડરની યુદ્ધરીતિને અનુસરીનેજ કર્ત્તવ્યમાર્ગે આગળ વધતા હતા; એવા સુપ્રસિદ્ધ વીરપુરૂષનું જીવન મુખ્ય કરીને આપણા હિંદુસ્તાનની કથા સાથે એકત્ર થયેલું હોવાથી તેની આલોચના કરવી એ અમે અમારૂં કર્ત્તવ્ય વિચાર્યું છે. જે કારણથી સ્વતંત્ર હિંદુઓએ પૂર્વે અલેકઝાંડરનાં કાર્યોનું વર્ણન કર્યું નથી, તેમાંનું કોઇ પણ કારણ હાલ વિદ્યમાન નહિ હોવાથી એ સર્વશ્રેષ્ઠ યૂરોપિય વીરવરની હિંદુસ્તાન ઉપરની ચઢાઇ, તથા હિંદીઓ પાસે તેણે કેવા પ્રકારે અભ્યર્થના પ્રાપ્ત કરી હતી તે સર્વ આપણે જાણવું જરૂરનું છે.

પ્રથમ અમે એ સમયની ગ્રીસની સ્થિતિનું સંક્ષિપ્ત વર્ણન કરી તે પછી પ્રસ્તુત વિષયને વર્ણવીશું. સમગ્ર ગ્રીસની ભૂમિનું માપ જો કે હિંદુસ્તાનમાંના વિશાળ બંગાળ દેશ જેટલું પણ નહોતું, છતાં આવો ઘણો ન્હાનો પ્રદેશ પણ શૌર્ય, વીર્ય, પરાક્રમ, પાંડિત્ય તથા શિલ્પની નિપુણતામાં યૂરોપખંડમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકયો હતો. જે ગ્રીસ દેશ પ્રાચીન ગ્રીસવાસીઓના ચારિત્ર બંધારણને માટે ઘણો અનુકૂળ થઇ પડયો હતો, પ્રાતઃકાળનો વાયુ જે દેશની નૌકાઓને એશિયામાઇનર તરફ લઇ જતો હતો, તથા સાયંકાળે પાછો

થોડી ઉમરમાં આચાર્ય શિરોમણિ શંકરાચાર્યે ધર્મ જગતમાં યુગાંતર કરી મૂકયો હતો; તથા પોતાના મતની સ્થાપના થાય એ હેતુથી તેમણે અનેક ગ્રંથો રચ્યા હતા; એ પણ જગતના ઇતિહાસમાં આશ્ચર્યજનક છે. અલેકઝાંડરની મુસાફરી કરતાં, એ પૂજ્યપાદની મુસાફરી કાંઈ ઓછી ગણી શકાય નહિ. હત્યાખોર તરીકે અલેકઝાંડરનું નામ કાળના પ્રભાવે તિરસ્કારને પાત્ર થયું હશે; પરંતુ જ્ઞાનરાજ્યની વૃદ્ધિ સાથે શંકરના અનુશાસનનો તો સર્વત્ર સ્વીકાર થયાવિના રહેશે નહિ.

ઉલટો વાઇને સેવકની પેઠે તે નૌકાઓને પોતાને ઘેર પહોંચાડી દેતો હતો, એ વાયુ હમણાં પણ તેમનો તેમ કાયમજ રહેલો હોવા છતાં જળમાર્ગમાં ગ્રીસનું પ્રાધાન્ય ક્યાં ચાલ્યું ગયું ? ગ્રીસના તટ આગળથી એશિયાખંડની સુવર્ણભૂમિ નજરે પડતી હોવાથી તે ભૂમિ ઉપર પોતાનો અધિકાર બેસાડવાને માટે તે સમયે ગ્રીસના રહેવાસીઓ એકત્ર થઇને આવ-જા કરતા હતા. ગ્રીકોની એ તૃષ્ણા હવે દારિદ્રની આકાંક્ષા માફક હૃદયમાંજ ઉત્પન્ન થઇને વિરામી કેમ જાય છે ? તે સમયે પણ નજીવા આહારથી તેમની ક્ષુધા તૃપ્ત થઇ શકતી હોવા છતાં સમસ્ત જગતને ખાઇ જવાને માટે તેમણે મ્હોં ફાડયું હતું, તો પછી હમણાં તેમની એ ક્ષુધા ક્યાં ચાલી ગઇ છે ? જે દેશના વાસીઓ એ સમયે ઉઘાડે માથે, ઉઘાડે પગે અગર તો માત્ર લાકડાની પાદુકા પહેરીને હરતા ફરતા હતા, અને માત્ર એકજ વસ્ત્રને કમ્મર ઉપર બાંધીને ચલાવી લેતા હતા, તે બધું હવે એ દેશમાંથી કેમ વિલય થઇ ગયું છે ? તે સમયની પર્ણકુટીઓમાં જે દેવપ્રકૃતિના પુરૂષોએ જન્મગ્રહણ કરીને પોતાના દેશના ગૌરવને વધાર્યું છે, એવા દિવ્યપુરૂષો હમણાંના ગ્રીસના સુંદર બંગલાઓમાં શામાટે જન્મ ગ્રહણ નથી કરતા ? આ સર્વ પ્રશ્નોનો ઉત્તર માત્ર પ્રભુની ઇચ્છા છે. છતાં અમે જણાવી શકીશું કે, એ સમયના પ્રત્યેક ગ્રીસવાસીના હૃદયમાં સ્વદેશના ગૌરવમાં વધારો કરવાની વાસના પ્રબળપણે વહેતી હતી, પ્રત્યેક વ્યક્તિ પોતાની શક્તિ પ્રમાણે નિંદા તથા પ્રશંસાની પરવા કર્યા સિવાય દેશહિતના કાર્યમાં તન, મન તેમજ ધનનો ભોગ આપીને લક્ષ્ય આપતી હતી; તેથી કરીનેજ એ સમયે ગ્રીસ દેશ ઉન્નતિના સૌથી ઉંચા શિખરે વિરાજમાન થયો હતો. **સ્વદેશનાં સર્વ મનુષ્યો જો દેશહિતને પોતાનું કર્તવ્ય સમજી પોતાના કાર્યને ફળીભૂત કરવાને તત્પર રહે, તો તેમના કાર્યને**

અટકાવવું એ અશક્યજ છે, અને જો કોઇ તેને અટકાવવા ઇચ્છે તો બાંધી લેવામાં આવતા પ્રવાહની માફક ઉલટી એ શક્તિ બમણા જોશથી ઉછાળો મારે છે.

ગ્રીસની ઉત્તરે મેસિડોનિયા આવેલું છે. તેની પશ્ચિમે ઇલરિયા તથા પૂર્વે થ્રેસ અને ઇજિયન સાગર આવેલો છે. એ સમયે ત્યાંના અધીશ્વરના બાહુબળની વધઘટની સાથે તેની આવકની પણ વધઘટ થયા કરતી હતી. ધનબળ તથા જનબળમાં પણ તે વિશેષતા ધરાવતી નહોતી. સમુદ્રની પાસેનો પ્રદેશ સપાટ તેમજ સજળ હતો. ઘણો ખરો પ્રદેશ પર્વતોથી પરિપૂર્ણ હતો. આ દેશવાસીઓને ગ્રીક વાસીઓ મૂર્ખ કહીને તિરસ્કાર કરતા હતા. તેમની ભાષા પણ ગ્રીક ભાષા કરતાં જૂદી જાતની હતી. તે સમયે મેસિડોનિયાના રહેવાસીઓ એક વિચિત્ર વસ્ત્ર પહેરીને શરીરને ચીતરતા હતા. તેઓ જ્યાં સુધી કોઇ શત્રુની હત્યા કરી શકતા નહિ ત્યાં સુધી એકાદ તિરસ્કારપાત્ર ચિહ્ન ધારણ કરી રાખીને જનસમાજમાં પોતાની નિર્બળતા જાહેર કરતા હતા. જો સિંહ, વાઘ વગેરેમાંના એકાદ પણ ઘાતકી પશુની હત્યા કરી શકતા નહિ તો તેઓ પલંગમાં સૂઇ રહેવાના અધિકારી થતા નહિ. થ્રેસવાસીઓ કે જેઓની સંખ્યા ઘણી થોડી હતી તેમનો પરાજય કરીને તેઓ આનંદ પામતા હતા. અલેકઝાંડરના પિતા ફિલિપની પૂર્વે પણ તેમણે કર્મવીર અને સુદક્ષ ઘોડેસ્વારો તરીકેની કીર્તિ સંપાદન કરી હતી. સૈનિકનું કાર્ય તેઓ આનંદથી સ્વીકારતા હતા. અતિશય સાહસ, સંકટમાં ધૈર્ય વગેરે તેમના જાતીય ગુણ હતા. ફિલિપ આ સર્વ યુદ્ધનિપુણ મેસિડોનિયનોને સુશિક્ષિત કરીને યુદ્ધમાં શત્રુઓથી અજીત રહ્યો હતો. સર્વ સ્થળે સાધનો પુષ્કળ હોય છે; **પરંતુ જે મહાપુરૂષ પોતાના બુદ્ધિબળથી અશિક્ષિતને સુશિક્ષિત, બ્હીકણને સાહસિક, આળસુને કર્ત્તવ્યપરાયણ તથા**

જૂદા જૂદા મતના પુરૂષોને જાતીયભાવથી એકત્રિત કરવાને સમર્થ થાય છે એજ નરવીર જનસમાજના નાયક પદને પ્રાપ્ત કરી શકે છે. ફિલિપ તથા અલેકઝાંડરની હયાતિ પૂર્વે પણ મેસિડોનિયનોમાં ઉપરના ગુણો હોવા છતાં, એ દેશમાં તેમના જેવો કારીગર–યોજક નહિ હોવાથી આ સર્વ ગુણોનું ફળ ભોગવવા તેઓ સમર્થ થઇ શક્યા નહિ. આથી કરીનેજ તેઓ પોતાની જાતે નાશ પામ્યા છે અને પામે છે. આથી કરીનેજ ફિલિપ અને અલેકઝાંડર આશ્ચર્ય પમાડે એવા પુરૂષો ગણાયા છે. હાલમાં પણ મેસિડોનિયનો હયાત રહ્યા છે, પરંતુ પ્રથમનું તેમનું ગૌરવ ચાલ્યું ગયું છે, અને હમણાં તેઓ એશિયાવાસીઓની સત્તામાં નિવાસ કરે છે. જે દેશની થોડી સંખ્યાના લોકોએ પોતાના વીરત્વથી વિશ્વને વિમુગ્ધ કર્યું હતું તેજ દેશના લોકો હમણાં પરતંત્રતાનું અસહ્ય દુઃખ સહન કરે છે! તેઓ હમણાં પોતાનું દુઃખ દૂર કરવાને માટે બીજાઓ પાસે દયાની ભિક્ષા માગે છે!

અમે જે સમયની હકીકત નિવેદન કરીએ છીએ તે સમયે ગ્રીસ અનેક ન્હાનાં ન્હાનાં રાજ્યોમાં વહેંચાયલું હતું. એ ન્હાનાં રાજ્યો પૈકી કોઇ રાજતંત્રથી, કોઇ પ્રજાતંત્રથી, કોઇ સારી વ્યક્તિઓથી ચાલતું હતું. એ રાજ્યોમાં વિદ્વેષ, વિવાદ વગેરે હમ્મેશાં કાયમ રહેતા હતા. આ સર્વ રાજ્યોમાં એ સમયે એથેન્સનું સાધારણતંત્ર દુર્બળ થયેલું હોવા છતાં મેસિડોનિયનોને ચિંતા ઉપજાવનારૂં હતું. એક માળીનો છોકરો–રાજપુત્ર તથા રાજાની સાથે વાગ્યુદ્ધમાં કેવી રીતે પ્રવૃત્ત થયો હતો–તથા એ સમયની કલમે સમશેરના ઉપર કેવી રીતે પોતાની સત્તા બેસાડી હતી એ આશ્ચર્ય ઉત્પન્ન કરે એવો પ્રકાર છે. **માત્ર વક્તૃત્વથી દેશનો ઉદ્ધાર કે રક્ષણ થતું નથી, એ વાત યૂરોપના સર્વોત્તમ વક્તા ડિમોસ્થનિસના વાગ્યુદ્ધથી સિદ્ધ**

થઈ છે. વાગ્યુદ્ધથી જો જાતિ ઉચ્ચત્વ પ્રાપ્ત કરી શકતી હોત તો તે સમયે એથેન્સની નૌકાશક્તિ સાધારણ રોડસની નૌકાશક્તિ કરતાં ઉન્નત થઇ શકત; પરંતુ તેમ થયું નહિ; ઉલટું એથેન્સનું નૌકાબળ બીજાઓના કરતાં નિર્બળ હતું. એવા પ્રકારના સૈન્યબળમાં એ સમયે એથેન્સ, થેબ્સ અને સ્પાર્ટા કરતાં નિર્બળ હતું. યુદ્ધ સમયે એથેન્સના અધિકારીઓ ભાડુતી સૈન્ય રાખી યુદ્ધ કરતા હતા. એ સમયે એથેન્સના ઘણાખરા રહેવાસીઓ ખેતી કરીને પોતાનો નિર્વાહ ચલાવતા હતા. રાજ્યની આવક પણ ઘણી થોડી થઇ ગઇ હતી. ઘણી ખરી વખતે ૩૪૬ ટૅલાન્ટા પણ એકઠા થઇ શકતા નહિ. આટલા દ્રવ્યથી રાજ્યના અભાવને દૂર કરી શકાતો નહિ. જનબળ તથા દ્રવ્યબળ, એ બન્ને બળમાં એથેન્સ નિર્બળ હતું; તેથીજ તે યુદ્ધની સામગ્રીનો સંગ્રહ કરી શકતું નહિ. જ્ઞાનની ચર્ચા કરવામાં એથેન્સવાસીઓ અદ્વિતીય હોવા છતાં આ જ્ઞાન તેમની સ્વતંત્રતાનું રક્ષણ કરી શકતું નહિ. સ્વદેશવાસી ફિલિપ અને તેના પુત્રના હાથમાંથી કોઇ પણ પ્રકારે મુક્તિ મેળવ્યા છતાં રોમનોથી તેઓ મુક્તિ મેળવી શકતા નહિ. **માત્ર જ્ઞાનની મોઢાની ચર્ચાથીજ અથવા માત્ર દ્રવ્યના બળથીજ કાંઇ સ્વતંત્રતાનું સંરક્ષણ થતું નથી**—તેની સાથે જો ક્ષાત્રબળનો અભાવ હોય તો એ જ્ઞાન અજ્ઞાનના કારણરૂપ અને દ્રવ્ય અનર્થના કારણરૂપ થઇ પડે છે.

દક્ષિણ ગ્રીસમાં સુવિખ્યાત લિકોનિયા પ્રદેશ આવેલો છે. એ પ્રદેશમાં યુરોટસ નદીના તટ ઉપર વીરોને જન્મ આપનારી સ્પાર્ટા નગરી આવેલી છે. સ્પાર્ટાનું ગૌરવ ઘણા સમયથી નષ્ટ થયું છે; છતાં તેના આશ્ચર્યજનક વીરત્વની વાર્તા સ્પાર્ટાને હમ્મેશાં નવીન તરીકે ઓળખાવે છે. એ સ્થળે થેમિસક્લિસ તથા પેરિક્લિસ જેવા યોદ્ધા અગર તો પ્રખ્યાત દાર્શનિકોએ જન્મ ગ્રહણ નહિ કરેલો હોવા છતાં

સ્પાર્ટાવાસીઓનો સ્વતંત્રતાના રક્ષણ માટેનો આત્મત્યાગ આશ્ચર્ય પમાડયા સિવાય રહેતો નથી. ઇરાનીઓના આક્રમણથી ગ્રીકવાસીઓ જ્યારે સંકટમાં સપડાયા હતા ત્યારે સ્પાર્ટનોએજ ગ્રીસનું રક્ષણ કરીને કીર્તિ પ્રાપ્ત કરી હતી.

સ્પાર્ટનોનું શિક્ષણ આપણા એ સમયના ક્ષત્રિયોના શિક્ષણના જેવું હતું. યુદ્ધ એજ તેમનું જીવનક્ષેત્ર હોવાથી તેઓ હમ્મેશાં યુદ્ધમાં કીર્તિ પ્રાપ્ત થાય એવું શિક્ષણ મેળવતા હતા. સ્પાર્ટન બાળક જન્મ પામતો કે તરતજ તેને પંચાયત સભામાં લઇ જવામાં આવતો હતો. પરીક્ષામાં જો બાળક રોગી માલૂમ પડતો તો તેને પહાડી પ્રદેશમાં રાખવામાં આવતો હતો, અને ત્યાંજ તે પોતાની આલોકની લીલા પૂર્ણ કરતો હતો. આ પરીક્ષામાં પાસ થયેલો હષ્ટપુષ્ટ શરીરવાળો નિરોગી બાળકજ ભવિષ્યમાં સ્વદેશનું કલ્યાણ કરવામાં પોતાનો દેહ આપવાને સમર્થ થતો હતો. અમારા દેશના એ સમયના બાળકો જે પ્રમાણે ગુરૂના આશ્રમમાં રહી શિક્ષણ મેળવતા હતા તેજ પ્રમાણે સાત વર્ષની ઉમરના સ્પાર્ટન બાળકને તેનાં માતાપિતા પાસેથી બોલાવી લઇ શિક્ષણ આપવામાં આવતું હતું. બીજાં શિક્ષણ કરતાં શારીરિક શિક્ષણ તરફ વિશેષ ધ્યાન આપવામાં આવતું હતું. આજ્ઞાનું પ્રતિપાલન, શારીરિક દુઃખમાં ધૈર્ય વગેરે વિષયોમાં તેઓ મુખ્યત્વે કરીને નિપુણ થતા હતા. શિયાળા તથા ઉન્હાળાના સમયમાં તેમને ઉઘાડે પગે રહેવું પડતું હતું. શરીર ઢાંકવાને માટે તેમને માત્ર એકજ વસ્ત્ર મળતું હતું. જમીન ઉપર સૂઇ રહેવું પડતું હતું, ઠંડા પાણીથી સ્નાન કરવું પડતું હતું. સાધારણ પ્રકારનું ભોજન કરાવવામાં આવતું હતું. બાળકો કેવી રીતે દુઃખમાં ધૈર્ય ધારણ કરતાં શિખ્યા છે, એની વારંવાર પરીક્ષા કરવામાં આવતી હતી. આર્ટિમિસ ઉત્સવમાં, દેવીની આગળ બાળકને પ્રહાર કરવામાં આવતો હતો. આ પ્રકારથી કેટલાક

બાળકો મરણને શરણ પણ થઇ જતા હતા. આવી ભયંકર રીતે પ્રહાર થતો હતો; છતાં કોઇ પણ બાળક ચું કે ચાં કરતો નહિ, તેમજ અશ્રુબિંદુ સારતો નહિ. બાળકોને પોતાની આહારસામગ્રી પોતાની જાતેજ મેળવવી પડતી હતી. યુદ્ધમાં સંકટ આવી પડયેથી કેવી રીતે નાશી છુટવું, એ સંબંધીનું શિક્ષણ પણ તેમને મળતું હતું. સર્વ વિષયોમાં તેમને કઠોર નિયમોનું પ્રતિપાલન કરવું પડતું હતું. સર્વ બાળકોમાં જે સર્વથી મ્હોટી ઉમરનો હોય તેનો હુકમ સર્વેને પાળવો પડતો હતો. ભોજન સમયે એક પણ અક્ષરનો ઉચ્ચાર કરવાનો પ્રતિબંધ હતો. પ્રત્યેક શિક્ષકની સત્તામાં સો સો બાળક રહેતા હતા; છતાં કોઈ પણ પ્રકારે તેઓ પોતાના ગુરૂને અડચણ કરતા જણાતા નહિ.

સ્પાર્ટનોના સૈનિકજીવનની શરૂઆત તેમની ૧૭ વર્ષની ઉમરથી થઇને ૬૦ વર્ષની ઉમર સુધી ચાલતી હતી. આ દીર્ઘ સમયમાં તેઓ ઘણું કરીને સૈનિકોના નિવાસસ્થાનમાં સૈનિકોના શયન, ભોજન, વ્યાયામ વગેરેનું અનુષ્ઠાન કરતા હતા. પ્રત્યેક અંગ–પ્રત્યંગને બળવાન કરવાને માટે તેઓ ઘણો શ્રમ સહન કરતા હતા. તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે ગૃહસંસારનું સુખ ભોગવી શકતા નહિ. ધંધો, ખેતી વગેરે કાર્યોનો પણ તેમને માટે નિષેધ હતો.

ગ્રીસના બીજા પ્રદેશોની કન્યાઓને જેવી રીતે ઘુમટો ખેંચીને પોતાનો સમય પડદામાં પસાર કરવો પડતો હતો તે પ્રમાણે સ્પાર્ટન કન્યાઓને કરવો પડતો નહિ. બળવાન પુત્રની માતા થવાને શક્તિવાન થવામાટે સ્પાર્ટન કન્યાઓ બાળકોની માફક કસરત સંબંધીની ચર્ચા કરતી હતી. તેઓ દોડવામાં, કૂદવામાં તથા લાકડીઓ ફેરવવામાં ચતુર હતી. તે સમયની સ્પાર્ટન રમણીઓ બળવાન અને સાહસિક રમણીઓ તરીકે સુપ્રસિદ્ધ થઇ હતી. તેઓ પોતાની

ઇચ્છા પ્રમાણે સ્વામીનો સમાગમ મેળવી શકતી નહિ. વારંવાર તેઓ પુરૂષવેશ ધારણ કરીને સૈન્યના નિવાસસ્થાને પતિદેવતાનાં દર્શન કરવાને જતી હતી. પુત્ર વીર્યવાન થાય એ હેતુથી પિતા સમરક્ષેત્રમાં પુત્ર પયદા કરવાને માટે શરમાતો નહિ. સ્ત્રીઓ પુરૂષોને યુદ્ધ પ્રસંગે ઉત્તેજિત કરતી હતી. "બાયલા પુરૂષની માતા"નું સંબોધન સ્પાર્ટન નારીઓમાં ઘણું નીચમાં નીચ ગણાતું હતું. એક સમયે એક વૃદ્ધના પાંચ પુત્રો યુદ્ધભૂમિમાં મૃત્યુ પામ્યા. આ સમાચાર કોઇ માણસોએ વૃદ્ધને જણાવ્યા તો વૃદ્ધે પ્રશ્ન કર્યો કે:— "સ્પાર્ટાનો જય થયો કે નહિ?" ઉત્તર હકારમાં મળ્યાથી વૃદ્ધે કહ્યું:— "ત્યારે તો ઇશ્વિરને ધન્યવાદ આપું છું કે, મ્હારા પાંચ પુત્રો સ્પાર્ટાના જયપ્રાપ્તિના કારણરૂપ થઇ પડયા છે!" આ પ્રમાણે સંક્ષિપ્તમાં અમે સ્પાર્ટાના રહેવાસીઓની હકીકત નિવેદન કરી.

એથેન્સ—એથેન્સમાં બાળકનો જન્મ થતાંજ તેને પોતાના પિતાની ઇચ્છા પ્રમાણે ત્યજવામાં યા તો રાખવામાં આવતો હતો. ત્યાગવામાં આવેલા બાળકોને કેટલીક વખત મારી નાખવામાં આવતાં હતાં. જો કોઇ એવા ત્યાજ્ય બાળકના ઉપર દયા લાવી તેને લઇ જતું તો તેને દાસવૃત્તિ ધારણ કરવી પડતી હતી. ગ્રીસનો એક ગ્રંથકાર લખે છે કે, પિતા ઘણો દારિદ્ર હોય તોપણ પુત્રનું પાલન કરતો હતો, પરંતુ પિતા ધનવાન હોય તો પણ કન્યાનો પરિત્યાગ કરતો હતો. બાળક સાત વર્ષ સુધી માતાની પાસે અંતઃપુરમાં રહેતો. ત્યાર પછી કેટલાક સમય સુધી ગુરૂમહાશય પાસે (તેઓ ત્યાં આગળ દાસવૃત્તિથીજ રહેતા) નમ્રતા વગેરેનું શિક્ષણ લેવા રહેતા હતા. જો બાળકની વર્તણુક ખરાબ હોય તો ગુરૂદેવ તેને શિક્ષા પણ કરી શકતા હતા. આવી રીતે કેટલાક દિવસ સુધી આજ્ઞાપ્રતિપાલનનું શિક્ષણ બાળકને આપવામાં આવતું હતું અને ત્યાર પછી તેને વિદ્યાલયમાં

નિયુક્ત કરવામાં આવતો હતો. વિદ્યાલયમાં બાળક, લેખન, વાંચન, ગાયન વગેરે વિષયોનું શિક્ષણ સંપાદન કરી શકતો હતો. બાલિકાઓ પોતાના ઘરમાં, ગૃહકાર્ય કરવાનું, સુતર કાંતવાનું તેમજ વડિલોની આજ્ઞાને અધીન રહેવાનું શીખતી હતી. લગભગ ૧૫ વર્ષની ઉમરે તેમનો વિવાહ કરવામાં આવતો હતો. વિવાહ સંબંધી તેમનો કોઇ પણ પ્રકારનો અભિપ્રાય લેવામાં આવતો નહિ. પિતાની ઇચ્છા પ્રમાણેજ વિવાહ થતો હતો. ઘણું કરીને પિતાના સ્નેહી યા તો આડોસી-પાડોસીના પુત્ર સાથે વિવાહ કરવામાં આવતો હતો. એથેન્સના રહે-વાસીઓ સિવાય બીજી કોઇ જાતિના લોકોને તેઓ પોતાની કન્યા આપતા નહિ. સ્ત્રીઓને ગૃહની અંદરજ રહેવું પડતું હતું. ધર્મકાર્ય સિવાય તેઓ ઘરની બહાર જઈ શકતી નહોતી; તથા સગાવ્હાલા સિવાય કોઇ તેમને ત્યાં આવી શકતું પણ નહિ. એ સમયે સ્પાર્ટનો તથા એથેન્સવાસીઓ જ્યાં સુધી બની શકે ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળતા હતા. ઘણાખરાં મનુષ્યો પોતાના ચિત્ત ઉપર સંયમ રાખી શકતાં હતાં; આથી કરીનેજ તેઓ બહાદુર, બળવાન તેમજ પોતાના વ્રતમાં દૃઢ રહી શકતાં હતાં.

એ સમયના ગ્રીસવાસીઓને માતાપિતાના ભક્ત થવાનું શિક્ષણ આપવામાં આવતું હતું. પિતૃદ્રોહી સમાજમાં નિંદાપાત્ર થતો હતો, તેમ સ્વદેશના શાસન અધિકારથી પણ વંચિત થતો હતો. જો કોઇ મનુષ્ય માતાપિતાની પ્રસાદી આરોગતો નહિ તો જનસમાજમાં ભાષણ કરવાનો અધિકાર તેને પ્રાપ્ત થતો નહિ. આવા સર્વ સદ્‌ગુણો હોવા-થીજ ગ્રીસ એ સમયે ઘણું શક્તિશાળી અને જગતમાં અપૂર્વ ગૌર-વની સ્થાપના કરવાને સમર્થ થયું હતું. એજ ગ્રીસ જ્યારે વિલાસ-મોહમાં ફસાઇ પડીને પ્રમાદગ્રસ્ત થઇ ગયું હતું—બ્રહ્મચર્યથી વિમુખ થઇ નિસ્તેજ બની ગયું હતું ત્યારે તેને આ દારૂણ પાપના પ્રાયશ્ચિત્ત

બદલ પરતંત્રતાની બેડીઓમાં બંધાવું પડયું હતું. દુષ્કાળ વગેરેથી તેમને દુઃખી થવું પડયું હતું કે કેમ તે અમે જાણુતા નથી; પરંતુ એટલું તો અમે જાણીએ છીએ કે "મૅલેરિયા"થી ઘણા ખરા ગ્રીસવાસીઓની જીવનલીલા પૂર્ણ થઇ ગઇ હતી.

પરિચ્છેદ ૨ જો.

એશિયાવાસીઓ સાથે યૂરોપવાસીઓનો વિચિત્ર સંબંધ છે. ઘણા પ્રાચીન કાળમાં આપણા જંબૂદ્વીપના અધિવાસીઓએ તે સમયના અસભ્ય યૂરોપિયનોનો પરાજય કરીને તેમનો દેશ મેળવ્યો હતો. એ સર્વે યૂરોપ ઉપર વિજય મેળવનારના ભાવ તથા ભાષાનું અવલોકન કરીને પ્રાચીન સમયના યૂરોપીય પંડિતો વિવેચન કરે છે કે, તેઓ આપણી આર્યજાતિની એક શાખા હતા. ઘણા દિવસથી તેઓ આપણા સંગથી દૂર હોવાને લીધે તેમણે મ્લેચ્છત્વ પ્રાપ્ત કર્યું હતું. આ વાત ભગવાન મનુના સમયથી અત્યાર સુધી ચર્ચાય છે. તેઓ આપણા એશિયાવાસીનાંજ સંતાનો તેમજ સંતતી હોવા છતાં પણુ આપણે માટે અસભ્ય, જંગલી વગેરે સંબોધનો વાપરતા હતા; તથા સમય મળ્યે આપણા દેશનો જય કરવા, તથા આપણા ઉપર અત્યાચાર ચલાવવાને પાછી પ્હાની કરતા નહિ. બીજી તરફ એશિયાવાસીઓ પણ અસંખ્ય દળોમાં વિભક્ત થઇને યૂરોપખંડને હરકત પહોંચાડતા હતા, એટલુંજ નહિ પણ તેમણે આટલૅન્ટિકના તટ સુધીનો જમીનનો ભાગ એક વખતે પોતાની સત્તામાં લીધો હતો. પાછળથી જ્ઞાનની વૃદ્ધિ અને જ્ઞાનનો ઉપયોગ કરીને યૂરોપેજ પોતાની વર્ત્તમાન સભ્યતાનો પાયો સ્થાપિત કર્યો છે.

ઇરાનના અધિપતિ 'ઝારેક્સસ'ની ગ્રીસ ઉપર ચઢાઇ થઇ ગયા પછી ગ્રીકોનાં અંતઃકરણો વેર લેવાને માટે આતુર બની ગયાં. આ ઇચ્છા સમગ્ર જાતિની ઇચ્છા હોવા છતાં પણ, ગ્રીકો અરસ્પરસ વાદ-વિવાદમાં નિમગ્ન રહેતા હોવાથી અને યોગ્ય વ્યક્તિદ્વારા જાતીય ઇચ્છા સતેજ નહિ થવાથી ઘણા દિવસ સુધી તેઓ નિરૂપાયે શાંત રહ્યા હતા. વ્યક્તિગત વાસના પ્રમાણે જાતીય વાસના પણ નષ્ટ થતી નથી, સુયોગ મળતાંજ એ દબાયલી વાસના સતેજ થઇ જાય છે. દશ હજાર ગ્રીકોના ઇરાનથી પાછા ફર્યા પછી ગ્રીકોની આંખો આગળનો પડદો ઉંચો થઇ ગયો. તેમના હૃદયમાં નિસ્તેજ થઇ ગયેલો વૈરનો અગ્નિ પુનઃ જોશથી સળગી ઉઠયો. ગ્રીકો સહેલાઇથી ઇરાન દેશના માર્ગોથી પરિચિત થઇ ગયા. ઇરાનીઓનો મોહ દૂર થયો. ગ્રીસમાં નવો યુગ શરૂ થયો. ઇરાનીઓના બાહુબળમાં તેમજ દ્રવ્યમાં હવે ગ્રીકો પૂર્વ પ્રમાણે અંજાઇ રહ્યા નહિ. હમણાં પાશ્ચાત્ય શક્તિ પ્રાચીનોના હાથમાં દંડિત થઇને, ભવિષ્યમાં જેથી કરીને એશિયા-વાસીઓથી વિશેષ કલંકિત ન થવું પડે એ માટે અત્યારથીજ તેઓ જે માર્ગે જાય છે, તેજ પ્રમાણે જો દશ હજાર ગ્રીકોના પાછા ફર્યા પછી ઇરાનના સમ્રાટ્ તથા તેમના દેશવાસીઓ પોતાની દુર્બળતા દૂર કરવા સમર્થ થયા હોત તો એશિયાવાસીઓને અલેકઝાંડરના હાથે દુઃખી થવું પડત નહિ.

અમે પ્રથમ જણાવી ગયા છીએ કે, ગ્રીસ દેશના કેટલાક વિભાગ પડી ગયા હતા; અને તેમાં પણ વાદવિવાદ ચાલતો હોવાથી, તેઓ સમરનિપુણ હોવા છતાં નૌકાયુદ્ધમાં અને જમીન ઉપરના યુદ્ધમાં ઇરાનીઓને વિશેષ કાંઇ કરી શક્યા નહિ. તે સિવાય ગ્રીક રાજ્યના નાગરિક યોદ્ધાઓની સંખ્યા પણ ઘણી થોડી હતી. એ સમયે બાહુબળમાં સ્પાર્ટા અને એથેન્સ ગ્રીસનાં મુખ્ય સ્થાનો હતાં.

એરિસ્ટોટલના સમયમાં જેમનો પ્રથમ ઉલ્લેખ કર્યો છે તેમની નવ
.જાર અને બીજા નાગરિકોની સંખ્યા ૨૦–૩૦ હજાર કરતાં વિશેષ
ાવી જોઇએ નહિ. લુક્ત્રા (Luctra) ક્ષેત્રમાં સાતસો સ્પાર્ટન અને
ચેરોનિયા (Chaeronea) ક્ષેત્રમાં ત્રણ હજાર એથેન્સવાસીઓ
ાર્યા જવાથી બન્ને રાજ્યો નિર્બળ બની ગયાં. આવી સ્થિતિમાં
એશિયા ઉપર ચઢાઇ કરવાની કલ્પના આકાશકુસુમના જેવી મિથ્યા
 હતી, છતાં ઇરાનીઓએ ગ્રીસની શક્તિવાન વ્યક્તિઓને ઘણું દ્રવ્ય
આપીને અનેક પ્રકારનાં કારસ્થાનો રચાવ્યાં હતાં. ઇરાનીઓના દ્રવ્યથી
જે સર્વે વ્યક્તિઓ પરિપુષ્ટ થતી તે વ્યક્તિઓ પૈકી એથેન્સના
ડેમોસ્થનિસનું નામ વિશેષ ઉલ્લેખ યોગ્ય છે. તેણે મેસિડોનિયાના
ફિલિપની વિરૂદ્ધ સખ્ત ભાષણો કરીને અતિશય ખ્યાતિ મેળવી હતી.

મેસિડોનિયાના અધિપતિ ફિલિપે પોતાના સૈન્યને ઘણું યુદ્ધ-
કુશળ બનાવ્યું હતું. તેણે ભાડાનું નિર્જીવ સૈન્ય નહિ રાખતાં ઘણા
કાળનું જૂનું, અનુભવી તેમજ યુદ્ધનિપુણ સૈન્ય પોતાની કારકીર્દીમાં
કાયમ રાખ્યું હતું. પોતાના સૈનિકોને તે વારંવાર યોગ્ય ઇનામો આપીને
તેમનાં હૃદયોમાં જાતીય ભાવનાનાં બીજ દૃઢતાથી રોપતો હતો. જાતિ તેમજ
સૈન્યનું બંધારણ એક દિવસમાં થઇ શકતું નથી. ફિલિપ સાધારણ સ્થિતિ-
વાળા ગૃહસ્થોના બાળકોને રાજધાનીમાં લઇ આવીને તેમને શિક્ષણ આપતો
હતો. યુદ્ધ સમયે આ સર્વે યુવકો અપૂર્વ વીરત્વનો પરિચય કરાવી
શત્રુઓને કાયર કરી મૂકતા હતા. તેઓના મનમાં વિલાસભાવનાનો
અંશ પણ નહોતો. એક સૈનિકે શિયાળામાં—ત્યાંના શિયાળામાં આપણા
દેશ કરતાં ઘણી ટંડી પડે છે—ગરમ પાણીથી સ્નાન કર્યું હતું, તેથી
ફિલિપે તેનો ઘણો તિરસ્કાર કર્યો હતો ! એક સૈનિકની સાથે એક
રમણી હોવાથી તેને તેની નોકરી ઉપરથી કાઢી મૂકવામાં આવ્યો હતો.
જો ફિલિપે આવી કઠોરતા ન દર્શાવી હોત તો તેનું સૈન્ય કદાપિ

વિજય કરવાને સમર્થ થાત નહિ. ફિલિપ ઘોડેસ્વારોના તેમજ પાયદળ સૈન્યના શિક્ષણમાં સુચતુર હતો. અલેકઝાંડર જે સૈન્ય લઇને એશિયા ઉપર વિજય મેળવવાને નીકળ્યો હતો એ સૈન્ય ફિલિપની કેળવણી પામેલું હતું; જે સૈન્યની સહાયતાથી અલેકઝાંડરે ગ્રૅનિકસ ક્ષેત્રમાં ઇરાનીઓનો પરાજય કર્યો હતો એ સૈન્ય ફિલિપનું હતું. ફિલિપના સૈનિકોની અલેકઝાંડરને અસાધારણ સહાયતા હતી. અલેકઝાંડરના સૈનિકો, ફિલિપના સૈનિકોની છાયારૂપ હતા, એમ કહીશું તો પણ અતિશયોક્તિ જેવું નથી.

ફિલિપ પોતાના સૈનિકોને માનથી બોલાવી તેમના ગૌરવમાં વધારો કરતો હતો. વળી જે સૈન્ય યુદ્ધમાં આગળ જઇ પહોંચી શત્રુઓના ઉપર ટૂટી પડતું—યુદ્ધનાં ભયંકર રણસંગ્રામમાં પ્રાણની પરવા રાખ્યાસિવાય વીરત્વ દર્શાવતું, તે સૈન્યને ફિલિપ કીંમતી ઇનામો આપતો હતો. ફિલિપનું સૈન્ય શંકાશીલ એથેન્સિયન અને કઠોર કર્મો કરનાર સ્પાર્ટન સૈન્ય કરતાં યુદ્ધચાતુર્ય દર્શાવવાને વિશેષ સમર્થ થતું હતું.

બુદ્ધિશાળી રાજનીતિજ્ઞ ફિલિપે ધીમે ધીમે શામ, દામ અને ભેદથી ગ્રીકોને પોતાની સત્તામાં લીધા હતા. જે જે સ્થળે ઉપરના ત્રણ પ્રયોગો વ્યર્થ થઇ પડયા હતા ત્યાં તેણે દંડ પ્રયોગથી પણ પોતાનું ધાર્યું કર્યું હતું. કારસ્થાન એ ફિલિપનું મુખ્ય હથિયાર હતું; પરંતુ જ્યારે પોતાનું કારસ્થાનરૂપી હથિયાર કોઇ પ્રસંગે ઉપયોગમાં આવી શકતું નહિ ત્યારે તે પોતાની સમશેરનો ઉપયોગ કરીને પોતાનો હેતુ સફળ કરતો હતો. આવી રીતે ફિલિપે સ્પાર્ટા સિવાય ગ્રીસનાં સર્વે રાજ્યોને પોતાના પક્ષમાં લઇ લીધાં. પરિણામે ફિલિપે કોરિન્થની જાતીય સમિતિમાં ગ્રીસના મુખ્ય અધિકારી થઇને ઇરાનીઓ ઉપર વૈર લેવાનો જે પ્રથમથીજ તેનો વિચાર હતો તે દઢ કર્યો.

સમય બળવાન છે. તેણે ફિલિપની ઇચ્છા પૂર્ણ કરી નહિ. જેણે મહા દુઃખ વેઠીને ગ્રીસના સર્વ પક્ષોની ઐક્યતા કરી, જેણે શત્રુઓનો સંહાર કરવાને અસ્ત્ર, શસ્ત્ર તથા સમરકુશળ સૈનિકો તૈયાર કર્યા, તે પોતાનીજ સ્ત્રી તથા પુત્રે મોકલેલા ઘાતકના હાથે ૪૫ વર્ષની ઉમરે પોતાની આલોકની લીલા પૂર્ણ કરી ગયો.

ફિલિપ મરી ગયો ખરો; પરંતુ અલેક્ઝાંડરને માટે (૧) બળવાન સૈન્ય તૈયાર હતું. (૨) સમુદ્રો ઉપરનાં ઘણાં ખરાં બંદરો પોતાની સત્તામાં હતાં અને (૩) ઇરાનીઓના ઉપર વૈરની વસુલાત લેવાને માટે ગ્રીસની સમસ્ત શક્તિને એકત્ર કરી નાખવામાં આવી હતી.

ફિલિપનું મૃત્યુ થયું તે સમયે અલેક્ઝાંડરને વીસમું વર્ષ બેઠું. અલેક્ઝાંડરનો જન્મ ગ્રીક રાજાના એપિઓટની કન્યા ઓલિમફિયાને પેટે થયો હતો. યૌવનાવસ્થામાં ફિલિપનો ઓલિમફિયાની સાથે પ્રેમ થયો હતો, અને ધીમેધીમે એ પ્રેમના પરિણામે વિવાહસંબંધ સંધાયો હતો. અલેક્ઝાંડરની માતાનો સ્વભાવ બહુ વિલક્ષણ હતો. તે મ્હોટા મ્હોટા સર્પની સાથે રમ્યા કરતી હતી, રાત્રે સૂતી વખતે પણ તે સર્પને લઇને સૂઇ રહેતી હતી. વળી તેનો સ્વભાવ ઘણો ક્રોધી હતો. એ સમયના અનેક માણસોનું ધારવું એવું હતું કે, એક જ્યોતિષીના ઔરસમાં અલેકઝાંડરનો જન્મ થયો છે. આ સર્વ કારણોને લીધે હો અથવા તો તેના ચરિત્રદોષને લીધે હો, પણ ફિલિપ તેનું દર્શન પણ કરતો નહિ; એટલુંજ નહિ પરંતુ ફિલિપ દરબારમાં પણ અલેકઝાંડરનું અપમાન કરવાને સંકોચાતો નહિ. અલેકઝાંડરના જન્મ સંબંધી કેટલાકનું એમ કહેવું છે કે, ઓલિમફિયાએ સ્વપ્નમાં પોતાની છાતી ઉપર વિજળી પડતાં જોઇ તથા ચારે દિશાને બાળી ભસ્મ કરી નાખીને એ વિજળી છૂપાઈ ગઇ. ફિલિપે પણ સ્વપ્નમાં એમ જોયું કે, તેણે ઓલિમફિયાના ગર્ભ ઉપર સિંહની છાપવાળી શીલામહોર મારી છે, ગ્રીસના

સ્વપ્નતત્વજ્ઞ પંડિતોએ આ સ્વપ્નો ઉપરથી એવો નિશ્ચય જણાવ્યો કે, ઓલિમફ્રિયાને પેટે જન્મ લેનાર બાળક ઘણોજ બળવાન તથા વીરશિરોમણિ થશે.

અલેકઝાંડર ઇ. સ. ની ૩૫૬ વર્ષ પૂર્વે મેસિડોનિયાના પેલા નામક નગરમાં ઑકટોબર માસના પ્રથમ ભાગમાં તોફાની—ગાજવીજ કરતી રાત્રિએ જન્મ પામ્યો હતો. તેના જન્મસમયે વૃષ્ટિ પણ મુશળધાર થતી હતી; વળી એમ પણ કહેવાય છે કે, જે રાત્રે અલેકઝાંડરનો જન્મ થયો તેજ રાત્રે ઇફિસુસ નગરની ડિયાના દેવીના મંદિરમાં આગ સળગી ઉઠી હતી—અનેકની ધારણા એવી હતી કે એ અગ્નિથી એકલું મંદિરજ નહિ પરંતુ એશિયાનું ભાગ્ય સુદ્ધાં બળી જવાની શરૂઆત થશે, આ સ્થાને 'ડિયાના'નું અદ્દ્ભુત મંદિર પ્રાચીનકાળની સાત આશ્ચર્ય—કીર્તિઓ પૈકીનું એક ગણાતું હતું.

ફિલિપને પુત્રપ્રાપ્તિના સમાચાર સાથે શત્રુઓ ઉપર ત્હેના સૈનિકોએ મેળવેલા વિજયના, તથા ઓલિમ્પિયાના ઉત્સવમાં ઘોડાઓને દોડાવવાની શર્તમાં તેના ઘોડાનોજ વિજય થયાના સમાચાર મળ્યાથી અસાધારણ આનંદ થયો હતો. દક્ષિણ ગ્રીસમાં પીસા નગરીની પાસે ઓલિમ્પિયા નામના સ્થાને ચાર ચાર વર્ષને અંતરે ગ્રીસનો મુખ્ય ઉત્સવ ઉજવવામાં આવતો હતો. આ ઉત્સવ—સમયે ગ્રીસનાં સર્વ મનુષ્યો પરસ્પરની શત્રુતાનો ત્યાગ કરી એક બીજાની સાથે મળી જઇને આનંદ ભોગવતાં હતાં. આ ઉત્સવપ્રસંગે નવીન નવીન ગ્રંથોનાં વાંચન, મલ્લકુસ્તી, કસરતના દાવ, ઘોડદોડ, ગાડીદોડ વગેરે વિષયોમાં જે મનુષ્ય શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કરી શકતું હતું તે ભાગ્યશાળી મનુષ્યનું નામ હમ્મેશને માટે પ્રત્યેક ગ્રીસવાસીને ત્યાં ગવાતું હતું. તેના માનપાનની સીમા રહેતી નહિ, અર્થાત્ એ વ્યક્તિની દેવતા પ્રમાણે પૂજા થતી હતી. આવા પ્રકારના ઉત્સવમાં વિજય મળવા સાથે ઓલિમ્પિયાને

પુત્ર–પ્રસવ થવો અને પોતાના સૈનિકોએ ઇલિરિયનો ઉપર વિજય મેળવવો એ કાંઈ સાધારણ ભાગ્યની વાત નથી. આ સર્વ પ્રકારો ફિલિપના સૌભાગ્યની સૂચના–સ્વરૂપ હતા, આવા પ્રસંગે પયદા થયેલો પુત્ર શત્રુઓથી અજીત થશે એવી ફિલિપને દૃઢ ખાત્રી થઇ. અને તેના આનંદની સીમા રહી નહિ.

અલેકઝાંડરના બાલ્યજીવનની હકીકત સવિસ્તરરૂપે મળી શકતી નથી, છતાં કેટલાકનું કહેવું એમ છે કે, ફિલિપે સુપ્રસિદ્ધ દાર્શનિક એરિસ્ટોટલને પોતાના પુત્રપ્રાપ્તિના સમાચાર જણાવ્યા હતા; કોઈ આ વાતને અસત્ય ઠરાવીને ઉડાવી પણ દે છે. રાજકુમારને તેની પંદર વર્ષની ઉમરે તેણે શિક્ષણ આપવાની શરૂઆત કરી હોય, એવો સંભવ છે. એરિસ્ટોટલના પિતા મૅસિડોનિયાના રાજકુટુંબમાં રાજવૈદ્ય તરીકે હતા. આવો સુયોગ હોવાથી અલેકઝાંડરને એરિસ્ટોટલ પાસેથી શિક્ષણ મળ્યું હોય એ સાહજિક છે. એરિસ્ટોટલે પોતાના શિક્ષણ આપવાના સમયના ત્રણ વિભાગ કર્યા હતા. પહેલો વિભાગ જન્મથી સાતમા વર્ષ સુધી, બીજો આઠમા વર્ષથી અઢારમા વર્ષ સુધી તથા ત્રીજો વિભાગ એકવીસ વર્ષ સુધી. એરિસ્ટોટલ જણાવે છે કે પ્રથમ વિભાગમાં બાળકના શરીર તથા ખોરાક ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. બાળક ઠંડી સહન કરી શકે એ માટે તેને શીતળ જળ અને પાતળાં વસ્ત્રોનો અભ્યાસી કરવો ઉચિત છે. કોઈ પણ પ્રકારનાં ખરાબ કાર્ય શીખે નહિ એ માટે તેનાં નેત્રો અને કાન ઉપર નજર રાખવાની જરૂર છે. રમત–ગમત વખતે પણ તેને એવી રમત-ગમતો કરવા દેવી કે જેથી કરીને તેના જ્ઞાનનો વિકાસ થઈ શકે. ઓલિમ્ફિયાનો લિયનનેટસ નામનો એક સગો અલેકઝાંડરનું તેની બાલ્યાવસ્થા વખતે રક્ષણ કરતો હતો, તે એક કઠોર નીતિપરાયણ હતો. મુખ્યત્વે કરીને તેના શિક્ષણથીજ અલેકઝાંડરનું શરીર સુદૃઢ,

બળવાન તથા કર્ત્તવ્યપરાયણ થયું હતું. લાઇસિપેક્સ નામનો એક માણસ અલેકઝાંડરને શિક્ષણ આપવાના કાર્ય ઉપર નિમાયલો હતો.

એરિસ્ટોટલના મત પ્રમાણે શિક્ષણના દ્વિતીય વિભાગનો કાળ ૮ થી ૧૭ વર્ષ સુધીનો છે. આ કાળ દરમ્યાન પ્રથમ ભાગમાં સાહિત્ય–વ્યાયામ–સંગીત અને ચિત્ર સંબંધી શિક્ષણ આપવામાં આવતું હતું. વ્યાકરણ, ગદ્ય, પદ્ય અને ઇતિહાસ વગેરે વિષયોનો સમાવેશ સાહિત્યમાં થતો હતો. વ્યાયામમાં શરીરની દૃઢતા, સુંદર બાંધો, કર્મમાં નિપુણતા વગેરે પ્રતિ સવિશેષ લક્ષ્ય આપવામાં આવતું હતું. એરિસ્ટોટલ બાળકને તેના બાલ્યજીવનમાં અર્થાત્ શિક્ષણના વિભાગમાં કઠિન કસરતો કરાવવાનું પસંદ કરતો નહોતો. કારણ કે એથી બાળકના બાંધાને નુકસાન પહોંચે એમ હતું. આ સંબંધી તે હિસાબ દેખાડીને કહે છે કે, ઓલિમ્પિક ઉત્સવમાં જેમણે વિજય મેળવ્યો છે તેઓ પૈકીનાં બે ત્રણ મનુષ્યો સિવાય બીજું કોઇ પણ યૌવન તેમજ પ્રૌઢ અવસ્થામાં વિજયી થવાને સમર્થ થયું નથી. ન્હાના બાળકના શિર ઉપર શિક્ષણનો ભાર મૂકી, તેની પાસે વિશેષ વ્યાયામ કરાવવાથી તેનું શરીર ઘણું નિર્બળ થઇ જાય છે, અને નિર્બળ મનુષ્ય અંધના જેવું છે એમ કહીશું તો કાંઇ ખોટું નથી. સૌંદર્યજ્ઞાન કેવી રીતે વૃદ્ધિંગત થાય એ સંબંધીનું શિક્ષણ ગ્રીક શિક્ષકો બાળકોને તેમની બાલ્યાવસ્થાથીજ આપતા હતા. ચિત્રવિદ્યામાં પણ તેમને નિપુણ બનાવવામાં આવતા હતા. પ્રાચીન ગ્રીસનું સૌંદર્યજ્ઞાન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. શિલ્પકળામાં ગ્રીસ અદ્વિતીય સ્થાન પામી શક્યું છે. બાળકોને મુખસંગીત અને યંત્રસંગીત પણ શિખવવામાં આવતું હતું; તેને બાળકના શિક્ષણનું એક અંગ સમજવામાં આવતું હતું. બાળકો જેમ મધુર શબ્દથી આનંદ પામે છે, તેમ થાકીને કંટાળેલો મનુષ્ય સંગીત શ્રવણ કરીને આનંદ પામે છે.

અલેકઝાંડર અગિયાર વર્ષની ઉમરનો થયો ત્યારે ડિમોસ્થનિસ, એસચિનિસ, તથા એથેન્સનાં મુખ્ય સ્થાનોના બીજા આઠ માણસો, રાજકાર્યને માટે ફિલિપના દરબારમાં આવ્યા. રાજકાર્ય થઇ ગયા પછી ફિલિપે સઘળા એથેન્સવાસીઓ આગળ પોતાના પુત્રનો પરિચય કરાવ્યો. અલેકઝાંડરે વીણાયંત્ર વગાડીને એક સુંદર ગાયન ગાઇ બતાવી પોતાના શિક્ષણનો સર્વેને પરિચય કરાવ્યો. જો કે ડિમોસ્થનિસે રાજપુત્રના ઉચ્ચારોમાં કેટલાક દોષ કાઢ્યા, તો પણ અગિયાર વર્ષની ઉમરના બાળકને માટે આ કાંઇ સામાન્ય પ્રકાર નથી.

ઇ. સ. ૩૪૨ પૂર્વે, અલેકઝાંડરની પંદર વર્ષની ઉમરે એરિસ્ટોટલે પોતે રાજકુમારના શિક્ષણનો ભાર ગ્રહણ કર્યો, તથા તે એશિયા તરફ જાય ત્યાં સુધી તેના સહવાસમાં રહ્યો. એરિસ્ટોટલ યૂરોપના પ્રાચીન યુગનો, એક અસાધારણ પ્રતિભાવાળો પુરૂષ હતો. તેણે ન્યાય, દર્શન, પ્રકૃતિવિજ્ઞાન, રાજનીતિ વગેરે વિષયો ઉપર અનેક ગ્રંથો રચીને યૂરોપના વિજ્ઞાનનો પાયો સ્થાપન કર્યો હતો. આવા પ્રકારનો મહા વિદ્વાન્ પુરૂષ અલેકઝાંડર જેવા બુદ્ધિશાળી શિષ્યને સુશિક્ષિત કરે એ કાંઇ આશ્ચર્ય પામવા જેવો પ્રકાર નથી. રાજગુરૂ શિષ્યને અન્ય વિષયોના શિક્ષણની સાથે તેના પૂર્વેના પ્રભુની હત્યાનો બદલો લેવા માટે ઇરાની રાજાની વિરૂદ્ધ અલેકઝાંડરના મનમાં આ સમયે બીજ રોપવાનો યથાશક્તિ યત્ન કરતો હતો.

એરિસ્ટોટલે અલેકઝાંડરને જે સર્વ કાવ્યોના રસનો સ્વાદ ચખાડયો હતો. એ કાવ્યોમાં અમર કવિ હોમરનું ઇલિયડ (The great Epic of Homer) મુખ્ય હતું. અલેકઝાંડર એ કાવ્ય વાંચીને વીરરસથી તરબોળ બની જતો હતો.

ઇલિયડના યુદ્ધસ્થળના અનેકવિધ દારૂણ દેખાવો અલેકઝાંડરને અતિપ્રિય થઇ પડયા હતા. તે એક જીવનના શ્રેષ્ઠ સલાહકાર મિત્રની

માફક, જીવનપર્યંત યુદ્ધજ્ઞાનના આધાર આ ઇલિયડને સાથે લઇને ફરતો હતો. રાત્રે સૂતી વખતે ઇલિયડનો વિયોગ ન થાય એ હેતુથી તે પોતાના ઉશિકા નીચેની સમશેર સાથે તેને રાખીને સૂઈ જતો હતો. અનેક મહાન વિજયો મેળવવામાં આ ઇલિયડના સહવાસે પણ અલેકઝાંડરને બહુજ સહાય આપી હતી. અલેકઝાંડરે, ઇરાનના રાજાનો પરાજય કરીને તેનો જે કીંમતી ખજાનો મેળવ્યો હતો, એ ખજાનામાં તેણે પોતાના અમૂલ્ય રત્ન ઇલિયડના કાવ્યને રાખી એ ખજાનાની કીંમત વધારી હતી. એ ગ્રંથ અલેકઝાંડરના સમસ્ત જીવનનો સહચર હતો. અલેકઝાંડર સાધારણરીતે રાજનીતિ, સમાજનીતિ, જીવનયાત્રા વગેરે વિદ્યામાં પણ પ્રવીણ થયો હતો. તેણે પોતાના ગુરૂ પાસેથી પારલૌકિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય એમ અમને લાગતું નથી; જો તેણે પારલૌકિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હોત તો તેની પશુ–પ્રવૃત્તિ તેના જીવનપર્યંત કાયમ રહેત નહિ.

અલેકઝાંડરના મનમાં તેની બાલ્યાવસ્થાથીજ ઉચ્ચ વિચારો સ્થાન મેળવી શકયા હતા. ફિલિપના વિજયની વાર્ત્તા જ્યારે જ્યારે સંભળાતી ત્યારે ત્યારે અલેકઝાંડર પોતાની ઉમરના પોતાના મિત્રોને કહેતો કે:–"**પિતાજી, જ્યારે સર્વત્ર જય મેળવશે, તો પછી હું કયાં જય મેળવીશ?**"

"હું મ્હોટા પુરૂષનો પુત્ર છું" આ માન્યતા પણ અલેકઝાંડરના મનમાં સ્થાન લઇ શકી હતી. તેના પિતા ફિલિપના મનમાં આવું સ્વાભિમાન નહોતું. તે ઓલિમ્પિયાના ઉત્સવમાં ભાગ લેવાને પાછી પાની કરતો નહિ. અલેકઝાંડર દોડવામાં ઘણો કુશળ હતો. એક સમગે તેને ઓલિમ્પિક ઉત્સવમાં દોડવાનું કોઇએ કહ્યું, તેના ઉત્તરમાં અલેકઝાંડરે કહ્યું:–"જો કોઈ રાજપુત્ર મ્હારી સ્પર્ધામાં ઉતરે તો હું દોડવાને તૈયાર છું." ગ્રીસનો ઓલિમ્પિક ઉત્સવ જનસાધારણની

જાતીય સંપત્તિ—સ્વરૂપ હતો—તેમાં એક દરિદ્ર ગ્રીકવાસીનો જેવો અધિકાર હતો, તેના અધિકાર કરતાં કાંઇ રાજપુત્રનો અધિકાર વિશેષ નહોતો. એક સમયે ઇરાન દેશના રાજાએ ઓલિમ્પિક ઉત્સવની સ્પર્ધામાં ભાગ લેવાનું જણાવ્યું હતું; પરંતુ એ ઉત્સવની સ્પર્ધામાં શત્રુને ઉતરવા દેવામાં આવ્યો નહોતો.

અલેકઝાંડરની પ્રતિભા સંબંધી એવી વાત ચાલે છે કેઃ—એક સમયે ઇરાની દૂત રાજધાનીમાં આવી ચઢયો; એ સમયે ફિલિપનો નિવાસ બીજે સ્થળે હતો. અલેકઝાંડરે એ દૂતને યથાયોગ્ય માન આપી પોતાની દરબારી પ્રતિષ્ઠા પ્રમાણે શાણપણથી તેની સાથે વાતચિત કરી. વાતમાંને વાતમાં તેણે ઇરાનના રાજાનો સ્વભાવ, ચારિત્ર, તેનું સૈન્યબળ, શત્રુ તરફ તેનો વ્યવહાર વગેરે સંબંધી એવા તો વિચિત્ર પ્રશ્નો પૂછી લીધા કે, જેથી દૂતના આશ્ચર્યની સીમા રહી નહિ.

એક સમયે એક માણસ ફિલિપ પાસે એક ઘોડો વેચવા આવ્યો. ઘોડો સર્વેની પસંદગી પામ્યો અને તેની કીંમત આશરે ૩૮૦૦૦ આડત્રીસ હજાર રૂપિયા નક્કી થઇ. ઘોડાની પરીક્ષા કરવા માટે ઘણા માણસો મયદાનમાં એકઠા થયા. આ સમયે ઘોડો ઘણું તોફાન કરવા લાગ્યો તથા પોતાની પીઠ ઉપર કોઇને પણ ચઢવા દીધો નહિ. ઘોડાની લગામ પકડીને ઉભા રહેનારને પણ ઘણી મુશ્કેલી નડવા લાગી. ફિલિપે ઘોડાની સ્થિતિ જોઈ તેને દૂર લઇ જવાની આજ્ઞા કરી. અલેકઝાંડર પ્રથમથીજ આ બનાવનું અવલોકન સવિશેષ ધ્યાન આપીને કરતો હતો. તેણે પિતાની આજ્ઞા સાંભળીને કહ્યુંઃ—“ એક પ્રકારની નિપુણતા તેમજ કુશળતાના અભાવેજ ઘોડો તોફાન કરે છે.” ફિલિપે પ્રથમ તો પુત્રનાં વચનો પ્રત્યે લક્ષ્ય આપ્યું નહિ, પરંતુ અલેકઝાંડરે પોતાનું વાક્ય પુનઃ ઉચ્ચાર્યાથી તેણે કહ્યુંઃ—“ યુવકો પોતાને શાણા,

સમજુ, અનુભવી તેમજ પ્રૌઢ માણસો કરતાં વિશેષ ચતુર સમજે છે." અલેકઝાંડરે ગુસ્સે નહિ ભરાતાં કહ્યું:–"હા, એમ કાંઇક છે તો ખરૂં." ફિલિપે કહ્યું:–"તું જો કદાચ ઘોડા ઉપર ન ચઢી શકે તો ત્હારી આ ઉદ્ધતાઇને માટે શો દંડ આપીશ?" વિના વિલંબે પુત્રે ઉત્તર આપ્યો કે:–"ઘોડાની કીંમત." આ ઉત્તર સાંભળી સર્વ મનુષ્યો હસવા લાગ્યાં. અલેકઝાંડરે એક ક્ષણ પણ નહિ ગુમાવતાં ઘોડાની લગામ પકડી તેનું મુખ સૂર્યના તરફ ફેરવી દીધું. ઘોડો પોતાનો પડછાયો જોઇને ચમકતો હતો. તેનું શરીર હાલતાં પડછાયો પણ વિશેષ હાલતો હતો, તેથી તે વિશેષ ચમકતો હતો. અલેકઝાંડર ઘોડાના ભયનું કારણ પ્રથમથીજ જાણી શક્યો હતો, તેથી ઘોડો પોતાનો પડછાયો ન જોઇ શકે એ હેતુથી તેણે તેનું મુખ ધીમે ધીમે સૂર્ય તરફ ફેરવ્યું અને ધીમે હાથે તેની પીઠ થાબડીને તેને શાંત કર્યો. ત્યાર પછી નિર્ભયતાથી ઘોડાની પીઠ ઉપર ચઢીને અલેકઝાંડરે ઘોડાને ઘણાજ વેગથી દોડાવી મૂક્યો. ફિલિપ વગેરેને પ્રથમ તો આ સર્વ બનાવથી ઘણો ભય લાગ્યો હતો; પરંતુ જ્યારે અલેકઝાંડર નિર્વિઘ્ને ઘોડો દોડાવતો પાછો આવી પહોંચ્યો ત્યારે તેમના સર્વેના આનંદની સીમા રહી નહિ. ફિલિપે આંખોમાં આવેલાં આંસુ સાથે પુત્રને દૃઢ આલિંગન કરીને કહ્યું:–"પુત્ર! તું ત્હારે માટે સ્વતંત્ર રાજ્યની સ્થાપના કર. મેસિડોનીયાનું રાજ્ય ત્હારે માટે તુચ્છ છે." અલેકઝાંડરે આ ઘોડાનું નામ બુકેફેલ્સ રાખ્યું. આ ઘોડા ઉપર ચઢીને તેણે અનેક યુદ્ધોમાં જય મેળવ્યો. આ ઘોડાની સહાયતાથી તેનો જીવ ઘણી વખત બચી ગયો. અંતે આ ઘોડો આપણા દેશમાંજ પંચત્વ પામ્યો. પ્લુટાર્કનું એમ કહેવું છે કે, આ પ્રસંગ પછીથી ફિલિપે પોતાના પુત્રને વિદ્યાશિક્ષણ મેળવવા માટે એરિસ્ટોટલને સમર્પણ કર્યો.

એરિસ્ટોટલને રાજધાનીનો કોલાહલ પસંદ નહિ હોવાથી પોતાની જન્મભૂમિમાં અર્થાત્ સ્ટૅગિરા નામક ગામમાં રહીને અલેકઝાંડરને શિક્ષણ આપતો હતો. આ સ્થળે અલેકઝાંડરે ત્રણ ચાર વર્ષ સુધી અભ્યાસ કર્યો હતો.

અભ્યાસ પૂર્ણ થતાં પહેલાં પણ કેટલીક વખત પિતાની ગેરહાજરીમાં અલેકઝાંડરને રાજકાર્યો તપાસવાં પડતાં હતાં, અલેકઝાંડર પોતાની સોળ વર્ષની ઉમરે ફિલિફ્ઑજન્ટાઇન (હાલના કોનસ્ટોન્ટીનોપલ) પ્રદેશમાં યુદ્ધ કરવા ગયો હતો. પિતાની ગેરહાજરીમાં પુત્ર રાજ્યનું રક્ષણ કરવા લાગ્યો, ઇ૦ સ૦ ૩૩૯ પૂર્વે અલેકઝાંડરે શત્રુઓનો સંહાર કરવાને માટે પહેલવહેલાં અસ્ત્ર ગ્રહણ કર્યાં હતાં; એ ઐતિહાસિકોને બરાબર સ્મરણમાં છે. ફિલિપ દૂરના પ્રદેશોનાં યુદ્ધકાર્યમાં નિયુક્ત હતો તેથી ઇલિરિયાના રહેવાસીઓએ આ પ્રસંગે તેની વિરૂદ્ધ અસ્ત્ર પકડયાં, વિદ્રોહીઓની ધારણા એવી હતી કે, આ સમયે ફિલિપ અને તેના રણશૂરા સૈનિકો રાજધાનીમાં ઉપસ્થિત નથી, તેથી જો આ સમયે યુદ્ધ કરીશું તો અવશ્ય વિજય મળશે, પરંતુ તેમની ધારણા ફળીભૂત થઇ નહિ. અલેકઝાંડરે વિદ્રોહની વાત જાણતાંજ કેટલુંક સૈન્ય તૈયાર કરી વિદ્રોહીની સામા યુદ્ધમાં ઉતરવાને કૂચ કરી, અને યુદ્ધને અંતે વિજયદેવીએ અલેકઝાંડરનેજ વિજયમાળા પહેરાવી, તેણે શત્રુઓનો સર્વાંશે પરાજય કર્યો. તેમનાં ગામ તેમજ નગરો પણ અલેકઝાંડરના ક્રોધાગ્નિ આગળ બચી શકયાં નહિ. વિદ્રોહીઓને તેમના નીચ કાર્યનો યોગ્ય બદલો મળ્યો. અલેકઝાંડરે આ યુદ્ધસ્થળે એક નગર સ્થાપન કરી તેનું નામ અલેકઝાંડર પોલિસ રાખ્યું.

યુદ્ધમાંથી પાછા ફરીને અલેકઝાંડરે ફરીથી રાજ–કારભાર ચલાવવા માંડયો અને તેના વીરત્વની ખ્યાતિ ધીમે ધીમે ચારે દિશાએ પ્રચાર પામવા લાગી.

ફિલિપનું બાહુબળ દિવસે દિવસે વૃદ્ધિંગત થતું હોવાથી, એથેન્સ-વાસીઓના મુખ ઉપર ધીમે ધીમે ચિંતાની છાયા છવાયલી જણાવા લાગી. તે સિવાય ડિમોસ્થનિસ ફિલિપની વિરૂદ્ધ જે વ્યાખ્યાનો કરતો હતો તેને પરિણામે એથેન્સવાસીઓ ઘણા ઉત્તેજિત બની ગયા. બરાબર આજ પ્રસંગે ફિલિપે ઇલેટિયા નામનું એક ન્હાનું નગર જીતી લીધું. આ ઇલેટિયા નગર એથેન્સ રાજ્યની સીમાને છેડેથી લગભગ ત્રીસ તથા એથેન્સ નગરથી લગભગ ૪૫ ગાઉ દૂર આવેલું હતું. વિના વિલંબે ફિલિપે ઇલેટિયા ઉપર મેળવેલા વિજયના વર્ત્તમાન એથેન્સમાં જાહેર થયા, આથી એથેન્સવાસીઓને એવી શંકા થઈ આવી કે ફિલિપ એથેન્સનું રાજ્ય પોતાની સત્તામાં લેવાની ઇચ્છા રાખે છે. ડિમોસ્થનિસનું દળ વૃદ્ધિ પામતું ગયું, યુદ્ધને માટે સર્વે આતુર બની ગયા. પોતાના પક્ષને સબળ કરવાને માટે ડિમોસ્થનિસ થેબ ગયો. પ્રથમ તો થેબવાસીઓએ ડિમોસ્થનિસની તરફ લક્ષ્ય આપ્યું નહિ; પરંતુ ધીમે ધીમે ડિમોસ્થનિસનાં વચનોથી મુગ્ધ થઇ તેઓ ફિલિપની વિરૂદ્ધ અસ્ત્ર ઉંચકવાને માટે એથેન્સવાસીઓને મળી ગયા. આ સમયે ડિમોસ્થનિસ સર્વ મનુષ્યોના હૃદયનો અધીશ્વર થઇ શકયો હતો. તેની ઇચ્છા પ્રમાણે એથેન્સવાસીઓ અને થેબવાસીઓ વર્ત્તવા લાગ્યા. જે થેબવાસીઓ પૂર્વે ફિલિપના પક્ષમાં હતા, તેઓ હમણાં વક્તાનાં વચનોથી મુગ્ધ થઇને ફિલિપવિરૂદ્ધ અસ્ત્ર ઉંચકવાને તૈયાર થઇ ગયા.

ચૅરોનિયા ક્ષેત્રમાં ગ્રીસના બાહુબળની પરીક્ષા થઇ. એક બાજુએ ફિલિપ અને બીજી બાજુએ થેબ—એથેન્સ વગેરે હતા. આ પ્રસંગે જો ગ્રીસ વિજય મેળવી શકયું હોત તો તેથી કરીને અલેક્ઝાંડરનો ભાવી દિગ્વિજય વગેરે પ્રકાર બની શકત કે કેમ એ શંકાયુક્ત છે. આથી કરીને આ યુદ્ધને અનેક મનુષ્યો પૃથ્વીનું એક મહાયુદ્ધ ગણે છે, અને

તેનું કીર્ત્તન કરે છે. આ યુદ્ધમાં ફિલિપની સાથે ત્રીસ હજાર હોશિયાર પાયદળ અને બે હજાર ઘોડેસ્વારોનું સૈન્ય હતું. એકત્રિત થયેલી ગ્રીક સેના પણ ઉપરની સંખ્યાના જેટલીજ હતી. ઉભય પક્ષના સૈનિકોની સંખ્યા સમાન હોવા છતાં પણ ગ્રીક સૈન્ય, ફિલિપ–સૈન્યના જેવું રણકુશળ અને દુઃખ સહન કરી શકે એવું નહોતું. ગ્રીક સૈન્યમાંનો ઘણો ખરો અંશ ભાડુતી સૈન્ય જેવો હતો. ડિમોસ્થનિસે પણ સ્વ-દેશ–ગૌરવના રક્ષણ માટે યુદ્ધમાં ભાગ લીધો હતો; પરંતુ વક્તૃતા વખતે તેણે જે પ્રકારની તેજસ્વિતા તથા દૃઢતા દર્શાવી હતી તેનાથી વિપરીત ભાવ યુદ્ધપ્રસંગે દર્શાવ્યો. તેજ સર્વથી પ્રથમ પોતાનાં અસ્ત્ર–શસ્ત્રને યુદ્ધભૂમિમાં પડતાં મૂકી પલાયન કરી ગયો હતો. આ મહાયુદ્ધમાં ગ્રીકોએ સતત યુદ્ધ કર્યું તોપણ વિજયદેવીએ ફિલિ-પના કંઠમાંજ વિજયમાળા આરોપી. અલેકઝાંડરે આ યુદ્ધમાં અપૂર્વ વીરત્વ દર્શાવ્યું હતું. ગ્રીકવાસીઓના પરાજય સાથેજ ફિલિપની ઉચ્ચ આશાનું બારણું ખુલી ગયું, એથેન્સ તેમજ થેબનું અભિમાન ઉતરી ગયું; આથી કરીને બીજું કોઈ ફિલિપની વિરૂદ્ધ અસ્ત્ર પકડવાનું સાહસ કરી શકયું નહિ.

આ યુદ્ધમાં ત્રણ હજાર એથેન્સવાસીઓ અને લગભગ બીજા એટલાજ થેબવાસીઓ ઘાયલ અને કેદી થયા હતા. આ લોકોના અભાવથી ગ્રીસવાસીઓ તદ્દન નિર્બળ બની ગયા. એ સમયના એથેન્સવાસીઓ લખવા–વાંચવામાં, વ્યાખ્યાનો કરવામાં, શિલ્પકાર્યમાં, વગેરે અનેક વિષયોમાં મેસિડોનિયનો કરતાં શ્રેષ્ઠ હતા, એ ઘણુજ આશ્ચર્યની વાત છે. તેમની આ શ્રેષ્ઠતા તેમના સન્માનની રક્ષા કરવાને સમર્થ થઇ શકી નહિ. આ શ્રેષ્ઠતાની સાથે જો તેમનું બાહુબળ પણ શ્રેષ્ઠ હોત તો તેમને અસભ્ય મેસિડોનિયનોને હાથે દુઃખી થવું પડત નહિ.

એમ કહેવાય છે કે, આ યુદ્ધ પછી ફિલિપના પક્ષના જે લોકો સંધિ કરવાને માટે એથેન્સ ગયા હતા તેઓ સાથે અલેકઝાંડર પણ ગયો હતો. આથી કરીને એ સમયે અલેકઝાંડરનું જ્ઞાન વિશાળ હોવું જોઇએ એ નિઃસંદેહ છે. સાધારણ જનસમાજ અલેકઝાંડરને "રાજા"ના સંબોધનથીજ સંબોધતો હતો. પોતાના પુત્રને સાધારણ જનસમાજની પ્રીતિને પાત્ર થયેલો જોઇને ફિલિપના આનંદની સીમા રહેતી નહિ, પરંતુ ફિલિપ એ આનંદ લાંબો કાળ ભોગવી શક્યો નહિ.

સ્પાર્ટા સિવાય સમગ્ર ગ્રીસે આ સમયે ફિલિપની સત્તાને શિરે ચઢાવી. સ્પાર્ટામાં પણ એટલી શક્તિ નહોતી કે, તે ફિલિપની વિરૂદ્ધ અસ્ત્ર ઉંચકી શકે. કૅરોનિયાનું યુદ્ધ થઇ ગયા પછી લગભગ એક વર્ષે કોરિન્થ નગરમાં એક મહાસભાનું અધિવેશન થયું. સ્પાર્ટા સિવાય સમસ્ત ગ્રીસના પ્રતિનિધિઓએ આ અધિવેશનમાં ફિલિપ ઇરાનના રાજા ઉપર ચઢાઇ કરે તેમાં સંમતિ દર્શાવી, તથા સર્વ દેશવાસીઓએ યથાશક્તિ દ્રવ્યબળ અને જનબળની સહાયતા કરવાનું કબૂલ કર્યું.

મનુષ્ય જૂદા મતનો હોવા છતાં પણ સાધારણ વિપદ્ તેમજ સંપદ્ અનેક વખતે તેને એકમતનો કરી નાખે છે. એ સમયે સર્વ મનુષ્યો સંપથી એકત્ર થઇને વિપત્તિને બાજુએ રાખી સંપત્તિ પ્રાપ્ત કરવાનો યત્ન કરવા લાગ્યા. ફિલિપની પણ એવી ધારણા હતી કે, હાલ તરત તે વિભિન્ન પ્રકૃતિના ગ્રીસવાસીઓના હૃદયની સહાનુભૂતિ કદાચ નહિ પ્રાપ્ત કરી શકે તોપણ અંતે તો પોતાનો હેતુ સિદ્ધ થશે, અને ગ્રીસવાસીઓ એકબીજાના દુઃખે દુઃખી અને સુખે સુખી થશેજ.

મનુષ્ય સંસારક્ષેત્રમાં વિશેષ સફળતા મેળવી શકે છે તો કેટલીક વખતે તેની બુદ્ધિમાં ભ્રંશ થાય છે. તે પોતાની પૂર્વસ્થિતિ ભૂલી જાય છે. ગ્રીસના ઉપર મેળવેલા અસાધારણ વિજયથી ફિલિપનું

મસ્તક પણ વિકૃત થયું હતું. તેની વિવાહિતા પત્ની ઉપરાંત તેને બીજી અનેક ઉપપત્નીઓ હતી તોપણ તે બીજી નવી ઉપપત્નીઓને સ્થાન આપવા લાગ્યો. એક તરફ જ્યારે એશિયા ઉપર ચઢાઇ કરવાને માટે અસ્ત્ર–શસ્ત્ર એકત્ર કરવામાં આવતાં હતાં, ત્યારે બીજી તરફથી તેના શરીરનો નાશ કરે એવી મોહિની માયાને તે આલિંગન કરતો હતો. પ્રકાશની નીચે રહેતા અંધકારની પેઠે ધનવાનો પાસે નિર્ધન જીવો આશ્રય મેળવીને રહે છે. ફિલિપની પાસે પણ સર્વ જીવાત્માઓને આશ્રય મળતો હતો. એ જીવાત્માઓએ ફિલિપના એક નવ–વિવાહનું સમર્થન કર્યું તથા તે નવીન સ્ત્રીના પેટે જે બાળક જન્મશે તે સિંહાસનનો ઉત્તરાધિકારી થશે એમ જાહેર કરવા લાગ્યા. આ વાતમાં ફિલિપે પણ સંમતિ દર્શાવી, તે જાહેરમાં અલેકઝાંડરની માતાને 'વ્યભિચારિણી' અને પુત્રને 'વર્ણસંકર' કહેવા લાગ્યો. આનું પરિણામ એ આવ્યું કે, પિતા પુત્ર તથા સ્વામી–સ્ત્રી વચ્ચે વિરોધ થયો. એક સમયે મદ્યપાન કરતી વખતે સર્વ કોઇ ટેબલોની આસપાસ બેઠા હતા. આ સમયે ફિલિપની પાસે બેઠેલો તેમનો એક સલાહકાર બોલી ઉઠયો:–"આ સમયે નવીન રાણીને પેટે જે પુત્ર જન્મગ્રહણ કરશે તેજ સિંહાસનનો ઉત્તરાધિકારી થશે."

આ શબ્દો અલેકઝાંડરથી સહન કરી શકાયા નહિ તેથી તેણે ક્રોધના આવેશમાંજ હાથમાંનું મદિરાપાત્ર એ સલાહકારના મ્હોં ઉપર ફેંક્યું. આ સમયે ફિલિપ પુત્રના અયોગ્ય વર્ત્તનને લીધે તેનું ખૂન કરવાને માટે નાગી સમશેર હાથમાં લઇને ઉભો થયો અને જેવો અલેકઝાંડરની પાસે આવવા લાગ્યો કે તરતજ મદિરાના નીશાથી તે બેહોશ બની જઇને ધરણી ઉપર ઢળી પડયો! અલેકઝાંડરે પોતાના પિતાને પડી ગયેલા જોઇને મદ્યપાન કરવા બેઠેલા ગૃહસ્થોને સંબોધીને કહ્યું:–" જુઓ, જે માત્ર બે ડગલાં ચાલી શકવાને માટે

પણ અસમર્થ છે, તે સમુદ્ર પાર ઉતરીને એશિયાખંડ ઉપર ચઢાઇ કરવા જવાની અભિલાષા ધરાવે છે !"

આ પ્રકાર બની ગયા પછી અલેકઝાંડરે રાજધાનીમાં નિવાસ કરવાનું યોગ્ય ધાર્યું નહિ. તે પોતાની માતાની સાથે અન્ય સ્થળે ચાલ્યો ગયો. તે ચાલ્યો ગયા છતાં વિવાદ તો દિવસે દિવસે વધવાજ લાગ્યો. ફિલિપના ગૃહકંકાસની વાત સર્વત્ર ફેલાઇ ગઇ. અલેકઝાંડરના કેટલાક સ્નેહીઓ તથા મિત્રોને ફિલિપે કેદ પકડયા, અને ધીમે ધીમે અશાંતિનો અગ્નિ વિશેષ જોસથી સળગી ઉઠયો.

આ સમયે એક ગ્રીક પંડિત ફિલિપનો અતિથિ થયો. એક દિવસે કેટલીક વાતચિત થતાં એકાએક તેને ફિલિપે ગ્રીસની શાંતિ શી રીતે થાય એ સંબંધી પ્રશ્ન કર્યો. પ્રત્યુત્તરમાં એ ગૃહસ્થે કહ્યું કે:—" જેણે પોતાના ઘરમાંજ કલહ—કંકાસનો અગ્નિ સળગાવ્યો છે, તેને ગ્રીસની શાંતિ સંબંધીનો પ્રશ્ન કરવાનો શો અધિકાર છે ?" ગ્રીક પંડિતના આ તીવ્ર તિરસ્કારથી ફિલિપ શરમાઈ ગયો તથા પોતાના પુત્ર સાથે પુનઃ પોતાનો સ્નેહ—સંબંધ સંધાય એવો યત્ન કરવાને માટે તેણે આ પંડિતને પ્રાર્થના કરી. આ પંડિતના પ્રયત્નથી ફિલિપનું તેના પુત્ર તથા પત્ની સાથે મિલન થયું ખરૂં; પરંતુ એ મિલન અંતઃકરણથી થયું નહિ. વિવાદનું કારણ દૂર નહિ થવાથી એ મિલન સ્થાયી થયું નહિ.

ફિલિપના હૃદયની દુર્બળતાની સાથે સાથેજ તેની નવીન સ્ત્રી તેમજ તેનાં બીજાં સ્નેહી સંબંધીઓની સત્તા સવિશેષ થઈ પડી. તેઓ પોતાની સત્તાનો દુરૂપયોગ કરતાં હોવાથી સર્વને ચિંતાતુર થવાના કારણરૂપ બન્યાં હતાં. તેમની આજ્ઞાથી પોઉસેનિયસ નામના એક પુરૂષને સખ્ત શિક્ષા થઈ હતી. પોતાને થયેલી શિક્ષા સંબંધીનો ન્યાયપૂર્વક વિચાર કરવાને માટે તેણે ફિલિપ પાસે વિનંતિ

કરી. એ દિવસે રાજમહેલમાં દમામભરેલો ઉત્સવ હતો. ફિલિપની કન્યાનો તે દિવસે વિવાહ હતો—તથા એશિયા ઉપર વિજય મેળવવા જવાના ઉમંગથી આ ઉત્સવમાં અપૂર્વ રંગ જામ્યો હતો. ફિલિપ નાટકનો અભિનય જોવા જતો હતો તે સમયે એ 'પોઉરોનિયસે'ના માણસોને હાથે માર્યો ગયો. ફિલિપની સાથે બીજાં જે માણસો હતાં તે તેના રક્ષકોને હાથે માર્યાં ગયાં. ફિલિપના જીવન—નાટકના અભિનયની આવી રીતે પૂર્ણાહુતિ થઇ ! એ સમયના લોકોનું એમ કહેવું છે કે, આ પ્રકારમાં ફિલિપની પત્ની ઓલિમફિયા અને તેના દિગ્વિજયી પુત્ર અલેકઝાંડરનો પણ ઘણો હાથ હતો.

ફિલિપે સઘળા ગ્રીસવાસીઓને એક મતના અનુયાયી કરીને પોતે ઇરાન ઉપર ચઢાઇ કરવાની કલ્પના કરી રાખી હતી; પરંતુ ઇશ્વરી લીલાને પરિણામે ઘાતકને હાથે ૪૬ વર્ષની ઉમરે તે મરણને શરણ થયો.

ફિલિપનામાં ગમે એટલા દોષ હોય તોપણ તેણે જાતીય શત્રુ ઇરાનીઓની વિરૂદ્ધ જૂદી જૂદી પ્રકૃતિના સઘળા ગ્રીસવાસીઓને એકમત કર્યા હતા. તેણે પોતાના જાતીય ગૌરવની વૃદ્ધિ કરવાને માટે સઘળા ગ્રીસવાસીઓને એકત્રિત કર્યા એ કાંઇ જેવી તેવી પ્રશંસાની વાત નથી. મોહનો નાશ થતાં, અજ્ઞાન ભય દેખાડી શકવાને સમર્થ થતું નથી. ફિલિપે ગ્રીસવાસીઓના અંતઃકરણમાંથી ઇરાનીઓનો મોહ દૂર કર્યો હતો અને તેથીજ ગ્રીકો ઇરાનીઓ વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરનાર ફિલિપને સહાયતા કરવાને તૈયાર થયા હતા.

જે દેશની રમણી પતિના મૃત્યુ પાછળ અગ્નિપ્રવેશ કરી, પતિની પાછળ સતી થાય છે, જે દેશની અબળા કઠોર વૈધવ્યવ્રતનું અવલંબન કરીને પતિદેવતાની પૂજામાં નિમગ્ન રહે છે, જે દેશના પુત્રો પિતાની તૃપ્તિને માટે રાજસુખને તિલાંજલિ આપી જીવન પર્યંત બ્રહ્મચર્ય

પાળે છે, જે દેશવાસી પિતાની આજ્ઞા શિરે ચઢાવવાને માટે હસતાં હસતાં વનવાસી થાય છે, જે દેશનો પુત્ર પિતાના સંતોષને માટે સહાસ્યવદને દુઃખમય વૃદ્ધાવસ્થાને પણ ગ્રહણ કરે છે, એ દેશના લોકો આગળ ઓલિમફિયા તથા અલેકઝાંડરનું આ પાપકાર્ય તિરસ્કારથી વંચાશે એમ જણાવવાની જરૂર રહેતી નથી.

પરિચ્છેદ ૩ જો

ફિલિપના પરલોક પામ્યા પછી, સર્વેની નજર અલેકઝાંડરના ઉપર પડી. મેસિડોનિયાના સિંહાસનને મેળવવાની આશા જો કે એકાદ વ્યક્તિના અંતઃકરણમાં ઉપસ્થિત તો થઇ આવી, પરંતુ અલેકઝાંડરની અસાધારણ શક્તિ આગળ કોઇનું કાંઇ વળી શકયું નહિ. પ્રાચીન લેખકો જણાવે છે કે, અલેકઝાંડરનું મુખ ઘણું હૃદયગ્રાહી હતું—બન્ને નેત્રો વિશાળ તેમજ ઉજ્વળ હતાં, એ બન્ને નેત્રો જોવાથી તેની સઘળી શક્તિનો ખ્યાલ સહજ આવી શકતો હતો. તેનું મ્હોં અને દાઢીનો ભાગ જોવા જેવાં હતાં, જોકે એ સમયના લેખકોએ અલેકઝાંડરને પશુભાવનો દર્શાવ્યો છે; પરંતુ તેના મુખમંડળનું તેમજ શરીરનું વર્ણન જોવા જતાં એ વાત અમને સર્વથા અસત્ય જણાય છે. ખરૂં જોતાં તો જીવનની પ્રથમ અવસ્થામાં અલેકઝાંડરે પોતાની ઇંદ્રિયો ઉપર જય મેળવ્યો હતો, અને તેથીજ તે અસાધારણ વિજય મેળવવાને સમર્થ થયો હતો; અને ત્યારપછી અજીતેંદ્રિયતાની સાથેજ તેની અવનતિનો આરંભ થયો હતો.

અલેકઝાંડરના ચારિત્રમાં એક ગુણ વિશેષરૂપે વિકાસ પામ્યો છે. આ ગુણ તે સ્વાભિમાન છે. અલેકઝાંડરનામાં જેટલું સ્વાભિમાન

હતું, તેટલું ભાગ્યે બીજા કોઇનામાં હશે, આમ હોવાનું કારણ એક તો એ હતું કે, તે ફિલિપ જેવા શૂરવીર, સાહસિક અને બુદ્ધિવાન પુરૂષનો પુત્ર હતો, અને બીજું તેણે એરિસ્ટોટલ જેવા મહાવિદ્વાન પાસે શિષ્યભાવે શિક્ષણ મેળવ્યું હતું. ત્રીજું બાલ્યાવસ્થાથીજ તેને કાંઇક સ્વતંત્રતા પ્રાપ્ત થઇ હતી. આ સર્વ કારણોથી અલેકઝાંડરનું સ્વાભિમાન અદ્વિતીય હતું. તેના સ્વાભિમાનની જેમ જેમ વૃદ્ધિ થતી ગઇ તેમ તેમ ઇરાન ઉપર વિજય મેળવવાની વાસના દૃઢ થતી ગઇ. તેમજ ઇરાનના રાજાનો પરાજય કરીને ભારત ઉપર જય મેળવવાની આશા પણ તેના મનમાં ઉપસ્થિત થઇ. આવી રીતે તેના સ્વાભિમાનમાં વધારો થયો હતો.

અલેકઝાંડર પોતાની વીસ વર્ષની ઉમરે પિતાના રાજસિંહાસન ઉપર બિરાજ્યો. તેણે પોતાની હૃદયભેદક ભાષાથી, એશિયા ઉપર વિજય મેળવવા માટે પોતાના સૈન્યને દૃઢતાથી પોતાના પક્ષમાં લીધું. સર્વેને એમ માલૂમ પડયું કે, મેસિડોનિયાનો રાજકર્ત્તા બદલાયો હોવા છતાં કોઇ પણ પ્રકારની પૂર્વેની રાજનીતિ બદલાઇ નથી. અલેકઝાંડર એક શૂરવીર યોદ્ધો હતો અને રાજ્ય ચલાવવાના તેમજ સૈન્યને સંતુષ્ટ રાખવાના સર્વ ગુણો તેનામાં હતા તેથી કરીને કોઇને પણ ફિલિપના મૃત્યુ થયા પછી લાંબા કાળ સુધી તેનો અભાવ જણાયો નહિ.

અલેકઝાંડરે કોઇ પણ પ્રકારનો ઉપદ્રવ કર્યાસિવાય સિંહાસન પોતાની સત્તામાં લીધું ખરૂં; પરંતુ તેના રાજ્યની ચારે દિશાએ ભયંકર અશાંતિનાં ચિહ્નો તેને માલૂમ પડયાં. ફિલિપે જે સઘળી અસભ્ય જાતિનો પરાજય કર્યો હતો, તેમણે સર્વેએ એકત્ર થઇ અલેકઝાંડરની વિરૂદ્ધ અસ્ત્ર ધારણ કર્યાં. થેબના મુખ્ય ગ્રીકો ફિલિપની સંધિના બંધનને છિન્નભિન્ન કરી નાખી સ્વતંત્ર થવાનો યત્ન કરવા લાગ્યા.

આ સંકટ-સમયે ઘણાખરા માણસોએ અલેકઝાંડરને નમ્રતા ધારણ કરવાનું વિનવ્યું, પરંતુ અલેકઝાંડર વીર પુરૂષ હતો. તેણે કોઇની પણ વિનંતિ યા તો સલાહ સાંભળ્યાસિવાય વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું; અને જોતજોતાંમાં તેણે પોતાની સમશેરના બળનો અદ્ભુત પરિચય શત્રુ તેમજ મિત્રવર્ગને કરાવ્યો. જે સમયે અલેકઝાંડર ડાન્યુબ નદીના તટ ઉપર અસાધારણ વીરતા તથા ધીરતા દર્શાવીને શત્રુ તથા મિત્રમંડળને ચકિત કરતો હતો, એ સમયે થેબનગરમાં એવી અફવા ફેલાવો પામી કેઃ-'અલેકઝાંડર શત્રુઓની સાથે યુદ્ધ કરતાં કરતાં મરી ગયો છે.' આ અફવાના ફેલાવાની સાથેજ મેસિડોનિયાના શત્રુઓએ અલેકઝાંડરની તાબેદારીને તોડી નાખી સ્વતંત્રતા મેળવવાને માટે હથિયાર ધારણ કર્યાં.

થેબવાસીઓની હથિયાર પકડીને તૈયાર થયાની વાત માલૂમ પડતાંજ અલેકઝાંડરે ડાન્યુબ નદીના તટ ઉપર વિશેષ સમયને માટે રોકાઇ રહેવું વ્યાજબી વિચાર્યું નહિ. તેને ખાત્રી હતી કે યુદ્ધપ્રસંગે ગ્રીસની કોઇ પણ રાજશક્તિ તેના પક્ષને સ્વીકારશે નહિ. એથેન્સ-વાસીઓના મનનો ભાવ પણ જોઇએ એવો નહોતો. તેમનો મુખ્ય વક્તા તેમને અદ્યાપિ વક્તૃતાથી ઉશ્કેરી રહ્યો હતો. સ્પાર્ટનો તો જાહેર રીતેજ તેની વિરૂદ્ધ હતા. આવી સ્થિતિમાં ડાન્યુબના પ્રદેશમાં રોકાઇ રહેવું વ્યાજબી નહિ જણાયાથી તે પહાડી પ્રદેશમાં થઇને માત્ર છ સાત દિવસમાંજ થેબથી ૩-૩ાા ગાઉ દૂર આવેલા એક નગરમાં પોતાની સાથેના સઘળા સૈન્યસાથે જઇ પહોંચ્યો; તથા ગ્રીકો એકઠા થઇને તેની વિરૂદ્ધ હથિયાર ન ઉઠાવે એ સંબંધીની ખટપટ કરવા લાગ્યો.

અલેકઝાંડર આવી પહોંચ્યાના સમાચાર થેબવાસીઓને તરતજ મળ્યા; પરંતુ કોઇએ એ વાત સાચી માની નહિ.

બીજેજ દિવસે અલેકઝાંડર થેબનગરની સમીપ સૈન્યસાથે જઇ પહોંચ્યો, વિદ્રોહના મુખ્ય અગ્રેસર ફ્રોનિકસ અને પ્રોથાઇટિસ નામના બે પુરૂષોને જો પોતાને સ્વાધીન કરવામાં આવશે તો સઘળી ચળવળ શાંત થઇ જશે, એમ તેણે થેબવાસીઓને જણાવ્યું. પ્રત્યુત્તરમાં થેબવાસીઓએ એન્ટિપિટર તથા ફિલટનને તેને સ્વાધીન કરવાનું મ્હોડેથી જણાવી ગ્રીસની સ્વતંત્રતાના સંરક્ષણ માટે સર્વને એકત્ર કર્યા. આથી કરીને યુદ્ધનો આરંભ થયો હતો. કોઇ કોઇનું એમ કહેવું છે કે, અલેકઝાંડરે લુચ્ચાઇથી થેબવાસીઓને છેતરીને થેબ ઉપર ચઢાઇ કરી હતી.

થેબવાસીઓએ જીવવાની આશા છોડી દઇને મરણિયા થઇને યુદ્ધ કર્યું; પરંતુ અલેકઝાંડરના યુદ્ધનિપુણ સૈન્ય આગળ તેમની સઘળી મહેનત નિરૂપયોગી થઇ પડી. થેબનો નાશ થયો; નગરમાંના એક પણ મકાનનું ચિહ્ન કાયમ રહ્યું નહિ. અલેકઝાંડરના ક્રોધાગ્નિથી છ હજાર (કોઇ દશ હજાર કહે છે) યોદ્ધાઓ માર્યા ગયા અને ત્રીસ હજાર કેદ પકડાયા. બીજાની સત્તા નહિ સ્વીકારવાની ઇચ્છાથીજ થેબવાસીઓની અવનતિ થઈ તથા તેમના જીવની હત્યા કરીને અલેકઝાંડર મહાવીર તરીકે જગતમાં ઓળખાયો. અલેકઝાંડરના સૈનિકોના અત્યાચાર તથા અવિચારની સીમા નહોતી. એક વીરાંગના આગળ એલેકઝાંડરનો સૈનિક કેવા પ્રકારે તિરસ્કૃત થયો હતો તેનો અમે અત્ર ઉલ્લેખ કરીશું. અલેકઝાંડરના સૈનિકોએ થેબનગરની એક ધનવતી રમણીનું યથાસર્વસ્વ ધન—રત્ન લુંટી લીધું, પછીથી એ સૈનિકોના અગ્રેસરે મોહાધીન બની જઇને એ ધનવતી રમણીને પોતાની કામેચ્છા પરિપૂર્ણ કરવા દેવાનું કહ્યું. આ સમયે એ રમણીએ આ મોહાધીન સરદારને પોતાના ખજાનાનાં કેટલાંક રત્નો યુદ્ધના આરંભ—સમયે એક કૂવામાં નાખી દીધેલાં હોવાનું જણાવ્યું. સરદારે પોતાના મોહને

બાજુએ રાખી પોતાને એ કૂવો બતાવવાનું જણાવ્યું. રમણી સરદારને એક કૂવા પાસે લઇ ગઇ. તરતજ સરદાર કૂવામાં ઉતર્યો. ત્યાર પછી કૂવા ઉપરથી થેબનારીએ એ સરદારના શરીર ઉપર અનેક પથ્થરો ફેંક્યા, જેથી કરીને તે બિચારો ફરીથી બહાર નીકળી શક્યો નહિ. આવો પ્રકાર જોવામાં આવતાંજ અલેકઝાંડરના બીજા સૈનિકોએ આ સાહસિક રમણીને કેદ કરી, તથા તેઓ તેને અલેકઝાંડરની પાસે લઇ ગયા. અલેકઝાંડરે એ રમણીને જોતાંજ તેનું નામ ઠામ પૂછ્યું. પ્રત્યુત્તરમાં રમણીએ કહ્યું કેઃ—"જેણે ગ્રીસની સ્વાધીનતાનું સંરક્ષણ કરવાને માટે સૈન્યસહ ફિલિપ સાથે ચૅરોનિયાના યુદ્ધક્ષેત્રમાં યુદ્ધ કરીને પરલોકવાસ કર્યો છે, તે 'થિઓજિનિસ'ની હું બ્હેન થઉં છું."

અલેકઝાંડરે રમણીના વ્યવહાર તેમજ પ્રત્યુત્તરથી પ્રસન્ન થઇને તેના પરિવારસાથે તેને મુક્ત કરી.

એમ કહેવાય છે કે, અલેકઝાંડરે કવિવર પિંડારેની સંતતિ તરફ, તથા જેઓ તેના પક્ષપાતી હતા તેમની તરફ દયા દર્શાવી હતી. જે નગરના ત્રીસહજાર રહેવાસીઓ ખરીદવામાં આવેલા ચાકરોની માફક વેચાઇને, અલેકઝાંડરના ખજાનામાં ૧૫ લાખ ૫ હજાર રૂપિયા લાવ્યા હતા. એ નગરનાં દશ બાર માણસો કેવી રીતે વિજયીવીર અલેકઝાંડરની પાસેથી સન્માન મેળવવાને ભાગ્યશાળી થયાં હતાં, તે સમજી શકવું કઠિન છે, એ માણસો પૈકી જો કોઇનામાં કિંચિત્ પણ મનુષ્યત્વ હોત તો અલેકઝાંડરના સન્માનનો તે તિરસ્કાર કર્યા સિવાય શાંત રહેત નહિ. સ્વાર્થી માણસો સર્વ દેશમાં તેમજ સર્વ સમયે જોવામાં આવે છે. થેબ ડ્યુડિનિસ અને હારક્યુલિસની જન્મભૂમિ હોવા છતાં એ ભૂમિમાં પણ સ્વાર્થમાં અંધ તેમજ ભીરૂ માણસો ઉત્પન્ન થયાં હતાં.

જેમણે થેબવાસીઓને અલેકઝાંડરની વિરૂદ્ધ ઉશ્કેર્યા હતા તેઓ

થેબના સર્વસ્વનો વિનાશ થયાના વર્તમાન જાણીને હવે શું કરવું તેના મ્હોટા વિચારમાં પડી ગયા. પોતાની પણ કદાચ થેબવાસીઓના જેવીજ દુર્દશા થશે તો ? આ વિચારે તેમને આકુળ–વ્યાકુળ બનાવી દીધા. અંતે તેમણે મેસિડોનિયાની વિરૂદ્ધ થવાનું યોગ્ય નહિ વિચાર્યાથી અલેકઝાંડરની તરફ દૂત મોકલવા માંડયા; તથા અલેકઝાંડરના શત્રુવર્ગને પકડી કેદ કરી લાવવાનાં જાહેરનામાં કાઢવામાં આવ્યાં. આ સમયે સઘળી ખટપટના મૂળ કારણ સ્વરૂપ થઇ પડેલા વક્તા ડિમોસ્થનિસને પોતાને સ્વાધીન કરવાનું અલેકઝાંડરે જણાવ્યું; પરંતુ એથેન્સવાસીઓની અનેક પ્રકારની વિનંતિઓ તેમજ પ્રાર્થનાઓથી તેણે ડિમોસ્થનિસને ક્ષમા કરી.

૨૧ વર્ષની ઉમરના એક બાળકના પ્રતાપથી સઘળા ગ્રીસવાસીઓ અશાંત થઇ ગયા હતા. અલેકઝાંડર પોતાના શત્રુવર્ગમાં તેમજ મિત્રવર્ગમાં અસાધારણ વીર પુરૂષ તરીકે વખણાવા લાગ્યો. અલેકઝાંડરે શત્રુમંડળને વિચાર કરવા પણ વખત નહિ આપતાં તેના ઉપર ચઢાઈ કરી તેથીજ તે વિજય મેળવી શક્યો.

અલેકઝાંડરનો હેતુ સફળ થયો. તેણે થેબને સખ્ત શિક્ષા કરી, તેથી સમસ્ત ગ્રીસ તેનો ભય રાખવા લાગ્યું. ફરીથી કોરિન્થની મહાસભાનું અધિવેશન થયું. આ સભામાં એકવીસ વર્ષની ઉમરના અલેકઝાંડરે અગ્રેસરનો અધિકાર ધારણ કરીને સમસ્ત ગ્રીસવાસીઓને ઇરાન ઉપર ચઢાઈ કરવા જવાને માટે તૈયાર કર્યા. આ મહાસભાની બેઠકમાં ગ્રીસના પ્રત્યેક રાજ્યમાંથી મુખ્ય મુખ્ય પ્રતિનિધિઓ ઉપરાંત દાર્શનિક પંડિતો, રાજનીતિજ્ઞ પુરૂષો વગેરેએ હાજર થઇને અલેકઝાંડરને માન આપ્યું હતું. સ્વાર્થને લીધે જે સમયે એ સર્વ વ્યક્તિઓ અલેકઝાંડરની કીર્તિનું મુક્તકંઠે ગાન કરતી હતી એજ સમયે ડાયોજિનિસ નામનો તત્વદર્શી મહાપુરૂષ કોરિન્થની પાસે નિવાસ કરીને

પોતાના વિચારમાં નિમગ્ન હતો. અલેકઝાંડરે એમ વિચાર્યું હતું કે, ડાયોજિનિસ પોતાની પાસે આવી પોતાને માન આપશે; પરંતુ એમ થયું નહિ, તેથી ગુણગ્રાહક અલેકઝાંડરજ તેની પાસે ગયો હતો. જે સમયે અલેકઝાંડરે ડાયોજિનિસની મુલાકાત કરી તે સમયે ડાયોજિનિસ સૂર્યનારાયણને નમન કરી પ્રાર્થના કરતો હતો. પ્રાર્થના કરી રહ્યા પછી તેણે અલેકઝાંડરની સાથે વાતચિત કરી. વાતચિત–પ્રસંગે અલેકઝાંડરે ડાયોજિનિસને જો કાંઇ ન્યૂનતા હોય તો તે દૂર કરવાની આતુરતા દર્શાવી. ડાયોજિનિસે કોઇ પણ પ્રકારની ન્યૂનતા અલેકઝાંડરને જણાવી નહિ. સાધુપુરૂષનો આ વ્યવહાર અને તેનો સંતોષ જોઇ અલેકઝાંડર અતિ પ્રસન્ન થયો. તેની પ્રસન્નતાના પરિચય માટે અમે તેનુંજ વાક્ય નિવેદન કરીશું કેઃ—**"જો હું અલેકઝાંડર ન થયો હોત તો મ્હને ડાયોજિનિસ થવાની ઇચ્છા રહેત." નિઃસ્વાર્થી મનુષ્ય આગળ વિશ્વનું ઐશ્વર્ય ઘણું તુચ્છ હોય છે.**

પરિચ્છેદ ૪ થો.

ઉદ્યોગી પુરૂષ સહેલાઇથી લક્ષ્મી પ્રાપ્ત કરી શકે છે; અને હતભાગી ભીરૂ પુરૂષો ઇશ્વર સહાયતા કરશે એવાજ વિચારથી નિશ્ચિંત બેસી રહે છે. અલેકઝાંડર એક વર્ષપૂર્વે જ્યારે પિતાના સિંહાસન ઉપર બિરાજ્યો ત્યારે માત્ર સાઠ ટૅલેન્ટમુદ્રા અને કેટલાંક સુવર્ણપાત્રો તેને ખજાનામાંથી મળી આવ્યાં હતાં; પરંતુ આ સાથે તેને શિરે પિતાના સમયનું પાંચસો ટૅલેન્ટનું દેવું પણ આવી પડયું હતું. આવા પ્રસંગે જો અલેકઝાંડરની જગ્યાએ બીજો કોઇ પુરૂષ હોય તો તે દેવાની ચિંતાથી અને શત્રુઓના આક્રમણથી લાચાર બની જાય, પરંતુ **વીર પુરૂષ ગમે એટલું** સંકટ આવી પડે તે છતાં તેને દૂર કરવાનો યત્ન કર્યા

સિવાય રહેતો નથી. અલેકઝાંડર પણ વીર પુરૂષ હતો, વળી તેણે પોતાના દેશવાસીઓને પણ વીર બનાવ્યા હતા. અલેકઝાંડરના શિક્ષણથી તેના દેશવાસીઓ સંકટ–સમયે ભયથી ધ્રૂજી નહિ ઉઠતાં સ્વદેશની કીર્તિને તેજસ્વી કરવાને તૈયાર થઇ ગયા હતા. અલેકઝાંડર પોતે વીરપુરૂષ હોવાથીજ તે પોતાના દેશવાસીઓને વીર પુરૂષો બનાવી શક્યો હતો. ઘણી વખત માણસ પશુપ્રકૃતિનું અનુસરણ કરે છે. ભયનું કારણ સામાન્ય હોય તથા પોતાનામાં એ કારણને નિર્મૂળ કરવાની શક્તિ હોય છે, તો પણ તેને નિર્મૂળ કરવા જતાં તેના હાથ પગ કંપી ઉઠે છે. વકતૃતા તથા લેખન–શક્તિથી ત્રિભુવન કંપાવવાને સમર્થ થઇ શકે એવા મનુષ્યો પણ પોતાનો મૂંજારો દૂર કરતી વખતે વિહ્વળ બની જાય છે. ગ્રીસની સ્થિતિ પણ આ સમયે બરાબર આવીજ થઇ ગઇ હતી. જે ગ્રીસ સર્વ રાજ્યોમાં અગ્રેસર ગણાતું હતું, જે એથેન્સે સર્વ પ્રકારની ઉત્તમતા પ્રાપ્ત કરી હતી, તેજ સર્વ ગ્રીસવાસીઓ થેબનગરનો નાશ થઇ ગયા પછી નિર્બળ બની ગયા, તથા પોતાની નિર્બળતા દૂર કરવાને તેઓ સમર્થ થઈ શક્યા નહિ. સર્વ ગ્રીસવાસીઓ એકવીસ વર્ષની ઉમરના વીરબાળકની આજ્ઞા પ્રમાણે ઉઠવા તેમજ બેસવા લાગ્યા. બુદ્ધિશાળી અલેકઝાંડરે એથેન્સવાસીઓની સત્તા ઉપર પોતાનો હાથ નહિ નાખતાં, તેમજ ડિમોસ્થનિસને કોઇ પણ પ્રકારની શિક્ષા નહિ કરતાં, તેમનાં સર્વેનાં મનને સંતુષ્ટ કરવાનો યત્ન આરંભ્યો; પરંતુ એથેન્સવાસીઓ અંદરથી ઇરાનના અધિપતિ ડરાયસને મળી જઇ મેસિડોનિયાનો નાશ કરવાનો યત્ન થોડે ઘણે અંશે ચલાવી રહ્યા હતા.

કોરિન્થની સભામાંથી અલેકઝાંડરે પોતાની રાજધાનીમાં આવી એશિયા તરફ ઉપડી જવાની તૈયારી કરવા માંડી. ઇ. સ. ૩૩૪ પૂર્વે ગ્રીષ્મકાળની શરૂઆતમાં અલેકઝાંડરનો ઉદ્યોગપર્વ સમાપ્ત થયો. આ

અદ્‌ભુત વીરબાળકની એ સમયની સ્થિતિસંબંધી વિચાર કરીએ તો શરીરે રોમાંચ થયાસિવાય રહે નહિ. તેની આકાશના જેવી ઉચ્ચ આશાનો વિચાર કરવા જઇએ તો આપણે સ્વપ્નરાજ્યમાં ભ્રમણ કરીએ છીએ એમ લાગ્યાસિવાય રહે નહિ. આપણે નિરૂદ્યોગી બ્હીકણ છીએ તેથીજ આપણને એવી ભ્રમમૂલક કલ્પના આવવાનો સંભવ છે. વાસ્તવિક રીતે એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી. પરમકૃપાળુ પરમાત્માએ આપણને સર્વેને સકળ પ્રકારના સદ્‌ગુણોથી વિભૂષિત કર્યા છે; પરંતુ આપણે એ સદ્‌ગુણોનો સદ્‌વ્યવહાર કરી શકતા નથી, તેથી તેનું સર્વશ્રેષ્ઠ ફળ ભોગવી શકયા નથી.

અલેકઝાંડરે એન્ટિપિટરને મેસિડોનિયા તેમજ ગ્રીસનો કારભારી બનાવ્યો. અલેકઝાંડરે જે કાર્ય કરવાને માટે દઢ નિશ્ચય કર્યો એ કાર્યમાં સફળતા મેળવવાનાં સાધનોનો તેને ઘણો અભાવ હતો. દ્રવ્યબળ સંબંધી એમ કહેવાય છે કે, માત્ર એક મહિના સુધીજ સૈન્યનું ખર્ચ ચલાવી શકાય એટલુંજ દ્રવ્ય તેની પાસે હતું. બીજા એક ઐતિહાસિકનું કહેવું એવું છે કે, બસો ટેલેન્ટનું દેવું કરીને અલેકઝાંડર આ અદ્‌ભુત કાર્યમાં સફળતા મેળવવા જવાને તૈયાર થયો હતો. અલેકઝાંડર માત્ર બે માસ સુધીનુંજ ખર્ચ ચલાવી શકાય એટલું દ્રવ્ય લઇને ઘણે દૂર—વિદેશમાં એક પ્રબળ નરપતિની વિરૂદ્ધ યુદ્ધ કરવાને ચાલી નીકળ્યો. અલેકઝાંડર પાસે સૈન્યબળ પણ જોઇએ એટલું નહોતું. કોઇનું એમ કહેવું છે કે, ત્રીસ હજાર પાયદળ અને ચાર હજાર પાંચસો ઘોડેસ્વાર તેના સૈન્યમાં હતા, તો કોઇનું એમ કહેવું છે કે, ચોત્રીસ હજાર પાયદળ અને પાંચ હજાર ઘોડેસ્વાર હતા. આ પ્રમાણે દ્રવ્યબળ અને સૈન્યબળમાં અલેકઝાંડર નિર્બળ હતો પણ તેનું હૃદયબળ ઘણું વધારે હતું. ઇરાનનો રાજા દ્રવ્યબળ તેમજ સૈન્યબળથી બળવાન હોવા છતાં તે પોતાના હૃદયની દુર્બળતાને

લીધે અલેકઝાંડર સાથેના યુદ્ધમાં પરાજય પામ્યો હતો. જો તેમ ના હોત તો એક દિવસે તે મુઠીસમાન યૂરોપને એક ફુંકમાં ધૂળની માફક ઉડાવી દેત. **હૃદયનું બળ ન હોય તો મનુષ્ય પશુના કરતાં પણ અધમ સ્થિતિને પામે છે.**

અલેકઝાંડર જ્યારે રાજધાનીમાંથી સૈન્ય સાથે નીકળી પડયો ત્યારે તેણે પોતાના કેટલાક સહચરો પૈકી કોઇને આ ગામનું તો કોઇને બીજા ગામનું રાજત્વ સ્વાધીન કર્યું હતું. આવી રીતે અલેકઝાંડરે પોતાનું સમસ્ત રાજ્ય બીજાઓને સોંપી દીધું ત્યારે તેને એક સરદારે એવો પ્રશ્ન કર્યો કેઃ—" આપે સઘળું રાજ્ય તો બીજાઓને સોંપી દીધું; પરંતુ આપને માટે શું રાખ્યું ? "

પ્રત્યુત્તરમાં અલેકઝાંડરે કહ્યું કેઃ- " આશા. "

અલેકઝાંડરનો આ ઉત્તર સાંભળી એ વૃદ્ધ સરદાર શરમાઇ ગયો; તેના હૃદયમાં એક પ્રકારની અદ્ભુત શક્તિ પ્રવાહિત થઇ. ત્યાર પછી કાંઇક સચેત થતાં તેણે કહ્યું:—" હું આપની યુદ્ધયાત્રાના સુખ દુઃખનો ભાગીદાર થવાની ઇચ્છા રાખું છું, તો તમે મને તમારા સુખ દુઃખની સાથે તમારી આશાનો ભાગીદાર કરો. "

અલેકઝાંડર આશાદેવીનો એકનિષ્ઠ ભક્ત હતો. એકનિષ્ઠ ભક્ત થયા સિવાય સફળતા મળવાનો અસંભવ છે. અલેકઝાંડરને વિદેશમાં ઘણી હરકતો ઉઠાવવી પડી હતી તો પણ તેની એકનિષ્ઠ ભક્તિથી તે સર્વત્ર વિજયી થયો હતો. કોઇ પણ સ્થળે તેને ખોરાકીને માટે વિશેષ દુઃખ ભોગવવું પડયું નહોતું, ઉલટું તેના દુસ્મનોને ખોરાક તેમજ પાણી વગેરેના અભાવથી દુઃખી થવું પડયું હતું. **યોગ્ય માણસનો સર્વત્ર જય થાય છે, અને અયોગ્ય માણસને પોતાના ઘરમાં પણ દુઃખી થવું પડે છે.** માટેજ ઇતિહાસ સર્વે મનુષ્યોને

યોગ્ય થવાનુંજ શિક્ષણ આપે છે. જેઓ આ ઉપદેશને ગ્રહણ કરવામાં વિલંબ કરે છે, તેઓ ત્વરાથી કાળનો ભોગ થઈ પડે છે, ઇરાનીઓ પણ અયોગ્ય હોવાથીજ તેઓનો નિંદનીય પરાભવ થયો હતો.

અલેકઝાંડરની આ સમયની સ્થિતિનું સૂક્ષ્મરીતે અવલોકન કરીએ તો જણાય છે કે, એ સમયના ઇરાનીઓ અલેકઝાંડરના કરતાં નૌકા-બળમાં ઘણા બળવાન હતા; પરંતુ તેમના નૌકાબળનો કાંઇ ઉપયોગ થયો નહિ. ઇરાનીઓ જળમાર્ગે મેસિડોનિયા ઉપર ચઢાઇ કરીને અલેકઝાંડરને વ્યાકુળ કરી શકત; પરંતુ એ તેમનાથી થઇ શક્યું નહિ, અને અંતે અલેકઝાંડરના બાહુબળથી તેમનું બાહુબળ અને બુદ્ધિબળ લોપ પામ્યું. સ્થળયુદ્ધમાં જો વિશેષ પ્રતિષ્ઠા મેળવી શકાય તો, શત્રુ નૌકાબળમાં વિશેષ બળવાન હોય તોપણ તે કાંઈ કરી શકતો નથી.

અલેકઝાંડર જ્યારે ઇરાન ઉપર વિજય મેળવવાને પોતાના રાજ્ય-માંથી નીકળ્યો ત્યારે તેના કેટલાક ગુરૂમંડળે તેને થોડા વખત પછી યુદ્ધ માટે જવાનું જણાવ્યું હતું. તેમનું કહેવું એમ હતું કે કદાચ દુર્દૈવે યુદ્ધમાં અલેકઝાંડરનો પ્રાણ જાય તો એ સમયે સિંહાસનના ઉત્તરાધિકારી માટે ઘણી ખટપટ થયા સિવાય રહે નહિ. કારણ કે હજુ સુધી અલેકઝાંડરને એક પણ સંતાન થયું નહોતું; પરંતુ અલે-કઝાંડરે કોઈની સલાહ સ્વીકારી નહિ. આપણા ભારતવર્ષના એક દિગ્વિજયી રાજાને સાંસારિક માયા—મમતાની વાત યાદ કરાવીને રાજ્યધાનીમાં રહેવાનો અનુરોધ કરવામાં આવ્યો ત્યારે કવિએ તેને મુખે બોલાવ્યું છે કેઃ—"ભગવાન સૂર્યનારાયણ સમસ્ત જગતની પ્રદક્ષિણા કર્યા સિવાય જે પ્રમાણે સંધ્યાદેવીની ઉપાસના કરતા નથી, તેજ પ્રમાણે અપૂર્ણ રહેલો હેતુ પૂર્ણ થયા સિવાય વીર, સાહસિક પુરૂષના હૃદયમાં કદાપિ સ્ત્રીચિંતા સ્થાન મેળવવાને સમર્થ થતી

નથી.* સર્વ દેશની મનુષ્ય-પ્રકૃત્તિ સરખીજ હોય છે. **જે હૃદયમાં શત્રુએ કરેલા અપમાનનો બદલો લેવાને પ્રબળ વાસના જાગ્રત થઈ હોય છે, યાતો સ્વદેશનું ગૌરવ વધારવાને માટે જે હૃદય વ્યાકુળ હોય છે તે હૃદયમાં સ્ત્રી-પુત્ર વગેરેની તુચ્છ ચિંતા સ્થાન પામી શકતી નથી.** એ સમયે અલેકઝાંડરના મનમાં પણ સ્ત્રી-પુત્રની ચિંતા સ્થાન મેળવી શકી નહોતી-અલેકઝાંડર સ્વરાજ્યનું રક્ષણ કરવાને માટે એન્ટિપિટરને ૧૨ હજાર પાયદળ સ્વાધીન કરીને એશિયાવિજયને માટે ચાલ્યો ગયો હતો.

એકવીસ દિવસ સુધી મુસાફરી કર્યા પછી અલેકઝાંડર હેલિસપન્ટ અગર તો ડારડેનેલિસની તટભૂમિમાં આવી પહોંચ્યો. એ ભૂમિની લંબાઇ ૪૦ માઇલ અને વિસ્તાર ૩/૪ માઇલથી ૪ ૧/૨ માઇલનો હશે. જે સ્થળે પૂલ બાંધીને ઇરાનના રાજા જરકસીસે યૂરોપ ઉપર આક્રમણ કર્યું હતું, તેજ સ્થાનેથી અલેકઝાંડરે એશિયામાં પ્રવેશ કર્યો. ચૌદમા સૈકામાં એશિયાવાસીઓ આ સ્થળની આગળ વધી જઇને કેટલાક પક્ષો બાંધીને યૂરોપિયનોનો પરાજય કરી, તેમનો પ્રદેશ પોતાની સત્તામાં મેળવતા હતા. ગયા સૈકાના પ્રથમ ભાગમાં ઇંગ્રેજ કવિ બાયરન આને તરી ઉતરીને પાર પહોંચ્યો હતો. આથી કરીને આ સ્થાન પૃથ્વીના સાહિત્યમાં વિવિધ કારણોને લીધે સ્મરણીય થઇ પડયું છે.

અલેકઝાંડર ડારડેનેલિસ આગળ યૂરોપના અધિષ્ઠાતૃ દેવતાની પૂજા કરીને સૈન્યસહ આગળ વધ્યો. સમુદ્ર પાર ઉતરવાને માટે ૧૬૦ યુદ્ધનાં વહાણો સિવાય બીજાં કેટલાંક વ્યાપારી વહાણો પણ હાજર

---

* असमाप्तजिगीषस्य स्त्रीचिन्ता का मनस्विनः ।
अनाक्रम्य जगत् कृत्स्नं नो सन्ध्यां भजते रविः ॥ १४४ ॥
राजतरंगिणी चतुर्थस्तरंगः

થયાં હતાં. એથેન્સવાસીઓએ આ સર્વ વહાણો પૈકી વીસ યુદ્ધનાં વહાણો મોકલીને અલેકઝાંડરનો સ્નેહ સંપાદન કર્યો હતો. અલેકઝાંડરે પારમિનિઓને સૈન્યની વ્યવસ્થા રાખવાનું કામ સોંપી, ટ્રાય ક્ષેત્રમાં પ્રાચીન યોદ્ધાઓની સમાધિનું દર્શન કરી આવવાનો તથા તેમની પૂજા કરી આવવાનો નિશ્ચય કર્યો. અલેકઝાંડર એશિયાની ભૂમિ આગળ નૌકામાંથી ઉતરી પડયો; અને તેણે એચિલિસની સમાધિનું દર્શન કરી, તેના ઉપર પુષ્પો ચઢાવ્યાં. જે મંદિરમાં ટ્રાયના યોદ્ધાઓનાં અસ્ત્ર-શસ્ત્ર સાચવી રાખવામાં આવ્યાં હતાં એ મંદિરમાં અલેકઝાંડર પણ પોતાનાં એક બે ઉત્તમ અસ્ત્ર-શસ્ત્રો મૂકી આવ્યો, તથા ત્યાંથી તેણે એક બે પ્રાચીન અસ્ત્ર-શસ્ત્રો લીધાં પણ ખરાં. આ સર્વ અસ્ત્ર-શસ્ત્ર માત્ર એકજ વ્યક્તિ ગ્રહણ કરીને એ વ્યક્તિ સકળ સૈન્યની સરદાર થઈ યુદ્ધક્ષેત્રમાં સર્વથી આગળ ઝઝુમતી હતી. અલેકઝાંડરે પણ એવોજ નિશ્ચય કરેલો હોવાથી તે પોતાનો હેતુ સફળ કરીને અવસ્ય વિજય મેળવશે એવો સર્વેનો વિશ્વાસ થઈ ગયો હતો. જે સમયે અલેકઝાંડર યોદ્ધાઓની કીર્તિ-સમાધિનું દર્શન કરી તેમની કીર્તિ-કથાનું સ્મરણ કર્યા કરતો હતો, તથા તેમની માફક વીરત્વ દર્શાવવાને અધીરો થતો જતો હતો, તે સમયે ઇરાની સૈન્યના યુદ્ધ માટે થયેલા આગમનની વાત તેના જાણવામાં આવી; આથી કરીને તે એક ક્ષણનો પણ વિલંબ કર્યાસિવાય તેના સૈન્યને જઇ મળ્યો. સૈન્યમાં જઇ મળતાંજ તેને માલૂમ પડયું કે, ગ્રૅનિકસ નામની એક ન્હાની નદીની બીજી બાજુએ ઇરાની સૈન્ય સજ્જિત થઇ રહ્યું હતું.

ઇરાનીઓને અલેકઝાંડરના એશિયામાં થયેલા આગમનની પ્રથમ બિલકુલ ખબર પડી નહોતી. નહિતો તેઓ તેને સમુદ્ર-પાર ઉતરતોજ અટકાવવાનો યત્ન કરત; પરંતુ એવું કાંઇ તેમનાથી થઇ શકયું નહિ. પછી ઇરાનીઓમાં મતભેદ પડયા. એક પક્ષ એમ કહેવા લાગ્યો

કે, શત્રુ જે માર્ગથી આવી શકે તેમ છે એ માર્ગમાં આવેલાં સર્વ ગામડાંઓ તેમજ શહેરો વગેરે બાળી નાખવાં, સર્વ કૂવાઓ તથા જળાશયોને વિષમય કરી નાખવાં, જેને પરિણામે યુદ્ધ કર્યા વિનાજ તેઓ ખોરાક તેમજ પાણીના દુઃખથી મરણતોલ સ્થિતિને અધીન થઈ જશે. બીજો પક્ષ એમ કહેવા લાગ્યો કે, આપણે દેશના રક્ષક છીએ. આપણેજ જ્યારે આપણા કર્તવ્યને ભૂલી જઇ દેશના ભક્ષક બનીશું તો પછી પ્રજાનું રક્ષણ કોણ કરશે? પ્રજાના જાનમાલને સહજ પણ નુકશાન નહિ કરતાં જો આપણે યુદ્ધ કરીશું, તો તેઓ અવશ્ય સંતુષ્ટ રહેશે. અંતે બીજા પક્ષનું કહેવું કબૂલ થયું. ઇરાની સૈન્યની સંખ્યા કાંઇ થોડી નહોતી. એક જણનું એમ કહેવું છે કે, ઇરાની સૈન્યમાં વીસ હજાર પાયદળ, અને બીજા એટલાજ ઘોડેસ્વારો હતા. ડયુડોર્સ સિકુલસ નામના એક ઐતિહાસિકનું એમ કહેવું છે કે, ગ્રૅનિકસ સરિતાની બીજી બાજુએ દશહજાર ઘોડેસ્વારો અને એક લાખ પાયદળ ઇરાનીઓના સૈન્ય તરીકે યુદ્ધમાં ઉતરવાને તૈયાર થઇ રહ્યું હતું, વળી બીજો એક સત્યપ્રિય ઐતિહાસિક જસ્ટિન જણાવે છે કે, એકંદરે છ લાખની સંખ્યામાં એકત્ર થયેલું ઇરાની સૈન્ય અલેકઝાંડરની ગતિ અટકાવવાને માટે ગ્રૅનિકસ સરિતાની તટભૂમિ ઉપર તૈયાર થઇ રહ્યું હતું. એ સર્વ ઐતિહાસિક મહાશયોની માન્યતા એવી છે કે, એશિયાવાસીઓનું સૈન્ય જાણે પશુઓના દળ જેવું છે. એશિયાવાસીઓની સંખ્યા ગમે એટલી વધારે હોય તો પણ તેઓ તેમનો ધ્વંસ કરવાને કોઈ પણ પ્રકારે પાછી પ્હાની કરતા નથી. આથી કરીને તેમણે યુદ્ધપ્રસંગે એશિયાવાસીઓના સૈન્યની સંખ્યા, વિશેષ કલ્પનાબળનો ઉપયોગ કરીને (કે પછી ગપાષ્ટકનો આશ્રય લઇને?) ઘણી વધારે વર્ણવી છે, તથા પોતાના ભુજબળ અને કલ્પનાબળનો પરિચય કરાવ્યો છે.

અલેકઝાંડરે જાણ્યું કે ઇશ્વિરી બળથી બળવાન થઇને તેજ દિવસે શત્રુસૈન્ય ઉપર હુમલો કરવાની તૈયારી કરી. અલેકઝાંડરના બીજા સરદારોએ તથા તેના વિશ્વાસપાત્ર દૂરદર્શી પારમિનિઓએ આટલી બધી ત્વરાથી શત્રુ ઉપર હુમલો નહિ કરતાં થોડા કાળ સુધી નદીના કિનારા ઉપરજ હુમલો કરવાની સઘળી તૈયારી સુવ્યવસ્થિત રીતે કરવાની સલાહ આપી. તેમણે કહ્યું કે:–" ઇરાનીઓના પાયદળની સંખ્યા થોડી છે, તેથી તેઓ આપણી છેક પાસે આવવાની હીંમત કરી શકશે નહિ. વળી ઇરાની ઘોડેસ્વારો સરિતાના ઉચ્ચ તટ ઉપરથી આપણી ઉપર હુમલો કરશે તો આપણને ઘણા દુઃખી થવું પડશે. વળી જો પહેલાજ હુમલામાં આપણે નિષ્ફળ થઈશું તો પછી, ભવિષ્યની સઘળી વ્યવસ્થા આપણે ફેરવી નાખવી પડશે."

ફિલિપના સમયના બુદ્ધિશાળી સરદારનો ઉપદેશ, અલેકઝાંડરને યોગ્ય જણાયો નહિ. તેણે કહ્યું કે:–" હું આપનું કહેવું સમજી ગયો છું; પરંતુ જે માણસ સમુદ્ર પાર ઉતરીને અહિં સુધી આવી ચડયો છે, તે માણસને એક નદી થોડા સમય સુધીને માટે રોકી રાખવાને સમર્થ થાય તો પછી તે માણસને માટે એનાથી વિશેષ શરમભરેલું કાર્ય બીજું કયું હોઇ શકે? મેસિડોનિયાના સૈન્યની ગતિ અનિવાર્ય છે; તથા સંકટ–સાગરમાં ઝંપલાવવાની મને ઉત્કટ ઇચ્છા છે! વળી જો આપની સલાહ પ્રમાણે વર્તવામાં આવશે, તો ઇરાનીઓ આપણને તથા આપણા સૈન્યને નિર્બળ ધારશે, અને તેને પરિણામે તેઓ વિશેષ સાહસનો સંચય કરી યુદ્ધ કરશે; આ સર્વ કારણોથી આપણે વિલંબ નહિ કરતાં જેમ બને તેમ જલદીથી વિજયી થવું જોઇએ. આપણે તેમના ઉપર ત્વરાથી હુમલો કરીને તેમને આપણા સાહસના તેજમાં આંજી નાખવા જોઇએ."

અંતે અલેકઝાંડરના કહેવા પ્રમાણે યુદ્ધ કરવાનું નક્કી થયું.

ઇરાનીઓ લગભગ બસો વર્ષથી ગ્રીકોની સાથે યુદ્ધ કરીને તેમની રણ-ચતુરાઇને સારી રીતે સમજી ગયા હતા, તેથી તેઓ વીરબાળક અલેકઝાંડરથી ભય પામીને પલાયન કરી ગયા નહિ. ઇરાનીઓના સૈન્યમાં ભાડુતી ગ્રીકસૈન્ય પણ કાંઇ થોડું નહોતું. ઇરાની ઘોડેસ્વારોનું સૈન્ય સરિતાના કિનારા ઉપર શત્રુને આગળ વધતો અટકાવવા માટે મોરચો નાખીને પડયું હતું. આ સૈન્યની પાછળ પહાડની પાસે ભાડુતી ગ્રીકસૈન્ય ઓમારિસ નામના ઇરાની સરદારની સરદારી નીચે યુદ્ધને માટે તૈયાર થઇ રહ્યું હતું.

મેસિડોનિયાનું સૈન્ય આઠ વિભાગમાં વહેંચાયલું હતું. દરેક વિભાગમાં બબ્બે હજાર સૈનિકો હતા, તથા એ બબ્બે હજાર સૈનિકોની ઉપર તેમને વ્યવસ્થિત રાખવાને માટે એકેક સરદાર નિયુક્ત કરવામાં આવ્યો હતો. આ આઠ વિભાગ જરૂરી પ્રસંગે એકત્ર થઇ જતા હતા અને જરૂર ન હોય તો જૂદા ભાગમાંજ રહીને પોતાનું કર્તવ્ય બજાવતા હતા. આ બે હજારની સંખ્યાનું સૈન્ય બે રેજીમેન્ટમાં વિભક્ત થતું હતું. પ્રત્યેક રેજીમેન્ટ ફરીથી પાંચસોની સંખ્યામાં બે ભાગમાં વિભક્ત થતી હતી, અને એ ભાગનું આધિપત્ય બે સરદારોને આપવામાં આવતું હતું. એ બે ભાગના પાછા આઠ ન્હાના ભાગ થઇ જતા હતા, અને એ આઠ ભાગ ઉપર આઠ નાયકો નિયુક્ત થતા હતા. સમસ્ત સૈન્ય યુદ્ધપ્રસંગે પુનઃ બે ભાગમાં વહેંચાઇ જતું હતું. અલેકઝાંડર ઘણોખરો સમય જમણા ભાગના સૈનિકોને સંભાળતો હતો. યુદ્ધક્ષેત્ર પ્રમાણે આ સર્વ બ્રિગેડને કોઇ કોઇ સમયે જમણી બાજુએ તો કોઇ કોઇ સમયે ડાબી બાજુએ રાખવામાં આવતી હતી. બુદ્ધિશાળી સરદાર પારમિનિઓ ડાબી બાજુના સૈન્યનો અને અલેક-ઝાંડર પોતે જમણી બાજુ તરફના સૈન્યનો સેનાપતિ થયો હતો.

અલેકઝાંડરના સૈનિકો વિશેષ વખત નહિ ગુમાવતાં જલદીથી

નદીમાં ઉતર્યા. ચારે દિશાએ રણવાદ્યો વાગી ઉઠયાં. યુદ્ધદેવતાનાં નામ-કીર્ત્તનથી તુમુલ કોલાહલ થઇ રહ્યો. ભીરૂ પુરૂષોમાં પણ જાણે કે ક્ષણિક વીરત્વ આવી ચઢીને તેમની ભીતિને ક્ષણને માટે દૂર કરી દીધી હોય એમ ભાસતું હતું. જેવો અલેકઝાંડર સૈન્યસહ સરિતામાં ઉતર્યો કે, ઇરાની સૈન્યે તેના સૈન્ય ઉપર પત્થરો, વગેરે ફેંકવા માંડયું. અલેકઝાંડરના સૈનિકોએ મજબૂત ઢાલથી પોતાનું રક્ષણ કરીને ૨૪ ફિટ લાંબા ભાલાઓથી ઇરાનીઓ ઉપર હુમલો કર્યો. અલેકઝાંડરે ભીષણ પરાક્રમ દર્શાવી સર્વથી પ્રથમ પોતાના ઘોડાને નદીની બીજી બાજુએ કૂદાવી શત્રુપક્ષની ઉપર હુમલો કર્યો. પોતાના સેનાપતિનું આવું અદ્ભુત સાહસ તથા વીરત્વ જોઇને મેસિડોનિયન સૈન્ય પણ વિશેષ ઉત્તેજિત બની ગયું, અને તેણે પણ પોતાના સેનાપતિની માફક નદીની પાર ઉતરી જઇ શત્રુપક્ષ સામા મરણિયા થઇને યુદ્ધ કરવા માંડયું. આ ભયંકર યુદ્ધમાં શત્રુઓના પ્રહારથી અલેકઝાંડરનાં અસ્ત્ર–શસ્ત્ર છિન્ન ભિન્ન થઇ ગયાં. અલેકઝાંડર જ્યારે શત્રુઓ સાથે મરણિયો થઇને યુદ્ધ કરતો હતો ત્યારે એક ઇરાની સૈનિક, તેની ગરદન ઉપર પોતાની સમશેર ચલાવવાનો નિશ્ચય કરીને તેની પાછળ જઇ ચઢયો. આ સમયે અલેકઝાંડરના ક્લિટસ નામના એક સહચરે એ ઇરાની સૈનિકનો નિશ્ચય જાણી જઇ, વિનાવિલંબે પોતાની સમશેરથી તેને ભૂમિભેગો કરી નાખ્યો, અને આવી રીતે ક્લિટસે અલેકઝાંડરનો જીવ ખરા અણીના સમયે બચાવ્યો.

મેસિડોનિયાના સૈન્યની શૂરતા, ધીરતા તેમજ ક્લેશ–સહિષ્ણુતાના પ્રભાવે ઇરાની સૈન્યને નદીનો પહાડી માર્ગ છોડી પાછા હઠવું પડયું, તથા ધીમે ધીમે તેઓ સપાટભૂમિ ઉપર જઈ ચઢયા. ઇરાની સૈન્ય કોઈ પણ પ્રકારે અલેકઝાંડરના સૈન્ય સામે સ્પર્ધામાં ઉતરી શકયું નહિ. સતત મારાથી ઇરાની સૈન્ય ઘણું વ્યાકુળ બની ગયું, તથા

ધીમે ધીમે દુર્બળ થઇ જવા લાગ્યું. સૈનિકોનો ઉત્સાહ નિસ્તેજ થઇ જવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે, ઇરાની સૈનિકો લાગ જોઇ જોઇને પલાયન કરી જવા લાગ્યા. હવે ઇરિાનીઓમાં જે બાકુતી ગ્રીક-સૈન્ય હતું તેના ઉપર અલેકઝાંડરે હુમલો કર્યો. આકાશમાં મેઘ જે પ્રમાણે થોડા સમયમાંજ વિચિત્ર દેખાવો દર્શાવીને વિલીન થઇ જાય છે, તે પ્રમાણે થોડા સમયમાંજ ઇરાની સૈન્યની વિભિન્ન સ્થિતિથી ઇરાની ગ્રીક સૈન્ય હતબુદ્ધિ થઇ ગયું. તેઓનું સાહસ અને શક્તિ, ઉભય હવામાં ઉડી ગયાં. આ સઘળા સ્વદેશદ્રોહી ગ્રીકોની અલેક-ઝાંડરે ઘણી દુર્દશા કરી હતી, અર્થાત્ અલેકઝાંડરે તેમના પાપનું પ્રાયશ્ચિત્ત ઉત્તમ પ્રકારે કરાવ્યું હતું. જેઓ મરી ગયેલા સૈનિકોની સાથે મરણતોલ સ્થિતિમાં પડી રહ્યા હતા તેઓજ માત્ર બચી જવા પામ્યા હતા. આવા સઘળા સ્વદેશદ્રોહીઓ જો કે જીવતા રહ્યા એ ખરૂં; પરંતુ અલેકઝાંડરે તેમને કેદ પકડીને મેસિડોનિયા મોકલી દીધા હતા. જે નરાધમ દેશવાસીઓ પોતાના દેશની વિરૂદ્ધ અસ્ત્ર–શસ્ત્ર ઉઠાવે છે, તેમની કેવી દુર્દશા થાય છે તેનું આ જ્વલંત ઉદાહરણ છે. આ ઉદાહરણ જોઇને બીજા ગ્રીસવાસીઓ દેશદ્રોહ ન કરે એ હેતુથી અલેકઝાંડરે એ સર્વ કેદીઓને લોઢાની સાંકળોથી બાંધીને મેસિડો-નિયામાં કેદમાં રાખ્યા હતા. જે પોતાના સ્વદેશના ગૌરવની વૃદ્ધિ કરવાને માટે અસ્ત્ર–શસ્ત્ર ધારણ કરે, એ મહાત્મા પુરૂષની વિરૂદ્ધ જે કોઈ સ્વદેશવાસી કપટજાળ રચે તેને નિર્દય સજા થવીજ જોઇએ. એ પ્રકાર રાજ્યનીતિ પ્રમાણે દૂષિત નથી.

યુદ્ધના આરંભમાં વિજયદેવી ઇરાનીઓની પક્ષપાતિની થઇ હતી; પરંતુ અલેકઝાંડરની એકનિષ્ઠ ઉપાસનાથી પ્રસન્ન થઇને છેવટે તેણે તેનેજ આલિંગન કર્યું હતું.

અલેકઝાંડરના સાહસથી તેમજ વીરત્વથી ઉત્તેજિત થઇને તેના

સૈનિકોએ જીવનની આશાનો ત્યાગ કરી જે પ્રમાણે સતત યુદ્ધ કર્યું હતું, તેજ પ્રમાણે જો ઇરાની સૈન્યે પણ દૃઢતાથી યુદ્ધ કર્યું હોત તો મેસિડોનિયનો સરિતાની પાર ઉતરી શકત નહિ; પરંતુ સાહસ, દૃઢતા અને વીરત્વના અભાવે ઇરાની સૈન્યનો પરાજય થયો અને મેસિડોનિયાના સૈન્યનો વિજય થયો.

સત્યપ્રિય યૂરોપિયન ઐતિહાસિકોનું કહેવું એવું છે કે, આ ભયંકર રણસંગ્રામમાં અલેકઝાંડરના ૨૫ સહચર, ૬૦ ઘોડેસ્વાર તેમજ ૩૦ પાયદળ પરલોક પામ્યા હતા. બીજા પક્ષમાં પ્લુટાર્ક એમ જણાવે છે કે, ઇરાની સૈન્યમાં ૨૦ હજાર પાયદળ તથા ૧૮ હજાર ઘોડેસ્વાર માર્યા ગયા હતા. ડયુડોર્સ જણાવે છે કે, ૧૦ હજાર પાયદળ અને ૨ હજાર ઘોડેસ્વાર માર્યા ગયા હતા. એબિયાનના અભિપ્રાય પ્રમાણે ૨ હજાર સિવાયનું સઘળું પાયદળ તથા એક હજાર ઘોડેસ્વાર માર્યા ગયા હતા. યૂરોપીય ઐતિહાસિકોના અભિપ્રાયો આશ્ચર્યયુક્ત હોવા છતાં એટલું તો માલૂમ પડી આવે છે કે, એશિયાવાસીઓ યોગ્ય નેતાના અભાવે પરાજિત થયા હતા. વળી મૃત્યુના ભયથી તેઓ બ્હી ગયા નહોતા, યા તો પલાયન કરી ગયા નહોતા. કારણ કે જો તેમ બન્યું હોય તો સત્યપ્રિય યૂરોપીય ઐતિહાસિકોએ તેમની મરણ–સંખ્યાનું જે વિશેષ પ્રમાણ બતાવ્યું છે, તે ઘણું થોડું હોવું જોઇએ.

યુદ્ધમાં વિજય મળતાંની સાથેજ અલેકઝાંડરનું ભાગ્ય ફરી ગયું. તેને કીંમતી જરજવાહિર મળી આવવાથી દ્રવ્યબળની ઘણી સારી મદદ મળી. અત્યાર પહેલાં જેઓ તેને રોકવાને માટે અસ્ત્ર–શસ્ત્રોથી સજ્જિત થઇ રહ્યા હતા તેઓ હવે તેને દ્રવ્યબળ તથા સૈન્યબળની સહાયતા કરવા લાગ્યા. આવી રીતે થોડા સમયમાંજ અલેકઝાંડરે જે પ્રદેશ ઉપર વિજય મેળવ્યો તે પ્રદેશનો કારભાર તેણે સુવ્યવસ્થિત કરી પ્રથમ પ્રમાણેની રાજનીતિનું અનુસરણ કર્યું. માત્ર રાજ્ય ફેર-

ર્યું, પરંતુ આ ફેરફારથી પ્રજાજનોને કાંઇ નુકસાન થયું નહિ. અલેકઝાંડરને પણ કોઇ પણ પ્રકારનો અભાવ રહ્યો નહિ. વિજયલાભથી વિશેષ આનંદ પામીને તે પોતાના બીજા સઘળા હેતુઓને સફળ કરવાને માટે અગ્રેસર થયો.

અલેકઝાંડરે ઇરાનીઓ ઉપર વિજય મેળવ્યો, અને તેને પરિણામે તેના આનંદની સીમા રહી નહિ, તોપણ તે પોતાના દેશની વાતને ભૂલી ગયો નહિ. તે જાણતો હતો કે, **બહારના પ્રબળ શત્રુ કરતાં ઘરનો દુર્બળ શત્રુ ઘણો ભયંકર થઈ પડે છે.** એ દુર્બળ શત્રુ પોતાને સુયોગ મળતાં જેવો મર્મઘાતક આઘાત કરી શકે છે એવો આઘાત બહારનો પ્રચંડ શત્રુ પણ કરી શકતો નથી. ગ્રીસના જૂદા જૂદા પ્રદેશમાં નિવાસ કરતા પ્રજાજનોના મનમાં દ્વેષબુદ્ધિ ઉપસ્થિત ન થાય એ હેતુથી, અલેકઝાંડરે ઇરાનીઓનો પરાજય કરીને જે અઢળક સંપત્તિ મેળવી હતી તે સઘળી તેણે એથેન્સ મોકલી આપી, તથા તે સાથે તેણે ગ્રીસમાં એમ જાહેર કરાવ્યું કેઃ— "એશિયામાં નિવાસ કરતા અસભ્ય જંગલી પુરૂષો પાસેથી જે કાંઇ દ્રવ્ય મેળવવામાં આવ્યું છે, તે સઘળું સ્પાર્ટા સિવાયના સમસ્ત ગ્રીસવાસીઓના હિતાર્થે, ફિલિપનો પુત્ર અલેકઝાંડર તેમને અર્પણ કરે છે."

અલેકઝાંડરે આવી હકીકત જાહેર કરાવી તેનું કારણ એ છે કે એને પરિણામે પોતે જે કાંઇ કરે છે, તે માત્ર પોતાના સ્વદેશને માટેજ કરે છે, ગ્રીસવાસીઓને માટેજ કરે છે, એવી સઘળા ગ્રીસવાસીઓની ખાત્રી થાય. જે ફિલિપની એથેન્સવાસીઓ ઉપેક્ષા કરતા હતા, તેજ ફિલિપના પુત્ર અલેકઝાંડરને હાથે જ્યારે એશિયાનાં ધનરત્ન લુટાયાં ત્યારે પછી એથેન્સ વગેરેના રહેવાસીઓદ્વારા કયું કાર્ય સાધ્ય ન થઇ શકે? અલેકઝાંડર એથેન્સવાસીઓને સંતુષ્ટ કરવાને માટે ઘણા યત્ન કરતો હતો તો પણ એથેન્સવાસીઓ હૃદયમાં તો

ઇરાનાધિપતિનો વિજય થાય એવુંજ ઇચ્છતા હતા. તેમણે અલેકઝાંડરને સહાયતા કરવાને માટે વહાણો મોકલ્યાં હતાં, છતાં સુયોગ પ્રાપ્ત થયો હોત તો તેઓ ઇરાનાધિપતિને મળી જવાની ઇચ્છા રાખતા હતા.

અલેકઝાંડરે લુંટમાં મેળવેલું દ્રવ્ય સ્વદેશમાં મોકલી આપ્યું, એટલુંજ નહિ, પણ પોતાના જે સૈનિકો યુદ્ધમાં માર્યા ગયા હતા, તે સર્વની ધાતુમયી મૂર્ત્તિઓ તૈયાર કરાવીને તે મૂર્ત્તિઓની તેણે સ્વદેશનાં દેવમંદિરોમાં પ્રતિષ્ઠા કરાવી. જેમના ભુજબળને લીધે અલેકઝાંડરે અપૂર્વ વિજય મેળવ્યો હતો, તેમની ધાતુમયી મૂર્ત્તિઓ અલેકઝાંડરે પોતાના મુખ્ય શિલ્પી પાસે તૈયાર કરાવી તેમના ગુણનું યોગ્ય સન્માન કર્યું હતું, તેમની મૂર્ત્તિઓ કાળક્રમે ધૂળમાં મળી ગયેલી હોવા છતાં તેમની કીર્ત્તિ સદા સર્વદા નવીન ભાવથી, યૂરોપ અને એશિયાવાસીઓના સ્મરણમાં રહેશેજ. એ વીર નરોના અસાધારણ વીરત્વથી તથા પ્રાણત્યાગથીજ અલેકઝાંડર વિજયી નીવડયો હતો. એ ફરીથી જણાવવાની જરૂર રહેતી નથી.

પરિચ્છેદ ૫ મો.

અલેકઝાંડર ગ્રૅનિકસ સરિતાના તટ ઉપર ઇરાનીઓનો પરાજય કરીને લિડિયા તરફ આગળ વધ્યો, તથા તેણે પોતાના મુખ્ય સરદાર પારમિનિઓને પાસે આવેલા પ્રદેશને તથા દુર્ગાદિને જીતી લેવાને માટે સૈન્ય સોંપીને મોકલ્યો. તેણે વિના વિલંબે સામા પક્ષવાળાઓનો પ્રદેશ તેમજ તેમના દુર્ગાદિને જીતી લઇને સર્વત્ર અલેકઝાંડરની વિજયપતાકાનો ઝુંડો ફરકાવ્યો.

અલેકઝાંડર લિડિયાની રાજધાની સાર્ડિસ નજીક જઇ પહોંચ્યો. આને પરિણામે તેના સઘળા શત્રુજનો ભયથી ધ્રુજી ઉઠયા અને

નમ્રતાથી તેને શરણે આવ્યા. અલેકઝાંડરે તેમનો સઘળો પ્રદેશ, તેમનું દ્રવ્ય તેમજ તેમના કિલ્લાઓ પોતાને સ્વાધીન કર્યા. અલેકઝાંડરે જે જે દુર્ગાધિપતિઓ, સરદારો અને પ્રજાજનો તેને શરણે ગયા તેમને ક્ષમા કરી; તથા એ સર્વ સ્થળોએ પૂર્વ પ્રમાણે અમલ ચાલે એવી વ્યવસ્થા કરીને તે આગળ વધવા લાગ્યો.

ધીમે ધીમે તે એફિસસ આગળ આવી પહોંચ્યો; ત્યાં પણ તેને કોઇએ હરકત કરી નહિ. તેના જે દુશ્મનો હતા તે જીવ બચાવવાને નાશી છુટ્યા. જે દુશ્મનોને પોતાનું સૈન્ય દુઃખી કરતું હતું તે દુશ્મનોને પણ અલેકઝાંડરે તેમના ઉપર દયા લાવીને છોડી દીધા. તેના આવા દયાળુ વર્તનથી તેના શત્રુઓની તેના ઉપર મમતા થઇ. અલેકઝાંડરે એફિસસ–વાસીઓને સાધારણ તંત્ર પ્રમાણે અધિકાર ચલાવવાની રજા આપી.

એફિસસની આર્ટિમિસ અગર તો ડિયાના દેવી, એ સમયે વિશેષ પ્રખ્યાત હતી. જે દિવસે રાત્રે અલેકઝાંડરનો જન્મ થયો હતો તેજ દિવસે રાત્રે હિરોસ્ટ્રેસ નામના એક પુરૂષે ચિરસ્મરણીય થવાને માટે આ દેવીના મંદિરને આગ લગાડી હતી. આ ડિયાના દેવીનું મંદિર પૂર્વકાળની સાત આશ્ચર્યયુક્ત કીર્તિઓમાંની એક કીર્ત્તિ તરીકે પ્રખ્યાત હતું. ડિયાના અસતીઓમાં અગ્રગણ્ય ગણાતી હતી; છતાં તે યૂરોપીય સતીત્વની અધિષ્ઠાત્રી દેવી હતી! તેનાં પ્રણયપાત્રો અનેક હોવા છતાં તે કુમારિકા કહેવાતી હતી!! તે પુરૂષનાં વસ્ત્રો પહેરીને હાથમાં ધનુષ્ય બાણ લઇને કૂતરાને સાથે રાખીને વનમાં શિકાર કરવાને માટે રખડ્યા કરતી હતી. દેવીના મંદિરની દુર્દશા જોઇને અલેકઝાંડર એ મંદિરને ફરીથી બંધાવવાનું ખર્ચ આપવા માટે કબૂલ થયો હતો; પરંતુ એફિસસના રહેવાસીઓએ "દેવતા કદાપિ દેવતાના મંદિરમાં પ્રતિષ્ઠા કરતા નથી." અર્થાત "એક દેવે બીજા દેવનું મંદિર બાંધવું

શોભતું નથી." કહીને અલેકઝાંડરના મનને સંતુષ્ટ કર્યું હતું. અલેકઝાંડરે એ દેવીના મંદિર ઉપર પોતાનું નામ કોતરાવવાનો નિશ્ચય કર્યો હતો; પરંતુ તેણે પોતાના સંકલ્પનો ત્યાગ કર્યો અને પ્રસિદ્ધ શિલ્પી ડિઓક્રેટસની વ્યવસ્થા નીચે અહિંનું મંદિર નિર્માણ કરાવી, તેની ગણના એક અદ્દ્ભુત પદાર્થ તરીકે કરાવી. આ સમય સુધી અલેકઝાંડરના ચારિત્રનું અવલોકન કરીએ તો માલૂમ પડી આવે છે કે, અદ્યાપિ તેનામાં કાંઈ મુખ્ય દુર્ગુણો આશ્રય મેળવી શક્યા નહોતા. તેની દુર્બળતા માત્ર એટલીજ હતી કે, તેને દેવતા અગર તો દેવપુત્ર કહેવામાં આવતાં તે ફુલાઇ જતો હતો અને તેનું માથું ફરી જતું હતું. તેણે એરિસ્ટૉટલ જેવા મહાવિદ્વાન દાર્શનિક પંડિત પાસે શિક્ષણ મેળવ્યું હતું, તોપણ તે આ દોષમાંથી મુક્ત થઇ શક્યો નહોતો. આમ છતાં દુષ્ટોના અત્યાચારથી નગરની રક્ષા કરવાથી, તથા 'સારેમાહ'ની એન 'આર્ટિમાસ'ની પૂજા વગેરે કાર્યોથી તે સર્વ સાધારણનો શ્રદ્ધાપાત્ર થયો હતો.

અલેકઝાંડર એફિસસમાં વખત નહિ ગુમાવતાં મેલિટસ તરફ ચાલી નીકળ્યો. અલેકઝાંડરના આગમનની વાત જાણવામાં આવતાંજ મેલિટસના ઇરાની રાજકર્મચારીઓનાં હૃદય કંપી ઉઠયાં. તેઓ પોતાનાં નેત્રો આગળજ શત્રુઓની પ્રતિમૂર્ત્તિ જોઇ શકવા લાગ્યા! અને એ મૂર્ત્તિ જોઇ ધ્રુજવા લાગ્યા; પરંતુ ડરાયસ તરફથી તેમને મદદ મળવાની આશા હતી. આ આશાને લીધે તેઓ શહેરના કિલ્લાના દરવાજા બંધ કરીને શાંતિથી શહેરમાં બેસી રહ્યા. શહેરમાં ખાદ્યસામગ્રી પુષ્કળ હોવાથી કોઇને ખોરાકની અડચણ પડે તેમ નહોતું. આ સમયે મેલિટસના રાજકર્મચારીઓને ખબર મળી કે પોતાની સહાયતા માટે ચારસો ઇરાનીઓ આવે છે. આથી કરીને તેમણે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. અલેકઝાંડરના સૈન્યે નગરની આસપાસ જે

કિલ્લો હતો તેને નુકસાન પહોંચાડી નગરમાં છુપાઇ રહેલા દુશ્મનો ઉપર તુટી પડવાની તૈયારી કરી. ઇરાનીઓ નૌકાબળમાં વિશેષ શક્તિશાળી હતા. ફિનિસિયન, સાઇપ્રિયન વગેરે હોશિયાર નાવિકો તેમની નોકાઓ ચલાવતા હતા. તેમના આગમનના સમાચાર મળતાંજ ડરાયસના કારભારીઓના હૃદયમાં શક્તિ આવી પહોંચી. ઇરાની સૈન્ય આવી પહોંચવા પૂર્વેજ ગ્રીક નૌકાસૈન્યે ૧૬૦ વહાણો લઇને મેલિટસની પાસે આવેલો એક દ્વીપ પોતાની સત્તામાં લીધો. અલેકઝાંડરે પણ કેટલાક ઘોડેસ્વારો તેમની સહાયને માટે મોકલ્યા. ઇરાનીઓ મેલિટસના બંદરે આવી ન શકે તેનો તેઓ શક્તિ અનુસાર યત્ન કરવા લાગ્યા. આ સમયે સરદાર પારમિનિઓએ અલેકઝાંડરને જળયુદ્ધ કરવાની સલાહ આપી. તેણે પોતાની સલાહના સમર્થનમાં કહ્યું કેઃ—"જો કદાચ જળયુદ્ધમાં વિજય મેળવી શકાય તો દુશ્મનોનું સર્વસ્વ આપણે મેળવી શકીશું." આમ કહીને પારમિનિઓએ આ સમયે શુકન પણ સારા હોવાની તથા જળયુદ્ધમાં વિજય મળવાની ખાત્રી કરી આપી. અલેકઝાંડરે વૃદ્ધ અનુભવી સરદારની સલાહ સાંભળી રહ્યા પછી કહ્યુંઃ—"જળયુદ્ધમાં ઉતરવાનો આપણુને ઘણો થોડો અભ્યાસ છે, તેથી જો આપણો પરાજય થશે તો દક્ષિણ ગ્રીસવાસીઓ આપણી વિરૂદ્ધ યુદ્ધ કરવાને તૈયાર થઇ જશે. અને જો આપણે સ્થળયુદ્ધ કરીશું તો અવશ્ય વિજય મેળવીશું. વળી ધીમે ધીમે આપણે ઇરાનીઓના સમુદ્રતટ ઉપર આવેલાં નગરો ઉપર વિજય મેળવીશું એટલે તેઓ દુર્બળ બની જશે. ખાદ્યાદિના અભાવથી તેમની સ્થિતિ શોચનીય થઇ જશે; આથી કરીને ઇરાનીઓની વિરૂદ્ધ નોકાયુદ્ધમાં ઉતરવું મને યોગ્ય જણાતું નથી."

અલેકઝાંડરનું કહેવું માન્ય થયું. ઇરાનીઓ, ગ્રીકોને લોભ દેખાડીને તેમને એક વખત ઊંડા સમુદ્રમાં લઇ જવાનો યત્ન કરવા

લાગ્યા. ગ્રીકોને એમ લાગ્યું હતું કે, આ લોભમાં પડવાથી અવશ્ય તેમનું મૃત્યુ થશે, તેથી તેઓ દુશ્મનોના લોભમાં નહિ ફસાતાં ઇરાનીઓનાં વહાણોની પાછળ પડયા નહિ. એક દિવસે ગ્રીક વહાણોના નાવિકો જ્યારે વહાણમાંથી ઉતરી લાકડાં લઇ આવવાને માટે જંગલમાં ગયા હતા, ત્યારે એ સુયોગને સાધી લઇને ઇરાનીઓએ પાંચ વહાણો ગ્રીકોના ઉપર હુમલો કરવાને મોકલ્યાં. અલેકઝાંડરના જાણુવામાં જ્યારે આ પ્રકાર આવ્યો ત્યારે જે કેટલાક માછીઓ આજુબાજુ હતા, તેમને બોલાવી લાવીને તેણે યુદ્ધ કરવાને માટે દશ વહાણો મોકલ્યાં. ગ્રીકોને સાવધાન જોઇને ઇરાનીઓ બિચારા જીવ લઇને નાસી છુટયા. ગ્રીકોનાં ત્વરાથી ચાલતાં વહાણોએ ઇરાનીઓનું એક ધીમી ગતિથી પલાયન કરી જતું વહાણ પકડયું અને તે વહાણને સાથે લઇને તેઓ પાછા ફર્યા.

અલેકઝાંડર બને તેટલા જોરથી નગર ઉપર ટૂટી પડવાની તૈયારી કરવા લાગ્યો. મેલિટસના રહેવાસીઓએ એક મુખ્ય પ્રતિષ્ઠિત ગૃહસ્થને અલેકઝાંડર પાસે મોકલી નગર સમર્પણ કરી દેવાનું કહેવડાવ્યું. અલેકઝાંડરે એ ગૃહસ્થને તરત પાછા ચાલ્યા જવાનું જણાવીને કહ્યું કેઃ—"કાલે પ્રાતઃકાળે અમે નગર ઉપર ટૂટી પડીશું, માટે એ સમયે તમારામાં જેટલી શક્તિ હોય એટલી દર્શાવવાને પાછી પ્હાની કરશો નહિ."

બીજે દિવસે અલેકઝાંડરે કિલ્લાની પાસે કેટલાંક ભયંકર યંત્રો ગોઠવાવીને કિલ્લાને તોડી પાડવાનો સતત શ્રમ ઉઠાવ્યો. અલેકઝાંડરને નગર ઉપર હુમલો કરતો જોઇને, જળમાર્ગે ઇરાની વહાણોદ્વારા બીજા શત્રુઓ આવી પહોંચી નગરવાસીઓ સાથે સામિલ થઇ ન જાય એ માટે ગ્રીકોનાં વહાણોએ સઘળો જળમાર્ગ બંધ કરી દીધો. જળપર તેમ જમીનપર સઘળા શત્રુઓને રોકાઇ રહેવું પડયું, તેથી તેઓની આકુળતાની સીમા રહી નહિ. તેમણે અસાધારણ શૌર્ય

દર્શાવીને યુદ્ધ કર્યું; પરંતુ તેનું પરિણામ કાંઇ આવ્યું નહિ. તેઓ કોઈ પણ પ્રકારે આત્મરક્ષણ કરી શક્યા નહિ. ઇરાનીપક્ષનું ગ્રીક સૈન્ય યુદ્ધમાંથી નાસી છુટવા લાગ્યું. આ પ્રમાણે નાસી છુટતાં ઘણા-ખરા સૈનિકો મેસિડોનિયાના સૈનિકોને હાથે માર્યા ગયા. મહામુશિબતે જીવતા રહેલા સૈનિકોએ સમુદ્રમાં ઝંપલાવી તરતાં તરતાં એકાદ દ્વીપ ઉપર આશ્રય મેળવ્યો, અને કેટલાકે તો સમુદ્રમાંજ સદાને માટે સમાધિ લીધી. વિના વિલંબે અલેકઝાંડરે નગર ઉપર પોતાની સત્તા સ્થાપિત કરી. જે સઘળું સૈન્ય નાસી છુટયું હતું તેની પાછળ પડતાં તેણે જીવનની આશા છોડી દઇને ફરીથી યુદ્ધ કર્યું. અલેકઝાંડરે એ સૈન્યના સૈનિકોની સ્વામીભક્તિ તથા વીરત્વથી મુગ્ધ થઇને તેમને અભયદાન આપ્યું; પરંતુ અલેકઝાંડરની આ ઉદારતાથી શત્રુપક્ષીય સૈનિકોના મનમાં તેને માટે અનુરાગ ઉત્પન્ન થયો, તેથી તેઓ અલે-કઝાંડરના શત્રુ મટી મિત્ર થયા, અને તેમણે મેસિડોનિયાના સૈન્યમાં સૈનિકવૃત્તિ ગ્રહણ કરી. લગભગ બે મહિના ઉપર ગ્રૅનિકસના યુદ્ધમાં જે અપરાધથી ગ્રીક સૈન્ય સાંકળોનાં બંધનોમાં બંધાયું હતું, તેઓએ આ સમયે એવા અપરાધને માટે કૃપા મેળવી. અલેકઝાંડરે નગર-વાસીઓને કોઈ પણ પ્રકારે દુઃખ દીધું નહિ. આ સમયે અલેકઝાંડરને એમ લાગ્યું કે, પોતાનાં વહાણોનો કાંઇ ઉપયોગ થવાનો નથી. આવા વિચારથી તેણે પોતાનાં સઘળાં વહાણોને બાળી દીધાં. આ સમયે તેની પાસે દ્રવ્ય પણ ખુટી પડયું હતું, છતાં તેણે પોતાના સાહસનો ત્યાગ કર્યો નહિ. અલેકઝાંડર એક કર્મવીર તેમજ શૂરવીર પુરૂષ હતો. સાધનોની તેને બિલકુલ પરવાહ નહોતી.

ગ્રૅનિકસના યુદ્ધમાં ઇરાનીઓનો પરાજય તથા સૈનિકોની નિર્ધન સ્થિતિ ડરાયસને કાને જઇ પહોંચી. તેણે પ્રસિદ્ધ ગ્રીકવીર મેમનને મુખ્ય સરદારનો અધિકાર સ્વાધીન કર્યો. મેમને 'હેલિકારનેસસ'

અગર તો 'હાલના દેવરૂમ' નામક સ્થાને જે સઘળા દુર્ગ આવ્યા હતા, તેને ફરીથી સુધરાવીને યુદ્ધને માટે ઇરાની તથા ગ્રીક સૈન્ય એકઠું કરવા માંડયું. આ પ્રકાર અલેકઝાંડરના જાણવામાં આવતાંજ તે છંછેડાયલા સિંહની માફક ધુરકી ઉઠયો; અને શત્રુપક્ષનો પરાજય કરવાને માટે જેમ બને તેમ જલદીથી પોતાના સૈન્ય સાથે ચાલી નીકળ્યો.

કેરિયા પ્રદેશની રાજધાનીનું નામ હેલિકારનેસસ છે. એ સ્થાન પ્રાચીન ઐતિહાસિક હિરોડોટસ અને ડિઓનિસિસની જન્મભૂમિ તરીકે ઘણુંજ સુપ્રસિદ્ધ છે. એ સ્થળે જે કિલ્લો આવેલો હતો તે ઘણો મજબુત હતો, આ કિલ્લો સમુદ્રના તટ ઉપર આવેલો હતો. અલેકઝાંડર હેલિકારનેસસથી અર્દ્ધ માઇલ દૂર છાવણી નાખીને નગર ઉપર હુમલો કરવાની તૈયારી કરવા લાગ્યો. પ્રથમ તો અલેકઝાંડરે કિલ્લા આસપાસ માટી નખાવી અને તેની અર્ધી દિવાલ ઢાંકી દેવડાવી. ત્યાર પછી તેણે એ માટીની ઉપર લાકડાની મોટી નિસરણીઓ ગોઠવાવી અને આ નિસરણીઓ ઉપર ચઢીને તેણે પોતાના સૈન્યની સાથે શત્રુઓ ઉપર મારો ચલાવ્યો. ડરાયસના પક્ષના વીરો વારંવાર નગરમાંથી બહાર નીકળી આવી પ્રબળ વીરતાથી અલેકઝાંડરના સૈન્ય ઉપર ટૂટી પડવા લાગ્યા. એ સર્વ શત્રુપક્ષીય સૈનિકોમાં અલેકઝાંડરનો એક સ્વદેશવાસી તથા કેટલાક એથેન્સવાસીઓ પણ સવિશેષ વીરત્વ દર્શાવી યમલોકના અતિથિ થયા હતા. અલેકઝાંડરને આ નગરની આસપાસ ઘેરો ઘાલતાં કાંઇ થોડી મુશિબત સહન કરવી પડી નહોતી. તે જે સઘળી લાકડાની નિસરણીઓ દુર્ગ ઉપર આક્રમણ કરવાને તથા દિવાલ ભાંગવાને મોકલવા લાગ્યો તે સઘળી નિસરણીઓ દુર્ગવાસીઓ અગ્નિથી સળગાવીને બાળી નાખવા લાગ્યા અને પથ્થરો ફેંકી મેસિડોનિયાના સૈન્યને હરકત પહોંચાડવા લાગ્યા. ઉપરથી આવી રીતે અનેક પ્રકારની અડચણો થતી હતી તોપણ અલેકઝાંડરના બળવાન સાહસિક

સૈન્ય આગળ ઇરાનીઓની સઘળી મહેનત વ્યર્થ થઇ પડી. ઇરાનીઓ એ સતત શ્રમથી, ભાંગી જતી દિવાલ ફરીથી બાંધ્યા જતા હતા. તો પણ તેઓ મેસિડોનિયાના સૈન્યની વિદ્યુત્‌-ગતિને અટકાવી શકયા નહિ. ડયુડોર્સ જણાવે છે કે, ઇરાની સૈન્યને જ્યારે નગરનું સંરક્ષણ કરવાનું અશકય જણાયું ત્યારે તેણે કિલ્લાનાં બારણાં ઉઘાડી નાખીને બહાર મયદાનમાં નીકળી શત્રુઓ ઉપર સખ્ત હુમલો કરવાનો વિચાર કર્યો; પરંતુ કેટલાકે આ વિચારમાં સંમતિ દર્શાવી નહિ. તેમણે શત્રુઓની નિસરણીઓને તથા તેમનાં અસ્ત્ર-શસ્ત્રોને અગ્નિથી બાળી ભસ્મ કરી નાખવાની સલાહ આપી. આથી કરીને એક દિવસે રાત્રે છુપી રીતે મેસિડોનિયાના સૈનિકોની નિસરણીઓને તેમજ તેમનાં અસ્ત્ર-શસ્ત્રોને ઇરાની સૈન્યના કેટલાક સૈનિકોએ ગુપ્ત રીતે અગ્નિદેવતાને સ્વાધીન કર્યાં. ધીમે ધીમે અગ્નિ પ્રબળ થઇ પડવાથી બીજાં કેટલાંક મકાનો પણ બળીને ભસ્મ થઇ ગયાં. મેમન નામનો જે મુખ્ય સરદાર હતો તે નૌકામાં બેસી નાસી છુટયો. સરદારના નાસી છુટવાથી સૈનિકોનો રણોત્સાહ મંદ થઇ ગયો અને તેઓ પણ એક પછી એક નાસી છુટયા.

પ્રાતઃકાળે અલેકઝાંડરે નગરને પોતાના અધિકારમાં લીધું; તથા એ નગરની આસપાસનો પ્રદેશ પોતાના અધિકારમાં મેળવવા માટે તેણે પોતાના સૈનિકોને ચારે દિશાએ મોકલી દીધા. અલેકઝાંડરે કેરિયા પ્રદેશના સિંહાસન ઉપર તેના પ્રતિનિધિ તરીકે 'આદા' નામની રાજકન્યાને બેસાડી. એમ કહેવાય છે કે આદાએ ઓલિમ્પિયાના પુત્ર અલેકઝાંડરને પોતાના પુત્ર તરીકે માન્ય કર્યો હતો; તેમજ અલેકઝાંડર તેને 'મા' કહીને બોલાવતો હતો. આદા સ્નેહને વશ થઇને અલેકઝાંડરના ભોજન માટે વિવિધ પ્રકારની ખાદ્ય-સામગ્રી મોકલી આપતી હતી. અલેકઝાંડર જ્યારે આ સ્થાનનો ત્યાગ કરી

અન્ય સ્થાન તરફ ચાલી નીકળ્યો, ત્યારે આદાએ પોતાના કેટલાક ચતુર રસોઇઆઓને તેની સાથે મોકલી આપ્યા. અલેકઝાંડરે એ રસોઇઆઓને પાછા મોકલી, આદાનો ઉપકાર માની એવો ઉત્તર આપ્યો હતો કેઃ—"મ્હારા બાલ્યશિક્ષક લિઓનિડાસે મને બે ઉત્તમ રસોઇઆઓ મેળવી આપ્યા છે."

હમ્મેશાં સ્હવારે હરવા-ફરવાની પ્રકૃતિ પડી ગયેલી હોવાથી અલેકઝાંડરને કદાપિ પોતાના મધ્યાહ્નના ભોજન ઉપર અભાવ ઉત્પન્ન થતો નહિ અને રાત્રે તે હલકોજ ખોરાક ખાઇને રહેતો હતો. અલેકઝાંડર મૂળથીજ શયન-ભોજનમાં સાદો રહેતો. તે જ્યાં સુધી સંયમી હતો ત્યાં સુધી સર્વત્ર વિજયી થયો હતો અને જ્યારથી તેનો સંયમ નષ્ટ થવા લાગ્યો, ત્યારથીજ તેની અવનતિનો માર્ગ પણ ખુલ્લો થયો હતો.

જોતજોતામાં ગ્રીષ્મકાળ વીતી ગયો અને શીઆળો આવી પહોંચ્યો—જે સઘળા સૈનિકો તેમજ સરદારો આ સમયપૂર્વે પરણી ચૂક્યા હતા તેમને તેણે ઘેર જવાની રજા આપી. સૈનિકો તેમજ સરદારો જ્યારે સ્વદેશ તરફ પાછા ફર્યા ત્યારે અલેકઝાંડરની વિજય-વાર્તા ઘણી સુપ્રસિદ્ધ થઇ ગઇ. જે વીરો પાસે યુદ્ધમાંથી મળી આવેલા દ્રવ્યનું દર્શન જે જે લોકોએ કર્યું તેમના આશ્ચર્યની સીમા રહી નહિ. તેઓ સર્વ અલેકઝાંડરના સૈન્યમાં એકત્ર થઇને સમૃદ્ધિ અને સન્માન વધારવાને ઉત્સુક બની ગયા. એ સમયે ઘરમાં પડી રહેનાર માણસો ભીરૂ તરીકે ઓળખાવા લાગ્યા. આ સમયનું અલેકઝાંડરનું ચારિત્ર વાસ્તવિક રીતે ઘણું રમણીય માલૂમ પડે છે. આ સમય સુધી અલેકઝાંડરે પોતાના બ્રહ્મચર્યની ચિત્તસંયમથી સારી રીતે રક્ષા કરી હતી. આહાર-વિહારમાં તે નિયમ પ્રમાણેજ વર્તતો હતો. શું આ કારણથીજ તેનું કાર્ય સર્વને સુખપ્રદ થયું હતું? આજ કારણથી તેના હૃદયે ક્ષુદ્રભાવને બદલે ઉન્નતભાવ ધારણ કર્યો

હતો? અથવા તો જેમ કેટલાક રાજનીતિજ્ઞ પુરૂષો પોતાનો હેતુ સફળ કરવાને માટે કળા વાપરીને સાધારણ જનસમાજને છેતરે છે, તેમ અલેકઝાંડરનો એશિયા માઇનરના નગરવાસીઓ પ્રત્યેનો દયાપૂર્ણવ્યવહાર, રાણી આદાની સાથે સામાજિક સંબંધ, તથા એવા પ્રકારના બીજા શિષ્ટાચાર માત્ર છેતરવાને હતા કે કેમ એ સંબંધી વારંવાર સંદેહ ઉત્પન્ન થયા સિવાય રહેતો નથી.

સખ્ત ટાઢ પણ અલેકઝાંડરની ગતિને અટકાવી શકી નહિ. અલેકઝાંડર, એક સ્થાનેથી બીજે સ્થાને જઇ પહોંચી સર્વે નગરો ઉપર આક્રમણ કરવા લાગ્યો. **સાધનાથીજ મનુષ્ય સિદ્ધિ મેળવી શકે છે.** અલેકઝાંડરથી કાંઇ અસાધ્ય નથી એવી સઘળા નાગરિકોની ખાત્રી થઇ ગયેલી હોવાથી, તેના નામના પ્રતાપથી સર્વે નાગરિકો પોતાનાં નગરો અલેકઝાંડરને સમર્પણ કરવા લાગ્યા. મ્હોટા મ્હોટા ભૂપતિઓ તેના ચરણોમાં નમી પડવા લાગ્યા. આ સમયે અલેકઝાંડર ત્રીસ ચાલીસ નગરો સ્વાધીન કરી ચૂક્યો હતો. જેમાં સમુદ્ર–કિનારે આવેલાં બંદરોની સંખ્યા વિશેષ હતી, ઇરાનીઓનાં ઘણાંખરાં સમુદ્રતટઉપર આવેલાં નગરો અલેકઝાંડરે સ્વાધીન કરી લીધાં, તેથી કરીને ઇરાનીઓ, કે જેઓ નૌકાશક્તિમાં ઘણા સબળ હતા તેઓ એ શક્તિમાં દુર્બળ બની ગયા. જે સર્વે રાજદૂતો અલેકઝાંડરની પાસે કૃપાભિક્ષાની યાચના કરવા આવ્યા હતા તેમનો દેશ તેણે પોતાને સ્વાધીન કરીને યથેષ્ટ અનુગ્રહ દર્શાવ્યો હતો. જે સર્વે રાજાઓએ કીંમતી રત્નજડિત મુકુટ મોકલીને તેનું મસ્તક સુશોભિત કર્યું હતું; તેમની કુળલક્ષ્મી તેમનો પરિત્યાગ કરીને અલેકઝાંડરને વરી હતી, એમ કહેવાની જરૂર નથી.

અલેકઝાંડર જે સમયે સમુદ્રકિનારા ઉપર 'ફેસિલિસ'માં રહેતો હતો તે સમયે તેને એવી માહિતી મળી કે, તેને ઝેર આપીને

મારી નાખવાનું કાવત્રું ચાલે છે, તથા એ કાવત્રામાં પોતાનો કોઇ સરદાર સામિલ થયો છે. તરત અલેકઝાંડરે આ પ્રકાર જાણવાની ખટપટ ચલાવી. ખટપટને અંતે તેને જણાયું કે, પોતાના થિસિલિયન સૈનિકોનો સરદાર દ્રવ્યલોભની લાલસાથી આ કાવત્રામાં સામિલ થયો છે. ઇરાની રાજા ડરાયસની સાથે તેનો પત્રવ્યવહાર ચાલતો હતો, તથા ડરાયસે તેને એમ લખી જણાવ્યું હતું કે, જો તે તેના રાજા મહાન અલેકઝાંડરનું ખૂન કરે તો તેને પોતાની રાજકન્યા સમર્પણ કરવામાં આવશે, તથા એક હજાર ટાલેન્ટ અર્થાત્ લગભગ ૪૦ લાખ રૂપિયા આપવામાં આવશે. આ હકીકત સંબંધીનો પત્ર લઇને જે માણસ ડરાયસ તરફથી ચાલતા ષડયંત્રમાં સામિલ થયેલા અલેકઝાંડરના સરદાર તરફ આવતો હતો, એ માણસના ઉપર પારમિનિઓ જેવા સુચતુર સરદારને સંદેહ આવવાથી તેને પકડીને વીર અલેકઝાંડર આગળ હાજર કરવામાં આવ્યો, અને કપટીઓની કપટજાળ જાહેર થઇ ગઇ. મહાન અલેકઝાંડરે એ રાજદ્રોહી સરદારને સખ્ત સજા કરી.

ત્યાર પછી અલેકઝાંડર ફ્રિજિયાના ગાર્ડિયમ નામના નગર તરફ ચાલી નીકળ્યો. એ શહેર સેપ્ટગારિયસ નદી ઉપર આવેલું છે. એ નગરની આસપાસ એક મજબુત કિલ્લો આવેલો હતો. અલેકઝાંડરે આ કિલ્લા ઉપર તેમજ શહેર ઉપર વિજય મેળવ્યો. આ સ્થળે એક વાતનો ઉલ્લેખ કરવો આવસ્યક છે. જુના વખતમાં ઉપર્યુક્ત શહેરમાં ગાર્ડિયન નામનો રાજા રાજ્ય ચલાવતો હતો. એ સમયનો તેનો એક રથ અત્યાર સુધી હયાત હતો. એ રથની ધુંસરીની એવી તો ચતુરાઇથી બાંધવામાં આવી હતી કે, તે કયાં આગળથી બાંધવામાં આવી છે એ કોઇ સમજી શકતું નહિ. એ નગરના જનસમાજની માન્યતા એવી હતી કે, જે રથની ધુંસરીની ગાંઠ છોડી શકશે, તે સમસ્ત એશિયાખંડ ઉપર રાજ્ય ચલાવી શકશે. આ

ઉપરથી એમ સિદ્ધ થાય છે કે એ ગાંઠ છોડવાનું કાર્ય કાંઇ સાધારણ નહોતું. જ્યારે આવા પ્રકારની સાધારણ જનસમાજની માન્યતા અલેકઝાંડરના જાણવામાં આવી ત્યારે તેણે એ રથની ધુંસરીની ગાંઠ છોડવાનો નિશ્ચય કર્યો. કારણ કે જો પોતે એ ગાંઠ નહિ છોડે તો સર્વે જનો એમ ધારશે કે પોતાનાથી એશિયાખંડ ઉપર વિજય મેળવી શકાશે નહિ, અને પોતાના વીરત્વનો પ્રભાવ ઝાંખો પડી જશે. અંતે અલેકઝાંડરે એ રથ પાસે જઈ પહોંચી, ગાંઠ છોડવાનો યત્ન કર્યો; પરંતુ તે પોતાના કાર્યમાં સફળતા મેળવી શક્યો નહિ. અંતે તેણે પોતાની સમશેરથી ગાંઠને વચ્ચેથી કાપી નાખી, પોતાના માણસોના મનમાં એમ સમજાવ્યું કે, હવે એશિયાખંડ પોતાના હાથમાં અવશ્ય આવશે. પોતાને માટે જનસમાજમાં પૂજ્યભાવ ઉત્પન્ન થાય એવો યત્ન ચતુર ભૂપતિઓ કર્યા કરે છે, કારણ એ રાજ્યાધિકારના સંરક્ષણનું મુખ્ય સાધન છે.

ધીમે ધીમે અલેકઝાંડરના જે વિવાહિત સૈનિકો શીયાળો ભોગવવા સ્વદેશમાં ગયા હતા તેઓ પણ ફરીથી પોતાના વીર સરદારની સેવામાં હાજર થઇ ગયા.

અલેકઝાંડર જે સમયે ગાર્ડિયમમાં રહેતો હતો એ સમયે એથેન્સના દૂતે તેની પાસે આવી પહોંચીને, જે સઘળા એથેન્સવાસીઓ ગ્રૅનિકસના યુદ્ધમાં કેદ પકડાઇને મેસિડોનિયાના કેદખાનામાં પડયા હતા તેમનો છુટકારો કરવાની પ્રાર્થના કરી. ફરીથી કદાચ છુટકારો થતાંજ તેઓ ઇરાની સૈન્યમાં મળી જઇને પોતાની વિરૂદ્ધ અસ્ત્ર—શસ્ત્ર ધારણ કરે, એવી આશંકાથી તેણે એથેન્સના રાજદૂતને થોડા સમય પછી ફરીથી મળવા માટે જણાવ્યું. એક ઐતિહાસિકનું એમ કહેવું છે કે, અલેકઝાંડર મિશ્રદેશમાંથી જ્યારે સિરિયામાં આવ્યો ત્યારે એથેન્સનો રાજદૂત ફરીથી તેની પાસે હાજર થયો હતો, અને આ સમયે અલેકઝાંડરે સઘળા કેદીઓને છોડી દેવાની રજા આપી હતી.

પરિચ્છેદ ૬ ઠ્ઠો

જોતજોતામાં ફરીથી ઉન્હાળો આવી પહોંચ્યો. અલેકઝાંડરને યુદ્ધયાત્રાએ નીકળ્યાને એક વર્ષ થયું. હવે તેને બાવીસમું વર્ષ બેઠું. બાવીસ વર્ષના એક વીર યુવકે એશિયાખંડમાં પોતાના વીરત્વ, સાહસ, સ્વાભિમાન વગેરેનો જે પ્રભાવ પાડ્યો, તે આશ્ચર્યકારક છે. અલેકઝાંડરે ગાર્ડિયમનો પરિત્યાગ કર્યો ત્યારે રસ્તે તેને 'પૅફ્લાગોનિયા' પ્રદેશનો દૂત મળ્યો. આ પ્રદેશ ઘણો બળવાન હોઇને યુદ્ધક્ષેત્ર માટે લગભગ એક લાખ ઘોડેસ્વારો તૈયાર હોવા છતાં, તે અલેકઝાંડરનું ભય ઉપજાવનારૂં નામ સાંભળતાંજ મુગ્ધ બની ગયો. પોતાની શક્તિ ગમે એવી સુદૃઢ હોય તો પણ જો એક વખત હૃદયમાં શત્રુ સંબંધીનો ભય પેસી ગયો તો તે દૃઢતાનો કશો ઉપયોગ કરી શકાતો નથી, અને મનુષ્ય પોતાના સામર્થ્યને ભૂલી જાય છે. અસ્ત્ર-શસ્ત્રનો ઉપયોગ કર્યા સિવાય, એક બિંદુ પણ લોહી રેડયા સિવાય અલેકઝાંડરે 'પૅફ્લાગોનિયા' પ્રદેશ પોતાની સત્તામાં લીધો. એ પ્રદેશનો શાસનભાર પોતાનાજ માણસોને સ્વાધીન કરી તે 'કૅપાડોસિયા' તરફ ચાલી નીકળ્યો. એ સ્થળે પણ ભાગ્યલક્ષ્મી તેને પ્રસન્ન થઇ. પૅફ્લાગોનિયા પ્રમાણે આ કૅપાડોસિયાનો પ્રદેશ પણ અલેકઝાંડરે સહેલાઇથી પોતાને હસ્તગત કર્યો. કૅપાડોસિયાથી 'સિલિસિયા' તરફ જવાને માટે ટેરસ પર્વતમાં થઇને જતા ઘણાજ સાંકડા માર્ગે આગળ વધવું પડે છે. એ માર્ગ સમુદ્રથી લગભગ ત્રણ હજાર છસો ફિટ ઉંચો છે. આવું સ્થળ જો સુરક્ષિત થાય તો ત્યાંથી થોડા સૈન્ય વડે પણ પ્રચંડ શક્તિશાળી સૈન્યનો પરાજય કરી શકાય તેમ છે. ઇરાનીઓએ અલેકઝાંડરનો પરાજય કરવાને માટે એ ઉચ્ચ પર્વતમાર્ગને સુરક્ષિત કર્યો

હતો. અલેકઝાંડર કોઇ કઠિન કાર્ય આવી પડતાં પોતાના સરદારોના વીરત્વ ઉપરજ આધાર રાખીને બેસી રહેતો નહિ. અલેકઝાંડર પોતાની પાસે પારમિનિઓના જેવો બુદ્ધિશાળી સરદાર હોવા છતાં તેના ઉપર આ કાર્યનો ભાર નહિ મૂકતાં, પોતેજ પોતાની પાછળ વ્યવસ્થિત સૈન્યને સાથે લઇને આગળ વધ્યો; તેના આવા અડગ સાહસથીજ તે સર્વત્ર વિજયી થયો હતો. આજ તેની સફળતાનું એક ગુપ્ત રહસ્ય હતું.

માત્ર જેના નામનાજ પ્રતાપથી શત્રુઓ અસ્ત્ર—શસ્ત્રનો પરિત્યાગ કરી જેની સત્તાને શિરે ચઢાવતા હતા એવા વીર પુરુષને અડગ ધૈર્યથી પોતાની તરફ આવતો જોઇને ઇરાની સૈન્ય વ્યાકુળ બની ગયું. ઇરાની સૈનિકો પોતાનો જીવ કેવી રીતે બચાવવો એનાજ વિચારમાં પડી ગયા; અંતે કોઇ પણ વિચાર નહિ સૂઝવાથી એકે એકે નાસવા લાગ્યા. અલેકઝાંડર સહેલાઇથી આ સંકટને દૂર કરી પોતાના વીર સૈનિકો સાથે સિલિસિયા જઇ પહોંચ્યો. ડરાયસનું કેટલુંક સૈન્ય આ સમયે અલેકઝાંડરના સૈનિકોના હુમલાથી, તારસુર નગરનું રક્ષણ કરવાનો યત્ન ચલાવી રહ્યું હતું. અલેકઝાંડર કઠિન પહાડી માર્ગ ઉપર અધિકાર મેળવી પોતાની તરફ ચાલ્યો આવે છે, એવા વર્તમાન ડરાયસના સૈન્યના જાણવામાં આવ્યા ત્યારે નગરનું ધન—ધાન્ય શત્રુઓના હાથમાં ન જાય એવા હેતુથી તેણે જાતેજ એ સઘળું લૂંટી લેવાનો નિશ્ચય કર્યો. ગુપ્ત દૂત મારફત આ હકીકત વિના વિલંબે અલેકઝાંડરના જાણવામાં આવી. આથી કરીને તે વિજળીના જેવ ગતિથી તારસુર જઇ પહોંચ્યો, અને શત્રુપર સખ્ત હુમલો કર્યો. અલેઝાંડરનો હુમલો થતાંજ ડરાયસનું ઇરાની સૈન્ય જીવ બચાવવાને માટે નાસ છુટયું. અલેકઝાંડર વાયુના વેગથી આ સ્થળે આવી પહોંચેલો હોવાથી તે ઘણો થાકી ગયો હતો. સૂર્યના તાપથી તેનું શરીર પસીનાથ ભીંજાઇ

ગયું હતું. તેણે શત્રુઓને પલાયન કરી ગયેલા જોઇને શાંતિથી તારસુર નગર પાસે થઇને જે સરિતા વહેતી હતી, ત્યાં જઇ ઠંડા પાણીમાં સ્નાન કર્યું. આનું પરિણામ એ આવ્યું કે વિના વિલંબે અલેકઝાંડર માંદો પડયો, અને સખ્ત તાવે એ વીરવરને નરમ કરી નાખ્યો.

અલેકઝાંડરનું શરીર ધીમે ધીમે વિશેષ બીમાર થતું ચાલ્યું. રાત્રિ–દિવસ એવો તો સખ્ત તાવ રહેતો કે, કલાકોના કલાક સુધી તે શય્યામાં બેશુદ્ધ પડી રહેતો. બીજા બધા વૈદ્યો તેમજ ડૉકટરોએ તેના જીવનની આશા છોડી દીધી; પરંતુ રાજવૈદ્ય ફિલિપે અલેકઝાંડરના જીવનની આશા છોડી દીધી નહોતી. અલેકઝાંડરે રાજવૈદ્ય ફિલિપને ઔષધ તૈયાર કરવાનું કહ્યું. આ સમયે પારમિનિઓએ એક પત્ર લખી અલેકઝાંડરને મોકલ્યો. એ પત્રમાં પારમિનિઓએ લખ્યું હતું કેઃ–" ઇરાનાધિપતિ ડરાયસે રાજવૈદ્ય ફિલિપને લોભ–લાલસા દેખાડીને પોતાની સત્તામાં લીધો છે. જો ફિલિપ ઔષધમાં વિષ ભેળવી યા તો એવાજ બીજા કોઇ પ્રકારથી તમારૂં મરણ નિપજાવી શકે તો ડરાયસે તેને પોતાની બ્હેન સાથે પરણાવવાનું જણાવ્યા ઉપરાંત એક હજાર ટૅલેન્ટ બક્ષિસ તરીકે આપવાનું જણાવ્યું છે; માટે તેનું ઔષધ આપ ખાશો નહિ."

પારમિનિઓના આ પત્રની હકીકત અલેકઝાંડરને ખરી માનવી પડી, કારણ કે પારમિનિઓ તેના પિતાના સમયનો જૂનો, અનુભવી, અને વિશ્વાસપાત્ર સરદાર હતો. વળી રાજવૈદ્ય ફિલિપની સાથે પણ અલેકઝાંડરને પોતાની બાલ્યાવસ્થાથી અસાધારણ સ્નેહ હતો, તેથી કોના ઉપર વિશ્વાસ મૂકવો એ સંબંધી અલેકઝાંડરે ઘણો વિચાર કર્યો; પરંતુ તે કોઇ પણ પ્રકારનો નિશ્ચય કરી શકયો નહિ. તેણે પારમિનીઓનો પત્ર પોતાની રોગશય્યાના ઉશિકા નીચે મૂકી રાખ્યો.

ત્રણ દિવસમાંજ ફિલિપે, અલેકઝાંડરને માટે ઔષધ તૈયાર કર્યું;

તથા ઔષધ લઇ તે રાજાના તંબુમાં આવ્યો અને રાજાને એ ઔષધ ખાઇ જવાનું કહ્યું. આ સમયે અલેકઝાંડરે પોતાની રોગશય્યાના ઉશિકા નીચે જે પત્ર છુપાવી રાખ્યો હતો, તે બહાર કાઢીને રાજવૈદ્ય ફિલિપના હાથમાં મૂક્યો, તથા તેણે ફિલિપને એ પત્ર વાંચી જોવાનું કહ્યું. ફિલિપે એ પત્ર વાંચવા માંડયો, તો પણ તેના મુખ ઉપર કોઇ પણ પ્રકારના વિકારનાં ચિહ્નો માલૂમ પડયાં નહિ, પરંતુ તેને મનમાં એટલું બધું ખોટું લાગ્યું કે, તે આ પત્ર વાંચીને એક પણ અક્ષર બોલી શકયો નહિ. તે મોટા વિચારમાં પડી ગયો. છેવટે કેટલાક સમય પછી તેણે ધૈર્ય ધારણ કરીને રાજાના ચરણમાં નમી પડીને નમ્ર સ્વરે કહ્યું:—"મહારાજ! મારા ઉપર રાજહત્યા કરવાનો આ, કોઇએ અસત્ય આરોપ મૂક્યો છે. આપને મારી ઔષધિથી આરામ થશે, એટલે મારા ઉપરનો આરોપ ખોટો થઈ પડશે. હાલ તો મારે આપને એજ કહેવાનું છે કે, આપ કોઈ પણ પ્રકારનો સંદેહ લાવ્યા સિવાય આ ઔષધિને ખાઈ જાઓ; આ ઔષધિથી આપ જલદીથી આરોગ્ય મેળવી શકશો. જો કે આપના ઉપર જેણે આ સમાચાર મોકલ્યા છે, તે આપણા રાજ્યનો, આપણી ઉન્નતિનો હિતચિંતક હોવો જોઇએ, એ નિઃસંદેહ છે; પરંતુ હું આપનો વફાદાર નોકર છું. જો મારા ઉપર આપને સંશય આવતો હોય તો આપ પ્રથમ મારો જીવ લઇને પછી પણ આ ઔષધિ ખાઈ જાઓ. હું સારી રીતે જાણું છું કે, જો મારા આત્મભોગના બદલામાં પણ આપના જીવનું રક્ષણ થશે, તો આપણા દેશનું ગૌરવ સવિશેષ તેજસ્વી થઇ પડશે."

રાજવૈદ્ય ફિલિપનાં આ વચનોથી અલેકઝાંડરને તેના ઉપર દૃઢ વિશ્વાસ બેઠો. તેણે તેને પોતાને હાથે ઉઠાડીને પોતાની પાસે બેસાડતાં કહ્યું:—"ફિલિપ! તમે નાહક જીવ બાળશો નહિ. હું જાણું છું કે, મને આરોગ્ય થાય એ માટે તમને ઘણી ચિંતા છે, અને

તેથીજ તમે ત્રણ દિવસ સુધી સતત શ્રમ સહન કરીને આ ઔષધિ તૈયાર કરી છે, હવે તમે ગભરાશો નહિ. મને તમારી ઔષધિથી જલદી આરોગ્ય પ્રાપ્ત થશે, એવી મને ખાત્રી છે."

આમ કહીને અલેકઝાંડરે રાજવૈદ્ય ફિલિપે બનાવેલું ઔષધ ખાધું. પરિણામ એ આવ્યું કે, અલ્પ સમયમાંજ અલેકઝાંડરની વાચાશક્તિ ચાલી ગઈ, તે બેશુદ્ધ બની ગયો. જીવ છે કે ઉડી ગયો છે, એ માટે પણ સંદેહ ઉત્પન્ન થયો. આમ થવાથી સર્વેને રાજવૈદ્ય ફિલિપ ઉપર દૃઢ સંશય આવ્યો. પરંતુ ફિલિપ બિલકુલ ગભરાયો નહિ. તેણે અલેકઝાંડરની પાસે બેસી તેનાં સગાં-વ્હાલાં સંબંધી, તેમજ તેને અતિપ્રિય થઇ પડેલા કાવ્યગ્રંથ ઇલિયડ સંબંધી એવી તો ચિત્તાકર્ષક વાર્તાઓ કાઢી કે, જેની અંદર અલેકઝાંડરનુ ચિત્ત બેસતાંજ તેને દવાનું જે ઘેન ચઢયું હતું તે ધીમે ધીમે ઓછું થઇ જવા લાગ્યું. ત્રણ દિવસમાં તો અલેકઝાંડરને સારી રીતે આરામ થઇ ગયો, અને પૂર્વ પ્રમાણે તે યુદ્ધનાં વસ્ત્રો પહેરી પોતાના સૈનિકોને ભવિષ્યમાં કરવાનાં કાર્યો સંબંધી સલાહ આપવા લાગ્યો. આ પ્રસંગે અલેકઝાંડરે તેમજ સમસ્ત સૈન્યે ફિલિપનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

અલેકઝાંડરનો સ્વભાવ કાંઇક ઉગ્ર હતો છતાં પોતાના સૈન્યનાં માણસો ઉપર તેની ઘણી માયા-મમતા હતી. તે સર્વેની સાથે હળીમળીને વર્ત્તતો હતો. પ્રત્યેક સૈનિકનું દુઃખ લક્ષ્યપૂર્વક સાંભળી એ દુઃખને નિર્મૂળ કરવાનો યત્ન કરતો હતો. એક વહાણ સુયોગ્ય રીતે તૈયાર કરાવવામાં આવ્યું હોય; પરંતુ પવન અનુકૂળ ન હોય તથા સમુદ્ર સ્વચ્છંદી હોય તો એ વહાણનું કાંઇ ચાલી શકતું નથી; તેજ પ્રમાણે રાજા સુયોગ્ય ન હોય તો પ્રજાજનોનું પણ કમનશિબ સમજવું જોઇએ.

બીજી બાજુએથી અલેકઝાંડરની બીમારીના સમાચાર ડરાયસની

જાણુમાં આવ્યા તથા અલેકઝાંડરના સૈન્યથી આગળ કૂચ કરી શકાતી નથી, એમ તેણે જાણ્યું, ત્યારે તેણે તેના ઉપર ચઢાઇ કરવાનો નિશ્ચય કર્યો. ડરાયસ ઘણો મિથ્યાભિમાની અને ડોળદમામવાળો હતો. વળી તેના દરબારમાં 'હાજી હાજી' કરનારા ખુશામદીઆઓની પણ કાંઇ ખોટ નહોતી. ડરાયસ એમ જાણતો હતો કે, પોતાનું સૈન્ય સમસ્ત વિશ્વમાં અજીત છે; પરંતુ ખરૂં જોતાં તેની એવી માન્યતા સર્વાંશે ભૂલભરેલી હતી. તેના સૈન્યનો ઠાઠમાઠ પણ ઘણો હતો. તેના સૈનિકોમાંના કેટલાક તો નામનાજ સૈનિકો હોઇને તેઓ પોતાની કીર્ત્તિનો ફેલાવો કરવાને માટે પોતેજ અનેક અસંભવિત ગપ્પાષ્ટકો હાંકતા હતા.

અલેકઝાંડરના આવા દુર્દૈવ–સમયે પોતાને અવશ્ય વિજય મળશે એવી ધારણાથી મલકાતો મલકાતો ડરાયસ પોતાના પ્રચંડ સૈન્ય સાથે અલેકઝાંડરના સૈન્ય ઉપર હુમલો કરવા નીકળી પડયો, તથા તેનું સઘળું સૈન્ય તેની સાથે યુફ્રેતિસ નદીની તરફ જવા લાગ્યું. તેની સ્વારીના દમામનું અત્રે વર્ણન કરવું યોગ્ય છેઃ—

સમસ્ત સ્વારીની આગળ મોટી મોટી રૂપાની સઘડીઓમાં પવિત્ર અગ્નિ હતો. એ સઘડીઓની પાછળ મ્યા નામના ધર્માચાર્યો અગ્નિસ્તોત્ર ભણતા ભણતા ચાલતા હતા. આ ધર્માચાર્યો પાછળ ૩૬૫ (એક વર્ષના દિવસોની સંખ્યા જેટલા) યુવકો ચાલતા હતા. યુવકોની પાછળ જ્યુપિટરનો* ભવ્ય રથ ચાલતો હતો, આ રથની આસપાસ કેટલાક ઘોડેસ્વારો ચાલતા હતા, તથા તેમના હાથમાં સોનાની છડીઓ હતી. તેની પાછળ ઉંચી જાતના શિલ્પકાર્યથી શોભી રહેલા દશ રથ હતા, તથા એ રથોની પાછળ દશ બાર દેશના જૂદા

* ગ્રીક તથા રોમન લોકોનો એક દેવ (ઇંદ્ર).

જૂદા ઘોડેસ્વારો પોતાના દેશના ચાલ પ્રમાણે વસ્ત્રો પહેરીને ઘણા ઠાઠમાઠથી સ્વારીમાં ચાલતા હતા. તેમની પાછળ દશહજાર ધારાની યોદ્ધાઓ ચાલતા હતા. એ યોદ્ધા ડરાયસના આધારસ્તંભ જેવા હતા; તેથી તેમનું નામ તેણે અમર પાડયું હતું. આ યોદ્ધાઓથી ત્રીસ પગલાં પાછળ ડરાયસનાં સગાં–વ્હાલાંઓ કીંમતી રથોમાં બેસીને જતાં હતાં. એ સગાં–વ્હાલાંઓની સંખ્યા લગભગ દોઢહજારની હતી. તેમના રથોની પાછળ 'ડોર ફોરિસ' નામના લોકો ચાલતા હતા. તેમનું મુખ્ય કામ રાજવંશી પુરૂષોનો પોષાક લઇને ચાલવાનું હતું. તેમની પાછળ એક કીંમતી રત્નજડિત રથમાં બેસીને ડરાયસ જતો હતો, તેની આજુબાજુ અનેક સોનારૂપાની દેવમૂર્ત્તિઓ બિરાજી રહી હતી. તેના રથની ધુંસરી મણિ–માણિક્ય વગેરેથી મઢી લીધેલી હતી. એ ધુંસરીના બન્ને છેડા તરફ એ શાંતિની સુવર્ણ મૂર્ત્તિઓ બેસાડવામાં આવી હતી, તથા વચ્ચે એક ગરૂડ પક્ષીને તે ઉડી જવાની તૈયારીમાં હોય એવી રીતે બેસાડયું હતું. ડરાયસનો પોષાક જાંબલી રંગનો હોઇ તે પગથી તે માથા સુધી રત્નાદિથી શોભી રહેલો હતો. તેના રથની ચારે બાજુએ મળીને તેનાં બસો સગાંઓ ચાલતાં હતાં. એ સગાંઓની પાછળ દશહજાર ભાલાવાળાઓ હતા; તથા તેમની પાછળ ત્રીસહજાર પાયદળ હતું. એ સર્વેની પાછળ રાજાના ૪૦૦ મુખ્ય ઘોડાઓ હતા.

હવે આપણે જનાનખાનાની સ્વારી અવલોકીએ, તો ઉપરના લશ્કરથી સો સવાસો પગલાં પાછળ ડરાયસની માતા 'સિસિગઁબિસ' તથા તેની પત્ની મોટા રથમાં બેઠાં હતાં, તથા તેમની દાસીઓ ઘોડાઓ ઉપર બેસીને ચાલતી હતી. દાસીઓની પાછળના રથમાં રાજાનાં છોકરાં, તેમના શિક્ષકો તથા ખોજા વગેરે નોકરો હતા. તે પછી ડરાયસની ૩૬૦ વેશ્યાઓ જતી હતી. એ વેશ્યાઓનાં વસ્ત્રો

રાણીસાહેબાના જેવાં હતાં. તેમની પાછળ ૬૦૦ ખચ્ચર, ૩૦૦ ઊંટ વગેરેના ઉપર ડરાયસનો ખજાનો હતો. ખજાનાની પાછળ ખોરાકી, પોષાકી વગેરે જે સઘળો સરસામાન આવતો હતો તેની સીમાજ નહોતી. આવા મોટા સૈન્યને સાથે લઇને ડરાયસ, અલેકઝાંડરની વિરૂદ્ધ યુદ્ધ કરવા નીકળી પડયો.

સિલિસિયા જવાને માટે બે પર્વતમાર્ગો ઉપર થઇને જવું પડે છે. પ્રથમ સમુદ્રકિનારા ઉપર થઇને જતા સિરિઆના ઘાટવાળા માર્ગે, અને બીજા એમિનિક ઘાટના માર્ગે. યુક્રેતિસ નદીની તરફથી આવતાં એમિનિક ઘાટવાળા માર્ગે થઇને આવવું પડે છે. ડરાયસ એમિનિકના ઘાટવાળા માર્ગને વટાવીને પર્વત તથા સાગરની વચ્ચે થઇને જતા સાંકડા જમીન માર્ગે ઉતરી પડયો. ડરાયસની કલ્પના એવી હતી કે, તેનું પ્રચંડ સૈન્ય અલેકઝાંડરના સૈન્યની આસપાસ ઘેરો ઘાલી તેમનો પરાજય કરશે. એક સામાન્ય બનાવથી તેની આ કલ્પના દૃઢ થઇ હતી. આ સમય પૂર્વે અલેકઝાંડર ઇસસ ઉપર વિજય મેળવી કેટલાક રોગગ્રસ્ત સૈનિકોને આ સ્થાને છોડીને ચાલ્યો ગયો હતો; તેમને ડરાયસે અનાયાસે કેદ પકડયા હતા, તેથી તે એમ સમજતો હતો કે, તેણે અલેકઝાંડર ઉપર વિજય મેળવ્યો છે !

ડરાયસ જ્યારે આ પ્રમાણે કાલ્પનિક સુખમાં નિમગ્ન હતો, ત્યારે અલેકઝાંડર તેના ઉપર ચઢાઇ કરવાને માટે કોઇ પણ પ્રકારના સંકટની દરકાર કર્યાસિવાય સિરિયાઘાટને માર્ગે આગળ વધતો હતો. પ્રથમ તો ડરાયસ સૈન્યસહ પોતાના ઉપર ચઢી આવે છે, એ વાત અલેકઝાંડરને સત્ય લાગી નહિ; તેથી તેણે પોતાના કેટલાક ગુપ્ત દૂતોને નૌકાદ્વારા ડરાયસની તથા તેના સૈન્યની તપાસ કરી આવવાને મોકલ્યા. તેમણે સમુદ્રમાર્ગે થોડા સમય સુધી મુસાફરી કરી ત્યારે ડરાયસનું પ્રચંડ સૈન્ય તેમની નજરે પડયું, તેથી તેઓ એક ક્ષણ પણ વ્યર્થ

નહિ ગુમાવતાં અલેકઝાંડર પાસે પાછા આવી પહોંચ્યા; અને અલેકઝાંડરને સઘળી હકીકતથી વાકેફ કર્યો. આ સમય દરમ્યાન ડરાયસને હાથે દુઃખી થયેલા કેટલાક સૈનિકો પણ અલેકઝાંડર પાસે આવી પહોંચ્યા અને તેમણે ડરાયસ સંબંધી સવિસ્તર હકીકત અલેકઝાંડરને નિવેદન કરી.

શત્રુ પ્રચંડ સૈન્યસહ પોતાના ઉપર ચઢી આવે છે, એવી ખાત્રી થતાંજ વીરવર અલેકઝાંડરે, પોતાના સઘળા સહચરો, સરદારો, ઘોડેસ્વારો, સૈનિકો વગેરેને એકત્ર કરીને કહ્યું કેઃ—"મારા શૂરવીર સાથીઓ ! અદ્યાપિપર્યંત તમે મારી સાથે યુદ્ધમાં ઉતરીનેજ આપણા સ્વદેશના ગૌરવમાં વૃદ્ધિ કરવાને માટે અને તમારી વીર માતાઓની કીર્ત્તિને ચિરસ્થાયી કરવાને માટે જે અતુલ સાહસ, વીરત્વ, દઢતા, વગેરેનો શત્રુવર્ગને પરિચય કરાવ્યો છે, અને વિજયદેવીની વિજયમાળાથીજ મારા કંઠને અલંકૃત કર્યો છે, તે માટે હું તમારો ઘણો આભારી છું. આપણા દેશને માટેજ આપણું જીવન છે, એ તમે સારી રીતે સમજો છો અને આપણી એવી દઢ સાધનાથીજ પરમકૃપાળુ પરમાત્મા આપણને સર્વત્ર વિજયી બનાવે છે. આપણો શત્રુ ડરાયસ પ્રચંડ સૈન્યને સાથે લઇ આપણો પરાજય કરવાના વિચારથી આ તરફ આવે છે, તો તમે પણ આ સમયે તમારા સાહસ અને બળનો સારો પરિચય કરાવજો. વિધાતાએ કૃપા કરીને ડરાયસને વિસ્તૃત પ્રદેશમાંથી સાંકડા પ્રદેશમાં લાવી મૂકયો છે, અને તેથી કરીને તેના ઉપર હુમલો કરવાની આપણને ઘણી સુગમતા થઇ પડશે, ડરાયસનું પ્રચંડ સૈન્ય વિસ્તૃત રણક્ષેત્રના અભાવે નિરૂપયોગી થઇ પડશે. શત્રુસૈન્ય બાહુબળમાં પણ કદાપિ આપણી સાથે તુલના કરી શકે તેમ નથી. ઇરાનીઓ તથા તેમના બીજા સહાયકારી સૈનિકો વ્યસનના દાસ હોવાથી જોઇએ એવા કર્ત્તવ્યપરાયણ નથી, વળી આપણે ઘણા સમયથી સંકટો સહન

કરતાં શીખ્યા છીએ, આપણે શૂરવીર છીએ, તેથી આપણી સાથેના યુદ્ધમાં ઇરાની સૈન્ય વિશેષ સમય યુદ્ધ કરી શકશે નહિ. વળી બીજી વાત એ છે કે, જે સઘળા ગ્રીકો શત્રુ–પક્ષમાં મળી જઇને આપણી વિરૂદ્ધ યુદ્ધ કરવા આવે છે તેમનો તથા આપણો ઉદ્દેશ સર્વાંશે જૂદાજ પ્રકારનો છે. તેઓ માત્ર સાધારણ દ્રવ્યની લાલસાથી લોભાયા છે, અને આપણે તો સ્વદેશના ગૌરવની વૃદ્ધિ કરવાને માટે, ચિરસ્થાયી કીર્ત્તિ સ્થાપન કરવાને માટે, આ નશ્વર શરીરને સમર્પણ કરવાનો નિશ્ચય કર્યો છે. આપણી સાથે યૂરોપની મુખ્ય બળવાન તેમજ યુદ્ધપ્રિય જાતિઓ અવસ્થાન કરે છે, એમની સાથે એશિયાની દુર્બળ, ભીરૂ, વ્યસની જાતિના યુદ્ધનું પરિણામ કેવું આવશે તેનું અનુમાન સહેલાઇથી કરી શકાય તેમ છે. તદુપરાંત જ્યારે ડરાયસ પોતે આપણી વિરૂદ્ધ યુદ્ધક્ષેત્રમાં ઉતરવાને તૈયાર થયો છે તો પછી તેથી કરીનેજ આપણું શ્રેષ્ઠત્વ જાહેર થયું છે. વળી બીજી વાત એ છે કે, આપણે જેટલાં વિશેષ સંકટોની સામા થઇશું તેટલું આપણા પુરસ્કારનું પ્રમાણ પણ વૃદ્ધિંગત થતું જશે. હવે આપણે ડરાયસના પ્રતિનિધિ સરદારની સાથે યુદ્ધ કરવાનું નથી; અગર તો ભાડુતી સૈન્ય સામે થવાનું નથી; હવે તો આપણે ડરાયસની સત્તાને શિરે ચઢાવનારી ઇરાની સામ્રાજ્યની સઘળી જાતિના સૈન્યના બાહુબળની પરીક્ષા કરવાની છે. એ પરીક્ષા થઇ ગયા પછી, માત્ર એશિયા ઉપર આપણી સર્વોપરિ સત્તા સ્થાપિત કરીને પછીથી આપણે માટે બીજું કાંઈ કરવાનું રહેતું નથી. ત્યાર પછી આપણે આપણાં સંકટોને વિદાયગિરી આપવાની છે.” આમ કહીને અલેકઝાંડરે પોતાના સૈન્યની સવિશેષ પ્રશંસા કરી. ત્યાર પછી જે જે વીરવરોએ સ્વદેશના ગૌરવની વૃદ્ધિ કરવાને માટે સતત શ્રમ ઉઠાવી અંતે પોતાનો આત્મા યુદ્ધ–દેવીને સમર્પણ કર્યો હતો, એવા વીરોનાં નામનું સ્મરણ કરાવી

પોતાના સબળા સૈનિકોને પણ તેમના જેવી કીર્ત્તિ પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપ્યો.

અલેકઝાંડરની વક્તૃતાથી તેના સૈનિકો ઉત્સાહથી અધીરા બની ગયા. એક ક્ષણનો પણ વિલંબ વેઠવાને માટે તેઓ અસમર્થ થયા હોય એમ જણાયું. અલેકઝાંડરે પોતાના સૈનિકો તેમજ સરદારોને ભોજન કરી લેવાનું જણાવી, ત્યાર પછી યુદ્ધને માટે તૈયાર થઇ જવાની આજ્ઞા કરી.

રાત્રે અલેકઝાંડરે પોતાના સમસ્ત સૈન્ય સાથે ઘાટના માર્ગને રોકી રાખ્યો, તે સિવાય શત્રુઓ એકાએક હુમલો કરી ન શકે એ હેતુથી તેણે કેટલાક ગુપ્ત દૂતોને સાવધાનતાથી દુશ્મનોની તપાસ રાખવાને માટે નિયુક્ત કર્યા. ત્યાર પછી તેણે ધુંટણીએ પડીને જય માટે પ્રાર્થના કરી કેઃ—"હે પ્રભુ! મારે હાથે ડરાયસનો પરાજય કરાવજે અને જો મારો પરાજય થવાનો હોય તો આ યુદ્ધભૂમિમાંજ મને મૃત્યુ આપજે; રણક્ષેત્રમાં પરાજય પામવા કરતાં આત્માનો ઉત્સર્ગ કરવો એજ હું યોગ્ય સમજું છું."

સવાર થતાંજ અલેકઝાંડર પાછો ડરાયસ તરફ ચાલી નીકળ્યો. ઇસિસ શહેરની પાસે જ્યાં પિનાક્સ નદી વહે છે ત્યાં આગળ એક મોટું મયદાન હતું. આ મયદાનમાં બન્ને પક્ષનાં લશ્કરો એક બીજાની વિરૂદ્ધ યુદ્ધ કરવાને સજ્જિત થઈ ગયાં. બન્ને પક્ષના બહાદુર સિપાઇઓ જીવવાની આશાનો ત્યાગ કરીને સતત યુદ્ધ કરવા લાગ્યા. સમશેરો હવામાં ચમકવા લાગી. તીરોનો વરસાદ પડવા લાગ્યો. ભાલાઓનો સતત મારો ચાલવા લાગ્યો. ઘોડાઓની પદરજથી આકાશ ઘેરાઇ જવા લાગ્યું. એક બાજુએથી ડરાયસ પોતાના સૈનિકોને ઉત્તેજિત કરતો હતો, ત્યારે બીજી બાજુએથી વીરશિરોમણિ અલેકઝાંડર પોતાના બહાદુર સૈનિકોને મરણિયા થઇને

યુદ્ધ કરવાનો ઉપદેશ આપતો હતો. બન્ને પક્ષ તરફથી થતા જય-ઘોષને લીધે કાયર–ભીરૂ પુરૂષોમાં પણ થોડા ઘણા વીરત્વનો સંચાર થવા લાગ્યો. અલેકઝાંડરનું સૈન્ય થોડું હોવા છતાં તેની ભયંકર જયઘોષણા સાંભળીને શત્રુપક્ષીય સૈન્ય એમજ સમજવા લાગ્યું કે, અલેકઝાંડરનું સૈન્ય પણ કાંઇ થોડું નથી ! આથી કરીને તેઓ વ્યાકુળ બની ગયા. પોતાના સૈન્યને ઘણાજ ઉચ્ચ સ્વરથી વિજયઘોષ કરતું જોઇ અલેક-ઝાંડરને એમ લાગ્યું કે, આથી તેઓ વહેલા થાકી જશે, તેથી તેણે પોતાના સમસ્ત સૈનિકોને વિજયઘોષણા નહિ કરવાનું સૂચવ્યું. ઘોડા ઉપર સ્વાર થઇને અલેકઝાંડરે ભિન્ન ભિન્ન જાતિના પોતાના સૈનિકોને સંબોધીને કહ્યું કેઃ—“ વીરત્વના ઇતિહાસમાં તમારા અદ્‌ભુત સાહસની સુપ્રતિષ્ઠા થઇ છે. યૂરોપીય અનેક યુદ્ધોમાં તમે વિજયમાળથી વિભૂ-ષિત થઇ ચૂક્યા છો. આ પ્રસંગે તમે ઘણે દૂર સુધી મારી સાથે આવીને આ પ્રાચ્ય ભૂમિને પોતાની સત્તામાં લેવા માટે એકત્ર થયા છો. મહાપરાક્રમી હારક્યુલિસ તથા પ્રબળ પ્રતાપી બૅકસ જે પ્રદેશમાં કદિ પણ આવી શક્યા નથી, એ પ્રદેશમાં તમે આવી પહોંચ્યા છો અને એ પ્રદેશ તમે તમારી સત્તામાં લેશોજ. તમે આ પ્રદેશમાં એક નવીન સામ્રાજ્યની સ્થાપના કરી શકશો. એકલા ઇરાનીઓજ આ નવીન સામ્રાજ્યના રહેવાસીઓ થશે નહિ; પરંતુ સર્વ જાતિઓ એમાં નિવાસ કરી શકશે. વળી આ યુદ્ધમાં તમે વિજયી થશો તો અનેક પ્રકારનું કીંમતી દ્રવ્ય તમે પ્રાપ્ત કરી શકશો, આ પ્રાચીન ભૂમિના કીંમતી રત્નભંડારોના તમે અધિકારી થશો, તમારે આ યુદ્ધમાં વિજયી થવાને માટે ઘણા સમય સુધી અસ્ત્ર–શસ્ત્રો ચલાવવાં પડશે નહિ. જુઓ, શત્રુસૈન્યમાં ચંચળતા આવેલી જણાય છે, તેઓ ભયભીત થઇ ગયેલા હોય એમ ભાસે છે. હવે આપણો વિજય જલદીથીજ થશે.” આમ કહીને અલેકઝાંડરે પોતાના સૈન્યને, પોતાના પિતાએ એથેન્સ ઉપર

મેળવેલા વિજયની વાતનું સ્મરણ કરાવ્યું. તેણે પોતે થેબ્સના કરેલા નાશની તથા બીજા અનેક વિજયોની વાત યાદ દેવરાવી. ગ્રૅનિકસ નદી ઉપરના યુદ્ધની વાત કહી, તેમજ એશિયાનાં જે સર્વ નગરો પોતાની સત્તામાં આવ્યાં હતાં એ વગેરે સઘળી હકીકતનો ઉલ્લેખ કરી તેણે મેસિડોનિયાના યોદ્ધાઓને યુદ્ધ માટે ઉન્મત્ત બનાવી દીધા. ત્યાર પછી અલેકઝાંડરે ગ્રીક સૈનિકોની પાસે જઇ પહોંચીને કહ્યું:—"આ જુઓ, અસભ્ય શત્રુઓનું સૈન્ય! તેણે પૂર્વે ડરાયસ તથા જૅરાક્સસની સરદારી નીચે ગ્રીકવાસીઓ વિરૂદ્ધ યુદ્ધ કર્યું છે. તેણે તમારાં જમીન, પાણી અપવિત્ર કર્યાં છે. તેણે તમારા ભોજ્ય પદાર્થો લુંટી લઇને અસાધારણ અત્યાચાર ચલાવ્યો છે. તેણે તમારાં ગામો તથા નગરો લુંટી લઇને પવિત્ર દેવમંદિરોને બાળીને ભસ્મ કરી નાખ્યાં છે, માટે એ વેરની વસુલાત લેવાના આ સુયોગને વ્યર્થ જવા દેશો નહિ." આમ કહીને અલેકઝાંડર લુંટ ચલાવવામાં સુચતુર થ્રેસ અને ઇલિરિયાના દેશવાસીઓ વચ્ચે જઇને તેમને સંબોધીને કહેવા લાગ્યો:-"શત્રુ સૈન્યનું નિરીક્ષણ કરી જુઓ. તે કેવાં કીંમતી વસ્ત્રો તેમજ રત્નાલંકારોથી શોભી રહ્યું છે. જો આ પ્રસંગે તમે મરણિયા થઇને યુદ્ધ કરશો, તો એ સઘળા રત્નાલંકારો તમનેજ પ્રાપ્ત થશે. તમે તમારી શુષ્ક, શીતળ તેમજ કસવિનાની ભૂમિને બદલે ઇરાનની રસાળ-ફળફૂલથી પરિપૂર્ણ ભૂમિને મેળવવાને માટે કમર કસીને યુદ્ધ કરો."

અલેકઝાંડર પોતાના સૈનિકોને આવી રીતે જ્યારે ઉપદેશ આપીને ઉત્તેજિત કરતો હતો, એટલામાં શત્રુ સૈન્ય તેના સૈન્ય ઉપર તુટી પડવાને માટે આગળ વધ્યું. અલ્પ સમયમાંજ યુદ્ધે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. ઇરાનીઓનું સૈન્ય યુદ્ધ કરતું હતું ત્યાં સાંકડી જગ્યા હોવાથી તેમને અસ્ત્ર-શસ્ત્ર ફેરવવાને માટે ઘણી અડચણ પડતી હતી. આવી અડચણ હોવા છતાં તેઓએ યુદ્ધમાંથી પાછી પ્હાની કરી નહિ.

ડરાયસના સૈન્યમાં જે સ્વદેશદ્રોહી ગ્રીક સૈન્ય હતું તે ધૈર્ય ધારણ કરીને અતુલ પરાક્રમ દર્શાવતું લડતું હતું. આ સમયે વિજય-લક્ષ્મી ડરાયસને વિજયમાળા પહેરાવશે એવી સર્વને કલ્પના થઈ આવી હતી. જો આ સમયે દેશદ્રોહી ગ્રીક સૈન્યની સાથે ઇરાની સૈન્યે એકત્ર થઇ જઇને દૃઢતાથી યુદ્ધ કર્યું હોત તો આ સ્થળે અલેકઝાંડરનો પરાજય થયા સિવાય રહેત નહિ. મેસિડોનિયનો ગ્રીકો સાથેના પૂર્વના વૈરનું સ્મરણ કરીને તેમની સામે ટૂટી પડવા લાગ્યા. બન્ને પક્ષમાંથી કયા પક્ષનો વિજય થશે એ માટે સંદેહ ઉત્પન્ન થયો; પરંતુ અંતે અલેકઝાંડરનો વિજય થયો. આ યુદ્ધમાં જો કે અલેકઝાંડરના સેલ્યુકસ વગેરે ૧૨૦ સરદારો માર્યા ગયા, તોપણ અંતે વિજય મળવાથી અલેકઝાંડરને તેમના મૃત્યુ માટે ઘણી લાગણી થઈ નહિ. અલેકઝાંડર, ડરાયસનું પોતાને હાથેજ ખૂન કરવાને માટે શત્રુ સૈન્યમાં ટૂટી પડયો; પરંતુ ડરાયસના બહાદુર અંગરક્ષકોએ પોતાના પ્રાણનો ભોગ આપીને સ્વામીભક્તિની પરાકાષ્ઠાનો પરિચય કરાવ્યો. અલેકઝાંડરના સૈન્યના પ્રચંડ હુમલાથી જ્યારે શત્રુપક્ષનું સૈન્ય જીવ બચાવવાને માટે નાસી છુટવા લાગ્યું ત્યારે ડરાયસને એમ લાગ્યું કે, હવે જો તે પોતે રણ-ક્ષેત્રમાં હાજર રહેશે તો તે અલેકઝાંડરને હાથે માર્યો જશે, આવા વિચારથી તે ઘોડેસ્વાર થઇને ભીરૂ પુરૂષની માફક પ્રાણ કરતાં પણ વિશેષ પ્રિય એવા સન્માનનો પરિત્યાગ કરીને, જીવ બચાવી નાશી છુટયો. તેનો આટલા બધા દિવસનો પરિશ્રમ, ઉદ્યમ, આશા તથા સન્માન, એ સર્વ તેની આ ભીરૂતાને લીધે ધૂળધાણી થઈ ગયું. બીજા પક્ષમાં પોતાને વિજય મળવાથી અલેકઝાંડર સર્વ પ્રકારે વિશેષ શક્તિ-માન થયો, અને તેની ઉન્નત આશા વિશેષ ઉન્નત થઇ.

ડરાયસ જ્યારે રણક્ષેત્રમાંથી નાસી છુટયો ત્યારે તેણે પોતાનાં રાજાનાં ચિહ્નોવાળો એક મોટો ઝભ્ભો રણક્ષેત્રમાં ફેંકી દીધો હતો.

જો કે અલેકઝાંડરે શત્રુને નાસી જતો જોયો તો પણ પોતાના સૈન્યની વ્યવસ્થા બરાબર કર્યા સિવાય તેણે શત્રુને પકડવા જવાનું યોગ્ય વિચાર્યું નહિ. પરિણામ એ આવ્યું કે ડરાયસને નાસી છુટવાનો સારો યોગ પ્રાપ્ત થયો, અને તે ઘણે દૂર નીકળી ગયો. તેનો કેટલોક સરસામાન મેસિડોનિયનોના હાથમાં ગયો અને તેના અનેક સૈનિકોને અલેકઝાંડરના સૈન્યે કેદ પકડયા. આ કેદ પકડાયલાં મનુષ્યોમાં ડરાયસની માતા સિસિગૅંબિસ, તેની રાણી તથા તેની બે રાજકુમારીઓ અને એક ન્હાનો રાજકુમાર પણ હતાં. આ સિવાયની બીજી સઘળી સ્ત્રીઓને તથા ખજાનાને ડરાયસે પ્રથમથીજ દમસ્કમાં મોકલી દીધો હતો, નહિ તો તે સઘળું અલેકઝાંડરને પ્રાપ્ત થયા સિવાય રહેત નહિ. આ યુદ્ધને અંતે ૪૦૦૦ ટૅલેન્ટ એટલે કે એક કરોડ બાર લાખ પચાસ હજાર રૂપિયા અલેકઝાંડરના હાથમાં આવ્યા. પ્લુટાર્ક નામના ગ્રંથકારનું કહેવું એમ છે કે, આ ભીષણ યુદ્ધમાં ડરાયસનાં એક લાખ દશ હજાર મનુષ્યો માર્યાં ગયાં હતાં; તથા ડરાયસનું પોતાનું કહેવું એમ હતું કે, આ યુદ્ધમાં તેનાં એક લાખ ત્રીસ હજાર માણસો માર્યાં ગયાં હતાં.

ડરાયસનું લશ્કર પલાયન કરી જતાં તરતજ અલેકઝાંડરનાં સૈનિકોએ શત્રુઓનો સરસામાન લુંટી લેવા માંડયો, આ લુંટથી મેસિડોનિયનોને પુષ્કળ દ્રવ્ય તેમજ ઇરાનીઓના કેટલાક તંબુઓ વગેરે પ્રાપ્ત થયું. તંબુઓ વગેરેમાંથી તેમને ઘણો કીંમતી સામાન મળી આવ્યો. ડરાયસનો મુખ્ય તંબુ મેસિડોનિયનોએ અલેકઝાંડરને માટે નિર્માણ કરી રાખ્યો, અને અલેકઝાંડર થોડા સમય પછી એ તંબુમાં પ્રવેશ કરીને તેમાંના સિંહાસન ઉપર બેઠો. ત્યાર પછી તંબુમાં તપાસ કરવામાં આવી તો તેમાંથી સોના ચાંદીનાં બહુમૂલ્ય વાસણો, એશ–આરામ ભોગવવાની વસ્તુઓ, સુગંધી પદાર્થો તથા બીજો જે કાંઈ

સામાન મળી આવ્યો તે નજરે પડતાંજ અલેકઝાંડર તથા તેના સૈનિકોના આશ્ચર્યની સીમા રહી નહિ.

ત્યાર પછી અલેકઝાંડર પોતાના મુખ્ય મુખ્ય સરદારો સાથે એ તંબુમાં જમવાને બેઠો. એવામાં તંબુમાંની એક ઓરડીમાંથી આવતો કોઇનો રૂદનસ્વર તેને કાને પડયો. તપાસ કરતાં જણાયું કે ડરાયસનો રાજ્ય–ચિહ્નવાળો ઝભ્ભો રણભૂમિમાંથી મળી આવ્યો છે, અને તે જોવામાં આવ્યાથી ડરાયસ મરી ગયો છે, એમ જાણી તેનું કુટુંબ રૂદન કરે છે. આ હકીકત જાણવામાં આવતાંજ અલેકઝાંડરનું હૃદય દયાથી દ્રવીભૂત થયું, અને તેનાં નેત્રોમાંથી આંસુઓ નીકળી પડયાં! આ પ્રકાર જોવામાં આવતાંજ તેની સાથે જે સરદારો જમવા બેઠા હતા તેઓ ઘણું આશ્ચર્ય પામ્યા. કેટલાક સમય પછી અલેક-ઝાંડરે લિઓનેટસને પોતાની પાસે બોલાવીને કહ્યું કેઃ–" તું ડરાયસના કુટુંબ પાસે જા, અને તેમને ડરાયસ જીવતો છે, એમ જણાવી સાંત્વન આપ. "

લિઓનેટસ ડરાયસના કુટુંબ પાસે જઇ પહોંચ્યો, ત્યારે એ માણસો એમ સમજ્યાં કે લિઓનેટસ તેમને મારી નાખવા આવે છે, તેથી આ પ્રસંગે તેમણે તેની આગળ કરગરી પડીને કહ્યું કેઃ–"મહા-રાજ! અમે મરવાને તૈયાર છીએ; પરંતુ અમને તમે મારી નાખો તે પહેલાં અમારી એક પ્રાર્થના છે કે, પ્રથમ અમને મહારાજા ડરાયસનો પ્રેતસંસ્કાર કરવા દો, અને ત્યાર પછીથી આ તુચ્છ જીવન લ્યો. "

આ સાંભળીને લિઓનેટસને પણ તેમના ઉપર દયા ઉપજી. તેણે તેમને નમ્ર સ્વરે કહ્યું કેઃ–" મહાન્ અલેકઝાંડર બાદશાહે મને તમારી પાસે મોકલ્યો છે, અને એમ કહેવડાવ્યું છે કે, ડરાયસ જીવતો છે; માટે તમે બિલકુલ ફિકર–ચિંતા કરશો નહિ. વળી અહિં તમને કોઇ

પણ પ્રકારે દુઃખ દેવામાં આવશે નહિ. તમારા સન્માનનું સારી રીતે સંરક્ષણ થશે."

આ આશ્વાસનસૂચક શબ્દોથી ડરાયસના કેદ પકડાયલા રાજકુટુંબને કાંઇક શાંતિ થઇ.

બીજે દિવસે પોતાના જખમી સિપાઇઓની સંભાળ લીધા પછી અલેકઝાંડર પોતે ડરાયસના કેદ પકડાયલા રાજકુટુંબની મુલાકાત લેવા ગયો. આ સમયે તેની સાથે હિફિસ્ટિયન નામનો એક તેનો મિત્ર હતો. અલેકઝાંડર અને તેની બાલ્યાવસ્થાથી મૈત્રી હતી. અલેકઝાંડર પોતાની ગમે એવી ગુપ્ત વાત પણ પોતાના આ મિત્રને કહેતો હતો. અલેકઝાંડર તથા હિફિસ્ટિયન બન્ને એક સરખો પોષાક પહેરતા હતા, તથા તેમનું બન્નેનું મુખ પણ થોડે ઘણે અંશે એક બીજાને મળતું આવતું હતું. માત્ર હિફિસ્ટિયન અલેકઝાંડર કરતાં થોડો ઉંચો હતો. એ બન્ને જ્યારે ડરાયસની માતા સિસિગૅંબીસ પાસે જઇ પહોંચ્યા ત્યારે સિસિગૅંબીસે હિફિસ્ટિયનને અલેકઝાંડર ધારી પ્રણામ કર્યાં. એવામાં કોઇએ તેને સંકેત કરીને એમ સૂચવ્યું કે, તમે જેને પ્રણામ કર્યા તે અલેકઝાંડર નહિ, પરંતુ તેની સાથે જે વીર પુરૂષ ઉભો છે તે અલેકઝાંડર છે. આ હકીકત માલૂમ પડતાંજ સિસિગૅંબીસ ઘણી શરમાઇ ગઈ; તથા અલેકઝાંડરને પ્રણામ કરી નમ્રતાથી તેણે કહ્યું:—"વીર પુરૂષ! પ્રથમ મેં તમને કદાપિ જોયલા નહિ હોવાથી મારાથી જે ભૂલ થઇ છે, તે માટે મને ક્ષમા કરો."

અલેકઝાંડરે ગંભીરભાવ ધારણ કરીને કહ્યું:—"માજી! કોઇ વાતે ફિકર કરશો નહિ. હિફિસ્ટિયન પણ અલેકઝાંડરજ છે."

અલેકઝાંડરે સિસિગૅંબીસને માજી શબ્દથી સંબોધી તેથી તે વૃદ્ધા સ્ત્રીને ઘણો સંતોષ થયો, તથા તે સાથે તેને ઘણું આશ્ચર્ય લાગ્યું. આ ઉપરથી અલેકઝાંડરનો ક્ષમા—ગુણ તેમજ તેનાં વચનોની મિઠાશનો ખ્યાલ સહજ કરી શકાય તેમ છે.

યુદ્ધમાં વિજય મેળવ્યા પછી અલેકઝાંડરે શાંતિ તેમજ આનંદથી સ્વસ્થ નહિ બેસી રહેતાં પોતાના સરદાર પારમિનિઓને દમાસ્કસ તરફ રવાના કર્યો. એ સ્થળે ડરાયસની ઘણીખરી ધન–સંપત્તિ તથા યુદ્ધોપયોગી સામગ્રી રાખવામાં આવી હતી. પારમિનિઓએ દમાસ્કસ જઇ પહોંચી ડરાયસનો દ્રવ્યપૂર્ણ ખજાનો તથા તેની પુષ્કળ યુદ્ધસામગ્રી અનાયાસે હસ્તગત કરી, અને સ્વલ્પ સમયમાં પોતાના રાજા અલેકઝાંડરનો ખજાનો દ્રવ્યથી ભરપૂર કર્યો.

અલેકઝાંડર સમુદ્રના કિનારે આવેલો સઘળો પ્રદેશ પોતાને સ્વાધીન કરીને મારાથસ નામક સ્થાને જઇ પહોંચ્યો. આ સ્થળે ડરાયસના દૂતે તેની પાસે હાજર થઇને તેના હાથમાં એક પત્ર મૂક્યો. એ પત્રમાં ડરાયસે પોતાની માતા, પત્ની, રાજકુમારિકાઓ તેમજ રાજકુમારને મુક્ત કરવાનું જણાવ્યું હતું. દૂતે પોતાને મ્હોડેથી પણ એ સંબંધીની વિનંતિ કરી. ડરાયસના પત્રમાં વળી વિશેષ એમ લખવામાં આવ્યું હતું કે:–"મ્હારાં માતા, પત્ની તેમજ સંતાનોને મુક્ત કરવાં એ તમને ઉચિત છે. એમની મુક્તિ કરવાના બદલામાં સમસ્ત મેસિડોનિયાનું જેટલું મૂલ્ય છે તેટલું દ્રવ્ય તમને આપવાને હું તૈયાર છું. વળી હજુ પણ જો તમારે યુદ્ધમાં ઉતરવાની ઇચ્છા હોય તો તે માટે પણ હું તૈયાર છું; છતાં મારી તમને એવી સલાહ છે કે, તમે તમારા પૂર્વજોનું રાજ્ય સંભાળીનેજ તમારા દિવસો આનંદમાં પસાર કરો તો ઘણું સારૂં. બીજાના રાજ્યમાં હાથ ઘાલવાથી પરિણામે તમારે નુકસાનજ ભોગવવું પડશે; વળી જો તમે મારી સલાહ સ્વીકારીને, આપણી વચ્ચેના દ્વેષભાવને દૂર કરી પોતાનું રાજ્ય સંભાળી બેસી રહેશો તો હું પણ તમને કોઇ પણ પ્રકારની અડચણ નહિ કરવાની પ્રતિજ્ઞા કરૂં છું; અને તમારી સાથે ભવિષ્યમાં હમેશને માટે સ્નેહભાવથી વર્તવાને માટે કબૂલ થાઉં છું."

આ પત્ર વાંચી જોતાંજ અલેકઝાંડરને ઘણું ખોટું લાગ્યું. તેણે વિનાવિલંબે ડરાયસને એવો ઉત્તર લખ્યો કેઃ—" તમારા પૂર્વજોએ અમારા દેશવાસીઓને જે દુઃખ દીધું છે, તે અદ્યાપિ અમે વિસરી ગયા નથી. મારા પિતા ફિલિપનું ખૂન કરનારને ઉશ્કેરવામાં તમે પણ ભાગ લીધેલો છે. વળી તમે મને મારી નખાવવાને માટે કાંઇ થોડાં જાહેરનામાં કાઢ્યાં નથી. તમારી પાસે અસંખ્ય સૈન્ય હોવા છતાં તમારે મારૂં ખૂન કરાવવાને માટે જાહેરનામું કાઢવું પડે એ કરતાં વિશેષ શરમભરેલી વાત તમારે માટે બીજી કઇ હોઇ શકે ? અમે જે યુદ્ધો કરીએ છીએ તે માત્ર અમારા પોતાના રક્ષણને માટે કરીએ છીએ; બીજાઓનો નાશ કરવાના હેતુથી કરતા નથી. એશિયા-ખંડનો ઘણો ખરો ભાગ અમે જીતી લીધો છે, અને તમને પણ અમે હરાવી ચૂકયા છીએ. તમારી અયોગ્ય વર્તણુકને હું માફ કરી શકું તેમ નથી, અને તેને પરિણામેજ હું તમારી વિનંતિ માન્ય કરી શકતો નથી; વળી જો તમે જાતે અમારી પાસે હાજર થઇને તમારાં કુટુંબીઓની મુક્તિમાટે પ્રાર્થના કરશો તો કાંઇ પણ રકમ લીધાસિવાય અમે તમારા કુટુંબીઓને તમારે સ્વાધીન કરીશું. શત્રુઓ ઉપર કેવી રીતે વિજય મેળવવો એ તો અમે તમને દર્શાવ્યું છે; અને જો તમે નમ્ર ભાવથી અમારી પાસે આવશો તો અમે શત્રુઓ ઉપર અપકારને બદલે ઉપકાર કેવી રીતે કરીએ છીએ તે પણ દર્શાવીશું. વળી જો કદાચ અમારી પાસે આવવાને તમને સંદેહ આવતો હોય તો, હું પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે, અત્રે આવવાથી તમારા એક વાળને પણ નુકશાન થશે નહિ; પરંતુ તમે એટલું ધ્યાનમાં રાખજો કે, હવેથી તમે અમારી સાથે જે પત્રવ્યવહાર ચલાવો એમાં અમે તમારા રાજા છીએ, એ ધ્યાનમાં રાખીને અમારૂં સન્માન સાચવી પત્રવ્યવહાર ચલાવજો." આવો પત્ર લખીને અલેકઝાંડરે

તે પોતાના થર્સિપસ નામના માણસ મારફત ડરાયસ તરફ રવાના કર્યો.

યુદ્ધ થતાં પહેલાં જે સર્વ એથેન્સિયન, સ્પાર્ટન અને થેબવાસી દૂતો મેસિડોનિયાની વિરૂદ્ધ પોતાને ડરાયસની સહાયતા મળશે એવી વાસનાથી આવ્યા હતા, તેમને પારમિનિઓએ કેદ પકડીને અલેકઝાંડર પાસે મોકલ્યા. અલેકઝાંડરે તેઓ પૈકી સ્પાર્ટનો સિવાય થેબ અને એથેન્સવાસીઓને મુક્ત કર્યા. અલેકઝાંડરે એથેન્સ તરફ સદ્‌ભાવ દર્શાવવાને માટે કેટલાક એથેન્સિયનોને પોતાના સહચર તરીકે નિયુક્ત કર્યા. સ્પાર્ટનોની સાથે શત્રુતા હોવા છતાં કાળક્રમે અલેકઝાંડરે તેમને પણ મુક્ત કર્યા હતા. પ્રચંડ ઇરાની સૈન્યનો પરાજય થયા પછી ભૂમધ્યસાગરના પૂર્વ કિનારે આવેલાં સર્વ ન્હાનાં મ્હોટાં રાજ્યો એક પછી એક અલેકઝાંડરે હસ્તગત કર્યાં. માત્ર ટાયરી નામનું રાજ્ય તેણે હસ્તગત કર્યું નહોતું. અલેકઝાંડરે જે જે રાજ્યો હસ્તગત કર્યાં તે સર્વ રાજ્યોનો રાજકારભાર ચલાવવાનું કામ તે પોતાના તાબામાંના સરદારોમાંથીજ કોઇને સોંપતો હતો.

ધીમે ધીમે અલેકઝાંડર ફિનિશિયા દેશમાં ગયો. પોતાના દેશમાં અલેકઝાંડરના આગમનના સમાચાર જાણવામાં આવતાંજ ફિનિશિયા પ્રદેશના નરપતિઓ તેની તરફ કીંમતી રત્નજડિત રાજમુકુટ મોકલાવી તેની સત્તાને શિર ઉપર ચઢાવવા લાગ્યા. ટાયરી નગરના નરપતિએ પણ અલેકઝાંડરની તરફ સુવર્ણમુકુટ વગેરે ઉપહાર–દ્રવ્ય મોકલી આપ્યું. અલેકઝાંડરે ટાયરીના નરપતિનો ઉપહાર પ્રેમપૂર્વક સ્વીકાર્યો; તથા ત્યાં આવીને હારકયુલિસની પૂજા કરવાની ઇચ્છા તે ટાયરીના નરપતિને જણાવી. અલેકઝાંડરની આ ઇચ્છા ટાયરીના રહેવાસીઓના જાણવામાં આવી ત્યારે તેઓ ભયથી વ્યાકુળ બની ગયા. તેમને એમ લાગ્યું કે, આ કારણ દર્શાવી અલેકઝાંડર પોતાના સૈન્યસહ નગરમાં આવી પહોંચશે, અને નગરને પોતાના અધિકારમાં લેશે. ટાયરીના

રહેવાસીઓ અલેકઝાંડરની ઇચ્છાવિરૂદ્ધ થઇ પડયા. પ્રથમ તો તેઓએ એમ વિચાર્યું હતું કે, અલેકઝાંડર તરફ સુવર્ણમુકુટ અને ઉપહારની વસ્તુઓ પહોંચાડીશું એટલે તે શાંત થશે, અને પોતાના નગર ઉપર ચઢી આવશે નહિ; પરંતુ જ્યારે અલેકઝાંડરની ઇચ્છિા તેમના જાણવામાં આવી ત્યારે તેમનો વિચાર ખોટો ઠર્યો. છેવટે નિરૂપાયે તેઓ પોતાની સ્વતંત્રતાનું રક્ષણ કરવાને તૈયાર થયા. ટાયરીના નગરવાસીઓ સાત માસ જેટલા લાંબા કાળથી અલેકઝાંડર જેવા પ્રચંડ શત્રુથી પોતાની સ્વતંત્રતા સાચવી રહ્યા હતા; પરંતુ હવે એ સ્વતંત્રતાનું સંરક્ષણ થઇ શકશે કે કેમ એ માટે સર્વ નગરવાસીઓને સંદેહ આવ્યો.

અલેકઝાંડરને જ્યારે એમ માલૂમ પડયું કે, ટાયરીવાસીઓ તેને નગરમાં પ્રવેશ કરવા દેશે નહિ, તથા તેઓ નગરનું સંરક્ષણ કરવાને માટે તૈયાર થઈ ગયા છે, ત્યારે શું કરવું અને કેવી રીતે ટાયરી નગર મેળવવું એ સંબંધીનો વિચાર ચલાવવાને માટે તેણે પોતાના કેટલાક સલાહકારો તેમજ સરદારોને પોતાની પાસે બોલાવ્યા. જ્યારે તેઓ સર્વે આવી પહોંચ્યા ત્યારે અલેકઝાંડરે ટાયરીની સ્થિતિનું વર્ણન કરીને કહ્યું કેઃ—"જ્યાં સુધી ઇરાનીઓનું આધિપત્ય સમુદ્રકિનારા ઉપર થોડું ઘણું પણ કાયમ રહેશે ત્યાં સુધી મિશ્રદેશ ઉપર અધિકાર મેળવવા જવાનું ઠીક થઇ પડશે નહિ. ગ્રીસની આંતરસ્થિતિ જોવા જતાં, સાયપ્રસ અને મિશ્રદેશમાં ઇરાનીઓની શક્તિ કાયમ રહેવા દઇને, તથા ટાયરીના જેવા સંદિગ્ધ મિત્રને પડતો મૂકીને ડરાયસની પાછળ દૂર આવેલા પ્રદેશ સુધી જવું કદાપિ શ્રેયસ્કર જણાતું નથી. આપણે જો સમસ્ત સૈન્ય સાથે બેબિલોન તરફ જઇશું, તથા ડરાયસની પાછળ પડીશું તો સઘળો સામુદ્રિક પ્રદેશ ઇરાનીઓ પાછો પોતાની સત્તામાં લીધા સિવાય રહેશે નહિ. તેઓ અસંખ્ય સૈન્યસહ આપણા દેશતરફ પહોંચી જઇને ત્યાં લડાઇ કરશે. વળી સ્પાર્ટનો તો

જાહેર રીતે આપણી વિરૂદ્ધ યુદ્ધ કરે છે. એથેન્સવાસીઓ પણ પોતાના અંતઃકરણમાં દુર્વાસનાનું પોષણ કરે છે અને ભયની ભાવનાથી તેઓ આપણા તરફ ભક્તિભાવ દર્શાવે છે. આવી સ્થિતિમાં આપણે ટાયરી નગર પ્રથમ હસ્તગત કરવું જોઈએ. વળી ટાયરી આપણા હાથમાં આવશે એટલે સમસ્ત ફિનિશિયા ઉપર આપણી સત્તા સ્થાપિત થશે, તેમનું સમસ્ત નૌકાબળ આપણું આજ્ઞાધીન થશે, અને એમ થશે એટલે સાયપ્રસ ઉપર આપણે અનાયાસે વિજય મેળવી શકીશું. ફિનિશિયા પ્રદેશની નૌકાશક્તિની સહાયતાથી આપણે સામુદ્રિક આધિપત્ય મેળવી શકીશું. પછીથી મિશ્રદેશ પણ સહેલાઇથી આપણી સત્તાને અધીન થશે; અને તેમ થતાં પછી ગ્રીસ તથા આપણા દેશમાટે આપણને કાંઈ પણ ચિંતા રહેશે નહિ. ત્યારે ઈરાનની સમસ્ત નૌકાશક્તિ અને યુફ્રેતિસ નદી સુધીનો સઘળો દેશ આપણી આજ્ઞામાં રહેશે, તથા આપણા ગૌરવમાં પણ ઘણો વધારો થશે.”

અલેકઝાંડરે પોતાના સઘળા સહચરોને પોતાની માફક નિર્ભય બનાવ્યા હતા. તેમને તેણે સંકટની સામે થવાનું ઉત્તમ શિક્ષણ આપ્યું હતું. તેમણે અલેકઝાંડરના વિચારને સંમતિ દર્શાવી; તથા ટાયરી નગર તરફ કૂચ કરવાને માટે આજ્ઞા મળવાની તેઓ ઉત્સુકતાથી રાહ જોવા લાગ્યા.

ટાયરી નગરની ચારે દિશાએ ભૂમધ્ય સમુદ્ર આવેલો હતો, અને એ શહેરનો દેખાવ એક દ્વીપ જેવો જણાતો હતો. આ શહેરની આજુબાજુ આવેલો કિલ્લો ઘણો પહોળો તથા લગભગ બસો અઢીસો હાથ ઉંચો હતો. ટાયરીના નગરવાસીઓ પણ કાંઈ છેક ભીરૂ નહોતા. સ્વતંત્રતાનું સંરક્ષણ કરવાને માટે તેઓ પણ પોતાના પ્રાણનાં બળિદાન આપવાને તૈયાર થઇ ગયા.

અલેકઝાંડરે પોતાના સૈન્યને ટાયરી તરફ કૂચ કરવાની આજ્ઞા

આપી. આજ્ઞા મળતાંજ યુદ્ધદેવીને ભેટવાને આતુર બનેલું તેનું સમસ્ત સૈન્ય વિદ્યુત્-ગતિથી ટાયરી તરફ ચાલી નીકળ્યું. અલેકઝાંડર સૈન્યસહ પોતાના નગર તરફ આવે છે એવું જાણવામાં આવતાંજ ટાયરીના નગરવાસીઓએ શહેરની આસપાસ આવેલા કિલ્લાના સઘળા દરવાજાઓ બંધ કરી દઇને તેના ઉપર પહેરો રાખ્યો. અલેકઝાંડરના સૈનિકોએ સમુદ્ર ઉતરીને પેલી પાર જવાને માટે સમુદ્રમાં ઇંટો, માટી, લાકડાં વગેરેના ઉંચા ઉંચા પહાડ જેવા ઢગલાઓ કર્યા અને તે ઉપરથી સમુદ્રની પાર ઉતરવાનો માર્ગ તૈયાર કર્યો. આ ઢગલાઓ તોડી પાડવાને માટે ટાયરીના કેટલાક વીર પુરૂષોએ બે ત્રણ વખત યત્ન કર્યો; પરંતુ અલેકઝાંડરના વિજયી સૈન્ય આગળ તેમનું કાંઈ વળ્યું નહિ. અંતે અલેકઝાંડર પોતાના સૈન્ય સાથે સમુદ્રની પાર ઉતરીને ટાયરીના પ્રચંડ કિલ્લા પાસે જઇ પહોંચ્યો. આ ઘેરો લગભગ સાત માસ સુધી ચાલુ રહ્યો હતો, તો પણ અલેકઝાંડર યા તો તેના સૈનિકો હીંમત હારી ગયા નહોતા. જો કે પોતે જલદીથી વિજય મેળવી શકતો નથી, એ માટે અલેકઝાંડરને ઘણું લાગી આવતું હતું, છતાં તે પોતાની લાગણી બીજા કોઇને જાણવા દેતો નહિ. સાત માસ સુધી અલેકઝાંડરના સૈન્યે કિલ્લાની આસપાસ ઘેરો ઘાલ્યો હોવાથી ટાયરીનો નરપતિ તથા નગરવાસીઓ ઘણા ગભરાઇ ગયા. અલેકઝાંડરની હીંમત જોઇને તેમના આશ્ચર્યની સીમા રહી નહિ. તેમને જાગ્રત સ્થિતિમાં યા તો સ્વપ્નમાં માત્ર અલેકઝાંડરજ જણાતો હતો. ટાયરી શહેરમાં ઍપોલો નામની એક પિત્તળની દેવમૂર્ત્તિ હતી. એક માણસને સ્વપ્નમાં એમ જણાયું કે, એ દેવમૂર્ત્તિ ટાયરીનગરવાસીઓનો ત્યાગ કરી અલેકઝાંડર પાસે જવાની ઇચ્છા રાખે છે, ત્યારે તેણે આ વાત સઘળા નગરવાસીઓને નિવેદન કરી અને અંતે એ ઍપોલો નામની દેવમૂર્ત્તિને પગે એક મ્હોટી સોનાની સાંકળ બાંધી તેનો બીજો

છેડો બીજા હારક્યુલિસ નામની દેવમૂર્ત્તિના પગ સાથે સખ્ત રીતે બાંધવામાં આવ્યો. ટાયરીવાસીઓ કિલ્લા ઉપરથી શત્રુ સૈન્ય ઉપર પત્થરોનો તેમજ તીરોનો સખ્ત મારો ચલાવવા લાગ્યા. અલેકઝાંડર પણ પોતાના સૈન્યની આગળ, ઉભો રહીને પ્રચંડ પરાક્રમનો પરિચય કરાવવા લાગ્યો. તેણે તેમજ તેના સાધારણ સંખ્યાના સૈન્યે અસંખ્ય ટાયરીવાસીઓને વ્યાકુળ બનાવી દીધા, તેમજ કિલ્લાની દિવાલને તોડવાનો યત્ન આરંભ્યો. ધીમે ધીમે અલેકઝાંડરના અતુલ પરાક્રમથી કિલ્લાની દિવાલ તૂટવા લાગી, અને તે સાથેજ ટાયરી નગરવાસીઓનું ભાગ્ય પણ તૂટયું. જે જે સ્થળેથી કિલ્લાની દિવાલ ભાંગી ગઈ તે તે સ્થળનું રક્ષણ કરવાને માટે ટાયરીનો નગરપતિ તથા ત્યાંના નગરવાસીઓ મહા મહેનત કરવા લાગ્યા. અનેક શૂરવીર યોદ્ધાઓએ શત્રુઓના વિરૂદ્ધ યુદ્ધ કરતાં કરતાં પોતાના પ્રાણ યુદ્ધદેવીના ખોળામાં ઉત્સર્ગ કર્યા. પરંતુ તેમની આ શૂરવીરતાનું અલેકઝાંડર જેવા મહા પરાક્રમશાળી વીરવરના સૈન્ય સામે કાંઇ ચાલી શકયું નહિ. તેઓ મેસિડોનિયાના સૈનિકોની પ્રચંડ ગતિને રોકી શકયા નહિ, પરંતુ આ યુદ્ધમાં અલેકઝાંડરના ઘણા સૈનિકો તેમજ સરદારો સુરલોકમાં ચાલ્યા ગયા. અલેકઝાંડરનું દિગ્વિજયી સૈન્ય અસાધારણ સાહસિકતા, શૂરતા વગેરેનો પરિચય કરાવતું કિલ્લો જે જે સ્થળેથી ભાંગી ગયો હતો તે તે સ્થળેથી નગરમાં પેઠું. ટાયરીવાસીઓ જો કે પોતાની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવાને માટે મરણિયા થઇને લડયા, પરંતુ વિજયદેવીની તેમના ઉપર કૃપા થઇ નહિ. તેમણે પોતાની સ્વતંત્રતા માટે પોતાના પ્રાણને સમર્પણ કરીને જે આત્મત્યાગનો પરિચય કરાવ્યો છે, એજ તેમની ઉજ્વળ કીર્ત્તિનું જ્વલંત ઉદાહરણ છે. ટાયરી નગરવાસીઓનો જો કે પરાજય થયો, તોપણ પ્રિય વાંચકો તેમના આવા આત્મત્યાગની વાત વાંચીને મુગ્ધ થશેજ એનો અમને દઢ વિશ્વાસ છે.

અલેકઝાંડર સાથેના આ ભીષણ યુદ્ધમાં આઠ હજાર ટાયરીવાસીઓએ પોતાની સ્વતંત્રતાને સાચવી રાખવા અર્થે પોતાના પ્રાણનાં બળિદાન આપીને વીરગતિ પ્રાપ્ત કરી હતી. આ આઠ હજાર સિવાય બીજા બે હજાર કેદ પકડાયલા ટાયરીવાસીઓનો અલેકઝાંડરે ક્રૂરતાથી નાશ કર્યો. પોતાની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવા માટે સામા પક્ષની વિરૂદ્ધમાં સર્વ દેશવાસીઓએ પોતાના પ્રાણને તુચ્છ સમજવો જોઇએ, એ ઉત્તમ નીતિ પ્રમાણે ટાયરીવાસીઓએ પણ પોતાના પ્રાણને તુચ્છ માની શત્રુ સામે યથાશક્તિ સામર્થ્ય દર્શાવ્યું હતું. જય-પરાજય ભાગ્યના ઉપર આધાર રાખે છે. તેમનો પરાજય થયેલો હોવા છતાં તેમના આ આત્મત્યાગની કીર્તિકથા હમ્મેશને માટે મનુષ્ય-સમાજમાં સ્મરણીય થઇ પડશે. આવી પ્રચંડતાનું પ્રદર્શન કરાવીને પણ અલેકઝાંડરની પશુવૃત્તિ શાંત થઇ નહિ. તેણે લગભગ ત્રીસ હજાર ટાયરીવાસીઓ તથા તેમના નોકરોને દાસરૂપે વેચીને યથેષ્ટ દ્રવ્ય મેળવ્યું.

યુદ્ધને અંતે મેસિડોનિયાના ચારસો સૈનિકોએ સુરલોકમાં પ્રયાણ કર્યું હતું. ઈ૦ સ૦ ૩૩૨ પૂર્વે શ્રાવણ માસમાં ટાયરી નગર અલેકઝાંડરે હસ્તગત કર્યું. તેણે હારક્યુલિસ નામક દેવની પૂજા કરવાના નિમિત્તે કેટલાક દિવસ સુધી ટાયરી નગરમાં ઉત્સવ કર્યો હતો. અલેકઝાંડરે જે સમયે ટાયરી નગરના કિલ્લાને ઘેરો ઘાલ્યો હતો તે સમયે ડરાયસ તરફથી તેનો એક દૂત એક પત્ર લઇને અલેકઝાંડર પાસે હાજર થયો હતો. એ પત્રમાં ડરાયસે એમ લખ્યું હતું કે, જો અલેકઝાંડર તેનાં માતા, સ્ત્રી તેમજ સંતતિને મુક્ત કરશે તો તે તેને દશ હજાર ટેલેન્ટ અર્થાત્ સુમારે ત્રણ કરોડ છાસઠ લાખ રૂપિયા, તેમજ યુફ્રેતિસ સરિતાના તટથી તે ગ્રીસસાગર સુધીનો સમસ્ત પ્રદેશ આપવાને તૈયાર છે. તે સિવાય ડરાયસે પોતાની કન્યા સ્ટૅટિરાને પણ અલેકઝાંડરને પત્ની તરીકે સ્વાધીન કરવાનું જણાવ્યું હતું. આ પ્રમાણે

ડરાયસે અલેકઝાંડરને જણાવ્યું તેનું કારણ એ હતું કે, આ પ્રકાર બનવાથી તેમની ઉભય વચ્ચેની શત્રુતા નિર્મૂળ થાય તેમ હતું. અલેકઝાંડરે ડરાયસના પત્રનો ઉત્તર એવા અર્થમાં લખી મોકલ્યો કે, ડરાયસ પાસેથી તે સમસ્ત રાજ્ય તથા દ્રવ્યના બદલામાં માત્ર અર્દ્ધ રાજ્ય મેળવવાની ઇચ્છા રાખતો નથી—સમસ્ત રાજ્ય તથા દ્રવ્યની પોતે ઇચ્છા રાખે છે. તે ડરાયસની કોઇ પણ પ્રકારથી સંમતિ ગ્રહણ કર્યાં સિવાય તેની પુત્રી સાથે વિવાહ કરી શકવાને સમર્થ છે. એ પ્રકારમાં ડરાયસ અસંમતિ દર્શાવે તો પણ તેનું કાંઇ ચાલી શકે તેમ નહોતું, એ કહેવાની કાંઇ જરૂર નથી. જે પ્રદેશ તેણે ડરાયસની સત્તામાંથી કાઢી લઇને પોતાને હસ્તગત કર્યો છે, તે પ્રદેશ એ બીજાને કેવી રીતે અર્પણ કરી શકે. ડરાયસને અલેકઝાંડરના ભદ્ર વ્યવહારનો પરિચય પ્રાપ્ત કરવો હોય તો તેણે અલેકઝાંડરની પાસે હાજર થવું. અલેકઝાંડરે જ્યારે આવા સારાંશનો પત્ર ડરાયસ ઉપર લખ્યો ત્યારે જુના અનુભવી સરદાર પારમિનિઓએ કહ્યું કે:—"જો હું કદાચ અલેકઝાંડર હોત તો ડરાયસની પ્રાર્થના માન્ય કરત." બાવીસ વર્ષના સ્વાભિમાની અલેકઝાંડરે પારમિનિઓનું વાક્ય સાંભળીને કહ્યું કે:— "હું જો કદાચ પારમિનિઓ હોત તો એ પ્રમાણે કરત; પરંતુ હું અલેકઝાંડર છું તેથી આવા પ્રકારનો પત્ર લખી મોકલું છું!" અલેકઝાંડરનો પત્ર જ્યારે ડરાયસને પ્રાપ્ત થયો ત્યારે સંધિની આશાનો પરિત્યાગ કરીને તે અલેકઝાંડરની વિરૂદ્ધ પુનઃ યુદ્ધ કરવાની તૈયારી કરવા લાગ્યો.

યાહુદી ઐતિહાસિક યુસફ, કે જે અલેકઝાંડરની હયાતિ પછી ત્રણસો વર્ષના કાળને અંતરે હયાત હતો તેણે પોતાના ઇતિહાસમાં લખ્યું છે કે, જે સમયે અલેકઝાંડરે ટાયરી નગરને ઘેરો ઘાલ્યો હતો, તે સમયે ખોરાકની સામગ્રી લઇ આવવાને માટે તેણે જુડિયા વગેરે

પ્રદેશોમાં પોતાના કેટલાક માણસોને મોકલ્યા હતા, જ્યારે એ માણસો જેરૂસેલમ જઈ પહોંચ્યા, ત્યારે ત્યાંના યાહુદીઓએ એમ કહ્યું હતું કેઃ—"અમે ઇરાનના રાજા ડરાયસની આજ્ઞાને અધીન હોવાથી અલેકઝાંડરને કોઇ પણ પ્રકારની સહાયતા કરી શકીએ એમ નથી." આમ કહીને તેમણે એ માણસોને પોતાના દેશમાંથી હાંકી કાઢયા હતા. અલેકઝાંડરે પ્રથમ તો પોતાનું આ અપમાન શાંતિથી સહન કર્યું હતું; પરંતુ આ સમયે તે પોતાના અપમાનનો બદલો લેવાને માટે જેરૂસેલમ તરફ ચાલી નીકળ્યો.

ટાયરી હસ્તગત થયા પછી અલેકઝાંડરની અતુલનીય શક્તિ તથા ભયંકરતાની વાત સર્વ દેશોમાં ફેલાઇ ગઇ હતી. અલેકઝાંડર ક્રોધાવેશમાંજ જેરૂસેલમનો ધ્વંસ કરવાને માટે અગ્રેસર થયો. આવી સ્થિતિમાં જેરૂસેલમનું રક્ષણ કરવાનું કામ કાંઇ સાધારણ નહોતું. નગરરક્ષક તથા નાગરિકો અલેકઝાંડરના આગમનના સમાચાર જાણતાંજ ભાવી ભયની ભાવનાથી આકુળ—વ્યાકુળ બની ગયા. નગરરક્ષક પોતાના સામર્થ્ય ઉપર વિશ્વાસ નહિ રાખતાં, ભાગ્યનો વિશ્વાસ રાખીને દેવભક્તિ કરવા મંડી પડયો. એ દિવસે તેને એવી સૂચનાનું સ્વપ્ન આવ્યું કેઃ—"અલેકઝાંડરનો અટકાવ નહિ કરતાં, તેને સન્માનસહિત બોલાવી લાવ. રાજમાર્ગોને પુષ્પપલ્લવોથી સુસજ્જિત કરાવ. સઘળા નગરવાસીઓ અલેકઝાંડરની સામા જઇ તેને સન્માન આપીને નગરમાં તેડી લાવો." સ્વપ્નમાં થયેલી સૂચના નગરરક્ષકે સર્વને જાહેર કરી. દેવપૂજા વગેરે થઇ ગયા પછી નગરરક્ષકે શહેરના સર્વ માર્ગો પુષ્પપલ્લવોનાં તોરણોથી તેમજ ધ્વજાપતાકાઓથી સુસજ્જિત કર્યા, અને ત્યાર પછી તે સઘળા નગરવાસીઓ સાથે અલેકઝાંડરને સન્માનસહિત નગરમાં તેડી લાવવાને માટે તેની સામે જવા નીકળ્યો. અલેકઝાંડર નગરનો નાશ કરવાને માટે આવતો હતો; પરંતુ નગરવાસીઓને

પોતાની સામા આવતા જોઇને તે મુખ્ય પુરોહિત પાસે ગયો, અને તેને યોગ્ય સન્માન દર્શાવી યોગ્ય આદરસત્કાર આપ્યો. અલેકઝાંડરના વર્તનનું આવું વિચિત્ર પરિણામ કેમ, એ સંબંધી સરદાર પારમિનિઓએ તેને પ્રશ્ન કર્યો, ત્યારે અલેકઝાંડરે એવો ઉત્તર આપ્યો કેઃ— "જ્યારે હું એશિયા ઉપર વિજય મેળવવાને સ્વરાજ્યમાંથી નીકળવાની તૈયારીમાં હતો તે સમય દરમ્યાન એક દિવસે રાત્રે મને એક અદ્ભુત સ્વપ્ન આવ્યું હતું. એ સ્વપ્નમાં એક ધર્મપ્રિય પુરોહિતે મને એશિયા ઉપર વિજય મેળવવાને માટે બોલાવ્યો હોય એવો સંકેત કર્યો હતો; તથા તેમણે એમ કહ્યું હતું કે, હું એશિયા ઉપર અવશ્ય વિજય મેળવી શકીશ; તથા મને મારા એ કાર્યમાં પ્રભુ સહાય કરશે. સ્વપ્નમાં જોયેલા એ ધર્મપ્રિય પુરોહિત મહાત્માનું મુખ બરાબર આ પુરોહિતના મુખને મળતું છે. વળી એ પુરોહિતના જેવાંજ વસ્ત્રો આ પુરોહિતનાં છે." આ રહસ્ય–ભેદથી અલેકઝાંડરની વિચિત્ર વર્તણુકનું રહસ્ય સર્વ સમજી શક્યા. અલેકઝાંડરે નાગરિકોની સાથે નગરમાં પ્રવેશ કર્યો. સુચતુર નગરરક્ષક જો આવો ઉપાય ન કરત તો જેરૂસેલમની કેવી શોચનીય સ્થિતિ થઇ પડત, તેની કલ્પના સર્વ કોઇ કરી શકે તેમ છે. અલેકઝાંડરના જેરૂસેલમમાં થયેલા આ આગમનની હકીકત કોઈ પણ ગ્રીક ગ્રંથમાં મળી આવતી નથી.

જેરૂસેલમથી અલેકઝાંડર મિશ્રદેશ તરફ ચાલી નીકળ્યો. મિશ્રમાં પ્રવેશ કરવા પહેલાં તેણે ગાઝા નામક સ્થાન સ્વાધીન કર્યું. આ સ્થાન હસ્તગત કરવાને માટે અલેકઝાંડરને ઘણી મુશિબત વેઠવી પડી હતી. તેનું સંક્ષિપ્ત વર્ણન અત્રે નિવેદન કરવામાં આવે છે.

ગાઝા શહેર સિરિઆની રાજધાની હતું. એ શહેરમાં બત્તીસ નામક એક ખોજો સુબેદાર હતો. એના ઉપર ડરાયસની ઘણી કૃપાદષ્ટિ હતી. ગાઝા નગરની આસપાસ પણ સુદૃઢ કિલ્લો હતો. તેથી અલેક-

ઝાંડરથી એકદમ ગાઝા નગરમાં પ્રવેશ કરી શકાયો નહિ. તેણે એ કિલ્લાની દિવાલને પાયામાંથી ખોદી નાખવાનું કામ સતત શ્રમથી ચાલુ કરાવ્યું.

આ પ્રસંગે અલેકઝાંડર પોતાનો વિજય થાય એ હેતુથી દેવભક્તિ કરવા બેઠો હતો; એવામાં એક મોટું માંસાહારી પક્ષી તેની ઉપર થઇને ચાલ્યું જતું હતું, તેના મુખમાંથી એક નાનો પથ્થર અલેકઝાંડરના સ્કંધ પ્રદેશ ઉપર પડયો. કેટલાક જ્યોતિષિઓએ આ બનાવનો અર્થ એવો કર્યો કે, અલેકઝાંડરને શહેર હસ્તગત કરવા માટે ઘણી મહેનત કરવી પડશે, કદાચ તેના જીવને પણ જોખમ થાય એવો સંભવ છે; આથી કરીને અલેકઝાંડરે દુશ્મનોના મારાથી સુરક્ષિત સ્થળે રહેવું જોઇએ. પ્રથમ તો અલેકઝાંડરે જ્યોતિષિઓનું કહેવું કબૂલ કર્યું, અને તે એક સુરક્ષિત સ્થળે જઈ રહ્યો; પરંતુ ગાઝા નગરના લોકોએ જ્યારે તેના સૈન્ય ઉપર હુમલો કર્યો ત્યારે તે દોડતો દોડતો પોતાના સૈન્યમાં આવી પહોંચ્યો, અને વક્તૃતાથી સર્વ સૈનિકોને ઉત્તેજિત કરવા લાગ્યો. આ સમય દરમ્યાન શત્રુઓ પૈકીના એક સૈનિકનું તીર ત્વરાથી આવીને તેના ખભામાં પેઠું. અલેકઝાંડરને આથી અસહ્ય વેદના થવા લાગી, પરંતુ પાસે જે એક જ્યોતિષી હતો, તેણે આ પ્રકાર જોઇને કહ્યું કે:—"હવે આપનો જીવ નિર્ભય છે. જે અનિષ્ટ થવાનું હતું તે થઇ ગયું છે. આ અનિષ્ટમાંથી આપ બચી ગયા છો, તેથી કરીને શહેર આજને આજ આપ હસ્તગત કરી શકશો." આવા ઉત્તેજનથી અલેકઝાંડર પોતાને થયેલા આઘાતની વેદના ભૂલી ગયો, અને તે પોતાના સૈનિકોસહિત શત્રુઓ ઉપર ટૂટી પડયો. ધીમે ધીમે કિલ્લાની દિવાલમાંથી નગરમાં પ્રવેશ કરવાનો માર્ગ પણ ખુલ્લો થઇ ગયો. મેસિડોનિયનોએ વિનાવિલંબે નગરમાં પ્રવેશ કર્યો, અને શત્રુઓનાં રૂધિર પીવાને

તરસી થઇ રહેલી પોતાની સમશેરોને યથેષ્ટ ભોગ આપ્યો, સુબેદાર બત્તીસ કેદ પકડાયો, તથા તેને અલેકઝાંડર આગળ હાજર કરવામાં આવ્યો. આ સમયે તેના સમસ્ત શરીરમાં થયેલા અસંખ્ય ઘામાંથી પુષ્કળ લોહી વહી જતું હતું; આમ છતાં અલેકઝાંડરે તેના ઉપર દયા દર્શાવી નહિ. બત્તીસના ગળામાં એક છિદ્ર પડાવી તેમાં મજબુત દોરડી બાંધી એ દોરડી તેણે પોતાના રથનાં પૈડાં સાથે બંધાવી, તથા એ રથ સમસ્ત શહેરમાં ફેરવીને બત્તીસને રથનાં પૈડાં નીચે ચગદાવીને મારી નખાવ્યો. આવી ક્રૂરતા દર્શાવી અલેકઝાંડરે ગાઝા નગર ઉપર વિજય મેળવ્યો.

અલેકઝાંડર ગાઝા ઉપર વિજય મેળવી ઘણી ઉતાવળથી મિશ્રદેશ તરફ જવા લાગ્યો. એ દેશના ઇરાની અધિકારીઓ, ગ્રૅાનકસ, ઇસસ, ટાયરી, ગાઝા વગેરેના શોચનીય પરિણામની હકીકતને યાદ કરીને પોતાનું કર્તવ્ય ભૂલી ગયા. તેઓ દ્રવ્ય તેમજ માણસો સાથે અલેકઝાંડરને શરણે આવ્યા. કુર્ટિયસ જણાવે છે કે, ડરાયસનો એક સરદાર આઠસો ટાલેન્ટ અર્થાત્ ૨૯ લાખ ૨૫ હજાર રૂપિયા અર્પણ કરીને અલેકઝાંડરની પ્રીતિ પ્રાપ્ત કરી શકયો હતો. સંસારમાં ઘણું કરીને બે પ્રકારના લોક જોવામાં આવે છે. એક પ્રકારના લોક પોતાના સ્નેહીઓની દુર્દશા જોઇને યુદ્ધમાં ઉતરી પડે છે, અને બીજા પ્રકારના લોક ભયથી વ્યાકુળ બની જઇને યુદ્ધભૂમિમાંથી પલાયન કરી જાય છે. મિશ્રદેશના ઇરાની અધિકારીઓ બીજાઓનાં સંકટ જોઇને ગભરાઈ ગયા. પોતાના શિરે આવી પડતું સંકટ દૂર કરવાનું સામર્થ્ય તેમનામાંથી ચાલ્યું ગયું.

અલેકઝાંડર પ્રથમ મિશ્રદેશના મુખ્ય નગર મેમફિસ તરફ જવાને તૈયાર થયો, એ નગર તરફ જતાં રસ્તામાં તેણે સૂર્યનગર અગર તો ગ્રીક 'હિલિઓપૅલેસ' નગર પોતાને સ્વાધીન કર્યું. મેમફિસમાં જઇ

પહોંચીને તેણે દેવપૂજા તથા વિવિધ પ્રકારના ઉત્સવોનો સમારંભ કર્યો. આ સ્થાનેથી ફરીથી પ્રત્યાગમન કરીને અલેકઝાંડર હાલના અલેકઝાન્ડ્રિયા નામક સ્થાનેથી ૨૨૦ માઇલ દૂર આવેલા 'એમન'ના મંદિરનું દર્શન કરવા ગયો. આ સ્થાને જઇ પહોંચતાં તેને ઘણી હરકત પડી હતી, તોપણ અલેકઝાંડર ગમે એવી હરકતને પણ પહોંચવામાં પાછી પ્હાની કરે એવો નહોતો. અલેકઝાંડર, પોતે કોનો પુત્ર છે તે જાણવાને માટે અતિ ઉત્સુક હતો, કારણકે તે ફિલિપનાં 'વર્ણસંકર' વગેરે સંબોધનોને અદ્યાપિ ભૂલી શકયો નહોતો. ઉપર્યુક્ત મંદિરના પૂજારી પાસે જઇને અલેકઝાંડરે, પોતે કોનો પુત્ર છે એ સંબંધી પૂજારીને પ્રશ્ન કર્યો.

પૂજારીએ અલેકઝાંડરને સન્માન આપવા માટે 'ઓપિદિયમ' અર્થાત્ 'હે પુત્ર!' કહીને બોલાવ્યો; પરંતુ તેનાથી સ્પષ્ટ ઉચ્ચાર થઇ શક્યો નહિ, તેને પરિણામે 'ઓપિદિયસ' અર્થાત્ 'હે દેવ-પુત્ર!' એમ અલેકઝાંડરના સાંભળવામાં આવ્યું. આ ભૂલે તેની કીર્ત્તિમાં તથા તેના સ્વાભિમાનમાં વૃદ્ધિ કરી. ત્યાર પછી એ પૂજારીને પુષ્કળ દ્રવ્ય, રત્ન આપીને અલેકઝાંડર મેમફિસ નગર તરફ પુનઃ જઇ પહોંચ્યો. તે જ્યારે મિશ્ર દેશમાં હતો ત્યારે તેણે પોતાની કીર્ત્તિમાં વધારો કરવાને માટે અલેકઝાન્ડ્રિયા નામક એક નગરની સ્થાપના કરી. આ નગર ઐતિહાસિક વાંચકોથી અજ્ઞાત નથી. આ નગર પૂર્વ તથા પશ્ચિમ દેશના મધ્ય ભાગમાં હોવા છતાં આ ઇતિહાસ–પ્રસંગે વ્યાપાર–વિષયમાં તે ઘણું ઉન્નત હતું. અલેકઝાંડરના પરલોકવાસ પછી તેના સામ્રાજ્યનો નાશ થયો છે, તેના સમયને સ્મરણ કરાવનારૂં એક પણ ચિહ્ન અલેકઝાન્ડ્રિયા સિવાય કાયમ રહ્યું નથી. ઇ. સ. ૩૩૧ પૂર્વે ગ્રીષ્મકાળમાં અલેકઝાંડર મિશ્ર દેશનો પરિત્યાગ કરીને પુનઃ ટાયરી નગરમાં આવી પહોંચ્યો. આ સમયે તે એશિયામાઇનર,

જુડીયા તેમજ મિશ્ર દેશનો નરપતિ થયો હતો. થોડા સમયમાં તેમજ થોડી ઉંમરમાં, તે પોતાના સતત રણોત્સાહ, દઢતા, સાહસિકતા, શૂરતા વગેરે સદ્‌ગુણોને લીધે એક પ્રબળ નરપતિનું રાજ્ય જીતી શકવાને સમર્થ થયો હતો.

જ્યારે અલેકઝાંડર પુનઃ ટાયરીમાં આવી પહોંચ્યો ત્યારે તેણે એક મહાન ઉત્સવ કર્યો, આ ઉત્સવ-પ્રસંગે નૃત્ય, ગીત, નાટક, અભિનય, વ્યાયામ, મૃગયા વગેરે થવાથી એ ઉત્સવ સર્વેને ઘણો આનંદજનક થઇ પડયો હતો. અલેકઝાંડરે સઘળા સૈનિકોને પણ આ પ્રસંગે સંતુષ્ટ કર્યા, અને તેને લીધે તેઓ ભૂતકાળના સતત શ્રમને ભૂલી ગયા. તેઓ જાણે કે પાછા પુનર્જીવન ધારણ કરીને નવીન ઉત્સાહથી સંકટ સામે થવાને તૈયાર થયા. આ ઉત્સવ કેટલાંક અઠવાડીયાં સુધી ચાલ્યા પછી અલેકઝાંડર ફરીથી યુદ્ધને માટે તૈયારી કરવા લાગ્યો.

ડરાયસ ઇસસ આગળ પરાજય પામીને યુફ્રેતિસની પેલી પાર જઇ પહોંચીને પોતાને સંકટમુક્ત થયેલો સમજતો હતો. તે પોતાના સામ્રાજ્યમાં આવેલા પ્રદેશમાં જઇ પહોંચીને ફરીથી ઉદ્યમ આરંભીને નવીન સૈન્ય એકત્ર કરવા લાગ્યો. તેનું પશ્ચિમ દેશનું સૈન્ય અલેક-ઝાંડર આગળ પરાજય પામીને ભયથી વિહ્વળ બની ગયું હતું. એ સૈન્યની સહાયતાથી પોતાનો વિજય થશે નહિ એવી ડરાયસને કલ્પના આવવાથી તેણે પોતાના સામ્રાજ્યમાંના પૂર્વ પ્રદેશમાંથી નવીન સૈન્ય એકત્ર કરવા માંડયું. બેકટ્રિયા (કે જે હાલ અફઘાનિસ્તાન નામથી ઓળખાય છે), બલુચિસ્તાન વગેરે પ્રદેશમાંથી ડરાયસે ઘણા રણોત્સાહી સૈનિકોને એકત્ર કર્યા. આપણા અનેક ભારતીય રાજાઓ પણ પોતાની જાતેજ ડરાયસને સહાયતા કરવાને ગયા હતા. ડરાયસ આવી રીતે વિવિધ પ્રકારનું યુદ્ધપ્રિય સૈન્ય એકત્ર કરીને ફરીથી

અલેકઝાંડરની વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરવાને તૈયાર થયો. અલેકઝાંડરના બાહુબળની આ સમયે તેણે સર્વાંશે પરીક્ષા કરવાનો નિશ્ચય કર્યો. ડરાયસે આ પ્રસંગે જે સૈન્ય એકત્ર કર્યું હતું, તે સંબંધી કુર્ટિયસ જણાવે છે કે, એ સૈન્યમાં ૨ લાખ પાયદળ અને ૪૦ હજાર ઘોડેસ્વારો હતા, એરિયાનનો અભિપ્રાય એવો છે કે, ૧ લાખ પાયદળ અને ૪૦ હજાર ઘોડેસ્વારો હતા. જસ્ટિનનો મત એવો છે કે, ૪ લાખ પાયદળ અને ૧ લાખ ઘોડેસ્વાર હતા; ત્યારે આ સર્વ સત્યપ્રિય ઐતિહાસિકોમાં બાકી રહી ગયેલા ડ્યુડોર્સનું કહેવું એમ છે કે, ૮ લાખ પાયદળ અને ૨ લાખ ઘોડેસ્વાર હતા. પ્લુટાર્કે એકંદરે ૧૦ લાખનું સૈન્ય ડરાયસ પાસે હોવાનો ઉલ્લેખ કર્યો છે.

અલેકઝાંડરને જ્યારે ડરાયસની સઘળી ખટપટ માલૂમ પડી; ત્યારે તે પોતાનું વિજયી સૈન્ય સાથે લઇ ડરાયસની સામો જવાને ફિનિશિયાનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો. અગીઆર દિવસ સુધી કૂચ કરીને તે શ્રાવણ માસમાં યુફ્રેતિસ સરિતાની પાસે આવી પહોંચેલા થૅપાસ્કાસ નામક સ્થાને જઈ પહોંચ્યો. ડરાયસે અલેકઝાંડરના સૈન્ય ઉપર હુમલો કરવાને માટે બે હજાર ગ્રીકો તથા એક હજાર ઇરાનીઓને મૅજિયસ નામક સરદારની સ્વાધીનતામાં સોંપીને યુફ્રેતિસ નદીના કિનારા સુધી મોકલ્યા હતા. પરંતુ મૅજિયસ સરદાર પ્રાણભયથી અલેકઝાંડરના આવતાં પહેલાંજ પલાયન કરી ગયો હતો. યુફ્રેતિસ નદીને પાર ઉતરી જવા માટે શું કરીશું એ સંબંધી પ્રથમ તો અલેકઝાંડરને વિચાર થઈ આવ્યો હતો ખરો, પરંતુ શત્રુ પક્ષનું સૈન્ય પોતાના નામના પ્રભાવથીજ, તેનું કર્ત્તવ્ય બજાવવું બાજુએ મૂકી પલાયન કરી ગયાની હકીકત તેના જાણવામાં આવી ત્યારે તે નિશ્ચિંત થયો. ઘણીજ સહેલાઇથી તે પોતાના સૈન્યસહ યુફ્રેતિસ નદીની પાર ઉતરી ગયો. ત્યાર પછી તે સરળ રસ્તે બેબિલોન

તરફ નહિ જતાં વાંકે રસ્તે એબિલોન તરફ જવા લાગ્યો. કારણ કે આ વાંકે રસ્તેથી તેને અનાજ પાણી પ્રાપ્ત કરવાની સુગમતા થઈ પડે તેમ હતું. રસ્તે જતાં જતાં ડરાયસના કેટલાક ગુપ્ત દૂતોને તેણે પકડયા, તથા તેમને મુખે તેણે જાણ્યું કે ડરાયસ પ્રથમના કરતાં પુષ્કળ સૈન્ય સાથે લઇને ટાઇગ્રિસ નદીના કિનારા ઉપર તેને આગળ વધતો રોકી રાખવાની ખટપટ કરે છે. આ હકીકત જાણવામાં આવતાંજ અલેકઝાંડર વિજળીના જેટલી ઝડપથી ટાઇગ્રિસ નદી તરફ જવા લાગ્યો. તે જ્યારે ટાઇગ્રિસ નદી પાસે જઈ પહોંચ્યો તો ત્યાં તેની નજરે ડરાયસ કે તેનો એક પણ સૈનિક જણાયો નહિ. સ્વદેશદ્રોહી વિશ્વાસઘાતક પુરૂષોએ વિદેશી શત્રુઓના આગમનનો માર્ગ જો કે અટકાવ્યો નહિ, તો પણ ટાઇગ્રિસ નદીએ વિદેશી શત્રુના ભયથી બ્હી નહિ જતાં અલેકઝાંડરની વિરૂદ્ધ વર્ત્તન ચલાવ્યું. આથી કરીને જો ટાઇગ્રિસ નદીને પોતાના પ્રચંડ વેગની સાથે સ્વદેશભક્તોની સહાયતા મળી હોત તો અલેકઝાંડરને આ સ્થાને કાંઇ થોડું દુઃખ વેઠવું પડત નહિ. ટાઇગ્રિસ નદીની પાર ઉતરી ગયા પછી એ સ્થાને અલેકઝાંડરે પોતાના સૈન્યને થોડા સમય સુધી વિશ્રામ કરવાની રજા આપી. આ સમયે એટલે કે ઇ. સ. ૩૩૧ પૂર્વે સપ્ટેંબર માસની ૨૦ મી તારીખે પૂર્ણગ્રાસ ચંદ્રગ્રહણ થયું હતું. “ આ ગ્રહણ અલેકઝાંડર તથા મેસિડોનિયાવાસીઓને માટે શુભજનક છે, તથા આ માસમાંજ અલેકઝાંડર અતુલનીય વિજય મેળવી શકશે. ” એ પ્રમાણે કહીને એક જ્યોતિષિએ સર્વેને ઉત્તેજિત કર્યા હતા. અલેકઝાંડરે આ સ્થાને વિશેષ વિલંબ નહિ કરતાં ડરાયસની સાથે યુદ્ધ કરવા માટે આગળ પ્રયાણ કર્યું. ચાર દિવસ સુધી કૂચ કર્યાં પછીથી ગુપ્ત દૂત મારફત સમાચાર મળ્યા કેઃ—“ શત્રુ પક્ષના કેટલાક ઘોડેસ્વારો દૂર દેખાય છે; પરંતુ તેમની સંખ્યા કેટલી હોવી જોઇએ એ સંબંધીની કલ્પના કરી

શકાતી નથી." આથી કરીને અલેકઝાંડર, તેના સહચરો તથા સમસ્ત સૈન્ય યુદ્ધની સઘળી તૈયારી કરીને પોતાના પરાક્રમનો પરિચય કરાવવાને માટે આગળ વધ્યું. થોડા સૈન્યને અલેકઝાંડરે પાછળ પાછળ આવવાનું સૂચવ્યું હતું. અલેકઝાંડરને સૈન્યસહ પોતાની તરફ આવતો જોઇને ડરાયસના કેટલાક ઘોડેસ્વાર ડરાયસને ચેતાવવાને માટે પાછા ફર્યા; પરંતુ જે કેટલાક ઘોડેસ્વારોના ઘોડા દુર્બળ હતા તેઓને અલેકઝાંડરે પકડયા, તથા તેમની મારફત તે જાણી શકયો કે, ડરાયસે થોડે દૂર આવેલા એક વિશાળ મેદાનમાં છાવણી નાખી છે, અને તેણે પોતાના સૈન્યમાં, ભારતવર્ષ, અફઘાનિસ્તાન, બલુચિસ્તાન, ખોરાસાન, બલ્ખ, બોખારા વગેરે પ્રદેશોની યુદ્ધપ્રિય જાતિઓને એકત્ર કરી છે. તે સિવાય અલેકઝાંડરને એમ માલૂમ પડી આવ્યું કે, ડરાયસની સહાયતા માટે ભારતવર્ષમાંથી પંદર હાથી આવ્યા છે, આ સઘળા સૈન્યસહ ડરાયસે 'ગાઉગામેલા' (ઉષ્ટ્રગૃહ) નામક સ્થાનની સીમાને છેડે છાવણી નાખી છે. એ સ્થાનથી 'આરબેલા' સ્થાન ૬૯ માઇલ દૂર હોવા છતાં પણ ડરાયસ સાથે અલેકઝાંડરનું આ મહાયુદ્ધ 'આરબેલા' સ્થાને થયાનું ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે, અને તેથીજ આરબેલા સ્થાન સુપ્રસિદ્ધ થઇ પડયું છે.

હવે આ સ્થળે એક વાતનો ઉલ્લેખ કરવો જરૂરનો છે કે આ યુદ્ધની વિશેષ ચળવળ ચાલતાં પહેલાં ડરાયસે કેટલાક પત્રો અલેકઝાંડરના સૈન્યમાં જે ગ્રીક સૈન્ય હતું તે સૈન્યના કેટલાક સરદારો ઉપર લખી મોકલ્યા હતા. આ પત્રો વહેમનો ભોગ થઇ પડવાથી અલેકઝાંડરના હાથમાં આવ્યા. એ પત્રોમાં ડરાયસે એમ લખ્યું હતું કે, કોઇ પણ યુક્તિથી અલેકઝાંડરનું ખૂન કરવું યા તો તેને જીવતો પકડીને પોતાની પાસે હાજર કરવો. આ કાર્ય કરવા માટે ડરાયસે ગ્રીક સરદારોને ઘણી લાલસા દર્શાવી હતી. પરંતુ ડરા-

યસના આ કાર્યનું પરિણામ **'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ'**ના જેવા પરિણામને મળતું આવ્યું. એ પત્રો જોવામાં આવતાંજ અલેકઝાંડરનો ક્રોધ ઘણો વધી ગયો, તથા પોતાના સમસ્ત સૈન્ય પૈકીના કોઇ પણ માણસે ડરાયસના એક પણ પત્રને હાથ અડકાડવો નહિ એવી સૂચના કરવાની તેને ઇચ્છા થઇ આવી; પરંતુ એમ કરવા જતાં કદાચ વિપરીત પરિણામ આવે તો ? એ આશંકાથી અલેકઝાંડરે એ પત્રોની હકીકતને ગુપ્ત રાખી હતી; પરંતુ ડરાયસનું એ નિંદનીય કાર્ય તેનાથી ભૂલી જવાયું નહોતું, અને તેના એ કાર્યની વ્યાજ સાથે વસુલાત લેવાને માટે એ ઉત્સુક બની ગયો હતો.

ડરાયસે અલેકઝાંડરને પોતાની સાથે સલાહ કરવાનું કહેણ બે ત્રણ વખત મોકલ્યું હતું, તેમજ તેણે કેટલાક વિનંતિપત્રો પણ અલેકઝાંડરને લખ્યા હતા, છતાં એનું કાંઇ પરિણામ નહિ આવ્યાથી ડરાયસ ફરીથી સંધિનું કહેણ મોકલવા જતાં સંકોચાતો હતો. પરંતુ અલેકઝાંડર પોતાનાં કુટુંબીજનોની સાથે માયા–મમતાથી વર્ત્તે છે, એવું જ્યારે ડરાયસના જાણવામાં આવ્યું ત્યારે તેણે પોતાના તરફથી દશ વકીલોને સલાહ કરવાને માટે અલેકઝાંડર પાસે મોકલ્યા હતા એ વકીલો સાથે ડરાયસે જે પત્ર લખી મોકલ્યો હતો તેમાંની સંક્ષિપ્ત હકીકત અત્ર અમે સાદર કરીએ છીએઃ—"આપે આજ સુધી મારા કુટુંબનું ઉત્તમ પ્રકારે રક્ષણ કર્યું છે તે માટે હું અંતઃકરણ પૂર્વક તમારો આભાર માનું છું. સંધિ માટે મેં તમને જે શરતે પ્રથમ લખી જણાવી હતી તે કરતાં હાલની શરતો તમને વિશે ફાયદો કરનારી છે, માટે તમે આ સમયની શરતોને માન્ય રાખશો એવી આશા છે. હમણાંની શરતો માન્ય રાખશો તો હેલિસ્પૉન્ટ અને યુફ્રેતિસ વચ્ચેનો સમસ્ત પ્રદેશ તમારી સત્તામાં આવશે." આ પત્રના ઉત્તરમાં અલેકઝાંડરે લખી જણાવ્યું કેઃ—" જે રાજાઓને એક બીજાન

સાથે યુદ્ધ ચાલે છે, તેમણે એક બીજાનો ઉપકાર માનવાની કાંઇ જરૂર નથી. તમારા કુટુંબનું હું પ્રેમપૂર્વક રક્ષણ કરૂં છું તે તમારાથી બ્હી જઇને અગર તો તમને સંતોષ આપવાને કરૂં છું એમ ધારશો નહિ. માત્ર **દુઃખી માણસોને વિશેષ દુઃખી કરવાં એ મહા-પાપનો સંચય કરવા જેવું છે,** એવી મારી માન્યતા હોવાથીજ મેં તેમનું પ્રેમપૂર્વક રક્ષણ કર્યું છે અને કરીશ. **મારે મારી બહાદુરી કાંઈ નિર્દોષ સ્ત્રીઓ કે બાળકો આગળ દર્શાવ-વાની નથી;** પરંતુ મારી સામે યુદ્ધમાં ઉતરનાર શૂરવીર કહેવાતા પુરૂષોને દર્શાવવાની છે. વળી જો તમે મારી સાથે કપટથી ન વર્ત્યા હોત તો હું તમારા સંધિના કહેણ ઉપર થોડો ઘણો વિચાર કરત; પરંતુ તમારી પ્રકૃતિ ભિન્ન હોવાથી અર્થાત્ તમારા ચાવવાના દાંત અને બતાવવાના દાંત જૂદા હોવાથી હું તમારી વિનંતિને યા તો સંધિને સ્વીકારી શકતો નથી. તમે બહારથી મને સંતોષ આપ-વાનો યત્ન કરો છો, અને અંદરથી મારા સરદારોને લાંચ આપ-વાની લાલસા દર્શાવીને મારૂં ખૂન કરાવવાનો યત્ન કરો છો, એ કાંઇ મારી જાણબહાર નથી. તમે મારી વિરૂદ્ધ જે વર્તન ચલાવ્યું છે એ વર્તનનો બદલો હું વ્યાજના પણ વ્યાજ સાથે લીધા સિવાય શાન્ત થનાર નથી. વળી વિશ્વમાં જેમ એકજ સૂર્ય છે તેમ આ સમસ્ત પૃથ્વી ઉપર એકજ સુયોગ્ય રાજાની જરૂર છે અને એ અધિકાર પ્રાપ્ત કરવાની મારી ઉત્કટ ઇચ્છા છે." આ પત્ર મળ-તાંજ ડરાયસની સંધિ કરવાની આશા હવામાં ઉડી ગઇ; અને ત્યાર પછી તેણે યુદ્ધની સઘળી તૈયારી કરી; અસ્તુ.

આરબેલાના યુદ્ધ માટે જ્યારે અલેકઝાંડર જતો હતો ત્યારે તેની પાસે ૪૦ હજાર પાયદળ અને ૮ હજાર ઘોડેસ્વાર હતા.

અલેકઝાંડરે કેદ પકડાયલા ઘોડેસ્વારો મારફત ડરાયસની સઘળી

પરિસ્થિતિ જાણી લઇ ગાઉગામેલા સ્થાન આગળજ પોતાના સૈન્યને ચાર દિવસ સુધી વિશ્રામ લેવાની રજા આપી. તેણે તંબુઓ વગેરે ઠોકાવી સમસ્ત યુદ્ધસામગ્રીને તેમાં સુરક્ષિત રીતે રાખી. પાંચમે દિવસે રાત્રે ત્રણ વાગ્યે યુદ્ધ કરવા જવાને માટે અલેકઝાંડરે પોતાના સૈન્ય સાથે આગળ કૂચ કરી. સૈનિકોને યુદ્ધસામગ્રી સિવાય બીજી કોઇ પણ વસ્તુ સાથે લેવાનો નિષેધ કરવામાં આવ્યો હતો. અલેકઝાંડરે સૂર્યોદય-સમયે શત્રુની ઉપર હુમલો કરવાનું વિચાર્યું હતું; પરંતુ મુસાફરીમાં લાગનારા સમયની ગણના કરવામાં તેણે ભૂલ ખાધી હતી. સૂર્યોદય-સમયે તો તે એક ન્હાના પહાડ પાસે જઇ પહોંચ્યો. આ સ્થળે તેણે પોતાના સલાહકારો તથા સરદારોને મળીને યુદ્ધ ક્યારે કરવું એ સંબંધી સર્વેની સલાહ પૂછી. પારમિનીઓએ કહ્યું કેઃ— "આ સ્થળે થોડા સમય સુધી મુકામ રાખીને શત્રુસૈન્યની તથા તેમની યુદ્ધવ્યવસ્થાની આપણે ચિકિત્સા કરીએ તો ઘણું સારૂં. છેવટે પારમિનિઓનું કહેવું માન્ય થયું. ત્યાર પછી કેટલાક ગુપ્ત દૂતોને અલેકઝાંડરે શત્રુસૈન્યની વ્યવસ્થા જોઈ આવવા મોકલ્યા. તેમના જઇ આવ્યા પછી અલેકઝાંડરે પોતાના સમસ્ત સલાહકારો, સરદારો, ઘોડેસ્વારો તથા સૈનિકોને એકત્ર કરીને મર્મભેદક સ્વરે કહેવાની શરૂઆત કરી કેઃ—" તમને સર્વેને પુનઃ રણક્ષેત્રમાં યુદ્ધ કરવાને માટે ઉત્તેજિત કરવા પડે એમ નથી. તમે તમારા અસાધારણ શૌર્યનો પરિચય કરાવી ચૂક્યા છો, અને ભવિષ્યમાં પણ તમારી વિજયી શક્તિને સતેજ કરવાને, તમારાં શૌર્ય તથા સાહસનો શત્રુપક્ષને ઉત્તમ પરિચય કરાવવામાં પાછી પ્હાની કરશો નહિ, એવી મને ખાત્રી છે. આ સમયે સર્વેએ અસાધારણ ઉત્સાહથી યુદ્ધ કરવાનું છે, આ અંતિમ યુદ્ધમાં આપણે વિજયી થવાને માટે, પ્રાણની પણ પરવાહ ન રાખતાં મરણિયા થઇને લડવાનું છે. આ યુદ્ધમાં આપણને વિજય પ્રાપ્ત થશે,

એટલે આપણે સમસ્ત એશિયાખંડના સત્તાધિકારી થઇશું એ નિઃસંદેહ છે. કોણ ચક્રવર્ત્તી રાજા થશે તે આ યુદ્ધના પરિણામ ઉપર અવલંબીને રહેલું છે, તમે શત્રુની અસંખ્ય સંખ્યા જોઇને તમારા હૃદયમાં ભયને કદી પણ સ્થાન આપશો નહિ. એ અસંખ્ય સંખ્યામાં યુદ્ધમાં ઉતરનાર બકરાંઓનો નાશ કરવાને માટે આપણે થોડા સિંહ-બચ્ચાઓ બસ છીએ. આ યુદ્ધમાં આપણે બહુ ચતુરાઇ વાપરવાની છે. આપણી વિજયી ગતિથી શત્રુઓ પ્રથમથીજ આપણો ભય રાખે છે, યુદ્ધમાં આપણા અતુલ પરાક્રમનું દર્શન કરતાંજ તેઓ પલાયન કરી જઇને પોતાનો જીવ બચાવશે. સિંહનાદ કરી તમે શત્રુઓને ગભરાવી નાખજો. તમે એકત્ર થઇ જઇને શત્રુઓનાં મસ્તકોને–તમારી લોહી પીવાને તૃષાતુર થઇ ગયેલી સમશેરનો ભોગ બનાવજો. એ વિલાસી મોહાંધ સૈન્યનો પરાજય કરવાને આપણી સાહસિકતા, દૃઢતા અને દુઃખમાં સહનશીલતા વગેરે સદ્‌ગુણોનો આ સમયે આપણે સારો ઉપયોગ કરી શકીશું. આવી રીતે પોતાના સૈનિકોને ઉત્તેજિત કરીને અલેકઝાંડરે તેમને ભોજન તેમજ વિશ્રામ કરવાની રજા આપી.

આ સ્થળેથી લગભગ બે ગાઉ દૂર ડરાયસની છાવણી હતી. ડરાયસ અલેકઝાંડરના આગમનના સમાચાર જાણીને તરતજ યુદ્ધ માટે તૈયાર થઇ ગયો. કદાચ શત્રુઓ સામે હુમલો કરે એવી આશંકાથી સમસ્ત સૈન્યે રાત્રિનો સમય તાપણીઓ સળગાવીને તાપતાં તાપતાં ગપાષ્ટકો હાંકવામાં પસાર કર્યો. આ સમયે ડરાયસે ઘણી સારી સપાટ જગ્યાએ છાવણી નાખી હતી. હરવા–ફરવાની પણ ઘણી જગ્યા હતી. અલેકઝાંડર પોતાની છાવણી માટે ડરાયસના જેવી સારી જગ્યા મેળવી શક્યો નહોતો. ડરાયસ પોતાની છાવણીમાં શાંતિ ધારણ કરી રહ્યો હતો, તેથી યુદ્ધમાં ઉતરવાની તે પહેલ કરશે એમ અલેકઝાંડરને લાગ્યું નહિ. હવે શાંતિથી પડી રહેવું કે

કેમ એ સંબંધી અલેકઝાંડર વિચાર કરવા લાગ્યો. આ પ્રસંગે તેણે પોતાના સલાહકારોને બોલાવીને યુદ્ધ કેવી રીતે કરવું એ સંબંધી પ્રશ્ન કર્યો, તો રણચતુર પારમિનિઓએ કહ્યું કેઃ—"રાત્રે શત્રુઓ સાવધ ન હોય તેવે સમયે તેમના ઉપર હુમલો કરીશું તો અવશ્ય આપણો વિજય થશે." અલેકઝાંડરે પારમિનિઓની સલાહને અમાન્ય કરીને કહ્યુંઃ—"વિજયી વીર અલેકઝાંડર વિશ્વાસઘાતથી યુદ્ધ કરવા ઇચ્છતો નથી. આપણે આપણા બાહુબળથીજ વિજય મેળવીને વિશ્વના ઇતિહાસમાં આપણા બાહુબળને જગપ્રસિદ્ધ કરવાનું છે." આ વાક્યો અલેકઝાંડરને માટે કાંઈ થોડાં શોભાસ્પદ નથી. પરિણામે બીજે દિવસે સ્હવારે યુદ્ધ કરવું, એવો નિશ્ચય કરીને સઘળા સરદારો વિશ્રાંતિ લેવાને માટે ચાલ્યા ગયા.

બીજા દિવસનું સ્હવાર થયું. સમસ્ત સૈન્ય યુદ્ધ કરવાને માટે તૈયાર થઇ ગયું. તેઓ શત્રુઓ ઉપર હુમલો કરવાને માટે અલેકઝાંડરની આજ્ઞા મળવાની રાહ જોવા લાગ્યા; આમ છતાં ઘણો દિવસ ચઢયો તોપણ અલેકઝાંડર પોતાના તંબુની બ્હાર નીકળ્યો નહિ. આથી કરીને સમસ્ત સૈન્યને ઘણું આશ્ચર્ય લાગ્યું. છેવટે પારમિનિઓ તેના તંબુમાં ગયો, અને તેણે અલેકઝાંડરને જગાડયો. જ્યારે અલેકઝાંડર શય્યામાંથી ઉઠીને ઉભો થયો ત્યારે પારમિનિઓએ તેને કહ્યું કેઃ—"મહારાજ ! આવા પ્રચંડ શત્રુ વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરવાની તયારી ચાલી રહી છે, એવા સમયે આપને આવી ઘોર નિદ્રા કેવી રીતે આવી શકી ?"

અલેકઝાંડરે ગંભીરતાથી કહ્યુંઃ—"શત્રુને તમે જેવો પ્રચંડ ધારો છો તેવો પ્રચંડ જો હું ધારતો હોત તો તેના ભયની ભાવનાને લીધે મને નિદ્રા ન આવત; પરંતુ ડરાયસને વિનાશકાળે વિપરીત બુદ્ધિ સુઝી છે; તે મારી ગણનામાંજ નથી. એના જેવા અનેક શત્રુઓ

સાથે યુદ્ધ કરવું એ મ્હારે મન તો છોકરાંની રમત જેવુંજ હોવાથી મને ઘોર નિદ્રા આવે એમાં શી નવાઇ ?" આ ઉત્તર ઉપરથી અલેકઝાંડરને પોતાના વિજય ઉપર કેવો દૃઢ વિશ્વાસ હતો તેની કલ્પના સહજ આવી શકે તેમ છે.

આવી રીતે એક તરફથી અલેકઝાંડર યુદ્ધમાં વિજય મેળવવાના દૃઢ વિશ્વાસથી યુદ્ધવ્યવસ્થા કરવા લાગ્યો, ત્યારે બીજી બાજુએ ડરાયસ પણ કાંઇ નિશ્ચિંત બેસી રહ્યો નહોતો. ડરાયસે પોતાના સૈન્યની વ્યવસ્થા સંબંધી યુદ્ધ થતાં પૂર્વે જે નોંધ કરી રાખી હતી, તે નોંધ યુદ્ધનો અંત થઇ ગયા પછી ગ્રીક લોકોને મળી આવી હતી. એ નોંધ ઉપરથી આપણે ઇરાની સૈન્ય સંબંધી હમણાં વિશ્વાસપાત્ર માહિતી મેળવી શકવા સમર્થ થયા છીએ. ઇરાની સૈન્યમાં ડાબી બાજુના અંતિમ ભાગમાં બક્ટ્રિયન, ડૅાન અને અર્કેશિયન ઘોડેસ્વારો હતા. તેની અંદરના ભાગમાં ઇરાની ઘોડેસ્વારો તથા પાયદળ અને તેમની આગળ સુસિયનો અને કેડુસિયનો હતા. આ સમસ્ત સૈન્ય ડાબી બાજુએ હતું, ડરાયસ જાતે સમસ્ત સૈન્યના મધ્ય ભાગમાં રહ્યો હતો. ડરાયસની આસપાસ ભારતીય યોદ્ધાઓ, કોરિયનો તથા મિડિયનો તેમજ સુવર્ણની મુઠવાળા ભાલાઓને ચમકાવતા ઇરાની સરદારો તેના અંગરક્ષકો તરીકે નિયુક્ત થયા હતા. આ સિવાય એ સ્થાને યુઝિયન, બૅબિલોનિયન તથા રાતા સમુદ્રની પાસે આવેલા પ્રદેશના સૈનિકો હતા. વિશેષમાં મેસિડોનિયન સૈનિકોના ભાલાઓના ઘા સહન કરવાને માટે ગ્રીક લોકોજ સમર્થ છે, એમ વિચારીને ડરાયસે ગ્રીક સૈનિકોને પોતાના રથની આસપાસ ગોઠવ્યા હતા. હવે જમણી બાજુના સૈન્યમાં ક્રિલીસિરિયન, મેસાપોટેમિયન, પાર્થિયન, સૅસિયન, ટાયરિયન, હિર્કેનિયન, અલ્બુનિયન વગેરે જૂદી જૂદી જાતિના સૈનિકોનો સમાવેશ થયો હતો. ડાબી બાજુના આગળના ભાગ ઉપર એકહજાર સિથિયન

મને બક્ટ્રિયન ઘોડેસ્વારો હતા તથા એકસો ખડ્ગરથ (અસ્ત્ર શસ્ત્ર-
ાળા રથ) હતા. મધ્યભાગનું સંરક્ષણ કરવાને માટે તે જગ્યાએ
ચાસ રથ અને પંદર હાથીઓ હતા. તદુપરાંત જમણી બાજુના
ાગળના ભાગ ઉપર આર્મિનિયન અને કૅપેડોસિયનના રસાલાઓ
ાજર હતા. આ પ્રમાણે યુદ્ધરચના પૂર્વેથીજ કરીને ડરાયસ, અલે-
ઝાંડર પોતાની વિરૂદ્ધ ક્યારે યુદ્ધ કરવા આવે એની રાહ જોયા
રતો હતો. ડરાયસના સૈન્યે એક રાત્રિ આવા પ્રકારની વ્યવસ્થામાં
ડવાઇ રહીનેજ પસાર કરી.

પ્રભાતકાળ થતાંજ મેસિડોનિયન સન્યનું યુદ્ધના આરંભની
ાને સૂચવનારૂં રણશિંગુ ફૂંકાયું; અને જોતજોતાંમાં તો ઉભય પક્ષનાં
ન્ય એક બીજાની સામાં થઈ ગયાં.

અલેકઝાંડરે પણ આ ભીષણ યુદ્ધપ્રસંગે પોતાના બહાદૂર સૈન્યની
વસ્થા કરવામાં ઘણી ચતુરાઇનો ઉપયોગ કર્યો હતો. આ પ્રસંગની
ી ચતુરાઇ અદ્વિતીય હતી. અલેકઝાંડર પાસે જો કે સૈન્યબળ ઘણું
ડું હતું તોપણ ચાતુર્યબળમાં તે અદ્વિતીય મહાપુરૂષ હતો. ભય
શું છે એનો તેને કદાપિ સ્વપ્નમાં પણ વિચાર આવ્યો નહોતો.
ે પોતાના સમસ્ત સૈન્યમાંથી થોડું સૈન્ય જૂદું રાખી એ સૈન્યને
કોઇ વિભાગ મદદ માટે બોલાવે તેની મદદે જવાનું સૂચવ્યું હતું.
સિવાય ગમે તે પ્રસંગે પોતાના સૈન્યનો કૃત્રિમ વ્યૂહ રચી શકાય
ી વ્યવસ્થા તેણે કરી રાખી હતી. ગ્રીક સૈન્યનું જમણા વિભા-
આધિપત્ય અલેકઝાંડરે હમ્મેશના નિયમાનુસાર પોતાના હાથમાં
ું હતું; ત્યારે ડાબા વિભાગનું આધિપત્ય સુપ્રસિદ્ધ રણચતુર, અનુ-
ી સરદાર પારમિનિઓના હાથમાં હતું. મેસિડોનિયાના રણશૂરા
જિત ભાલાધારીઓ મધ્યભાગમાં હતા. અલેકઝાંડરનું સૈન્ય જ્યારે
નીઓ વિરૂદ્ધ યુદ્ધ કરવા આવી પહોંચ્યું ત્યારે અલેકઝાંડરને હમ્મે-

શના નિયમ પ્રમાણે સમસ્ત સૈન્યની આગળ ચકચકતું બખ્તર પહેરી, ઘોડેસ્વાર થઇને આવતો શત્રુસૈન્યે નિહાળ્યો.

ડરાયસને પોતાના ખડ્ગરથો ઉપર ઘણો વિશ્વાસ હતો. તેણે પ્રથમ આ ખડ્ગરથોને શત્રુસૈન્યમાં મોકલી તેને આકુળ–વ્યાકુળ બનાવી દેવાનો નિશ્ચય કર્યો હતો.

ઉભય પક્ષ સામાસામી થતાંજ અલેકઝાંડરને માલૂમ પડયું કે, ડરાયસના સૈન્ય કરતાં તેની પાસે ઘણું થોડું સૈન્ય હતું; પરંતુ અલેકઝાંડર સહજ પણ વિચલિત થયો નહિ. પ્રત્યેક યુદ્ધપ્રસંગે તે પોતાના કવાયતી અને રણકુશળ સૈન્યદ્વારા શત્રુપક્ષના કમજોર સૈન્ય ઉપર હુમલો કરાવતો હતો. પરિણામ એ આવતું હતું કે આવા પ્રકારના હુમલાથી શત્રુઓ વ્યાકુળ બની જતા હતા. આ પ્રસંગે પણ અલેકઝાંડરે એવીજ યુક્તિ ચલાવી. તેણે ડરાયસના જમણા વિભાગના સૈન્ય ઉપર હુમલો નહિ કરતાં ડાબી બાજુના સૈન્ય તરફ હુમલો કરવાને માટે, એ તરફ જ પોતાના સૈન્યસહ આગળ ધસવા માંડયું. વળી અલેકઝાંડરે એવો વિચાર કર્યો હતો કે, જો પોતે ડરાયસના સમસ્ત સૈન્ય સાથે યુદ્ધમાં ઉતરશે તો પોતાનો વિજય થશે નહિ; પરંતુ જો પોતે ડરાયસનેજ હયરાન કરશે તો તેનું સમસ્ત સૈન્ય પોતાના સરદારની શોચનીય સ્થિતિ જોઇને ગભરાઇ જશે.

અલેકઝાંડર ડરાયસના ડાબી બાજુના સૈન્ય તરફ આગળ ધસ્યો એટલે તેના સૈન્યની એક બાજુ ઉઘાડી પડી ગઇ; પરંતુ રણકુશળ પારમિનિઓ સરદાર ઉપર વિશ્વાસ રાખીને તેણે એ પ્રકાર તરફ દુર્લક્ષ્ય કર્યું. ડરાયસે જ્યારે અલેકઝાંડરને પોતાના સૈન્યની ડાબી બાજુએ હુમલો કરવાને આવતો જોયો ત્યારે તે સમજી ગયો કે, હવે શત્રુઓના મુખ્ય ભયાનક ભાગ ઉપર હુમલો કરી શકાશે નહિ. આમ વિચારી તેણે પોતાના સૈન્યની ડાબી બાજુના બક્ટ્રિયન તથા સિથિયન

ાડેસ્વારોને, અલેકઝાંડરની જમણી બાજુએ હુમલો કરી તેને આગળ ચતો અટકાવવાની આજ્ઞા કરી. આ હુમલાથી પોતાનો બચાવ રવાને માટે અલેકઝાંડરે પોતાના સૈન્યના કેટલાક ભાગને આગળ સી આવવાની આજ્ઞા કરી. બન્ને પક્ષની વચ્ચે સખ્ત ઝપાઝપી વા લાગી. એશિયાટિક ઘોડેસ્વારોની સંખ્યા યૂરોપીય ઘોડેસ્વારો રતાં વધારે હતી; પરંતુ સલાહ સંપથી એકત્રિત થઇ જઇને જૂદી દી ટોળીઓ બાંધી શત્રુઓ ઉપર હુમલો કરવા સંબંધીનું યુદ્ધ-ક્ષણ તેમને મળેલું નહિ હોવાથી છેવટે તેમને પાછા હઠવું પડયું. ાર પછી ડરાયસે પોતાના ખડ્ગરથોને અલેકઝાંડરના ભાલાધારીઓ થા અશ્વારોહીઓ ઉપર હુમલો કરવાને મોકલ્યા. બ્રિટનવાસીઓએ ુલિયસ સીઝરના સૈન્યની આવાજ પ્રકારના ખડ્ગરથોથી કેવી ખાના-ખરાબી કરી હતી એ હકીકતથી જેઓ વાકેફ છે તેઓ ડરાયસની, ના અલેકઝાંડર વિરૂદ્ધના યુદ્ધમાં આ ખડ્ગરથોનો ઉપયોગ કર્યો છે ે માટે પ્રશંસા કર્યા સિવાય રહેશે નહિ; આમ છતાં આરબેલાના દ્ધમાં ડરાયસના ખડ્ગરથોનો, અલેકઝાંડર સાથેના યુદ્ધમાં થવો જો-એ એવો ઉપયોગ થઈ શકયો નહિ. આ રથો અલેકઝાન્ડરના શૂરવીર ાલાધારીઓના ભાલાઓના ભોગ થઇ પડયાની હકીકત સઘળા ગ્રીક તિહાસિકો જણાવે છે.

હવે ડરાયસના ઘોડેસ્વારો ફરીથી એક વખત અલેકઝાંડરના ન્યની જમણી બાજુએ આવેલા સૈન્ય ઉપર હુમલો કરવા લાગ્યા. રંતુ પરિણામે તેમનેજ પાછા હઠવું પડયું. ધીમે ધીમે અલેકઝાંડરનો જયપ્રાપ્તિ સંબંધીનો ઉત્સાહ વધવા લાગ્યો. તેણે પોતાના જે થોડા ન્યને યુદ્ધમાં ઉતાર્યા સિવાય સબળ રાખ્યું હતું, એ સૈન્યદ્વારા આ મયે ડરાયસના સૈન્ય ઉપર સખ્ત હુમલો કરાવ્યો. અલેકઝાંડર ણુ ઇરાની સૈન્યના ડાબી બાજુના વિભાગનો વિચ્છેદ કરતો કરતો

પોતાના શૂરવીર સૈનિકોસહ ડરાયસની તરફ આગળ ધસવા લાગ્યો. અલેકઝાંડરના વીરત્વથી ઇરાની સૈન્ય આશ્ચર્યચકિત બની ગયું.

યુદ્ધનો આરંભ થયો ત્યારથીજ ડરાયસ ધીરતા તેમજ ચપળતાથી યુદ્ધ કરતો હતો. તે વારંવાર પોતાના સૈનિકોને સમરભૂમિમાં મરણિયા થઇને યુદ્ધ કરવાનો ઉપદેશ આપ્યા કરતો હતો; પરંતુ જેમ જેમ ગ્રીક ઘોડેસ્વારો અને ભાલાધારીઓ તેની નજીક જઇ પહોંચ્યા તેમ તેમ તેનું ધૈર્ય ચાલ્યું ગયું. એવામાં એકાએક તેના રથના સારથિને શત્રુની બરછીનો આઘાત લાગવાથી તે બિચારો ભૂમિ ઉપર આળોટતો થઇ ગયો, પોતાના સારથિને મરણને શરણ થયેલો જોતાંજ ડરાયસની વ્યાકુળતા વધી ગઈ. તે વિના વિલંબે રથમાંથી નીચે ઉતરી પડીને એક ચપળ અશ્વ ઉપર ચઢી બેઠો. ત્યાર પછી તેણે સમરાંગણની બીજી બાજુઓની સ્થિતિ કેવા પ્રકારની છે, તેની તપાસ કર્યા સિવાય પલાયન કરી જવાની તૈયારી કરી. ખરી રીતે જોવા જતાં તેનું જમણી બાજુનું સૈન્ય વિજયી થતું હતું. જો કદાચ તેણે પોતાના સુદૈવે એ બાજુએ જઇને પોતાના સૈનિકોને યોગ્ય ઉત્તેજન અને ઉત્સાહ આપ્યો હોત તો કદાચ યુદ્ધને અંતે વિજયદેવી તેનેજ વિજયમાળા પહેરાવત.

અલેકઝાંડરના હુમલાથી ડરાયસનું ડાબી બાજુનું સૈન્ય ઘણું દુર્બળ બની ગયું. પારમિનિઓએ પ્રથમ તો પોતાના સૈન્ય સાથે ડરાયસના જમણી બાજુના સૈન્ય વિરૂદ્ધ યુદ્ધ કર્યું; પરંતુ ઇરાની સૈન્યના એ બાજુના સેનાપતિ મેઝીઅસે પોતાના અસંખ્ય સૈનિકોની સહાયતાથી, સતત શ્રમથી યુદ્ધ કરીને અંતે પારમિનિઓને ઘેરી લીધો. આ પ્રસંગે જે ભારતીય સૈન્ય ઇરાનીઓની સહાયતામાં હતું; તેણે પણ પારમિનિઓને પોતાના વીરત્વનો ઉત્તમ પ્રકારે પરિચય કરાવ્યો. જો અલેકઝાંડરે પ્રથમથી જે સૈન્ય યુદ્ધમાં ઉતાર્યું નહોતું તેને કદાચ

માં ઉતાર્યું હોત તો પારમિનિઓની ઘણી દુર્દશા થાત એ નિઃસંદેહ પરંતુ અલેકઝાંડરની ચતુરાઇથી, પારમિનિઓ સરદાર આવા કટા-ના પ્રસંગે એ સૈન્યની સહાયતા મેળવી શકયો; પરંતુ પારમિનિઓ નવીન સૈન્યની સહાયતા મેળવી શકયો તે પૂર્વે તો ઇરાની સૈન્યમાંના કેટ ભારતીય યોદ્ધાઓ પારમિનિઓનો તેમજ તેના સૈન્યનો ભેદ કરીને ડોનિયનોની છાવણી આગળ જઇ પહોંચ્યા હતા, તથા ત્યાં તેમણે ચલાવી હતી. અલ્પ સમયમાંજ આ પ્રકાર પારમિનિઓના જાણ-આવ્યો, અને તેણે આ હકીકત અલેકઝાંડરને કાને પહોંચાડી. કઝાંડરે પારમિનિઓને એમ કહેવડાવ્યું કેઃ–"આપણે યુદ્ધમાં ય પ્રાપ્ત કરી શકીશું, એટલે શત્રુઓના દ્રવ્યાદિ સાથે તેમણે આપણી ણીમાંથી જે દ્રવ્યાદિ લૂંટી લીધું છે, તે આપણે પુનઃ પ્રાપ્ત કરી શું. હમણાં તો તમે દૃઢતાથી યુદ્ધ કરો, તથા આપણા અપૂર્વ ાનનું સંરક્ષણ કરો."

અલેકઝાંડરના આ સંદેશાથી પારમિનિઓ બીજી બાજુની ચિંતાનો કરી દૃઢતાથી પુનઃ યુદ્ધ કરવા લાગ્યો. આ પ્રમાણે યુદ્ધ ચાલતું એવામાં ડરાયસના સમસ્ત સૈન્યમાં એવી બૂમ ઉઠી કેઃ"–ડરા-રણભૂમિમાંથી પલાયન કરી ગયો છે." આ અતિ શોકજનક સમા-ચી મેઝીઅસ સરદાર તથા ડરાયસનું સમસ્ત સૈન્ય નિરાશ થઇ તેમનો વિજયોત્સાહ હવામાં ઉડી ગયો.

કાયર ડરાયસના પલાયનથી તેનું સમસ્ત સૈન્ય અવ્યવસ્થિત ગયું. જેમણે શત્રુઓને હંફાવીને તેમના કેદીઓને મુક્ત કર્યા જેમણે પ્રાણની પણ પરવાહ કર્યા સિવાય શત્રુઓ સ્હામે અતુલ વ દર્શાવવા માંડયું હતું, શત્રુઓએ મહામુશ્કેલીથી મેળવેલું દ્રવ્ય ણે પોતાને હસ્તગત કર્યું હતું તેઓ પોતાના મુખ્ય સરદાર ડરા-ના પલાયનના સમાચાર જાણતાંજ મંદ પડી ગયા. તેમના ઉત્સાહને

સ્થળે ભયે સ્થાન લીધું. થોડા સમય પૂર્વેજ જેઓ શત્રુઓનો પરાજય કરવાને સ્પર્ધામાં ઉતર્યા હતા તેઓ હવે એક બીજાથી વહેલા નાશી છુટવાની સ્પર્ધા કરવા લાગ્યા. અર્થાત્ યુદ્ધને અંતે અલેકઝાંડરનોજ વિજય થયો. ડરાયસના પક્ષમાં જે હાથીઓ હતા તેમના કાર્ય સંબંધીનો ઉલ્લેખ કોઇ પણ ગ્રંથમાંથી મળી આવતો નથી.

અલેકઝાંડરના સૈન્યે પણ કાંઇ ઓછું પરાક્રમ દર્શાવ્યું નહોતું. આ યુદ્ધમાં તેમનાં અસ્ત્ર–શસ્ત્રો તેમણે એટલી તો વીરતાથી વાપર્યા હતાં કે તેની ધારો બેસી ગઇ હતી, એટલુંજ નહિ પરંતુ યુદ્ધની છેવટે તેઓના હાથ ઘણા થાકી ગયા હતા. એરિયાન જણાવે છે કે આ યુદ્ધમાં ત્રણ લાખ ઇરાનીઓ માર્યા ગયા હતા; અને તે સિવાય બીજા પણ કેટલાકોને કેદ કરીને તેમની હત્યા કરવામાં આવી હતી. કુર્ટિયસ તથા ડયુડોર્સ જણાવે છે કે યથાક્રમે ૪૦ હજાર અને ૯૦ હજાર ઇરાની સૈનિકો માર્યા ગયા હતા. અલેકઝાંડરના માર્યા ગયેલા સૈનિકોની સંખ્યા એરિયાન એકસો માણસની દર્શાવે છે; કુર્ટિયસ ત્રણસોની જણાવે છે; ત્યારે ડયુડોર્સ પાંચસો સૈનિકો માર્યા ગયાનો ઉલ્લેખ કરે છે. આ પ્રમાણે ઈ૦ સ૦ પૂર્વે ૩૩૧ના સપ્ટેંબર માસમાં ઇરાની સામ્રાજ્યની રાજલક્ષ્મી ડરાયસનો પરિત્યાગ કરી અલેકઝાંડરને વરી.

એશિયાવાસીઓના પરાજયથી યૂરોપિયનો તેમને કાયર, ચૂડીએ પહેરનારા વગેરે નીચ સંબોધનોથી સંબોધે છે; પરંતુ વાસ્તવિક રીતે એમાં તેઓની બિલકુલ ભીરૂતા જણાતી નથી. જેને માટે યુદ્ધ કરવાને તેઓ ઉત્તેજિત બન્યા હતા તેજ જ્યારે પલાયન કરી જાય, ત્યારે પછી પ્રજાજનો રણભૂમિનો પરિત્યાગ કરી જાય એમાં એમનો શો દોષ? પ્રજાજનો તરફ રાજાના શત્રુનો કોઇ પણ પ્રકારનો દ્વેષ રહેતો નથી. આ પ્રકાર જોવા જતાં આમાં મુખ્ય દોષ ડરાયસનો છે

તેણે જો હીંમતથી સ્વદેશના હિતાર્થે પોતાનું લોહી રણભૂમિમાં રેડાવા દેવાનો પૂર્વેથીજ નિશ્ચય કર્યો હોત તો તેનું સૈન્ય ભાગ્યેજ પલાયન કરી જાત. વળી રાજતંત્રની પ્રજા, શત્રુની વિરૂદ્ધ વર્ત્તન ન ચલાવે તો પણ તે દોષપાત્ર ગણાતી નથી; પરંતુ પ્રજાતંત્રની પ્રજાના પક્ષની વ્યવસ્થા જૂદીજ હોય છે. પ્રજાતંત્ર સૈન્ય જો પરાજય પામે તો તે દેશના સમસ્ત પ્રજાજનોએ શત્રુની સામે મરણિયા થઇને યુદ્ધ કરવું જોઇએ; કારણ કે તેઓ પોતેજ પોતાના દેશના રક્ષક છે; અને દેશનું રક્ષણ કરવાનો યત્ન જો તેઓ ન કરે તો તેમના જેવા પાપી બીજા ભાગ્યેજ હોઇ શકે.

યુદ્ધનો અંત થઈ ગયા પછી અલેકઝાંડર ડરાયસની પાછળ પડયો. સૂર્યાસ્ત સુધી તેણે તેની પુંઠ છોડી નહિ. પારમિનિઓ પણ પોતાના સૈન્ય સાથે શત્રુની પાછળ પડયો. તેણે ઇરાનીઓના તંબુઓમાં જે દ્રવ્ય હતું તે તથા બીજો કેટલોક કીંમતી સામાન, હાથી, ઘોડા, ઊંટ વગેરેને પોતાને હસ્તગત કર્યું. સાંજ પડતાં અલેકઝાંડરે લાઇકસ નદીના તટ ઉપર થોડો સમય વિશ્રામ કરીને ડરાયસને પકડવાને માટે પાછી મધ્યરાત્રે પોતાની મુસાફરી શરૂ કરી. ડરાયસ આરએલામાં નહિ રહેતાં ત્યાંથી નાશી છુટયો હતો, તેથી એ સ્થળે અલેકઝાંડર ડરાયસને કેદ પકડી શકયો નહિ, આમ છતાં તેણે ડરાયસનું સઘળું જર, જવાહિર અને તેનો રથ વગેરે ફરીથી પોતાને હસ્તગત કર્યું. અલેકઝાંડરને આરએલામાં ડરાયસનો જે ખજાનો મળી આવ્યો તે ખજાનામાં ૪૦ હજાર ટૅલેન્ટ (૭૭૫૦૦૦૦ રૂપિયા) રોકડા મળી આવ્યા. ઇરાની લોકોનો આવો મોટો કીંમતી ખજાનો પૂર્વે કોઇ સ્થળેથી મળી આવ્યો નહોતો. આ આરએલા શહેરમાં થોડા દિવસ સુધી વિશ્રાંતિ લેવાનો અલેકઝાંડરનો વિચાર હતો, પરંતુ નગરની આસપાસ આવેલાં કેટલાંક મયદાનોમાં મડદાંઓના

જે અસંખ્ય ઢગ પડેલા હતા, તેમાંથી નીકળતી દુર્ગંધને પરિણામે ત્યાંની હવા જલદીથી બગડવાનો અને કોઇ ચેપી રોગ ફાટી નીકળવાનો ઘણો સંભવ હતો; તેથી અલેકઝાંડર આરબેલા નગરનો ત્યાગ કરી બૅબિલોન તરફ ચાલી નીકળ્યો. આરબેલાથી નીકળ્યાને ચાર દિવસ થતાંજ તે 'મેમનિસ' આગળ જઇ પહોંચ્યો. ત્યાં આગળ કોતરમાં આવેલા એક ઝરામાંથી તેણે શિલાજીતનો રસ વહેતો જોયો. આ શિલાજીતને વહેતો જોઇને તેને ઘણું આશ્ચર્ય લાગ્યું. બૅબિલોન શહેરનો કોટ જ્યારે તૈયાર કરાવવામાં આવ્યો હતો ત્યારે તેના ચણતર કામમાં આ શિલાજીતના રસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો એમ કહેવાય છે. પ્રત્યેક પ્રભાવશાળી પુરૂષને કુદરતના અદ્દ્ભુત દેખાવો જોવાનો ઘણો શોખ હોય છે, અને તે પ્રમાણે અલેકઝાંડર પણ કુદરતી ચમત્કારિક દેખાવો જોવાને માટે ઘણો શોખ ધરાવતો હતો.

અલેકઝાંડર બૅબિલોન નજીક જઇ પહોંચ્યો ત્યારે તેણે પોતાના સૈનિકોને અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જિત થઇ જવાની આજ્ઞા કરી. તેની આજ્ઞાનો તરતજ અમલ થયો. ત્યાર પછી અલેકઝાંડર આગળ વધવા લાગ્યો.

રણભૂમિમાંથી નાશી છુટેલો એક મેઝીઅસ નામક માણસ બૅબિલોનમાં આવીને રહ્યો હતો. તેનું કુટુંબ તેમજ પરિવાર પણ તેની સાથેજ હતો. એ માણસ ઘણો શાણો ચતુર તેમજ સમયને સમજી જઇ તે પ્રમાણે પોતાનું વર્તન રાખે એવો હતો. અલેકઝાંડરને ઠાઠમાઠથી જ્યારે બૅબિલોન તરફ આવી પહોંચતો તેણે જોયો ત્યારે તેણે કિલ્લાના દરવાજા ઉઘાડી નાખ્યા. સર્વ લોકોને તેણે સારાં સારાં કપડાં પહેરાવીને એકત્ર કર્યા, તથા તે દિવસ તેણે તહેવાર તરીકે પસાર કર્યો, રસ્તાઓને સુશોભિત કર્યાં, અને અલેકઝાંડરને તથા તેના સૈન્યને ઘણું સન્માન આપ્યું. આ પ્રકારથી અલેકઝાંડર ઘણો પ્રસન્ન થયો. તેણે જ્યારે નગરમાં પ્રવેશ કર્યો ત્યારે કિલ્લેદારોએ તેના ઉપર

પુષ્પવૃષ્ટિ કરી. આ સ્થળેથી પણ અલેકઝાંડરને ડરાયસનો થોડો ઘણો ખજાનો મળી આવ્યો કે જે તેણે પોતાના સમસ્ત સૈનિકોને તેમની યોગ્યતા પ્રમાણે વહેંચી આપ્યો. બૅબિલોન નગર બીજાં નગરો કરતાં વિશેષ સુદૃઢ હતું તેથી તેના ઉપર વિજય મેળવતાં ઘણી અડચણ પડશે એવી પૂર્વે અલેકઝાંડરની ધારણા હતી; પરંતુ એ નગર અનાયાસેજ તેને પ્રાપ્ત થયા ઉપરાંત તેને તથા તેના સૈન્યને જે સન્માન મળ્યું તેથી તેને અવર્ણનીય આનંદ થાય એ સાહજિક છે. બૅબિલોન નગરનાં જે મંદિરો જેરાકસસે ભાંગી નંખાવ્યાં હતાં તે સર્વ મંદિરો અલેકઝાંડરે ફરીથી નિર્માણ કરાવવાની આજ્ઞા આપી. આ સ્થાને તેણે પોતાના સૈનિકોને ઘણું દ્રવ્ય આપ્યું હતું. પ્રત્યેક મેસિડોનિયન ઘોડેસ્વારને ૩૬૦ રૂપિયા, ગ્રીક ઘોડેસ્વારને ૩૦૦ રૂપિયા, મેસિડોનિયન પાયદળને દરેકને ૧૨૦ રૂપિયા તથા બીજા પાયદળને બબ્બે માસનો પગાર પુરસ્કાર તરીકે તેણે આપ્યો હતો.

લગભગ વીસ દિવસ સુધી બૅબિલોનમાં વિશ્રાંતિ લીધા પછી અલેકઝાંડરે 'સુસા'નગર પાસે જઇ પહોંચી એ નગર પોતાને હસ્તગત કર્યું. જેરાકસસ ગ્રીસમાંથી જે સકળ દેવમૂર્તિઓ તથા બીજું દ્રવ્ય વગેરે જીતી લાવ્યો હતો તે સઘળું પુનઃ પ્રાપ્ત કરીને અલેકઝાંડરે ગ્રીસદેશમાં મોકલી દીધું. દશાનું ચક્ર આવી રીતેજ સદા સર્વદા ફર્યા કરે છે. આજે જેનો જય થાય છે, તેનો કાળક્રમે તેમજ ભાગ્યક્રમે પરાજય થાય છે. આવાં ઉદાહરણો ઇતિહાસમાંથી અનેક મળી આવે તેમ છે. ઘણા દિવસ પછી પણ ગ્રીસ દેશ પોતાની જૂની સંપત્તિ પ્રાપ્ત કરી શક્યો તેથી ગ્રીસવાસીઓના આનંદની સીમા રહી નહિ એ કહેવાની કાંઈ હવે વિશેષ જરૂર નથી. આ સઘળા દ્રવ્ય સિવાય અલેકઝાંડરને બીજું ૧૮ કરોડ રૂપયાની કીંમતનું રૂપું મળી આવ્યું હતું.

અલેકઝાંડર સુસાનગરથી નીકળી પર્સિપોલિસ તરફ ચાલી નીકળ્યો, તથા રસ્તામાંનો સઘળો પ્રદેશ તેણે સહેલાઇથી પોતાને સ્વાધીન કર્યો. રસ્તામાં તેને જે જે માણસોએ આગળ વધતો અટકાવવાનો યત્ન કર્યો તે તે માણસોનો તેણે, છળ, બળ તેમજ કૌશલ્યથી નાશ કર્યો. પર્સિપોલિસમાં ટિરિડેટિસ નામક એક સુબેદાર હતો. એ સુબેદારને જ્યારે એમ માલૂમ પડી આવ્યું કે, પોતાના ઉપર અલેકઝાંડર ચઢી આવે છે ત્યારે તેણે યુક્તિ તેમજ ચતુરાઇનો ઉપયોગ કરીને અલેકઝાંડરને એમ કહેવડાવ્યું કેઃ—"અહિં ડરાયસનો મોટો ખજાનો છે. આ ખજાનો જે માણસોની સત્તામાં છે, તેઓ તમે આ તરફ આવો છો એમ જાણીને તે પચાવી પાડવાનો વિચાર કરે છે, માટે તમે જેમ બને તેમ જલદીથી આ તરફ આવજો. હું આતુરતાથી તમારી રાહ જોઇને બેઠો છું." આવો સંદેશો મળતાંજ અલેકઝાંડરે ત્વરાથી કૂચ કરવા માંડી. રસ્તે આરાક્સિસ નામક નદી આવતી હતી, એ નદી ઉતરતાં પણ તેને હરકત પડી નહિ; કારણ કે તેના ઉપર કામચલાઉ પૂલ બાંધેલો હતો. પછી જ્યારે અલેકઝાંડર પર્સિપોલિસ સમીપ જઇ પહોંચ્યો ત્યારે ત્યાં તેને લગભગ આઠસો નવસો ગ્રીક લોકો દુઃખથી ટળવળતા માલૂમ પડયા. એ સર્વ લોકો જખમી થયા હતા. કોઇનો હાથ ભાગ્યો હતો, તો કોઇનો પગ ભાગ્યો હતો, કોઇની આંખ ગઇ હતી તો કોઇનું નાક કપાઇ ગયું હતું. આ સર્વ દુઃખી માણસોને જોઇ અલેકઝાંડરને તેમને માટે ઘણી લાગણી થઇ આવી, તથા ઇરાનીઓએ પ્રથમ ગ્રીક લોકોને જે દુઃખ દીધું હતું તેનું તેને સ્મરણ થઇ આવ્યું. એ વેરની વસુલાત જલદીથી લેવાની તેને ઉત્કટ ઇચ્છા થઇ. તેણે આ જખમી થયેલા ગ્રીક લોકોને આશ્વાસન આપતાં કહ્યું કેઃ—"ભાઇઓ! જે થઇ ગયું છે, તે ન થયું થનાર નથી; પરંતુ તમે ધૈર્ય ધારણ કરો. તમારા કુટુંબ પરિવાર સાથે જલદીથી

તમારી મુલાકાત થશે.” આ આશ્વાસનસૂચક શબ્દો કહેતાં કહેતાં અલેકઝાંડરનાં નેત્રોમાંથી અશ્રુબિંદુઓ નીકળી પડયાં હતાં. તેના આવા આશ્વાસનથી જખમી લોકોને અસાધારણ આનંદ થયો. આ સર્વ ગ્રીક લોકોને ઇરાનીઓએ પકડી લાવી તેમને પોતાના દાસ બનાવ્યા હતા, તેથી આ માણસોને પોતાને સ્વતંત્રતા પ્રાપ્ત થશે એવો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. પરંતુ ઇશ્વરની લીલાનું રહસ્ય વિચિત્ર છે ! ગ્રીકોને અલેકઝાંડરે દાસત્વમાંથી છોડાવી તેમને સ્વતંત્રતા આપી તેથી તેમણે ઇશ્વરનો તેમજ અલેકઝાંડરનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

પર્સિપોલિસ નગરમાં જઇ પહોંચ્યા પછી બીજે દિવસે અલેકઝાંડરે પોતાના સર્વ સરદારોને એકત્ર કરીને કહ્યું કેઃ—“ બંધુઓ ! આ નગર આપણે ઘણી સહેલાઇથી સ્વાધીન કરી શકયા છીએ એ ઘણા આનંદની વાત છે. આ નગર નામાંકિત બાદશાહ સાયરશે બંધાવેલું છે અને પૂર્વે ઇરાનની રાજધાની પણ આજ નગર હતું. જે લશ્કરે પૂર્વે યૂરોપખંડનો અર્દ્ધભાગ ઉજ્જડ કરી નાખ્યો હતો, એ લશ્કર આજ નગરનુ હતું. આપણા ગ્રીક બંધુઓની પણ એ સૈનિકોએ ઘણી માઠી સ્થિતિ કરી નાખી હતી, માટે તમે તમારી ઇચ્છા પ્રમાણે તમારા વેરની વસુલાત લ્યો. આ સમયના સુયોગને વ્યર્થ જવા દેશો નહિ !” અલેકઝાંડરની આ આજ્ઞા સર્વેને ઘણી પસંદ પડી; પરંતુ જ્યારે અલેકઝાંડરની આજ્ઞા નગરવાસીઓના જાણવામાં આવી ત્યારે ઘણાખરા નગરવાસીઓ જીવ બચાવવાને માટે નાસી છુટયા; જે લોકો લાલસાથી નગરમાં રહ્યા તેઓ શત્રુઓની તીક્ષ્ણ તલવારનો ભોગ થઇ પડયા. કેટલાક સમય પછી અલેકઝાંડરે પોતાના સૈન્યને કતલ કરવાનું બંધ રાખવાને ફરમાવ્યું; તદુપરાંત જો કોઇ સ્ત્રીઓનું શિયળવ્રત ભંગ કરશે તો તેને સખ્ત શિક્ષા થશે; એમ જાહેર કર્યું.

અલેકઝાંડરે આ નગર પૂર્વે જે જે નગરો પોતાને સ્વાધીન કર્યા

હતાં એ નગરોમાંથી તેને ઘણું દ્રવ્ય મળી આવ્યું હતું એ સત્ય છે; પરંતુ આ પર્સિપોલિસ નગરમાંથી જે દ્રવ્ય મળી આવ્યું તેની આગળ એ પ્રથમનું દ્રવ્ય કાંઇજ નહોતું. તેને માત્ર એકલા આ નગરના ખજાનામાંથીજ ૧૨૦૦૦૦ ટૅલેન્ટ અર્થાત્ ૧૮ કરોડ રૂપિયા રોકડા મળ્યા. આ સિવાય બીજું જે જે સોનું રૂપું મળી આવ્યું તેની કીંમત થઇ શકે તેમ નહોતું. આ સમયે અલેક્ઝાંડરના તથા તેના સૈન્યના નશીબમાં દ્રવ્યની વૃષ્ટિજ થઇ એમ કહીશું તો તે વિશેષ વ્યાજબી ગણાશે.

આ પર્સિપોલિસ શહેરમાંથી કૂચ કરતાં પૂર્વે અલેક્ઝાંડરે પોતાના બધા મિત્રમંડળને એક મિજબાની આપી. આ મિજબાનીમાં કેટલીક સ્ત્રીઓએ પણ ભાગ લીધો હતો. એમાં થાઇસ નામની એક વેશ્યા પણ હતી. આ વેશ્યા પોતાના વાક્ચાતુર્યથી બીજાઓનું મન રીઝવવામાં ઘણી કુશળ હતી. તેણે આ મિજબાની પ્રસંગે અલેક્ઝાંડરને નમ્રતાથી એવી પ્રાર્થના કરી કેઃ—"મને આપ જો અહિંનો જર્કસિસ બાદશાહે બંધાવેલો રાજમહેલ બાળી નાખવાની પરવાનગી આપશો તો હું આપની ઘણી આભારી થઇશ, અને ગ્રીકોને દીધેલાં દુઃખોનું વેર આપના સરદારો કરતાં એક સ્ત્રીએ ઘણી સારી રીતે લીધું એમ કહેવાશે. આ પ્રાર્થના સાંભળતાંની સાથે અલેક્ઝાંડર પોતેજ એક સળગતી મશાલ પોતાના હાથમાં લઇને રાજમહેલ તરફ ગયો, અને જોતજોતાંમાં તો તેણે રાજમહેલને સળગાવી દીધો. અલેક્ઝાંડરની સાથે બીજા જે સૈનિકો હતા તેમણે પણ પોતાના બાદશાહની પ્રમાણે રાજમહેલને વિશેષ પ્રજ્વલિત કર્યો. પરિણામ એ આવ્યું કે, જોતજોતાંમાં અગ્નિદેવતા પ્રચંડ સ્વરૂપ ધારણ કરીને રાજમહેલને બાળી ભસ્મ કરી નાખવા લાગ્યા. એવામાં એકાએક અલેક્ઝાંડરને ઘણો પશ્ચાત્તાપ થઈ આવ્યો અને તેણે અગ્નિદેવને શાંત કરી નાખવાની

આજ્ઞા કરી. સૈનિકોએ પોતાના બાદશાહની આજ્ઞાને અમલમાં મૂકી, રાજમહેલને અગ્નિદેવના ભયંકર મુખમાંથી બચાવ્યો. અમને લાગે છે કે કદાચ અલેકઝાંડરના મનમાં રાજમહેલને અગ્નિથી સળગાવ્યા પછી એમ લાગ્યું હશે કે, એવી નીચતાથી શત્રુઓનું વેર વાળવું એ પોતાને માટે યોગ્ય નથી, અને આવી લાગણીથી થયેલા પશ્ચાત્તાપના પરિણામેજ તેણે રાજમહેલને સળગાવેલો હોલવી નખાવ્યો હશે. જે શોધક મુસાફિરો આ નગર તરફ જાય છે તેઓ આ સુપ્રસિદ્ધ રાજ-મહેલની ઇતિહાસમાં સુપ્રસિદ્ધ થયેલી જગ્યા જોયા સિવાય જતા નથી.

અલેકઝાંડર બાદશાહ જન્મથીજ ઉદાર સ્વભાવનો હતો. વળી જેમ જેમ તેનું ઐશ્વર્ય તેમજ ભોગ વૈભવ વધતા ગયા, તેમ તેમ તેનો ઉદાર સ્વભાવ વિશેષ ઉદાર થતો ગયો. તે વારંવાર પોતાના સૈનિકો તેમજ સરદારોની સભા ભરીને તેમને તેમની યોગ્યતાના પ્રમા-ણમાં અનેક પ્રકારનાં ઇનામો આપતો હતો, પરંતુ તેની આવી વર્ત-ણુક તેની માતા ઓલિમફિયાને પસંદ નહોતી. જે સમયે અલેકઝાંડર પર્સિપોલિસ નગરમાં હતો, એ સમય દરમ્યાન તેની માતા તરફથી એક પત્ર આવ્યો, તેમાં તેણે એમ પણ લખ્યું હતું કેઃ—" તું ત્હારા મિત્રોને તેમજ મદદગારોને ઇનામો વગેરે આપે એમાં હું નારાજ નથી; પરંતુ ઇનામો તેમજ ભેટો આપવાની પણ હદ હોવી જોઇએ. જો કે રાજાનામાં ઉદારતા હોવી જરૂરની છે; પરંતુ એ ઉદારતાની સીમા રહેવાની જરૂર છે. તારી ઉદારતા તો એટલી બધી જોવામાં આવે છે કે જેણે જેણે તારી ઉદારતાનો લાભ લીધો છે, તેઓ અત્યારે રાજાઓના જેવા ઐશ્વર્યનો ઉપભોગ ભોગવે છે. વળી જો તેં તારી ઉદારતાની હદ રાખી હોત તો તારી પાસે અત્યારે અઢ-ળક દ્રવ્ય હોત અને એ દ્રવ્ય, તેમજ બીજાં કેટલાંક સાધનોથી તું તારા હેતુઓ ઘણી સહેલાઇથી સિદ્ધ કરી શકત." આવા અર્થના

અનેક પત્રો અલેકઝાંડર ઉપર તેની માતા તરફથી પૂર્વે પણ આવ્યા હતા. આ સર્વ પત્રો અલેકઝાંડરે પોતાની પાસેની એક પેટીમાં એકઠા કરી રાખ્યા હતા. તેની ઇચ્છા એવી હતી કે તેની માતા પોતાના રાજ્ય–કારભારની ખટપટમાં કાંઇ ન કહે તો ઠીક; આમ છતાં અલેક-ઝાંડરનો તેની માતા પ્રત્યે ઘણો પ્રેમ હતો એ નિઃસંશય છે.

અલેકઝાંડર પર્સિપોલિસ નગરનો ત્યાગ કરીને ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યો; હવે તેનો હેતુ ડરાયસને પકડી કેદ કરવાનો હતો. આ સમયે અલેકઝાંડરે પોતાની મુસાફરી એટલી બધી ત્વરાથી કરી હતી કે, એ સંબંધી વિચાર કરતાં આશ્ચર્ય લાગ્યા સિવાય રહેતું નથી. રાત્રિ તેમજ દિવસના સમયનો વિચાર કર્યા સિવાય તે સતત શ્રમ સહન કરીને કૂચ કર્યે જતો હતો. પ્લુટાર્ક જણાવે છે કે, આ પ્રસંગે માત્ર ૧૧ દિવસમાં અલેકઝાંડરે ૩૯૦ માઇલની મુસાફરી કરી હતી.

ડરાયસનો છેવટનો દેખાવ ઘણો શોચનીય હતો, અને અલેક-ઝાંડરના ચરિત્રમાં ડરાયસનો સવિશેષ સંબંધ હોવાથી અમે કેટલાક ગ્રંથોમાંથી તેના અંતકાળ સમયનો ઇતિહાસ મેળવી તેને સંક્ષિપ્તમાં અત્ર નિવેદન કરીએ છીએ. ડરાયસ નાસતો નાસતો હાલમાં જેને ઇસ્પહાન કહે છે એ નગરમાં જઇ પહોંચ્યો. આ સમયે જો કે ડરા-યસના દુઃખનો પાર નહોતો; પરંતુ તેની સાથે ૩૦ હજાર પાયદળ, ૪ હજાર ગોફણુ મારનારા અને ૩ હજાર ઘોડેસ્વારો હતા. આ સૈન્યમાં ૪૦૦ ગ્રીક લોકો હતા. આ સમસ્ત સૈન્યની સુબેદારીનો અધિકાર બિસસ નામક એક સરદાર પાસે હતો. ડરાયસને જ્યારે એમ માલૂમ પડ્યું કે, અલેકઝાંડર તેની શોધ કરતો કરતો તેની પાછળ આવી પહોંચે છે; ત્યારે તેણે પોતાનો સઘળો કીંમતી સર-સામાન એક સ્થળે મોકલી દીધો, અને તેણે પોતાના સમસ્ત સૈનિકોને એકત્ર કરીને કહ્યું કેઃ—" મારા સુખ–દુઃખના શૂરવીર સાથીઓ !

અલેકઝાંડર સાથે જ્યારે હું યુદ્ધમાં ઉતર્યો ત્યારે મારી પાસે લાખો સૈનિકો હતા. એ સર્વે મારા પ્રાણનું રક્ષણ કરવાને માટે પોતાના પ્રાણ આપશે એવી મારી ધારણા હતી; પરંતુ જ્યારે મારા સુખ-સૂર્યનો અસ્ત થયો ત્યારે તેઓ સઘળા મારો પરિત્યાગ કરીને ચાલ્યા ગયા; આમ છતાં હજી સુધી તમે મારી સેવા કરવાને માટે હાજર રહ્યા છો, તેમજ મારા જીવના રક્ષણને માટે તમે તમારા જીવની પરવાહ પણ કરતા નથી એ તમારે માટે ઘણું શોભાસ્પદ છે. તમને હું મારી પાસે જોઇને ઘણો સંતોષ પામું છું. રાજ્યસુખ ક્ષણિક છે, વિદ્યુત્‌ના પ્રકાશ જેવું અસ્થિર છે, એટલે તેને માટે મને વિશેષ અફસોસ થતો નથી. મારા જે વિશ્વાસઘાતી સરદારો શત્રુ-પક્ષમાં જઈ મળ્યા છે તેમને શત્રુઓએ આપણીજ સત્તામાં જે નગરો હતાં એ નગરના સુબેદારો બનાવ્યા છે. તેમને શત્રુઓએ આટલી બધી મોટાઇ અર્પણ કરી છે, તે એમના ડહાપણ તેમજ એમની શૂરવીરતા જોઇને અર્પણ કરી નથી; પરંતુ શત્રુઓનો હેતુ એવો છે કે, એ દેશદ્રોહી સરદારોનું ઐશ્વર્ય જોઇને આપણા પક્ષમાંના બીજા પણ કેટલાક સરદારો શત્રુની કપટી ઉદારતાના મોહમાં મોહિત થઇ જઇને, તેના આગળ પોતાનું મસ્તક નમાવે; પરંતુ મને તમારા ઉપર પૂર્ણ વિશ્વાસ છે કે, તમે મારી તેમજ તમારી દેશભૂમિનો દ્રોહ કરવાના નથી. જેમણે દેશદ્રોહ કરી આપણી સુવર્ણભૂમિ ઉપર શત્રુ-ઓનો અધિકાર પ્રતિષ્ઠિત થવા દીધો છે, જેણે પાપી પુરૂષોને આપણી પુણ્યભૂમિ ઉપર પદાર્પણ કરવા દઇને તેમની સેવા સ્વીકારી છે, તેમને પરમાત્મા તેમના પાપનું ભીષણ પ્રાયશ્ચિત્ત કરાવ્યા સિવાય રહેનાર નથી. **દેશદ્રોહીને રૌરવ નરકમાં પણ સ્થાન મળતું નથી.** અદ્યાપિ આપણે આપણી માતૃભૂમિની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવાને માટે શત્રુઓ સાથે પુનઃ યુદ્ધમાં ઉતરવાનું છે. કદાચ આપણું સુદૈવ

હશે તો આપણે વિજય મેળવીશું, નહિતો પછી સ્વદેશની સ્વતંત્રતાના રક્ષણ માટે આપણા પ્રાણનું યુદ્ધભૂમિમાં બળિદાન દઇશું." ડરાયસનાં આ ઉત્તેજક વચનોથી તેના સમસ્ત સૈનિકો ઉત્તેજિત બની ગયા, અને તેમણે મરતાં સુધી પોતાના રાજા ડરાયસનો પક્ષ નહિ ત્યાગવાની પ્રતિજ્ઞા કરી, તથા ત્યારપછી તેઓએ વિજયગર્જના કરીને આકાશમંડળને ગજવી મૂક્યું.

અહિં અમારે કહેવું જોઇએ કે, આ સર્વ પ્રકાર માત્ર બાહ્ય આડંબરનો હતો. ડરાયસના સૈન્યની આંતર સ્થિતિ સારી નહોતી. ઇરાન દેશના મુખ્ય સરદારોમાં નૅવર્ઝનિસ નામનો એક ગૃહસ્થ હતો. તે તથા બિસસ મળીને ડરાયસનું ખૂન કરવાની ખટપટ ગુપ્ત રીતે કર્યા કરતા હતા. તેમનો વિચાર એવો હતો કે, અલેકઝાંડર બાદશાહ જ્યારે ડરાયસની પાસે આવી પહોંચવાની તૈયારીમાં હોય એ સમયે એકાએક ડરાયસને કેદ કરવો, અને પછીથી અલેકઝાંડર આવી પહોંચે કે તરતજ ડરાયસને કેદી સ્થિતિમાં તેની આગળ હાજર કરી તેના કૃપાપાત્ર થઇ પડવું. ડરાયસના ગ્રીક સૈન્યનો એક પેટ્રન નામનો સરદાર હતો. તેના જાણવામાં નૅવર્ઝનિસ તથા બિસસનું કારસ્થાન આવી ગયું. આથી કરીને તેણે બાદશાહને સચેત રહેવાની સૂચના કરી, તથા તેમનો તંબુ ગ્રીક સૈન્યમાં નાખવાનું જણાવ્યું. આ પ્રસંગે બાદશાહ ડરાયસે પેટ્રનને કહ્યું કેઃ—"હું કદાપિ મારો તંબુ ગ્રીક સૈન્યમાં નખાવનાર નથી. મારા સ્વદેશવાસીઓ, અને મારા પોતાનાજ સૈનિકો જ્યારે મારૂં લોહી પીવાને માટે તરસ્યા થયા હશે તો પછી મારે જીવતા રહેવાની પણ કાંઇ જરૂર નથી. પરદેશી ગ્રીક સૈન્યમાં તંબુ નાખી રહેવા કરતાં હું સ્વદેશી ઇરાની સૈન્યમાંજ મારો જે તંબુ છે તેમાં રહીશ. પછી મારા સૈનિકો મને જીવતો રાખે કે મારી નાખે તેની મને કાંઇ ફિકર નથી!"

પરિણામ એ આવ્યું કે, થોડા સમયમાંજ નૅવર્ઝેનિસ અને બિસસના કારસ્થાનોમાં ડરાયસ ફસાઇ ગયો. ડરાયસને આ બન્ને સરદારોએ કેદ કરીને સોનાની બેડીએ પહેરાવી. ત્યારપછી એ બન્ને સરદારો ડરાયસને કેદીના જેવી સ્થિતિમાંજ એક બંધગાડીમાં બેસાડી, ગાડીના પ્રવેશદ્વારને તાળું મારી, બક્ટ્રિયા તરફ ચાલી નીકળ્યા.

ડરાયસને કેદ પકડીને બક્ટ્રિયા તરફ લઇ ગયાને લગભગ ચાર પાંચ દિવસજ થયા હશે, એવામાં એકાએક અલેકઝાંડર ઇસ્પહાન નગરમાં આવી પહોંચ્યો. ત્યાં આવી તેણે પારમિનિઓ સરદારને ત્યાંનો ખજાનો લુંટી લેવાની આજ્ઞા કરી. એ ખજાનામાંથી અલેકઝાંડરને ૧૮૦૦૦૦ ટેલેન્ટ મળી આવ્યા. આ ખજાના ઉપર મજબુત પહેરો મૂકાવીને અલેકઝાંડરે પારમિનિઓ સરદારને હિર્કાનિયા તરફ જવાની આજ્ઞા કરી, તથા તેનો એક બીજો સરદાર કે જે સુસાનગરમાં હતો, તેને તેણે એવો સંદેશો મોકલ્યો કે, તમે ઇસ્પહાનમાં આવી, ત્યાંના લશ્કરને સાથે લઈ અમને પાર્થિયા દેશમાં આવી મળજો.

આવા પ્રકારની વ્યવસ્થા કરીને અલેકઝાંડર કેટલાક ચતુર સૈનિકોને પોતાની સાથે લઈને ડરાયસની પાછળ ચાલી નીકળ્યો. ત્યાર પછી તે જેમ બને તેમ જલદીથી કાસ્પિઅન સમુદ્ર પાસે જઇ પહોંચ્યો, અને સમુદ્ર પાર ઉતરી ગયો. સમુદ્રની પાર ઉતરતાંજ તેને એવા સમાચાર મળ્યા કે, વિશ્વાસઘાતક રાજદ્રોહી સરદારોએ ડરાયસને કેદ કરીને તેના હાથ પગમાં બેડીઓ પહેરાવી છે; તથા ડરાયસના સૈન્યમાંના ગ્રીક સૈનિકો સિવાયના બીજા સર્વ સૈનિકો એ રાજદ્રોહી સરદારોની આજ્ઞા પ્રમાણે ચાલે છે.

ડરાયસની દુર્દશા થયાની હકીકત જાણવામાં આવતાં જ અલેકઝાંડર ત્વરાથી તેને પકડવાને માટે ચાલી નીકળ્યો. જે સમયે અલેકઝાંડર બક્ટ્રિયા જઇ પહોંચ્યો તે સમયે બક્ટ્રિયાના લોકો ઘણા

ગભરાઇ ગયા, અને પોતાના જીવનું રક્ષણ કેવી રીતે થશે તેની ચિંતા કરવા લાગ્યા. આ સમયે 'બિસસ' પાસે પણ અલેકઝાંડર કરતાં વિશેષ સૈન્ય હતું; પરંતુ અલેકઝાંડરના નામથીજ તેનું સઘળું સૈન્ય ધ્રુજી ઉઠયું. વળી બિસસની પોતાની ગભરામણનો પણ પાર રહ્યો નહિ. આથી કરીને તે પોતાના કેટલાક રાજદ્રોહી મિત્રોની સાથે ડરાયસ પાસે જઇને ડરાયસને કહેવા લાગ્યો કેઃ–" શત્રુઓ પાસે આવી પહોંચ્યા છે, માટે તમે એક ઘોડા ઉપર સ્વાર થઇને નાસી છુટો."

ડરાયસે કહ્યુંઃ–" શત્રુઓ આવ્યા હોય તો ભલે આવે. મને તેમની સહજ પણ બ્હીક નથી. હવે હું નાસી છુટવાની ઇચ્છા રાખતો નથી. હું મારા શત્રુઓ પાસેજ તમને તમારા રાજ્યદ્રોહની ભયંકર શિક્ષા કરાવીશ."

ડરાયસનાં આ વચનોથી બિસસ તેમજ તેના મિત્રોના ગુસ્સાની હદ રહી નહિ. તેમણે ગુસ્સાના આવેશમાંજ રાજરાજેશ્વર ડરાયસના શરીર ઉપર પોતાના ભાલાઓના ઘા કર્યા. ડરાયસના સર્વાંગમાંથી રક્તધારાઓ વહેવા લાગી. રાજદ્રોહી સરદારો આવું નીચ કાર્ય કરી, એક ક્ષણ પણ વ્યર્થ નહિ ગુમાવતાં પોતાનો જીવ બચાવવાને માટે પલાયન કરી ગયા. 'નૅવર્ઝૅનિસ' 'હિર્કાનિયા' તરફ નાસી ગયો અને 'બિસસ' બકિટ્રયા તરફ પલાયન કરી ગયો.

ઇરાનાધિપતિ ડરાયસનો મરણકાળ પાસેજ આવી પહોંચ્યો હતો. તેને થયેલા ઘાની વેદનાથી તે આત્મભાન ભૂલી ગયો હતો. અને મુખેથી 'પાણી પા...ઓ' 'કો...ઇ...પાણી...પા...ઓ...' નો પોકાર કર્યા કરતો હતો. ભાગ્યચક્રનું આ કેવું વિચિત્ર પરિવર્ત્તન ! થોડા સમયપૂર્વે જે એક રાજરાજેશ્વર હતો, જેની સેવા–ચાકરીમાં સેંકડો દાસ–દાસીઓ હાજર રહેતાં હતાં, જેને પાણી માગતાં દૂધ મળતું હતું, એજ સમૃદ્ધિશાળી રાજરાજેશ્વર ડરાયસ આજે ભાગ્ય-

ચક્રના પરિવર્તનને પરિણામે પોતાનાજ સરદારોના ભાલાનો ભોગ થઇને પડેલો છે! આજે તેને પાણી પાનાર પણ કોઇ નથી!! હરિ! હરિ!!

ડરાયસ આવી શોચનીય સ્થિતિમાં હતો, એવામાંજ અલેકઝાંડરના કેટલાક સૈનિકો ડરાયસની ગાડી પાસે આવી પહોંચ્યા. ડરાયસે ત્રુટક શબ્દોમાં તેમની પાસે પાણી પીવાનું માગ્યું. આ સમયે એક મેસિડોનિયન સૈનિકે એક પ્યાલામાં થોડો મદ્ય રેડીને ડરાયસને પાઇ દીધો. મદ્યપાન કર્યા પછી ડરાયસે અસ્પષ્ટ સ્વરે કહ્યું:—"જો કે હું આવી શોચનીય રીતે મરણને શરણ થાઉં છું; તો પણ મારા છેવટના શબ્દો સાંભળવાને માટે તમે મારી પાસે હાજર થયા છો, તેથી મને મારા દુઃખમાં થોડી ઘણી શાંતિ થાય છે. મારા અંતકાળના શબ્દો સાચાજ થશે એ ખાત્રીપૂર્વક સમજજો. મહાન્ અલેકઝાંડરને તમે મારો એટલો સંદેશો કહેજો કે, તમારા મારા ઉપર અનેક ઉપકારો થયા છે; હું તમારા ઉપકારોનો કાંઇ પણ બદલો વાળ્યા સિવાય મરણને શરણ થઉં છું; પરંતુ શું કરૂં? ભાગ્યના પાસા કોણ ફેરવી શકે તેમ છે? તમે મારા કુટુંબનું જે ઉદારતાથી રક્ષણ કર્યું છે તે ઉદારતાનો બદલો તમને પરમકૃપાળુ પરમાત્મા સત્વર આપે એવી મારી તેના પ્રત્યે અનન્ય પ્રાર્થના છે. વળી જેણે મારો જીવ આવી ક્રૂરતાથી લીધો છે, તેને તમે યોગ્ય શિક્ષા કરશોજ, એવો મને દૃઢ વિશ્વાસ હોવાથી એ સંબંધી હું તમને વિશેષ કાંઇ કહેતો નથી." આટલાં વચનો ઉચ્ચારીને ડરાયસે પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. પંખી પ્રવાસી કોઇ અગમ્ય પ્રદેશ પ્રતિ પ્રયાણ કરી ગયો અને તેનું માટીનું ખોળિયું માટીમાં મળી ગયું. આવી રીતે ઇ૦ સ૦ પૂર્વે ૩૩૦ના જુલાઇ માસમાં, ઇરાન દેશનો શક્તિશાળી રાજા ડરાયસ પોતાની પચાસ વર્ષની ઉમરે પરલોકવાસ કરી ગયો.

ડરાયસના મૃત્યુના સમાચાર અદ્યાપિ પર્યંત અલેકઝાંડરના જાણવામાં આવ્યા નહોતા, તેથી તે ડરાયસની શોધ કરતો કરતો તે સ્થળ આગળ આવી પહોંચ્યો. ત્યાં આવતાંજ તેણે જે દેખાવ જોયો એથી તે ધ્રુજી ઉઠયો. અલેકઝાંડરનું હૃદય ઘણું ક્રૂર ગણાતું, અને શત્રુઓની અસંખ્ય સેનાને કાપી નાખવાને તે પાછી પાની કરતો નહોતો છતાં, ડરાયસનું આવું શોચનીય મૃત્યુ જોઇને તેનાં નેત્રોમાંથી પણ અશ્રુધારા વહેવા લાગી.

પછીથી અલેકઝાંડરે ડરાયસનું સન્માન સાચવવાને માટે તેની લાસને ઘણા ઠાઠમાઠથી સમાધિસ્થ કરાવી. ડરાયસના મૃત્યુથી તેનાં કુટુંબીઓને પણ ઘણી લાગણી થઇ આવી; પરંતુ ઈશ્વરી લીલા આગળ યાતો નિર્દય કાળની આગળ તેમનું શું ચાલી શકે ?

આ સ્થળે જણાવવું જરૂરનું છે કે, ડરાયસને રાજ્યાધિકાર પ્રાપ્ત થયા પછી તે બિલકુલ જંપીને બેઠો નહોતો. તેણે માત્ર છ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું. એ રાજ્ય મહાન્ સાયરસ બાદશાહે સ્થાપિત કર્યું હતું. આ રાજ્યનો ૨૦૬ વર્ષ પછી એટલે કે *ડરાયસના મૃત્યુ પછી નાશ થયો.

હવે અલેકઝાંડર સર્વ પ્રકારે વિજયી થયેલો હોવાથી, તેમજ તેને અઢળક દ્રવ્યની પ્રાપ્તિ થયેલી હોવાથી દિનપ્રતિદિન તેનો અયશ-આરામ વધવા લાગ્યો. મદ્યપાન પણ હર હમેશાં વિશેષ પ્રમાણમાં થવા લાગ્યું, તથા તેની ઉત્તેજનાથી અલેકઝાંડરની વૃત્તિ વિષયવાસના તરફ આકર્ષાઇ. જો કે, અલેકઝાંડર જેવા મહાન શૂરવીર બાદશાહના ચરિત્રને આ વાત દૂષણીય છે, તો પણ ચરિત્રકારે ગુણાવગુણનું સંપૂર્ણ અવલોકન કરવું એ તેનો મહદ્ ધર્મ હોવાથી અમારે જે કાંઇ હકીકત સત્ય હોય તે અત્ર નિવેદન કરવી જોઇએ. જો કે કેટ-

* ઇરાનનો એ ચોથો ડરાયસ હતો.

લાક ચરિત્રકારો ચરિત્રનાયકના માત્ર ગુણનુંજ વિસ્તૃત વિવેચન કરે છે, અને તેના અવગુણ સંબંધી એક પણ શબ્દનો ઉલ્લેખ કરતા નથી, આ રીતિ અમને સર્વથા અનુચિત જણાય છે. એક પ્રતાપશાળી પુરૂષ પોતાના વીરત્વથી પોતાનો કેવો અભ્યુદય કરી શકે છે તે જણાવવા કરતાં તેના અભ્યુદયની અવનતિ કેવી થઇ તે જણાવવું એ વિશેષ જરૂરનું છે.

અલેકઝાંડરની વૃત્તિ જ્યારે વિષયવાસના તૃપ્ત કરવા તરફ આકર્ષાઇ ત્યારે આ પ્રસંગનો લાભ લેવાને માટે આમાઝોનની રાણી થૅલેસ્ત્રિસ તેને મળવા માટે આવી. થૅલેસ્ત્રિસે પોતાને મળવા જવાનો વિચાર અગાઉથીજ અલેકઝાંડરને જણાવ્યો હતો અને અલેકઝાંડરે તે વિચારને માન્ય પણ કર્યો હતો. થેલેસ્ત્રિસ જ્યારે અલેકઝાંડરને મળવા માટે ચાલી નીકળી ત્યારે તેની સાથે બીજી ત્રણસો સ્ત્રીઓ હતી. સર્વ સ્ત્રીઓ ઘોડેસ્વાર થઇને ચાલતી હતી. જે સમયે થેલેસ્ત્રિસ અલેકઝાંડરને જઇ મળી ત્યારે અલેકઝાંડરના જોવામાં થેલેસ્ત્રિસનું જમણી બાજુનું સ્તન બિલકુલ આવ્યું નહિ. તેને આથી ઘણું આશ્ચર્ય લાગ્યું. પરંતુ થેલેસ્ત્રિસના રાજ્યમાંની સઘળી સ્ત્રીઓ ડાબું સ્તન બાળકોને ધવડાવવાને કાયમ રાખીને જમણું સ્તન ધનુષ્યબાણ બાંધવાની સગવડતા માટે બાળી નખાવતી હતી !* કેવો અદ્ભુત રીવાજ !

જ્યારે થેલેસ્ત્રિસ અલેકઝાંડરને મળી ત્યારે તેને ઘણું આશ્ચર્ય

* આપણામાં સ્ત્રિયારાજ્ય સંબંધી દંતકથા ચાલે છે, તે બરાબર આમાઝોનના રાજ્યને મળતીજ આવે છે. એ રાજ્યમાં એક પણ પુરૂષ નથી. ત્યાંની સ્ત્રીઓ ગર્ભધારણ કરવા જેટલોજ સંબંધ પાસે આવેલાં રાજ્યોના પુરૂષો સાથે રાખતી હતી, અને ગર્ભ રહ્યા પછી જો છોકરી જન્મતી તો તેને ઉછેરીને મોટી કરવામાં આવતી હતી અને છોકરો જન્મતો તો તેને તરતજ મારી નાખવામાં આવતો હતો.

લાગ્યું. થેલેસ્ત્રિસનો મત એવો હતો કે, કોઇ વિશેષ બુદ્ધિશાળી યા તો પરાક્રમી પુરૂષનું મુખમંડળ તેમજ શરીરનો બાંધો બીજા માણસો કરતાં ભિન્ન પ્રકારનો હોવો જોઇએ; પરંતુ અલેકઝાંડરના મુખ ઉપર કે શરીર ઉપરથી તેનામાં તે બીજાં મનુષ્યોથી જૂદો પડે એવો કાંઇ ફેરફાર તે જોઇ શકી નહિ. છેવટે વાતચિતમાં ને વાતચિતમાંજ થેલેસ્ત્રિસે અલેકઝાંડરને કહ્યું કેઃ—"હું આપની પાસે ગર્ભ ધારણ કરવાને માટે આટલી બધી લાંબી મુસાફરી કરીને આવી છું. વળી મ્હારાથી જો કદાચ આપને સંતતિ થશે તો તે આપની પાછળ રાજ્ય ચલાવવા યોગ્ય થશે એવો મને દૃઢ વિશ્વાસ છે." અલેકઝાંડરે થેલેસ્ત્રિસનું કહેવું કબૂલ કર્યું તેથી થેલેસ્ત્રિસ થોડા દિવસ સુધી અલેકઝાંડરની પાસે રહી અને પોતાની ઇચ્છા તૃપ્ત કરીને તે પોતાના રાજ્યમાં ચાલી ગઇ. કેટલાક ગ્રંથકારો એમ જણાવે છે કે, આ વાત કલ્પિત છે; તથાપિ આજસુધીમાં જે જે ઐતિહાસિકોએ અલેકઝાંડરનું ચરિત્ર લખ્યું છે તેઓ સર્વેએ પોતાના ચરિત્રમાં આ વાતનો ઉલ્લેખ કર્યો છે; અને તેથીજ અમે પણ આ વાતનો અત્ર ઉલ્લેખ કર્યો છે.

શત્રુ તરફનો ભય સર્વાંશે નષ્ટ થયાથી અલેકઝાંડરનો અયશ-આરામ તથા વિલાસ—વૈભવ દિવસે દિવસે વધવા લાગ્યો. અલેકઝાંડરની યુવાની દિન પ્રતિદિન વિલાસ વાસનાના વેગમાં તણાઇ જઇ-દીવાની બની જવા લાગી. ઇરાની લોકો ઉપર અલેકઝાંડર વિજય મેળવી શક્યો હતો; પરંતુ પોતાની વિષયવાસના તથા અયશ—આરામ ઉપર વિજય મેળવી શક્યો નહોતો. અદ્યાપિપર્યંત અલેકઝાંડર નિયમિત રીતે વર્તતો હતો. તેનો સઘળો સમય શત્રુઓનાં નગરો ઉપર ચઢાઇઓ કરવામાં, યુદ્ધસંબંધીની વ્યવસ્થા કરવામાં તથા સૈનિકોના હૃદયમાં દેશભક્તિની ભાવના ઉત્તેજિત કરવામાં પસાર થતો હતો. આ સર્વ પ્રકારોને લીધે તેની વિષયવાસના અદ્યાપિપર્યંત શાંતભાવ ધારણ

કરી રહી હતી; એ વાસના હવે અવકાશ તેમજ વિશ્રાંતિ મળતાંજ ઉત્તેજિત બની ગઇ. ઇરાન તેમજ બીજા દેશોની અનેક રૂપસુંદરીઓ અલેકઝાંડરના આત્માને આનંદ આપવાનો યત્ન કરતી હતી. તેઓ સર્વે પોતાના દેશના ચાલ પ્રમાણે ગાઇને તથા નાચીને અલેકઝાંડરને ખુશી કરતી હતી. અલેકઝાંડર જેવો રણકુશળ નરપતિ બળવિનાની ગણાતી અબળાઓના કુટિલ કટાક્ષનો ભોગ થઇ પડયો.

જે સર્વે સ્ત્રીઓ અલેકઝાંડરને ખુશી કરવાનો યત્ન કરતી હતી તેઓમાં એક યુવાન ઇરાની અબળા ઘણી સુંદર તેમજ શરમાળ હતી. એ અબળા કોઇ આબરૂદાર કુટુંબની હોવી જોઇએ એમ તેના મુખમંડળ તેમજ હાવ–ભાવ ઉપરથી સ્પષ્ટ માલૂમ પડતું હતું. આ સંબંધી અલેકઝાંડરે તેને પ્રશ્ન કર્યો ત્યારે તેણે આંખોમાં આંસુ લાવીને કહ્યું કેઃ–" ઇરાન દેશ પૂર્વે જે ઓકસ * નામક નરપતિની સત્તામાં હતો એમની હું પુત્રી છું, તથા હાલના ડરાયસ બાદશાહના શૂરવીર સરદાર હિસ્ટૅસ્પિસની પત્ની થાઉં છું, પરંતુ દુર્દૈવે આજે મારી જે સ્થિતિ થઇ છે, એ સ્થિતિમાં સંતોષથી મારા દિવસો હું ગુજારૂં છું. પ્રભુની લીલા આગળ ક્યા પામર પ્રાણીનું કાંઇ ચાલી શકે તેમ છે ? " આ વચનોથી અલેકઝાંડરનું હૃદય નમ્ર થઇ ગયું. તેણે એ સુંદરીને મુક્ત કરી, તથા તેની યોગ્યતા અનુસાર તેને વૈભવનાં સાધનો પણ આપ્યાં, અને એ સુંદરીના પતિની શોધ કરવાને માટે તેણે પોતાના કેટલાક સૈનિકોને મોકલ્યા. અયશ–આરામ અને વિષય-

* ઓકસ નામક ઇરાની નરપતિ ઇ૦ સ૦ પૂર્વે ૩૫૮ માં ગાદી ઉપર બિરાજ્યો હતો, તથા રાજ્યમાં તોફાન કે ફિતુર થાય નહિ એ હેતુથી તેણે પોતાનાં સગાં–વ્હાલાંઓને મારી નાખ્યાં હતાં. તે વીસ વર્ષ સુધી રાજ્ય ચલાવીને ઇ૦ સ૦ પૂર્વે ૩૩૮ માં કોઇએ તેને આપેલા જહરથી માર્યો ગયો હતો.

વાસનામાંજ મગ્ન બની ગયેલા અલેકઝાંડરનું આવું વર્તન આપણને ક્ષણવાર આશ્ચર્યમગ્ન કર્યા સિવાય રહેતું નથી.

એક દિવસે અલેકઝાંડરનો એક સૈનિક એક ખચ્ચર ઉપર અલેકઝાંડરના દ્રવ્યનો ભાર નાખીને જતો હતો. ખચ્ચર એ ભાર ઉંચકી આગળ જઇ શકવાને માટે અસમર્થ હતું, તે થોડે દૂર ગયું હશે એવામાંજ થાકી ગયું. આ પ્રકાર પોતાની નજરે પડતાંજ અલેકઝાંડરે પોતાના ઉપર્યુક્ત સૈનિકને ઉદ્દેશીને કહ્યું કેઃ—"તું ખચ્ચર ઉપરનો સઘળો દ્રવ્યભાર ઉપાડી જા. હું તને એ બક્ષિસ તરીકે આપી દઉં છું."

અલેકઝાંડરની આવા પ્રકારની ઉદારતાથી એ સૈનિકને અતિ આનંદ થયો, અને તે ખચ્ચર ઉપર જે દ્રવ્ય હતું તે સઘળું સાથે લઇને તે પોતાને નિવાસ—સ્થાને જઇ પહોંચ્યો. આ દ્રવ્યપ્રાપ્તિથી તેને એકલાનેજ નહિ, પરંતુ તેના પારવારનાં સર્વ મનુષ્યોને ઘણો આનંદ થયો. અલેકઝાંડરની ઉદારવૃત્તિ માટે આ કાંઇ સાધારણ ઉદાહરણ નથી.

આવી રીતે એક બીજું ઉદાહરણ પણ અત્ર આપવું ઉચિત જણાય છે. અલેકઝાંડર જ્યારે ડરાયસની શોધ કરતો કરતો તેની પાછળ પડયો હતો, તે સમયે સખ્ત તાપ હોવાથી મુસાફરી ઘણી મુશ્કિલતભરેલી થઇ પડી હતી. વળી રસ્તે એક પણ વૃક્ષ કે પાણી પીવાને માટે કૂવા વગેરેનું સાધન નહોતું. આવી સ્થિતિમાં એક દિવસે બપોરના સમયે અલેકઝાંડર તેમજ તેના સૈનિકો તૃષાથી ઘણા વ્યાકુળ બની ગયા. સઘળા સૈનિકો પાસે જે મશકો હતી તેમાંનું પાણી ખલાસ થઇ ગયું હતું; માત્ર એકજ મશકમાં નહિ જેવું પાણી રહ્યું હતું. જે સૈનિક પાસે પોતાની મશકમાં થોડું પાણી હતું તેણે પોતાના રાજા અલેકઝાંડર પાસે આવીને જોયું તો તેને માલૂમ પડયું કે, અલેકઝાંડરનો જીવ, તૃષાથી ઘણો ગભરાતો હતો. તરતજ

એ સૈનિકે પોતાની મશકમાંનું પાણી એક પ્યાલામાં રેડયું, અને એ પ્યાલો તેણે અલેકઝાંડર આગળ ધર્યો. આ પ્રસંગે અલેકઝાંડરે ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું કે:—"મારા સઘળા સુખ—દુઃખના સાથીદાર સૈનિકો તૃષાથી મરણતોલ થઇ રહ્યા છે, એવા સમયે હું એકલો સ્વાર્થવૃત્તિથી પાણી પીનાર નથી." આ પ્રસંગે સૈન્યમાંના એક બે પ્રતિષ્ઠિત સરદારોએ અલેકઝાંડર પાસે આવીને નમ્રતાથી કહ્યું કે:—"પ્રભુ! જ્યાં સુધી માથું સલામત હોય છે ત્યાં સુધી પાઘડીઓ અનેક મળી આવે છે. માટે જો આપ સલામત હશો તો અમારે માટે એથી વિશેષ સૌભાગ્યની અન્ય એક પણ વાત નથી. આપને સુખી જોઇને અમે મરણને શરણ થઇએ એજ અમારી ઇચ્છા છે; માટે આપ કોઇ પણ પ્રકારનો સંકોચ રાખ્યા સિવાય આ જળપાન કરો, અને આપનું તૃષાનું દુઃખ કાપો."

આ સમયે અલેકઝાંડરને પોતાના સૈનિકોની સ્વામિભક્તિ જોઇને કેવો આનંદ થયો હશે? પોતાના સૈનિકોનાં મનમાં પોતાને માટે આવો અસામાન્ય પૂજ્યભાવ ઉત્પન્ન કરવો એ કાંઇ જેવી તેવી વાત નથી.

માત્ર સદ્‌ગુણથીજ સંપન્ન હોય તેવો માણસ સમસ્ત વિશ્વમાં પણ મળવો અશક્ય છે. ગમે એવા મહાન્ માણસમાં પણ કોઇ નહિ ને કોઈ જાતનો થોડો કે વધારે દુર્ગુણ તો હશે, હશે ને હશેજ.

આપણા ચરિત્રનાયક અલેકઝાંડરમાં પણ હવે અયશ—આરામ અને વિલાસ—વૈભવની વાસના જેવા અતિ બળવાન દુર્ગુણે પ્રવેશ કર્યો. તેણે ડરાયસના જેટલીજ એટલે કે ૩૬૦ વેશ્યાઓ રાખી; તે સિવાય બીજા ખોજાઓ વગેરે રાખ્યા તે તો જૂદાજ! હવે આ વેશ્યામંડળમાંજ અલેકઝાંડર પોતાનો વખત પસાર કરવા લાગ્યો. તેના વર્ત્તનમાં એકાએક આવો ફેરફાર થવાથી તેના સૈન્યમાંના

કેટલાક જૂના તેમજ અનુભવી સરદારોને ઘણું ખોટું લાગ્યું.

ધીમે ધીમે અલેકઝાંડર ડરાયસનું ખૂન કરનાર બિસસને પકડવાને માટે સૈન્યસહ ચાલી નીકળ્યો. ડરાયસની સાથેના અંતિમ યુદ્ધમાં અલેકઝાંડરને એટલું બધું દ્રવ્ય મળી આવ્યું હતું કે, એ સઘળું એક સ્થાનેથી બીજે સ્થાને લઇ જવામાં ઘણી હરકત નડે તેમ હતું. વળી સઘળા સરદારો તેમજ સૈનિકોની ઇચ્છા પણ એ દ્રવ્યનો ત્યાગ કરીને મુસાફરી કરવાની થતી નહોતી, તેમજ તેઓ એ દ્રવ્ય પોતાની સાથે લઇ જવાને પણ અશક્ત હતા. જ્યારે આ પ્રકાર અલેકઝાંડરના જાણવામાં આવ્યો ત્યારે તેણે પ્રથમજ પોતાને યુદ્ધને અંતે જે દ્રવ્યાદિ મળી આવ્યું હતું તે એક મયદાનમાં મૂક્યું, અને પોતાના સમસ્ત સરદારો તેમજ સૈનિકોને પણ તેણે તે પ્રમાણે કરવાની આજ્ઞા આપી. પરિણામ એ આવ્યું કે, એ મયદાનમાં દ્રવ્યાદિનો એક મોટો ઢગલો થઇ ગયો. ત્યાર પછી અલેકઝાંડરે એ દ્રવ્યાદિને અગ્નિથી બાળી નખાવ્યું. જે સૈનિકોએ મહામુશિબતે યુદ્ધ કરીને, જીવવાની દરકાર રાખ્યા સિવાય, રણભૂમિમાં ઝઝુમીને, જે કીંમતી દ્રવ્ય મેળવ્યું હતું તે સઘળું આમ બળી જવાથી તેઓનું મન કેટલું બધું દુખાયું હશે, એનો ખ્યાલ પાઠકોએજ કરી લેવો. પોતાનું મન આવી રીતે ઘણું દુખાયેલું હોવા છતાં કોઇ એક અક્ષરનો પણ ઉચ્ચાર કરી શક્યું નહિ; કારણ કે સર્વથી પ્રથમ અલેકઝાંડરેજ પોતાનું દ્રવ્યાદિ એ ઢગલામાં મૂક્યું હતું.

આ હૃદયભેદક કાર્ય પૂર્ણ થઇ ગયા પછી અલેકઝાંડરે પોતાના સૈનિકોની આગળ ઘણું ચિત્તવેધક તથા શૌર્યજનક ભાષણ કર્યું. આ ભાષણથી તેના સૈનિકોનો નિરૂત્સાહ નાશ પામ્યો અને તેઓ ફરીથી પોતાના બાદશાહને સહાયતા કરવાને માટે તૈયાર થઇ ગયા. ધીમે ધીમે તેમણે બક્ટ્રિયામાં પ્રવેશ કર્યો. બક્ટ્રિયા સુધી જઇ પહોંચતાં અલેકઝાંડરને એટલું કષ્ટ સહન કરવું પડયું હતું, કે જો તેની જગ્યાએ

બીજો કોઇ પુરૂષ હોય તો ગભરાઇ ગયા સિવાય રહે નહિ. અલેકઝાંડરની સાહસિક વૃત્તિ હદ ઉપરાંત હતી. મહાન પુરૂષો એવા અસામાન્ય સાહસથીજ પોતાના હેતુઓ પૂર્ણ કરવામાં સફળ મનોરથ થાય છે, એ વાત સર્વને વિદિતજ છે.

અલેકઝાંડરનું સૈન્ય બિસસની શોધ કરતું કરતું બક્ટ્રિયાથી આગળ વધ્યું. માર્ગમાં જે જે રાજ્યો, તેમજ નગરો આવવા લાગ્યાં, તેના ઉપર અલેકઝાંડર વિજય મેળવીને આગળ વધવા લાગ્યો. આ સમયે અલેકઝાંડરની જાણમાં આવ્યું કે, તેના સૈન્યમાંનો કોઈ સરદાર તેને મારી નાખવાનું કારસ્થાન રચે છે. એ સરદારનું નામ ડેમ્નસ હતું. તેણે પોતાનું કારસ્થાન નિકોમૅકસ નામક એક માણસને જણાવી દીધું. નિકોમૅક્સે આ કારસ્થાનની હકીકત સિબૅલિનસને જણાવી. સિબૅલિનસ પારમિનિઓના પુત્ર ફિલટનો જીવજાન દોસ્ત હતો. ફિલટની તથા સિબૅલિનસની ઉપર અલેકઝાંડરનો ઘણો સ્નેહ હતો, તેથી તેમણે આ હકીકત અલેકઝાંડરને જણાવવાનો વિચાર કર્યો. આમ વિચાર કરી ફિલટ હમ્મેશના નિયમ પ્રમાણે સંધ્યા–સમયે અલેકઝાંડર પાસે ગયો; પરંતુ સુયોગ પ્રાપ્ત નહિ થયાથી ફિલટે અલેકઝાંડરને એ સમયે કાંઇ વાત કરી નહિ. જ્યારે તે પોતાના નિવાસસ્થાને પાછો જઇ પહોંચ્યો, ત્યારે સિબૅલિનસે તેને પૂછ્યું કેઃ–“તમે અલેકઝાંડરને તેમની વિરૂદ્ધ જે કારસ્થાન રચાયું છે એ હકીકત કહી કે નહિ?” ફિલટે ઉત્તરમાં જણાવ્યું કેઃ–“આજે તો હું તેમને એ હકીકત કહી શક્યો નથી; પરંતુ આવતી કાલે કહીશ.” પોતાના દુર્ભાગ્યને લીધે બીજે દિવસે પણ ફિલટ એ હકીકત અલેકઝાંડરને જણાવી શક્યો નહિ. પરિણામ એ આવ્યું કે, ફિલટના આવા વર્તનથી સિબૅલિનસને તેના ઉપર સંદેહ આવ્યો. આથી તેણે પોતે દૂર રહીને એ વાત બીજા એક માણસ મારફત અલેકઝાંડરને કાને પહોંચાડી. ત્યાર પછી

સિમ્બૅલિનસે પણ એ વાતનું સમર્થન કર્યું. અંતે ક્રોધને અધીન થઇને અલેકઝાંડરે ડૅમ્નસને બાંધી પોતાની પાસે પકડી લાવવાને પોતાના કેટલાક વિશ્વાસપાત્ર સૈનિકોને આજ્ઞા કરી. વિના વિલંબે અલેકઝાંડરના સૈનિકોએ ડેમ્નસને કેદ પકડયો. અલેકઝાંડરને હાથે ક્રૂરતાથી મરવા કરતાં આ પ્રસંગે ડૅમ્નસે પોતાની સમશેરથીજ પોતાના ગળામાં ઘા કર્યો. અલેકઝાંડરના સૈનિકો તેને એવી સ્થિતિમાંજ અલેકઝાંડર પાસે લઇ ગયા. કારસ્થાન રચનાર ડૅમ્નસને પોતાની આગળ હાજર થયેલો જોઇને અલેકઝાંડરે ક્રોધાવેશમાંજ કહ્યું:—“ અલેકઝાંડરને બદલે ફિલટને રાજા બનાવવાનો ત્હારો વિચાર હતો કે કેમ ? ફિકર નહિ. તને ત્હારા કારસ્થાનની યોગ્ય શિક્ષા મળી ચૂકી છે.” આમ છતાં ડૅમ્નસ અલેકઝાંડરનાં વચનો સાંભળી શકયો નહિ તે વિના વિલંબે મરણ પામ્યો.

ઉપરનો પ્રકાર બની ગયા પછી તરતજ અલેકઝાંડરે ફિલટને પોતાની પાસે પકડી મંગાવ્યો, તથા કારસ્થાન સંબંધી શું જાણે છે? એવો તેને પ્રશ્ન કરવામાં આવ્યો. ફિલટે બિલકુલ ગભરાયા સિવાય ઉત્તર આપ્યો કે:—“ આ કારસ્થાન સંબંધી હકીકત મને સિમ્બૅલિનસે જણાવી હતી; પરંતુ મને સત્ય નહિ જણાયાથી આપને નિવેદન કરી નહોતી. આ સિવાય આ હકીકત આપનાથી ગુપ્ત રાખવાનો મારો બીજો કોઇ પણ હેતુ નહોતો, એમ હું પ્રતિજ્ઞાપૂર્વક કબૂલ કરૂં છું.” ફિલટનો ઉત્તર સાંભળીને અલેકઝાંડરે તેના તરફ સહજ પણ ક્રોધ નહિ દર્શાવતાં મમતાથી તેનો હાથ પોતાના હાથમાં લીધો, અને તેને અભયવચન આપ્યું, આમ હોવા છતાં અલેકઝાંડરના મનમાંથી ફિલટ સંબંધીનો સંદેહ નાબૂદ થયો નહોતો. ફિલટ તો એમજ સમજતો હતો કે, અલેકઝાંડરની તેના ઉપર સંપૂર્ણ કૃપા છે. આવી સમજથી તે સૈન્યનાં સર્વ માણસોને તુચ્છ ધારતો હતો, અને તેમના ઉપર પોતાનો પ્રભાવ પાડવાનો યત્ન કર્યા કરતો

હતો. અલેકઝાંડરની સમક્ષમાં પણ તે સ્વેચ્છાચારથી વર્તતો હોવાથી સૈન્યમાં તેના શત્રુઓની સંખ્યા વિશેષ હતી; અને તેમણે યોગ મળતાં ફિલટનો જીવ લેવાનું ધારી રાખ્યું હતું. ફિલટ પણ એક સ્ત્રીની સાથે એકાંતમાં એમ બોલ્યો હતો કેઃ—" જે પ્રમાણે મારા પિતા પારમિનિઓની સહાયથીજ ફિલિપ રાજા પોતાના મનોરથ સફળ કરી શક્યો હતો, તેમ અલેકઝાંડર પણ મારી સહાયવડેજ પોતાના મનોરથ સફળ કરી શકે તેમ છે; જો આ પરાક્રમી ફિલટ અલેકઝાંડરની પાસે ન હોત તો તેનો ભાવ કોઇ પણ પૂછત નહિ. હમણાંજ જો હું એમનાથી છુટો પડી જાઉં તો તેઓ પોતાનું દેવપુત્ર તરીકેનું સન્માન સાચવી શકે કે કેમ એ શંકાસ્પદ છે." ફિલટનાં આ સર્વ વચનો અલેકઝાંડરના જાણવામાં આવ્યાં હતાં, તેથી તેની ચોક્કસ તપાસ કરવાનો તેણે નિશ્ચય કર્યો હતો. ત્યાર પછી તેણે પોતાના મંત્રીને બોલાવીને બીજે દિવસે ફિલટને ઇન્સાફની અદાલતમાં ઉભો કરવાની આજ્ઞા કરી.

મધ્યરાત્રિના સમયે ફિલટ પોતાના તંબુમાં શાંતિથી નિદ્રાનો આસ્વાદ લેતો હતો, તેવામાંજ અલેકઝાંડરના કેટલાક વિશ્વાસપાત્ર સૈનિકોએ તંબુમાં પ્રવેશ કરી તેને બેડી ઘાલવા માંડી. ફિલટ તરતજ જાગી ઉઠયો, અને તેને આથી ઘણું આશ્ચર્ય લાગ્યું. બાકીની રાત્રિ તેને કેદી તરીકેજ પસાર કરવી પડી. પ્રભાતકાળે અલેકઝાંડરે દરબાર ભર્યો. દરબારમાં ડૅમ્નસનો મૃતદેહ મંગાવવામાં આવ્યો. આ પ્રકારથી દરબારમાં હાજર થયેલા સર્વેને શોક તેમજ આશ્ચર્ય લાગ્યું. એવામાં અલેકઝાંડર પોતે દરબારમાં આવીને હાજર થયો. અલેકઝાંડરનું મુખારવિંદ ચિંતાગ્રસ્ત જણાતું હતું. આજના દરબારમાં શી શી નવાજૂની થશે તે કોઇ વિચારી શકતું નહિ. થોડા સમય સુધી કાંઇ વિચાર કરીને અલેકઝાંડરે દરબારમાં એકત્ર થયેલાં સર્વ માણસો

સાંભળી શકે એવા સ્વરે કહ્યું:—"મારા શૂરા સરદારો તથા સૈનિકો! હું તમને બધાને જણાવવાને દિલગીર છું કે, આપણા સૈન્યમાંના કેટલાક નીચ લોકોએ મને મારી નાખવાનું કારસ્થાન રચ્યું હતું; પરંતુ એ નીચ લોકો પોતાનું કારસ્થાન જાહેર થઇ જવાથી પોતાના પાપપૂર્ણ હેતુને સફળ કરી શક્યા નથી. તમેજ મને એ નીચ બદમાશોના કારસ્થાનની જાળમાંથી બચાવ્યો છે, માટે મારે તમારા આ પ્રશંસાપાત્ર કાર્યનો તમને યોગ્ય બદલો આપવો જોઇએ. મારો તમારા ઉપર કેવો અવર્ણનીય સ્નેહ છે, એ તમે સારી રીતે જાણતા હોવાથી એ સંબંધી હું વિશેષ કહેવાની ઇચ્છા રાખતોજ નથી. આપણા સર્વ સૈનિકો તેમજ સરદારો પ્રત્યે મારો આવો પ્રેમભાવ હોવા છતાં મને યમસદનમાં પહોંચાડવાનું કારસ્થાન રચનારનાં નામો હું તમને જણાવીશ, તો તમારા આશ્ચર્યની સીમા રહેશે નહિ. હું જેમને મારા પ્રાણથી પણ વિશેષ પ્રિય સમજતો હતો, અને જેમને હું મારા મનની સર્વ વાતો નિષ્કપટથી કહેતો હતો. તેમણેજ કારસ્થાન રચીને મને મારી નાખવાનો નિશ્ચય કર્યો હતો, હવે હું એમનાં નામ છુપાવવાની ઇચ્છા રાખતો નથી. એ નીચ માણસો તે ફિલટ અને પારમિનિઓ છે, સમજ્યા?"

અલેકઝાંડરને મુખેથી ફિલટ અને પારમિનિઓનું નામ સાંભળવામાં આવતાંજ દરબારમાં હાજર થયેલા સર્વ સૈનિકો તેમજ સરદારોનાં રોમેરોમ ખડાં થઈ ગયાં.

આ સર્વ પ્રકાર જોઇને ફિલટ આત્મભાન ભૂલી ગયો હતો, તે પણ મહામુશિબતે તેણે ધૈર્ય ધારણ કરીને નમ્ર સ્વરે અલેકઝાંડરને કહ્યું:—"જે વાત મેં સાંભળી હતી, તે મને અસત્ય જણાયાથી આપને નિવેદન કરી નહોતી. વળી જો એજ મારો અપરાધ હોય તો એ અપરાધ આપે ગઇ કાલેજ માફ કરીને, મારી સાથે

ભોજન લીધું છે. તો પછી હું શિક્ષાપાત્ર શાથી ઠરૂં છું, તે હું સમજી શકતો નથી." આમ છતાં ફિલટના એક પણ શબ્દ તરફ અલેકઝાંડરે લક્ષ્ય આપ્યું નહિ; તેણે ફિલટને દેહાંતદંડની શિક્ષા કરી. આ પ્રસંગે ફિલિટનો પિતા પારમિનિઓ કે જે આશરે ૭૦ વર્ષની ઉમરનો વૃદ્ધ તેમજ અનુભવી સરદાર હતો તે મિડિઆ દેશમાં હતો. ફિલટના તેમજ પારમિનિઓના મૃત્યુ સંબંધી વળી એક ગ્રંથકાર નીચે પ્રમાણે હકીકત જાહેર કરે છે.

"આ કારસ્થાનમાં પારમિનિઓનો પુત્ર ફિલટ મળેલો હતો કે કેમ એ માલૂમ પડી આવતું નથી; પરંતુ તેને પોતાના જીવનો ભોગ આપવો પડયો હતો. ફિલટ કારસ્થાનમાં મળી ગયેલો નહિ હોય તો પણ જાહેરમાં તે અલેકઝાંડરનાં કેટલાંક અનુચિત કાર્યો તરફ તિરસ્કાર દર્શાવતો હતો. ફિલટે કોઇ માણસના ઉપર એક પત્ર લખ્યો હતો, તેમાં તેણે એમ લખ્યું હતું કે:—"જે પોતાને જ્યુપિટરનો પુત્ર સમજે છે, તેની સેવામાં જે કોઇ રહે તે દયાને પાત્ર છે, એમાં કાંઇ સંદેહ નથી." આ વાકયો ફિલટના શત્રુઓએ અલેકઝાંડરને વંચાવ્યાં. અલેકઝાંડર ઘણો ગુસ્સે ભરાયો. તેણે પ્રથમ તો જો કે ફિલટને ક્ષમા કરી હતી; પરંતુ પછીથી ફિલટ તેના સંદેહનો ભોગ થઇ પડેલો હોવાથી માર્યો ગયો હતો. વળી આ પ્રસંગે પારમિનિઓ મિડિઆ દેશમાં હતો, તે કદાચ અલેકઝાંડર પાસે આવી પહોંચીને પોતાના પુત્રનું ખૂન કરાવ્યાનો બદલો લેશે; એવા વિચારથી ફિલટના શત્રુઓ કે જેમણે ફિલટને અપરાધી ઠરાવ્યો હતો તેમણે પારમિનિઓને પણ અપરાધી ઠરાવ્યો. પારમિનિઓએ મિડિઆ દેશમાંથી પોતાના પુત્ર ફિલટ ઉપર એક પત્ર લખ્યો હતો. તેમાં તેણે જણાવ્યું હતું કે:—"સાવધાનતાથી તું તારૂં રક્ષણ કરજે." આ વાકય ઉપરથી પારમિનિઓ પણ પોતાના પુત્રની સાથે કારસ્થાનમાં મળેલો છે, એવું

ફિલટના શત્રુવર્ગે અલેકઝાંડરને સમજાવ્યું. પરિણામ એ આવ્યું કે, અલેકઝાંડરે પોતાના એક વિશ્વાસપાત્ર સહચરને પારમિનિઓનું ખૂન કરવાને મોકલ્યો. એ સહચરે પારમિનિઓ પાસે જઇ પહોંચીને અલેકઝાંડરના હસ્તાક્ષરનો એક પત્ર તેના હાથમાં મૂક્યો. જેવો પારમિનિઓ અલેકઝાંડરનો પત્ર વાંચવામાં રોકાયો કે તરતજ અલેકઝાંડરના સહચરે તેને તેજ સ્થળે કાપી નાખ્યો."

આ પ્રમાણે અતિ શોચનીય અને તિરસ્કારપાત્ર રીતે એક સ્વદેશભક્ત, શૂરવીર તેમજ અનુભવી સરદારનું ખૂન થયું! કહેવત ખરીજ છે કે, **'રાજા, વાજા' ને વાંદરાં'!**

પારમિનિઓ અને ફિલટનું ખૂન થવાથી સમસ્ત સૈન્યમાં દિલગીરી ફેલાઇ ગઈ. આથી કરીને પોતાના સૈનિકોનાં મન બીજા કાર્યમાં રોકાય એવા હેતુથી અલેકઝાંડર બિસસની શોધમાં આગળ વધવા લાગ્યો. તે આવી રીતે સૈન્યસહ કૂચ કરતો કરતો દ્રાંગિયાના, આર્કોશિયા અને ઍરિમૅસ્પિ દેશોમાં થઇને આગળ ચાલ્યો. આ સર્વ સ્થાનોએ તેને કોઇએ હરકત કરી નહિ. ત્યાર પછી તેની સ્વારી પૅરોપૅમિસસ નામક ડુંગરાળ પ્રદેશ સુધી જઇ પહોંચી. એ સ્થળે અલેકઝાંડરને જણાયું કે બિસસ એ રસ્તેથીજ પલાયન કરી ગયો હતો. બિસસે એ માર્ગેથી પલાયન કરી જતાં રસ્તે આવતા પ્રદેશના ધન-ધાન્યનો અને પાણી વગેરેનો એટલો બધો બગાડ કર્યો હતો કે કોઇના પણ ઉપયોગમાં તે આવી શકે નહિ. આથી કરીને અલેકઝાંડરને તેમજ તેના સૈન્યને એ માર્ગે ઘણું કષ્ટ વેઠવું પડયું. આમ છતાં અલેકઝાંડરે સાહસનો ત્યાગ કર્યો નહિ. તેણે પોતાના સૈનિકોને પણ ઘણું ધૈર્ય આપ્યું. આવી રીતે તે પોતાના સૈન્યસહ ડ્રૉસાકામાં આવી ચઢયો. એ સ્થળે તેને કાંઇક સુખ થયું. આ સ્થળેથી નીકળી બિસસની પૂંઠ પકડીને અલેકઝાંડર આક્સસ નદીની પાર ઉતરી ગયો.

જ્યારે બિસસને એમ માલૂમ પડી આવ્યું કે, અલેકઝાંડર પોતાની પાસે આવી પહોંચ્યો છે, ત્યારે તે ગભરાઇ ગયો. શું કરવું અને ક્યાં નાસી છુટવું એ તે વિચારી શક્યો નહિ. તે આવા વિચારમાં હતો એવામાંજ અલેકઝાંડરના એક બે સરદારોએ તેને પકડ્યો; અર્થાત્ બિસસ પાપકર્મ કરી ઇશ્વરી ન્યાયથી મુક્ત થઇ શક્યો નહિ. આ લોકમાં કરેલાં પાપોનું માઠું પરિણામ પરલોકમાં ભોગવવું પડે છે, એમ આપણાં હિંદુશાસ્ત્રો જણાવે છે; પરંતુ પરમાત્મા કરેલાં પાપોનું ફળ આ લોકમાંજ આપે છે, એનું આ તાદૃશ ઉદાહરણ છે.

અલેકઝાંડરના સરદારોએ બિસસને કેદ કરીને તેને અલેકઝાંડર આગળ હાજર કર્યો. અલેકઝાંડરે બિસસ તરફ તિરસ્કારદૃષ્ટિથી નજર કરીને કહ્યું:—" જે ડરાયસ તારો માલિક હતો તથા જેણે તને મોટો અધિકારી બનાવ્યો હતો, તેને કેદ પકડીને તેનું ખૂન કરતી વખતે તને સહજ પણ વિચાર ન આવ્યો કે તું કેવું ભયંકર પાપકર્મ કરે છે? તું માણસ નહિ; પરંતુ ક્રૂર વિશ્વાસઘાતક રાક્ષસ છે. જા, તારૂં કાળું મ્હોડું તું મને ફરીથી બતાવીશ નહિ." આમ કહીને અલેકઝાંડરે બિસસને ડરાયસના ભાઇ ઓક્સાત્રિસને બોલાવી તેને સોંપી દીધો. ઓક્સાત્રિસે બિસસના નીચ કાર્યના બદલામાં તેને ઘણું દુઃખ દઇને અંતે તેનો જીવ લીધો, અને '**કરે તેવું પામે**' એ મહા વાક્ય સિદ્ધ થયું.

ધીમે ધીમે કેટલાક ન્હાના પ્રદેશો ઉપર વિજય મેળવીને અલેકઝાંડર બાઝારિયા પ્રાંત ઓળંગીને મરકંદામાં આવી પહોંચ્યો. વિના વિલંબે મરકંદા નગર અલેકઝાંડરે પોતાને હસ્તગત કર્યું. આ નગરને હસ્તગત કર્યું કે તરતજ અલેકઝાંડરે આર્ટાબાઝસ નામના એક માણુસને નગરનો સુબેદાર બનાવ્યો. આ સુબેદાર વૃદ્ધ હોવાથી તેનાથી બરાબર કામ થઇ શકતું નહોતું; તેથી તેણે ટુંક સમયમાંજ પોતાની

જગ્યાનું રાજીનામું આપ્યું. અલેકઝાંડરે આર્ટોબાઝસનું રાજીનામું માન્ય કરીને તેની જગ્યા ક્લિટસ નામના એક માણસને આપી. ક્લિટસ મેસિડોનિયા સંસ્થાનનો જૂનો તેમજ વિશ્વાસપાત્ર નોકર હતો, અને ફિલિપ રાજાનો તે જમણો હાથ હતો. ગ્રૅનિકસના યુદ્ધમાં પણ ક્લિટસે અલેકઝાંડરનો જીવ જોખમમાંથી બચાવ્યો હતો. તે સિવાય ક્લિટસની ભગિની હિલાનિસ અલેકઝાંડરની બાલ્યાવસ્થાની ધાવ હતી. હિલાનિસ અને અલેકઝાંડર વચ્ચે કાળક્રમે માતાપુત્રના જેવો ગાઢ સંબંધ સંધાયો હતો. આવાં આવાં અનેક કારણોને લીધે અલેકઝાંડર ક્લિટસને ઘણું માન આપતો હતો, અલેકઝાંડરની આજ્ઞાથી ક્લિટસે મરકંદાના સુબેદારની જગ્યાનો આભાર સાથે સ્વીકાર કર્યો,

અલેકઝાંડરે મરકંદામાં ઘણા દિવસ સુધી છાવણી નાખી હતી. એ દિવસો દરમ્યાન તે વારંવાર પોતાના પ્રેમપાત્ર થઇ પડેલા સરદારોને પોતાની સાથે ભોજન લેવાનું આમંત્રણ આપતો હતો. આવા પ્રકારે જે ભોજન થતું તે ભોજનપ્રસંગે મદ્યપાનની સીમા રહેતી નહિ. અલેકઝાંડર જાતેજ ઘણો દારૂડીઓ હોવાથી તેના પ્રેમપાત્ર સરદારો પણ તેના સહવાસને લીધે દારૂડીઆ થઇ ગયા હતા. આ અનુચિત વ્યસનનું પરિણામ કેટલીક વખત તો કંપારી છુટે એવું આવતું હતું. એક દિવસે સંધ્યા–સમયે અલેકઝાંડરે પોતાના પ્રેમપાત્ર સરદારોને પોતાની સાથે ભોજન લેવાનું આમંત્રણ કર્યું હતું. વખત થતાંજ સર્વ સરદારો આવી ભોજનના ટેબલની આસપાસ બેસી ગયા; ત્યાર પછી મદ્યપાન પણ થયું. અલેકઝાંડરે વિશેષ મદ્યપાન કર્યું; તેથી તે અલ્પ સમયમાંજ આત્મભાન ભૂલી ગયો. તેણે જેમ ફાવે તેમ બકવા માંડયું. તે પોતાના પિતાની નિંદા અને પોતાની જાતની પ્રશંસા કરવા લાગ્યો. આથી કરીને પ્રત્યેક સરદારને ઘણું ખોટું લાગ્યું. પરંતુ કોઇ પણ સરદાર સ્પષ્ટરીતે અલેકઝાંડરની વિરૂદ્ધ

એક પણ અક્ષર ઉચ્ચારી શકયો નહિ. આ સરદારોમાં ક્લિટસ હાજર હતો, અને ફિલિપના સ્વભાવ તેમજ કાર્યોથી તે પરિચિત હતો, તેથી તે અલેકઝાંડરને મુખે ફિલિપની નિંદા સાંભળી શકયો નહિ. તેણે પણ મદ્યપાન કરેલું હોવાથી તે પોતાના આવેશને દબાવી શકયો નહિ. આથી કરીને તે પોતાની સાથે બેઠેલા સરદારના કાનમાં કાંઇ બરબડાટ કરીને પછીથી યુરિપિડિજ નામક વિખ્યાત કવિની રચેલી બે લીટીઓ ઉચ્ચસ્વરે ગાવા લાગ્યો. આ બે લીટીઓનો સારાંશ એવો હતો કેઃ—" ગ્રીક લોકો પોતાના શત્રુ રાજાઓનાં નામ ચિરકાળ સુધી કાયમ રહે એ હેતુથી પથ્થર ઉપર કોતરાવે છે; પરંતુ બીજા જે શૂરવીર પુરૂષોએ એ રાજાઓને યશ અપાવવાને માટે પોતાના જીવના ભોગ આપ્યા છે, તેમનાં નામ ચિરકાળ કાયમ રાખવાને માટે તેઓ કાંઇ પણ કરતા નથી." આવા ભાવાર્થની લીટીઓ અલેક-ઝાંડરથી સાંભળી શકાઇ નહિ. આથી તે ક્રોધાવેશમાંજ ખુરસી ઉપ-રથી ઉભો થઇ ગયો. ક્લિટસ પણ મદિરાપાનથી ઉન્મત્ત થયો હતો. અલેકઝાંડરે ઉભા થઇને પોતાના પિતા ફિલિપના સમયના સરદારોની નિંદા કરવા માંડી, અને ક્લિટસ તરફ ગુસ્સાભરેલી દૃષ્ટિ ફેંકી; ક્લિટસ પણ તરતજ ખુરસી ઉપરથી ઉઠીને ઉભો થયો અને તેણે અલેકઝાં-ડરને સંબોધીને કહ્યું:—" અલેકઝાંડર! તું શો વિચાર કરીને મારી નિંદા કરે છે? ગ્રૅનિકસના યુદ્ધમાં મારાજ હાથોએ તારા જીવનનું રક્ષણ કર્યું છે. અમે તારે માટે અમારા જીવની પણ પરવાહ કરતા નથી; પરંતુ તું અમારી સ્વામિભક્તિનો બદલો કેવા પ્રકારે આપે છે, એ, રણચતુર વૃદ્ધ સરદાર પારમિનિઓ અને તેના પુત્ર ફિલટના તારે હાથે થયેલા ખૂન ઉપરથી અમને સ્પષ્ટ માલૂમ પડી આવે છે." આ વાગ્બાણો અલેકઝાંડર સહન કરી શકયો નહિ. તેણે પોતાની સમશેરથી ક્લિટસનું મસ્તક તેના ધડથી જુદું કરી નાખતાં કહ્યું કેઃ—"જા ક્લિટસ! તું પણ

તારા સોબતી પારમિનિઓની પાસે ચાલ્યો જા!"

અલેકઝાંડરના આવા અન્યાયપૂર્ણ આચરણથી ઘણાખરાનું મન દુભાયું. આ સમયે કોઇએ અલેકઝાંડરની ગુપ્ત રીતે હત્યા કરી નહિ, એ તેનું સુદૈવજ સમજવું જોઇએ. મેસિડોનિયનો દુઃખદ સ્થિતિમાં પોતાના રાજાને પણ તેના કૃત્યનો બદલો આપવાને ચૂકતા નહિ. મેસિડોનિયાના રાજ્ય ઉપર અલેકઝાંડરની પૂર્વે આઠ રાજાઓ રાજ્ય કરી ગયા હતા. એ આઠ રાજાઓમાંના બેજ સ્વાભાવિક રીતે મૃત્યુ પામ્યા હતા. એક રાજા યુદ્ધક્ષેત્રમાં મૃત્યુ પામ્યો હતો, તથા બાકીના પાંચ રાજાઓ ગુપ્તઘાતક (છુપામારા) ને હાથે મૃત્યુ પામ્યા હતા. ઇરાનીઓનો અલેકઝાંડરે પરાજય કર્યો એ ખરૂં; પરંતુ તે જાતે ઇરાનીઓના વિલાસ—મોહથી પરાજિત થયો હતો. મનુષ્ય વિલાસ—મોહથી પરાજિત થાય છે, એટલે દુર્બળ બની જાય છે, તે પોતાનું કર્ત્તવ્ય બજાવવામાં સમર્થ થતો નથી. ધીમે ધીમે આ સર્વ લક્ષણો અલેકઝાંડરમાં પણ દેખાવા લાગ્યાં હતાં, અલેકઝાંડરે ફિલટની ઘટના પછી એકજ સરદારને પોતાનું સઘળું સૈન્ય નહિ સોંપતાં જૂદા જૂદા સરદારોને સોંપ્યું; તથા તે પોતાનું રક્ષણ થાય એ માટે પણ વિશેષ સાવચેત રહેવા લાગ્યો.

અલેકઝાંડર કોઈ સમયે બરફથી ઢંકાઇ ગયેલા પર્વતો ઓળંગીને તો કોઇ સમયે ઘાડાં જંગલો વટાવીને આગળ વધતો હતો. અનેક પ્રબળ પ્રવાહથી વહેતી સરિતાઓ તેમજ સમુદ્રાદિ પાર ઉતરતાં તેને કેટલો બધો શ્રમ પહોંચતો હતો, તેની કલ્પના પણ આવી શકે તેમ નથી. જે જે સ્થાનો તેની વિરૂદ્ધ થતાં તે તે સ્થાનો તેના ક્રોધાગ્નિથી સળગી જતાં હતાં, અને એ સ્થાનોના રહેવાસીઓને પોતાનો જીવ ગુમાવવો પડતો હતો. કેટલાકે તો પ્રથમ અલેકઝાંડરની વિરૂદ્ધ થઈ પછીથી તેની પ્રચંડશક્તિનો પરિચય પ્રાપ્ત કરી તેની

સેવાને તેમજ તેની સત્તાને શિરે ચઢાવી હતી; પરંતુ જેમણે જીવતાં સુધી અલેકઝાંડરની સાથે વિરૂદ્ધતા દર્શાવી હતી, તેમને પરિણામે પોતાના રૂધિરનો ભોગ આપવો પડયો હતો, અને આ રૂધિરથી અલેકઝાંડરનો ક્રોધાગ્નિ કાંઇક અંશે શાંત થયો હતો.

ઇરાનીઓ કરતાં મેસિડોનિયાના રહેવાસીઓ વિશેષ બળવાન નહિ છતાં તેમના નામના પ્રતાપથી શત્રુઓનો પરાજય થયો હતો. તેનું કારણ એજ કે જો કોઇ સામાન્ય જાતિ, શત્રુઓના ઉપર માત્ર એકજ વખત પોતાનો પ્રભાવ પાડી શકે છે તો પછી તેના સર્વ હેતુઓ સહેલાઇથી સિદ્ધ થાય છે. અલેકઝાંડર તેમજ તેનાં સૈન્યે ગ્રૈનિકસના યુદ્ધમાં વિશેષ પ્રચંડતા દર્શાવી તેનેજ પરિણામે સાહસ નષ્ટ થવાથી શત્રુઓ પોતાના બળનો બરાબર ઉપયોગ કરી શકયા નહિ; અને અંતે તેમનો મહાન અલેકઝાંડર તેમજ તેના સૈન્યથી પરાજય થયો.

અલેકઝાંડરને અતુલ સંપત્તિ પ્રાપ્ત થઇ, એટલે તેણે ગ્રીસ દેશમાંથી ભિન્નભિન્ન પ્રકારના માણસોને બોલાવીને પોતાનો દરબાર પરિપૂર્ણ કરવા માંડયો. એ માણસોમાં ગ્રંથકાર, કવિ, દાર્શનિક વગેરેની સંખ્યા પણ થોડી નહોતી. ઇરાનીઓ અલેકઝાંડરને દેવતા જેવો માની તેને જમીન સુધી નીચા વળીને પ્રણામ કરતા હતા; પરંતુ મેસિડોનિયનો તો પોતાના દેશી રિવાજ પ્રમાણેજ તેને સન્માન આપતા હતા. આ પ્રકાર અલેકઝાંડરને પસંદ નહોતો. પોતાના દેશવાસીઓ પણ પોતાને ઇરાનીઓની માફકજ જમીન સુધી નીચા નમીને પ્રણામ કરે એવી તેની ઉત્કટ ઇચ્છા હતી. પરિણામ એ આવ્યું કે, ઘણાખરા ગ્રીસવાસીઓ પણ અલેકઝાંડરને ખુશી કરવાને માટે તેની ઇચ્છા પ્રમાણે તેને પ્રણામ કરવા લાગ્યા; પરંતુ આ પ્રકાર કાલિસ્થનિસ નામના તત્ત્વવેત્તાને યોગ્ય જણાયો નહિ. કાલિસ્થનિસ અને એરિસ્ટોટલ નિકટના સંબંધી હતા. એરિસ્ટોટલેજ કાલિસ્થનિસને અલેકઝાંડરની

સાથે મોકલ્યો હતો, કે જેથી કરીને અલેકઝાંડર દુર્વ્યસનમાં તથા રમણીઓની મોહજાળમાં ફસાઇ જઇ પોતાના કર્ત્તવ્ય પ્રતિ દુર્લક્ષ્ય કરે નહિ. કાલિસ્થનિસ અલેકઝાંડરના ચરિત્ર ઉપર બારીક નજર રાખતો હોવાથી અલેકઝાંડર તેનું માન સારી રીતે સાચવતો હતો. તે હોમર કવિના કાવ્યમાંની એક લીટી વારંવાર અલેકઝાંડરને કહી સંભળાવતો હતો. એ લીટીનો ભાવાર્થ એવો હતો કેઃ—"હે ભાઇ! તું જો સ્વેચ્છાચારથી વર્તીશ તો તારૂં આયુષ્ય ઓછું થઇ જશે." અંતે આ વાક્ય ખરૂંજ પડયું.

એક દિવસે અલેકઝાંડર પોતાના કેટલાક સરદારો સાથે બેસીને સુરાપાન કરતો હતો. સુરાપાન કરીને સુરાપાત્ર તેણે પાસે બેઠેલા સરદારની આગળ મૂક્યું. તે સરદારે સુરાપાન કરીને અલેકઝાંડરને ઇરાની રિવાજ પ્રમાણે પ્રણામ કર્યા. અલેકઝાંડરે પણ એ સરદારના હાથ ઉપર ચુંબન કરી તેના પ્રત્યે પોતાની માયા દર્શાવી. આવી રીતનો ક્રમ ચાલવા લાગ્યો; પરંતુ જ્યારે કાલિસ્થનિસનો પ્રસંગ આવ્યો ત્યારે તેણે ઇરાની રિવાજ પ્રમાણે પ્રણામ નહિ કરતાં પોતાના દેશના રિવાજ પ્રમાણેજ અલેકઝાંડરને માન આપ્યું. આ વખતે અલેકઝાંડર પોતાનો કિલયન નામનો સરદાર, બીજા સરદારો સાથે જે વાતચિત કરતો હતો તે તરફ લક્ષ્ય આપી રહ્યો હતો. કિલયને પોતાની વાતમાં અલેકઝાંડરની ઘણી પ્રશંસા કરીને કાલિસ્થનિસને બે ત્રણ મ્હેણાં પણ માર્યાં. કાલિસ્થનિસ તે સહન કરી નહિ શકવાથી તેણે કિલયનને કહ્યું:—"તમે અલેકઝાંડર બાદશાહની આટલી બધી પ્રશંસા કરો છો, તે તેમને પોતાને પણ ગમશે કે કેમ? દેવપુત્ર થવાને માટે તો આત્માએ આ માયાવી શરીરને મૃત્યુ-લોકમાં પડતું મૂકીને દેવલોકમાં પહોંચી જવું પડે છે! અલેકઝાંડરના જેવા મહાન શક્તિશાળી બાદશાહ સમસ્ત પૃથ્વી ઉપર બીજા એક

પણ નથી. એ વાત ખરી છે; તો પણ તેઓ દેવ નથી પણ મનુષ્યજ છે." કાલિસ્થનિસ જેવા સ્વતંત્ર અને કોઈની પણ સ્પૃહા નહિ કરનારા તત્ત્વજ્ઞાનીનાં આ વચનો અલેકઝાંડરને વજ્રસમાન લાગ્યાં; પરંતુ પોતાના ગુરૂદેવના સંબંધીને સજા કરવા જેટલી શક્તિ તેનામાં નહિ હોવાથી તેણે કાલિસ્થનિસને કાંઇક રોષદર્શક સ્વરે કહ્યું:–"કાલિસ્થનિસ! તમે મારૂં માન કેમ સાચવવું એ સારી રીતે સમજતા નથી. હું એક મહાન ચક્રવર્ત્તી બાદશાહ હોવા છતાં પણ તમારૂં માન કેવી રીતે સાચવું છું, એનો તમારે વિચાર રાખવો જોઇએ." કાલિસ્થનિસે કહ્યું:–"પરંતુ ગુરૂના સ્નેહીને આવાં વચનો કહેતાં પહેલાં તમારે પણ વિચાર કરવો જોઇએ!"

પરિણામ એ આવ્યું કે, અલેકઝાંડર કાલિસ્થનિસ જેવા મહા વિદ્વાન પુરૂષનો નાશ કરવાનો માર્ગ શોધવા લાગ્યો. આ પ્રસંગ દરમ્યાન અલેકઝાંડરના હારમોલેયસ નામક એક માણસે કોઇ ખાનગી કારણને લીધે અલેકઝાંડરને મારી નાખવાનો નિશ્ચય કર્યો હતો; પરંતુ તેના કમનશીબે તેનો નિશ્ચય અલેકઝાંડરના જાણવામાં આવ્યો, તથા તે સંબંધીની તપાસ થવા લાગી. આ તપાસમાં ઘણા માણસો સપડાયા. એ માણસોને ઘણા ફટકા મારવામાં આવ્યા. ત્યારે તેમણે બીજા પણ કેટલાક મોટા માણસોનાં નામ લીધાં, આમાં કાલિસ્થનિસનું નામ કોઇએ લીધું નહોતું, તોપણ તેનો નાશ કરી પોતાનું વૈર વાળવાને માટે અલેકઝાંડરે તેને પણ અપરાધી તરીકે ગણી કાઢયો; તેના ઉપર સખ્ત જુલમ ગુજારીને તેની પાસે પરાણે ગુન્હો કબૂલાવવાનો તેણે યત્ન કર્યો; પરંતુ કાલિસ્થનિસે એવો અસત્ય ગુન્હો કબૂલ નહિ કરતાં અલેકઝાંડરના વૈરના અગ્નિમાં પોતાના જીવનનું બળિદાન આપ્યું. સુપ્રસિદ્ધ ફ્રેંચ ગ્રંથકાર રાલિને કાલિસ્થનિસ સંબંધી એવું લખ્યું છે કે:–"કાલિસ્થનિસ એક તત્વજ્ઞાની મહાપુરૂષ હતો.

રાજાના દરબારમાં જે લોકો રહેતા હોય છે, તેઓમાંના ઘણાખરા ખુશામદીઆ અર્થાત્ ' હા જી, હા જી ' કરનારા હોય છે, પરંતુ કાલિસ્થનિસનો સ્વભાવ ઘણો ઉત્તમ હતો. તે સ્પષ્ટવક્તા હતો. અલેકઝાંડર દરબાર ભરવાનો હોય ત્યારે પણ પોતાને આમંત્રણ થયા સિવાય તે તેમાં જતો નહિ. આમંત્રણ થયા પછી પણ ત્યાં જવાને તે સંકોચાતો હતો. રાજાને ખુશામદથી પ્રસન્ન કરવા કરતાં તેનું હિત કેવી રીતે થાય એવોજ યત્ન તે કર્યા કરતો હતો; પરંતુ અલેકઝાંડર આવા મહાત્માને બરાબર ઓળખી શકયો નહિ!"

સેનિકા નામનો એક સુપ્રસિદ્ધ ગ્રંથકાર જણાવે છે કેઃ—" કાલિસ્થનિસના મૃત્યુથી અલેકઝાંડરના જીવન ઉપર મોટામાં મોટું કલંક લાગ્યું છે; કારણ કે અલેકઝાંડર જેવા મહાપરાક્રમી અને કીર્તિવંત બાદશાહને હાથે કાલિસ્થનિસ જેવા સ્પષ્ટવક્તા, સ્વદેશાભિમાની અને તત્વજ્ઞાની પુરૂષનું મૃત્યુ થાય એ કાંઇ સાધારણ પ્રકાર નથી!"

પરિચ્છેદ ૭ મો.

અલેકઝાંડરનો નવીન દેશો ઉપર જેમ જેમ વિજય થતો ગયો, તેમ તેમ અગ્નિમાં ઘૃત હોમાતાં જ્વાળા વધે તેમ તેની તે ઇચ્છા વિશેષ ઉત્કટ થવા લાગી. ધીમે ધીમે બીજા પ્રદેશો ઉપર વિજય મેળવતો મેળવતો તે પોતાના સૈન્યસહ ઐકસાર્ટિસ નદીકિનારે આવી પહોંચ્યો. અલેકઝાંડરે જે પ્રસંગે આ સરિતાના કિનારા ઉપર છાવણી નાખી હતી તે પ્રસંગે ઐકસાર્ટિસ નદીની આસપાસ આવેલા પ્રદેશમાં નિવાસ કરતા જંગલી લોકો પૈકી બે હજાર લોકોએ તેના ઉપર હુમલો કર્યો. આ સમયે બન્ને પક્ષ વચ્ચે યુદ્ધ ચાલતું હતું

એવામાં અલેકઝાંડરના પગમાં શત્રુપક્ષના એક સૈનિકનું તીર વાગ્યું, જેથી તેના પગના હાડકાને ઘણું નુકશાન પહોંચ્યું. ધીમે ધીમે ઘાની વેદના વધી પડી, અને અલેકઝાંડર બેહોશ બની જઇને જમીન ઉપર પડી ગયો. આ બનાવથી તેનું સૈન્ય ઘણું ગભરાઇ ગયું; તથા પોતાના બાદશાહનું કેવી રીતે રક્ષણ કરવું એ સંબંધી સઘળા સરદારો વિચાર કરવા લાગ્યા. તરતજ એક ઝોળી તૈયાર કરી, તેમાં અલેકઝાંડરને સૂવાડી તેના સરદારો તેને એક નિર્જન તેમજ શાંત સ્થળે લઈ ગયા, અને તેની પુષ્કળ સેવા–શુશ્રૂષા કરવા લાગ્યા. થોડા સમયમાંજ અલેકઝાંડર સાવધ થતાં તેના સૈન્યના કેટલાક અગ્રેસરોએ તેની પાસે આવીને યુદ્ધમાં વિજય પ્રાપ્ત થયાના સમાચાર તેને જણાવ્યા. જંગલી માણસો પૈકીના કેટલાક મુખ્ય માણસો અલેકઝાંડર પાસે સંધિની શરતો નક્કી કરવાને આવ્યા. અલેકઝાંડર, એ સંધિ કરવા આવનાર માણસોની પાસે બેસી પોતાના પગ ઉપરનો પાટો છોડી નાખીને તેમની સાથે વાતચિત કરવા લાગ્યો; તથા પોતાને કાંઇ પણ દુઃખ થતું હોય એવું તેણે શત્રુઓને જણાવા દીધું નહિ. આમ છતાં તેના પગ ઉપર થયેલો ઘા જોતાંજ સંધિ કરવા આવનાર માણસોએ કહ્યું:–" આપને આવો સખ્ત ઘા થયો છે, એ માટે અમે દિલગીર છીએ. જે માણસે તમને તીર માર્યું છે, એ માણસ જો અમારા હાથમાં આવશે તો અમે તેને તમારે સ્વાધીન કરીશું. " આ વાકયોના ઉત્તરમાં અલેકઝાંડરે કાંઇ કહ્યું નહિ, તોપણ આ જંગલી લોકોએ તેને શરણે આવીને સંધિની વિનંતિ કરી તેથી તેણે તેમની વિનંતિને માન્ય કરી.

અલેકઝાંડર ઍકસાર્ટિસ નદીને કિનારે એક સારે સ્થળે એક નવીન નગર બાંધવાનો વિચાર કરતો હતો. એ સમય દરમ્યાન સેગ્ડિયાંના અને બક્ટ્રિયાના લોકોએ બળવો કર્યાના વર્ત્તમાન તેના

જાણવામાં આવ્યા, આથી કરીને અલેકઝાંડરે સ્પિટૅમિનિસને કેટલુંક સૈન્ય સ્વાધીન કરીને બળવાખોરોનો પરાજય કરવાને મોકલ્યો. પરિણામ એ આવ્યું કે, સ્પિટૅમિનિસ બળવાખોરો પાસે જઇને તેમને મળી ગયો. આ પ્રકાર અલેકઝાંડરની જાણમાં આવતાં, તેના ક્રોધની સીમા રહી નહિ. તેણે પોતાના વિશ્વાસઘાતક અને નિમકહરામ સરદાર સ્પિટૅમિનિસને સજા કરવાનો વિચાર કરીને સાયરોપોલિસ નામક નગર પાસે જઈ પહોંચીને તેને ઘેરો ઘાલ્યો. આ નગર સાયરસ બાદશાહે બંધાવ્યું હતું, અને તેથી તેણે નગરનું નામ પણ પોતાના નામને મળતું રાખ્યું હતું. સાયરસ બાદશાહને અલેકઝાંડરને માટે ઘણું માન હતું, તેથી અલેકઝાંડરે પણ એ પ્રકારનો વિચાર કરીને સઘળા નગરવાસીઓને પોતાને શરણે આવવાનું કહ્યું, પણ તેમણે તે તરફ લક્ષ્ય આપ્યું નહિ. આથી અલેકઝાંડરે નિરૂપાયે એ નગરને પોતાને સ્વાધીન કર્યું.

સાયરોપોલિસને પોતાને સ્વાધીન કર્યા પછી અલેકઝાંડર મેમાસી લોકોના નગર પાસે જઇ પહોંચ્યો. એ નગરના લોકો ઘણા શૂરવીર હોવાથી તેમનું નગર હસ્તગત કરવાને માટે તેને ઘણી હરકતો વેઠવી પડી. ઉભય વચ્ચે યુદ્ધની શરૂઆત થતાં અલેકઝાંડર પોતાના સૈન્યને મોખરે ઉભો રહી, પોતાના સૈનિકોને ઉત્સાહિત કરતો શત્રુઓ ઉપર ટૂટી પડવા જતો હતો, તેવામાંજ એક ગોફણનો ગોળો અલેકઝાંડરના મસ્તકમાં એવા તો જોશથી વાગ્યો કે, તરતજ તેને મૂર્છા આવી ગઇ. અલેકઝાંડરના સર્વ સૈનિકો પોતાના બાદશાહને પરલોક પામેલો સમજી રૂદન કરવા લાગ્યા. એવામાં તેને કાંઇક જ્ઞાન આવતાં જણાયું કે, તેનું સૈન્ય તેને પરલોક પામેલો જાણી ચિંતાતુર બની જવાથી યુદ્ધમાં વિજય મેળવી શકાય તેમ નથી, તેથી તે તરતજ પોતાને થયેલા ઘાની દરકાર કર્યા સિવાય ઉઠીને ઉભો થયો, અને ફરીથી પોતાના સમસ્ત સૈન્યને મોખરે ઉભો રહીને યુદ્ધ કરવા લાગ્યો. પોતાના

બાદશાહને ફરીથી યુદ્ધમાં અગ્રેસર થયેલો જોઇને તેનું સૈન્ય પણ વિશેષ ઉત્સાહથી શત્રુઓ વિરૂદ્ધ યુદ્ધ કરવા લાગ્યું. કેટલાક સૈનિકોએ સતત શ્રમ સહન કરીને નગરની આસપાસ આવેલા કિલ્લાની દિવાલને કેટલેક ઠેકાણેથી તોડી પાડી; અને અંતે અલેકઝાંડરના સમસ્ત સૈન્યે નગરમાં પ્રવેશ કરીને, નગરનાં સઘળાં ઘરોને અગ્નિથી સળગાવી દીધાં, અને નગરનાં સર્વ પુરૂષો, સ્ત્રીઓ અને બાળકોની કતલ ચલાવી.

આવી રીતે બીજાં કેટલાંક નગરો ઉપર વિજય મેળવી રહ્યા પછી અલેકઝાંડરે પોતાના મિનિડિમસ નામક સરદારને ૩ હજાર પાયદળ અને આઠસો ઘોડેસ્વાર સ્વાધીન કરીને તેને મરકંદા ઉપર હુમલો કરવાને મોકલ્યો; કારણ કે સ્પિટૅમિનિસ છુપી રીતે મરકંદામાં જઇને છુપાઇ રહ્યો છે, એમ અલેકઝાંડરના જાણવામાં આવ્યું હતું.

આ પ્રમાણે વ્યવસ્થા કરી રહ્યા પછી અલેકઝાંડર ઍકસાર્ટિસ સરિતાના કિનારા ઉપર પોતાની લશ્કરી છાવણીમાં આવી પહોંચ્યો. અલેકઝાંડરે પોતાની આ લશ્કરી છાવણીથી થોડે દૂર એક નગર માત્ર વીસ દિવસમાંજ બંધાવ્યું, તથા એ નગરનું નામ તેણે પોતાના નામને મળતું એટલે કે અલેકઝાન્ડ્રિયા રાખ્યું. એ શહેરની લંબાઈ પહોળાઇ લગભગ ૪ાા ગાઉ જેટલી હતી. અલેકઝાંડરે જે જે માણસોને કેદ પકડયા હતા તેમને તેણે મુક્ત કરીને આ શહેરમાં રહેવાની રજા આપી. વળી સૈન્યમાંના જે સૈનિકો વૃદ્ધાવસ્થાને લીધે, યા તો યુદ્ધમાં થયેલા આઘાતોને લીધે ભવિષ્યના યુદ્ધમાં ઉતરવાને અશક્ત થયા હતા તેમને પણ અલેકઝાંડરે આ અલેકઝાન્ડ્રિયા નગરમાં રહેવા દીધા.

અલેકઝાંડ્રિયા નગર સિથિયન લોકોના રાજ્યની સરહદને છેડે આવેલું હતું. કારણ કે ઍકસાર્ટિસ નદીને એક બાજુને કિનારે અલેકઝાંડર આવી ચઢયો હતો અને બીજી બાજુના કિનારા સુધી સિથિયન લોકોની હદ હતી. જ્યારે સિથિયન લોકોની સરહદની પાસે

અલેકઝાંડરે અલેકઝાંડ્રિયા નગર સ્થાપિત કર્યું ત્યારે એ લોકો એમ વિચારવા લાગ્યા કે, કદાચ આ પ્રકારથી તેમને ભવિષ્યમાં નુકસાન થશે. આથી કરીને સિથિયનો અલેકઝાંડરની વિરૂદ્ધ વર્તન ચલાવવા લાગ્યા. સૅગ્ડિયન, બક્ટ્રિયન તથા સિથિયન મળીને ત્રણે જાતના લોકોએ અલેકઝાંડરની વિરૂદ્ધ યુદ્ધ કરવાની ખટપટ ચલાવી. દુર્દૈવે અલેકઝાંડર આ પ્રસંગે ઘણો બીમાર હોઇ. કોઈની સહાયતા સિવાય શય્યામાંથી ઉઠીને બેઠો પણ થઈ શકતો નહોતો. આમ છતાં તેણે પોતાની હીંમતનો ત્યાગ કર્યો નહિ. ઉપલી વાત જાણમાં આવતાંજ તેણે પોતાની બીમારી તરફ લક્ષ્ય નહિ આપતાં પોતાના સૈન્યને યુદ્ધમાં ઉતરીને વીરત્વ દર્શાવવાને માટે ઉત્તેજિત કર્યું. વિના વિલંબે અલેકઝાંડરનું સૈન્ય ઍકસાર્ટિસ નદીની પાર ઉતરી ગયું. અલેકઝાંડરને બીમાર થયેલો જાણીનેજ સિથિયનોએ યુદ્ધમાં ઉતરવાનું સાહસ કર્યું હતું; પરંતુ તેમને જ્યારે અલેકઝાંડર પણ યુદ્ધમાં ઉતરનાર છે એવા સમાચાર મળ્યા, ત્યારે પોતાની ભૂલ માટે ઘણો પશ્ચત્તાપ થવા લાગ્યો.

અલેકઝાંડર આ પ્રમાણે યુદ્ધ કરવાને માટે આગળ વધતો હતો, એવામાં સિથિયન પક્ષના કેટલાક વકીલો તેને સંધિ કરવાનું કહેવાને માટે આવ્યા. સિથિયન વકીલોમાં જે સર્વથી વયોવૃદ્ધ તેમજ કાંઇક અનુભવી હતો તેણે અલેકઝાંડરને કહ્યું કેઃ—" મહાન્ અલેકઝાંડર ! ઈશ્વરે તારામાં જે પ્રમાણમાં અન્ય દેશો ઉપર વિજય પ્રાપ્ત કરવાની ઇચ્છા મૂકી છે, તે પ્રમાણમાં તારૂં શરીર હોત તો તું કદાચ આ પૃથ્વીને પણ ઘણી નાની ધારત; તેમજ તું તારા જમણા હાથમાં પૂર્વ દિશા અને ડાબા હાથમાં પશ્ચિમ દિશાને દબાવી રાખીને કદાચ સૂર્યનારાયણ ઉપર પણ વિજય મેળવવાનો યત્ન કરત. તું તારાથી ન બની શકે એવાં કાર્યોમાં પણ હાથ ઘાલ્યા સિવાય રહી શકતો નથી. તું યૂરોપખંડમાંથી એશિયાખંડમાં આવીને ઘણા દેશો જીતી

ચૂક્યો છું, પરંતુ જે થોડા ઘણા દેશો અદ્યાપિ તારાથી અજીત રહ્યા છે, તે તું તારા સદ્‌ભાગ્યે જીતી શકીશ તો પછી તું તારી સત્તા નદીઓ, વૃક્ષો, જંગલો, પશુ, પ્રાણિઓ અને પર્વતો ઉપર પણ ચલાવીશ કે કેમ, તેનો સંદેહ રહે છે. પરંતુ તારે વિચાર કરવો જોઇએ કે, તું સર્વ જાતિઓને ધારે છે તેટલી તુચ્છ તેઓ હોતી નથી. વળી ભાગ્યના પાસા વારંવાર કાંઈ સવળાજ પડતા નથી. તું જાણે છે કે, **'અતિ લોભ એ પાપનું મૂળ છે,'** લોભવૃત્તિને અધીન થઈ તું સ્વેચ્છાચારથી ન ચાલ. જુલ્મ ગુજારવાને બદલે તું લોકોના ઉપર દયા દર્શાવ. પરોપકારવૃત્તિનું તારા મનમાં તું પોષણ કર. જે સિથિયનો આ વનપ્રદેશમાં સ્વતંત્રતાથી પોતાનું જીવન આનંદમાં પસાર કરે છે, તેમની સાથે યુદ્ધ કરવાથી તને કાંઈ ફાયદો નથી. અમે જેમ કોઇને અમારી પરતંત્રતામાં રાખવા માગતા નથી, તેમ કોઈની પરતંત્રતામાં રહેવાનું પણ ઇચ્છતા નથી. વળી અમે કાંઇ કાયર માણસો નથી. ઈશ્વરે અમને બળદ, હળ, બાણ, બરછી તથા પ્યાલો, એવી પાંચ વસ્તુઓ આપેલી છે. એ પાંચે વસ્તુઓનો અમે યોગ્ય સ્થળે ઉપયોગ કરીએ છીએ. એ વસ્તુઓનો ઉપયોગ અમે શત્રુ તેમજ મિત્રવર્ગને માટે કરીએ છીએ. જો સાંભળ, બળદ તેમજ હળથી ઉત્પન્ન કરેલું ધાન્ય અમે મિત્રોને અર્પણ કરીએ છીએ, તેમજ પ્યાલામાં દ્રાક્ષારસ રેડી એ પ્યાલો દેવને અર્પણ કરીએ છીએ. શત્રુઓ દૂરથી આવતા જણાય ત્યારે અમે તેમના ઉપર બાણોનો વરસાદ વરસાવીએ છીએ, અને જ્યારે તેઓ પાસે આવી પહોંચે છે, ત્યારે બરછીઓના આઘાત કરીને તેમને પરલોકમાં પહોંચાડીએ છીએ. આવી રીતે અમે પણ અમારાં અસ્ત્રોનો ઉપયોગ કરીને ઘણા પ્રદેશો ઉપર વિજય મેળવીને, અનેક રાજાઓને પૃથ્વી ઉપર આળોટતા કરીને, પ્રાચીન કાળમાં એશિયાખંડને ઉજ્જડ બનાવી દઇને ઇજીપ્ત સુધી જઇ પહોંચ્યા હતા. અલે-

ક્ઝાંડર ! તું દુષ્ટ લોકોનો દુનિયામાંથી નાશ કરવાને માટે યુદ્ધ કરે છે, એમ સર્વેને જણાવે છે; પરંતુ ખરૂં જોતાં તારા જેવો બીજો કોઇ દુષ્ટ પુરૂષ આ સમસ્ત દુનિયામાં હશે નહિ. જે દેશો ઉપર તેં વિજય મેળવ્યો છે, એ દેશોનું નામ નિશાન પણ રહ્યું નથી, તેં સર્વત્ર પાયમાલીજ કરી નાખી છે. લિડિયા, સિરિયા ઇરાન, બકિટ્રયા વગેરે દેશો તેં જીત્યા છે, અને હવે તું અમારા દેશ ઉપર હુમલો કરીને અમારાં પશુ–પ્રાણિઓનો તેમજ સગાં–વ્હાલાંઓનો નાશ કરવા તૈયાર થયો છે. અમારો દેશ જીત્યા પછી તારો વિચાર ભારતભૂમિ ઉપર ચઢાઇ કરવાનો છે એ પણ અમે જાણીએ છીએ. પરંતુ યાદ રાખજે કે, અમારી વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરીને તું કાંઇ લાભ મેળવી શકવાનો નથી. અમે મરી જઇને પણ તારી વિરૂદ્ધ યુદ્ધ કરીશું. શત્રુઓ સ્હામે કેવી રીતે ઝૂઝવું એ અમે સારી રીતે જાણીએ છીએ. વિજળીના જેવી ચંચળ રાજ્યલક્ષ્મીના વિશેષ લોભમાં નહિ પડતાં તારી પાસે જે રાજ્યલક્ષ્મી છે, તેનોજ ઉપભોગ ભોગવતો બેસી રહીશ તો તારૂં અવશેષ જીવન ઘણા સુખમાં પસાર થશે. જો તું આ લોકમાં ને પરલોકમાં તારૂં કલ્યાણ થવાની ઇચ્છા રાખતો હોય તો હવે વિશેષ જુલ્મ ગુજારવાનું માંડી વાળી અમારી સાથે મિત્રાચારીનો સંબંધ સાંધ. કદાચિત્ તું અમારા ઉપર વિજય મેળવીશ તો પણ અમે તને ભવિષ્યમાં સુખની નિદ્રામાં સુપ્ત રહેવા દઇશું નહિ, માટે ક્રૂરતાનો ત્યાગ કરી મિત્રતાનો માર્ગ ગ્રહણ કર. અમારા રાજ્યનો ફેલાવો થ્રેસ સુધી છે, તથા થ્રેસ અને મેસિડોનિયાની વચ્ચે વિશેષ અંતર નથી. તેથી પાડોશી પાસે દુશ્મનાવટ કરી તું નિશ્ચિંત રહી શકીશ નહિ.”

આમ છતાં અલેકઝાંડરે એ વકીલનું કહેવું કબૂલ કર્યું નહિ. તેણે તો પોતાનો યુદ્ધ કરવાનો નિશ્ચય કાયમજ રાખ્યો. પરિણામ એ

આવ્યું કે ઉભય પક્ષ વચ્ચે યુદ્ધ થયું અને યુદ્ધને અંતે સિથિયનો નાસી છુટયા. અલેકઝાંડરે બેહજાર ઘોડાઓ સિથિયનો પાસેથી લૂંટી લીધા. આ યુદ્ધમાં કેટલા સિથિયનો માર્યા ગયા એ હકીકત મળી આવતી નથી; પરંતુ અલેકઝાંડરના સૈન્ય પૈકી ૧૦૦ પાયદળ અને એક હજાર ઘોડેસ્વાર ઘાયલ થયા.

સિથિયનોનો પરાજય કર્યા પછી, અલેકઝાંડર સ્પિટૅમિનિસ કે જે મરકંદામાં ભરાઇ બેઠો હતો તેને પકડવાને માટે ચાલી નીકળ્યો. અલેકઝાંડર પોતાને પકડવાને આવે છે, એવા સમાચાર સ્પિટૅમિનિસના જાણવામાં આવ્યા ત્યારે તે બકિટ્રયા તરફ નાસી છુટયો.

અલેકઝાંડર બકિટ્રયા જઇ પહોંચ્યો એટલે ત્યાં તેને બીજા ૧૬ હજાર મેસિડોનિયન સૈનિકો આવી મળ્યા. હવે અલેકઝાંડરે સર્વત્ર વિજય મેળવ્યો હતો એટલે તે નિશ્ચિંત થઇને બકિટ્રયામાં છાવણી નાખીને રહ્યો. એવામાં તેને આકસસ સરિતાના ખડકો ઉપર આવેલો પેટ્રાઆક્સિયા નામક કિલ્લો હસ્તગત કરવાની ઇચ્છા થઇ, કારણ કે એ કિલ્લામાં તેના કેટલાક શત્રુઓ આશ્રય મેળવીને છુપાઇ રહ્યા હતા. એ કિલ્લો અક્ષયરથી યાતો અજયરથી નામક સરદારની સત્તામાં હતો. એ સરદાર પોતાની પાસે ૩ હજાર સૈનિકો અને બે વર્ષ સુધી ચાલે એટલી ખોરાકીનો સંગ્રહ કરીને કિલ્લામાં રહ્યા હતો. એ કિલ્લો ઉંચા પર્વત ઉપર આવેલો હોવાથી, અને એ પર્વત ઉપર પુષ્કળ બરફ હોવાથી તેઓને અલેકઝાંડરનો બિલકુલ ભય નહોતો. અલેકઝાંડરે પોતાનો હેતુ સફળ કરવાને માટે પોતાના સૈનિકોને ઘણા ઉત્તેજિત કર્યા, તથા તેમને ઘણાં કીમતી ઇનામો આપવાનો લોભ દર્શાવ્યો. આ પ્રમાણે અલેક-ઝાંડરે કિલ્લા ઉપર હુમલો કરવાની તૈયારી કરી, ત્યારે શત્રુ પક્ષે તેની મશ્કરી કરતાં કહ્યું કે:—"તમે આ કિલ્લાને હસ્તગત કરી શકવાને કદાપિ સમર્થ થનાર નથી." આ વાક્યથી અલેકઝાંડરને ઘણો ગુસ્સો

ભરાયો. તેણે પોતાના સૈનિકોને જે રકમ ઇનામ તરીકે આપવાની જાહેર કરી હતી તે વધારી દીધી. તેનું સૈન્ય આથી વિશેષ ઉત્તેજિત બની ગયું. સમસ્ત સૈન્ય ધીમે ધીમે બરફથી ઢંકાઇ ગયેલા પર્વત ઉપર ચઢવા લાગ્યું. બરફની ઉપર ચાલવાનું કામ કેટલું જોખમ ભરેલું છે, તેનો ખ્યાલ અનુભવી સિવાય ભાગ્યેજ બીજાને આવી શકે તેમ છે. એ બરફથી ઢંકાઇ ગયેલા પર્વત ઉપર ચઢતાં ચઢતાં અલેકઝાંડરના ત્રીસ સૈનિકો ખસીપડીને મરી ગયા. પોતાના સૈનિકોને અલેકઝાંડરે પર્વત ઉપર ચઢી ગયેલા જોયા, ત્યારે તેના આનંદની સોમા રહી નહિ. તેણે નીચે રહીનેજ શત્રુ ઉપર હુમલો કરવા માંડયો. કિલ્લામાં જે જે માણસો હતા તે સર્વ અલેકઝાંડરના સૈનિકોને ઉંચે ચઢી આવેલા જોઇને ગભરાઈ ગયા. શત્રુઓની સંખ્યા કેટલી છે તેનો વિચાર નહિ કરતાં તેઓ પોતાનું રક્ષણ કેવી રીતે થશે તેનોજ વિચાર કરવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે, તેમની ભયપૂર્ણ ભાવનાથી તેઓ અલેકઝાંડરથી પરાજિત થયા. આ યુદ્ધમાં જે જે માણસો અલેકઝાંડરની સત્તાને અધીન થયાં હતાં તે પૈકી રસના (અગર તો રક્ષના) નામક રાજકન્યા સંબંધી અત્રે કાંઇક ઉલ્લેખ કરવો આવશ્યક છે. ડરાયસની રાણી સિવાય એ સમયે તે કન્યાના જેવી સુંદરી બીજી કોઇ નહોતી. કાળક્રમે અલેકઝાંડરે તેની સાથે પોતાનો સંબંધ સાંધ્યો હતો, અર્થાત્ અજયરથીને તેણે પોતાનો શ્વશુર બનાવ્યો હતો. અસ્તુ.

અમે જે સમયની વાત કહીએ છીએ એ સમયે હાલના અફગાનિસ્તાન, બલ્ખ, બોખારા, સમરકંદ વગેરે પ્રદેશો હિંદુ રાજાઓની સત્તામાં હતા. આ સર્વ પ્રદેશના રાજા પ્રજાઓથી ભારતીય નૃપતિઓ તેમજ રહેવાસીઓ અપરિચિત હોય એમ લાગતું નથી. તેઓ અરસ્પરસ તીર્થયાત્રા, વ્યાપાર અને વિવાહ સંબંધમાં વારંવાર એકતાના

સૂત્રથી સંધાતા હતા. વર્તમાન સમયે પણ અનેક હિંદુઓ તીર્થયાત્રા નિમિત્તે બલ્ખ વગેરે સ્થાનોનું દર્શન કરવાને જાય છે.

ભારતવર્ષમાં અલેકઝાંડરના ચઢી આવવા પૂર્વે તેની વિજયવાર્તા તે સમયના ભારતમાં પ્રસિદ્ધ થઇ ગઇ હતી. તે સિવાય જે જે માણસોએ અલેકઝાંડરના અત્યાચારમાંથી મુક્તિ મેળવીને ભારતવર્ષમાં આશ્રય લીધો હતો તેમને મુખે પણ ભારતવાસીઓ અલેકઝાંડરનો ઇતિહાસ જાણી ચૂક્યા હતા.

અર્વાચીન ભારતમાં આગમન કરવા પૂર્વે અલેકઝાંડરે પોતાના સૈનિકોને કહ્યું હતું કેઃ—"આટલા દિવસ પછી આપણી યુદ્ધ સંબંધી મહેનત પૂર્ણ થઇ છે. હવે આપણે ભારતવર્ષમાં જઇને ત્યાંથી અઢળક દ્રવ્ય પ્રાપ્ત કરીશું." આવી રીતે તેણે પોતાના સૈન્યને દ્રવ્યલોભ દર્શાવીને ભારતવર્ષમાં આણ્યું હતું. ભારતવર્ષમાં આવ્યા પછી અલેક-ઝાંડરનો હેતુ સફળ થયો કે કેમ, તેમજ એ યૂરોપીય શત્રુના પંઝામાંથી આપણા ભારતવાસીઓએ પોતાની સ્વતંત્રતા, આત્મમર્યાદા વગેરેનું કેવી રીતે રક્ષણ કર્યું હતું, એ હકીકત હવે પછીનાં પ્રકરણોમાં વર્ણવીશું.

પરિચ્છેદ ૮ મો.

આ સમય પૂર્વે જે ભારતવાસીઓએ, ઇરાનના રાજા ડરાયસની સહાયતા તેમજ રક્ષણ માટે ઇરાનમાં જઇને અલેકઝાંડરની સાથે ભયંકર યુદ્ધ કર્યું હતું, તેમજ કેટલાંક સૈકાં પૂર્વે જેઓ ઝેરાકસસના પ્રચંડ સૈન્ય સાથે મળી જઇને ગ્રીક સ્વતંત્રતાનો જડમૂળથી નાશ કરવાને માટે ગ્રીક દેશમાં જઇ પહોંચ્યા હતા, તેમના દેશ તરફ હવે અલેકઝાંડરનું લક્ષ્ય ગયું. તે સમયે હાલની માફક ભારતની સીમા

નક્કી થયેલી નહોતી. હમણાં ભારતની બ્હારનો ગણવામાં આવતો પ્રદેશ પૂર્વે ભારતભૂમિમાંજ આવેલો હતો. સ્વતંત્રતાના સમયમાં સર્વ વિષયો બ્હોળો ફેલાવો પામી શકે છે, પરંતુ પુનઃ પરતંત્રતાની બેડીઓનું બંધન થતાંજ આચાર, વ્યવહાર, ભાષા તથા દેશ, સર્વ રીતે સંકુચિત થાય છે. તાઈ નામક ઋષિએ ભારતની સીમા સંબંધી જણાવ્યું છે કે; ભારતની પશ્ચિમે યવન અને પૂર્વે કિરાત લોકો રહેતા હતા **पूर्वे किराता यस्य स्युः पश्चिमे यवनाःस्थिताः । विष्णुपुराण ।** આ પ્રમાણે એક સમયે આજની મ્લેચ્છભૂમિ પણ ભારતના એક અંગ તરીકે ગણાતી હતી.

ધીમે ધીમે ભારત ઉપર વિજય મેળવવાની અલેકઝાંડરની ઇચ્છા દૃઢ થઇ, તેણે ઇરાનીઓ સાથના યુદ્ધમાં ભારતીય સૈન્યનું શૌર્ય, યુદ્ધ-કૌશલ્ય વગેરેનો પરિચય પ્રાપ્ત કર્યો હતો, એ સૈન્ય ઉપર પોતાનું વૈર લેવાની ઇચ્છા તેને વિશેષ વ્યાકુળ બનાવી દેવા લાગી.

અલેકઝાંડર આ સમયે ભારત ઉપર ચઢાઇ કરીને યૂરોપીય ઇતિહાસમાં સવિશેષ સ્મરણીય થયો છે.

ઇ૦ સ૦ પૂર્વે ૩૨૭ ના ઉન્હાળામાં જ્યારે સૂર્યના તાપથી રસ્તાઓ ઉપરનો બરફ ગળી જઇને રસ્તાઓ સુગમ થઇ ગયા ત્યારે અલેકઝાંડર પોતાના પ્રચંડ સૈન્યસહ ગ્રીકોએ દર્શાવેલા કાકેસસ અર્થાત્ હિંદુકુશ પર્વત ઉપર થઇને ભારત તરફ આવી પહોંચ્યો. કેટલાકનું કહેવું એમ છે કે, આ સમયે અલેકઝાંડરની પાસે તેનું સ્વદેશી સૈન્ય ૫૦—૬૦ હજાર કરતાં વિશેષ નહોતું, તો કેટલાકનું કહેવું એમ છે કે, તેની પાસે ૧ લાખ ૨૦ હજાર પાયદળ અને ૧૫ હજાર ઘોડેસ્વારોનું સૈન્ય હતું. આટલા સૈન્ય સાથે જરૂર જેટલી આહારસામગ્રી તેમજ બીજો યુદ્ધમાં ઉપયોગી સરસામાન લઇને પર્વત—માર્ગે ભારતમાં આવવાનું કાર્ય અલેકઝાંડર જેવા મહાન્ પુરૂષને માટે પણ સાધારણ

નહોતું. આ પર્વત–માર્ગને પસાર કરી જવામાં અલેકઝાંડરને દશ-અગીઆર દિવસ લાગ્યા હતા, અને તેના સૈનિકોને અનેક પ્રકારનું દુઃખ ભોગવવું પડયું. આ પર્વતમાર્ગમાં એક પ્રકારની વિષમય વનસ્પતિ ઉગી નીકળતી હતી. જે ખાવાથી કેટલાક ઘોડાઓ મૃત્યુ પામ્યા હતા. આમ છતાં જેઓ કોઇ મોટું કાર્ય કરવાનોજ નિશ્ચય કરી બેઠા હોય છે, તેમને તેમના નિશ્ચયથી વિમુખ કરવા માટે આવી મુશ્કેલીઓ સમર્થ થતી નથી. ઉલટું સંકટ આવી પડતાં તેઓ પોતાનો નિશ્ચય પરિપૂર્ણ કરવા માટે વિશેષ ઉત્તેજિત બની જાય છે. મધ્ય એશિયાની પ્રચંડ ગરમી તથા આ પ્રદેશની સખ્ત ઠંડી કોઇ પણ પ્રકારે અલેકઝાંડરની ગતિને રોકી શકી નહિ. **દુર્બળોનેજ ઠંડી અને ગરમી હરકત કરી શકે છે.** આવા દુઃખની દરકાર નહિ કરનારા સૈન્યનો પરાજય કરવો એ કાંઇ સાધારણ કાર્ય નથી.

અલેકઝાંડરે હિંદુકુશ પર્વત ઉપરથી ઉતરીને ગ્રીકોએ દર્શાવેલા નિકાઇયા (Nicaea) અર્થાત્ જયપુર નાનક* સ્થાને છાવણી નાખી. આ સ્થળે છાવણી નાખ્યા પછી અલેકઝાંડરે ઘણાજ સમારોહથી એથિનાદેવીની પૂજા કરી હતી. આ સ્થળેથી અલેકઝાંડરે તક્ષશીલાના રાજા આંતિ× તરફ દૂત મોકલીને કોઇ અનુકૂળ સ્થાને પોતાની બન્નેની મુલાકાત થાય તો સારૂં, એવો વિચાર દર્શાવ્યો હતો. આ મુલાકાતના પ્રકારમાં અલેકઝાંડરના નવીન શ્વશુર અજયરથીએ કેવા પ્રકારનો અભિનય કર્યો હતો એનો ઉલ્લેખ કોઇ પણ

* નિકાઇયાના ભૌગોલિક સંસ્થાન સંબંધી જૂદા જૂદા અભિપ્રાય જોવામાં આવે છે. કોઈ જલાલાબાદથી પશ્ચિમે ૪–૫ ગાઉ ઉપર આવેલા નાંગનિહાર નામક ગામને પ્રાચીન નિકાઇયા હોવાનું જણાવે છે, તો કોઇ કાબૂલજ નિકાઇયા છે એમ દર્શાવે છે !

× કુર્ટિયસ જણાવે છે કે, 'આંતિ' તક્ષશીલાના રાજાનું નામ હતું પરંતુ 'આંતિ' વંશનું નામ હોય એમ લાગે છે.

ગ્રીક ગ્રંથકારે કર્યો નથી. અલેકઝાંડરે ભારત ઉપર ચઢાઇ કરી તે સમયે 'આંતિ'નો પિતા પોતાના પુત્રને રાજ્યકારભાર સોંપી પરલોક પામ્યો હતો; તે સિવાય આંતિનું રાજ્ય હસ્તગત કરવાને માટે તક્ષશીલાની આસપાસનાં રાજ્યોના બીજા રાજાઓ પણ ખટપટ ચલાવી રહ્યા હતા, તેથી કરીને રાજયકારભારમાં સમયના અભાવને લીધે ચતુર નહિ બનેલા આંતિને અલેકઝાંડરની વિરૂદ્ધ યુદ્ધ કરવામાં બીજા કોઇ રાજાની મદદ મળી શકે તેમ નહોતું; આમ હોવાથી આંતિ રાજધર્મનો ત્યાગ કરી અલેકઝાંડરના ચરણોમાં નમી પડે એમાં શું આશ્ચર્ય ? વળી પંદનદીના અધીશ્વર મહાબાહુરૂની સાથે તક્ષશીલાનો વિરોધ હોવાથી પણ જો તક્ષશીલાના નરપતિ આંતિએ વિદેશી શત્રુ અલેકઝાંડરના ચરણોમાં નમી પડી તેની સહાય્યથી પોતાના દેશીય શત્રુનો પરાજય કરવાનો વિચાર કર્યો હોય એ પણ સંભવિત છે. ગમે તેમ હોય તોપણ તે સમયે ભારતના ક્ષત્રિયોએ પોતાના ધર્મને જલાંજલિ આપી નહોતી. તેઓ સ્વતંત્રતાનું રક્ષણ કરવાને માટે, ગોબ્રાહ્મણનો સંકટમાંથી ઉદ્ધાર કરવાને માટે યથાસર્વસ્વનો ત્યાગ કરવામાં પાછી પ્હાની કરતા નહિ. દેશની આવી સ્થિતિ–પ્રસંગે આંતિએ અલેકઝાંડરની વિરૂદ્ધ યુદ્ધ કરવું ઉચિત હતું. બે હજાર વર્ષો વીતી ગયાં છે. તોપણ આંતિ તથા તેની સાથે અલેકઝાંડરને શરણે ગયેલા રાજાઓની ભયભાવનાનો વિચાર કરતાં તેમના સ્વદેશવાસીઓ શરમાઇ જઇને ક્રોધથી તેમને ગાળો દે છે. જે સમયની માતાઓ પુત્રને સ્તનપાન કરાવતી વખતે કહેતી હતી કેઃ–" હે પુત્ર ! તું અસાધારણ વ્રતનું પાલન કરવાને સમર્થ થા, "* એવા સમયે આવા કુલાંગાર પુત્રે પોતાની માતાની કૂખ લજાવી હતી ?

---

* कुमारानहस्म वै मातरः पाययमाना आहु ।
शंकरीणां पुत्रका ब्रतं पारयिष्णवो भवतेति ॥

આંતિ અલેકઝાંડરની ઇચ્છાને યાતો આજ્ઞાને માન આપીને ૨૫ હાથી તથા આપણા દેશની બીજી કેટલીક વસ્તુઓ સાથે લઇને ગ્રીક વીર અલેકઝાંડરની પૂજા કરવા ગયો હતો; વળી તે એકલોજ અલેકઝાંડરની પૂજા કરવાને ન જતાં બીજા કેટલાક પોતાના જેવા રાજાઓને પણ સાથે લઇ ગયો હતો.

અલેકઝાંડરે પોતાના સૈન્યના વિભાગ કરી નાખી પોતાનું અર્ધું સૈન્ય, હિપૅસ્ટિયન અને પાર્દિકાની સરદારી નીચે ગ્રીકોએ દર્શાવેલા ટ્યુકલોતિસ અર્થાત્ આપણા પુષ્કલાવતી, અને સિંધુ નદી તરફ રવાના કર્યું; તક્ષશીલાનો રાજા આંતિ માર્ગમાં ભોમિયા તરીકે હોવા છતાં પણ એ સૈન્ય ધારેલા સ્થાને પહોંચી શક્યું નહોતું. એ સઘળું સૈન્ય, કાબૂલ નદીના તટ ઉપર થઇને ખૈબરનો ઘાટ ઓળંગી આગળ વધતું હતું; એ પ્રસંગે પુષ્કલાવતી નગરીના નગરપતિએ એ વિદેશી સૈન્યને ભારતમાં આવતું અટકાવવાનો યત્ન કર્યો હતો. તેના વીરત્વ સંબંધી માત્ર એટલુંજ કહેવું બસ થઇ પડશે કે, તેણે પોતાના સાધારણ સૈન્યની સહાયતાથી અલેકઝાંડરના રણોત્સાહી પ્રચંડ સૈન્યને એક મહિના સુધી આગળ વધતું અટકાવી રાખીને તેની વિરૂદ્ધ યુદ્ધ કર્યું હતું, અને છેવટ હારવાનો સમય આવેલો જણાતાં પુષ્કલાવતીના નરપતિએ તેમજ તેના બહાદુર સૈનિકોએ રણભૂમિમાં પોતાના પ્રાણનું બળિદાન આપી અમરત્વ પ્રાપ્ત કર્યું હતું.

હિપૅસ્ટિયન ધીમે ધીમે પુષ્કલાવતી નગરીનો ધ્વંસ કરીને સિંધુ નદીના કિનારા સુધી જઇ પહોંચ્યો. આ સ્થાને તેણે અલેકઝાંડરની સલાહ પ્રમાણે નદી પાર ઉતરવાની વ્યવસ્થા કરવાની શરૂઆત કરી દીધી.

અલેકઝાંડર પોતાની પાસે રહેલા અર્ધ સૈન્યને સાથે લઇને આસપસિયાન, ગૌરિયાન અને અશ્વકાણીનો પ્રદેશ હસ્તગત કરવાને માટે આગળ વધ્યો.

સાહસિક અલેકઝાંડર જે માર્ગેથી આગળ વધવા લાગ્યો, તે કેટલો જોખમ અને કષ્ટ ભરેલો હતો તેનું વર્ણન થઇ શકે તેમ નથી.

મુશળધાર વૃષ્ટિ અને વાયુનું ભયંકર તોફાન થવા પૂવ મનુષ્ય જેમ કોઇ સલામત સ્થાનનો આશ્રય લે છે તેમ અલેકઝાંડરનું આગમન થવા પૂર્વેજ એ સર્વ પ્રદેશનાં નરનારીઓ પહાડી પ્રદેશમાં પોતાની આત્મરક્ષા કરવાને છુપાઇ ગયાં હતાં. યુદ્ધ કરવાને શક્તિવાન હોય એવા પુરૂષો પોતાના ગામ યા તો નગરમાં નિવાસ કરીને પોતાની જન્મભૂમિનું રક્ષણ કરવા લાગ્યા. અલેકઝાંડરનો માર્ગ અટકાવવાને સઘળા શૂરવીર પુરૂષો અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જિત થઇને નગરની બહાર રહેવા લાગ્યા. અલેકઝાંડરે શત્રુઓને તૈયાર થઇ રહેલા જોઇને તેમના ઉપર હુમલો કર્યો. બન્ને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ ચાલવા લાગ્યું. એક બીજાના પક્ષની સમશેરો વાયુ-વેગથી આકાશમાં ઉડવા લાગી. ભાલાઓ અને બાણોની વૃષ્ટિ થવા લાગી. અલેકઝાંડર અને તેના કેટલાક મુખ્ય સરદારો આ યુદ્ધમાં ઘાયલ થયા. સંધ્યાસમયે યુદ્ધ કરતાં કરતાં થાકી ગયેલા નગરવાસીઓએ નગરમાં પ્રવેશ કરી નગરનાં બારણાં બંધ કરી દીધાં. બીજે દિવસે સૂર્યોદય થતાંજ ફરીથી યુદ્ધનો આરંભ થયો. મેસિડોનિયનોએ કિલ્લાનો જે ભાગ કાંઇક અંશે દુર્બળ હતો તે તરફ હુમલો કર્યો. નગરવાસીઓ પણ અપૂર્વ વીરત્વનો પરિચય કરાવી પોતાની જન્મભૂમિનું રક્ષણ કરવા લાગ્યા. પરંતુ અંતે તેમને નગરનું તથા કિલ્લાનું રક્ષણ કરવું અસાધ્ય જણાતાં તેઓ કિલ્લામાંથી નાસી છુટી પહાડ તેમજ જંગલમાં છુપાઇ ગયા. જેઓ કેદ પકડાયા તેમનો ભયંકર રીતે વધ કરવામાં આવ્યો હતો. અલેકઝાંડર આ યુદ્ધમાં ઘાયલ થયેલો હોવાથી તેને ઘણો ક્રોધ ભરાયો હતો, અને તેથી તેણે આ નગરનું તેમજ કિલ્લાનું એક પણ ચિહ્ન કાયમ ન રાખતાં સઘળું સપાટ મયદાન બનાવી દીધું !

અલેકઝાંડર હવે અંદક (Andaka) નામક નગર તરફ આગળ વધ્યો. ગ્રીક ગ્રંથકાર જણાવે છે કે, અંદકના નરપતિએ યુદ્ધમાં નહિ ઉતરતાં અલેકઝાંડરની સત્તાને માથે ચઢાવી હતી. આ અંદક નગરની આસપાસ આવેલાં નગરોના નગરપતિઓને સામ, દામ, ભેદ અને દંડ વગેરે ઉપાયો પૈકી કોઇ પણ ઉપાયથી પોતાની સત્તામાં લેવા માટે અલેકઝાંડર પોતેજ આસપસિયાન નરપતિની તરફ ચાલી નીકળ્યો. તેણે પોતાના ક્રિટિરસ નામક સરદારને અંદકમાંજ રાખ્યો. અલેકઝાંડર સતત મુસાફરી કરીને બીજે દિવસે શત્રુના નગરમાં આવી પહોંચ્યો. અલેકઝાંડરના આગમનની વાત જાણવામાં આવતાંજ, પોતાનું નગર શત્રુઓના સુખવૈભવનું સ્થાન થઇ પડે એવી આશંકાથી નગરપતિએ તથા નગરવાસીઓએ નગરને અગ્નિથી સળગાવી દીધું; અને તેઓ પોતાનાં કુટુંબીઓ સાથે પહાડી પ્રદેશમાં છુપાઇ ગયા. સર્વ સમયે સર્વ પુરૂષો શત્રુની વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરી શકતા નથી. એવે પ્રસંગે જો કોઇ નગરના નગરવાસીઓ પોતાના નગરને શત્રુઓના સ્વાધીન નહિ થવા દેતાં તેને અગ્નિથી સળગાવી મૂકે, તો એ નગરવાસીઓનો દોષ નથી. શત્રુઓના હાથમાં જો કદાચ પોતાનું નગર જાય તો તેઓને આહાર તેમજ આશ્રયસ્થાન મળવાથી તેઓ વિશેષ બળવાન થાય. આવી અવસ્થામાંજ સ્વદેશભક્ત નગરજનો પોતાનું માનવજીવન પવિત્રતાનો આદર્શ છે, એમ સિદ્ધ કરી બતાવે છે. નગરવાસીઓને નાસી જતા જોઇને અલેકઝાંડર પોતાના સૈન્યસહ તેમની પાછળ પડયો, તથા તેમનામાંના કેટલાકને કેદ પકડીને તેણે ક્રૂરતાથી મારી નાખ્યા. જેઓ બચી જવા પામ્યા તેમણે ઉંચા ઉંચા પર્વતોમાં આવેલી ગુફાઓમાં છુપાઇ જઇને પોતાનો પ્રાણ બચાવ્યો. આ પ્રસંગે નાસી જનારાં મનુષ્યોના નાયકનું અને લૅગોસના પુત્ર 'તુરમય'નું ભયંકર દ્વંદ્વયુદ્ધ થયું હતું. નગરનાયકે, તુરમયને પોતાની પાછળ

પડેલો જોઇને આગળ નહિ નાસતાં તેની સાથે યુદ્ધ કરવા માંડયું. તેણે પોતાનો તીક્ષ્ણ ભાલો તુરમયની છાતી તરફ ફેંક્યો. તુરમયનું બખ્તર એ ભાલાના આઘાતથી છિન્ન–ભિન્ન થઇ ગયું પણ તેનું શરીર વિંધાયું નહિ. એ પછી તુરમય એકાએક નગરનાયક ઉપર ટૂટી પડયો, તેથી નગરનાયકની જંઘા છિન્ન–ભિન્ન થઇ ગઇ. પરિણામ એ આવ્યું કે, નગરનાયકે વીરલોક તરફ ગમન કર્યું. પોતાના નાયકના પ્રાણહીન શરીરને શત્રુઓ ઉપાડીને લઇ જાય છે, એવું નગરવાસીઓના જોવામાં આવતાં તેઓ પોતાના નાયકનો મૃત દેહ મેળવવાનેમાટે પર્વત ઉપરથી, તુરમય તેમજ તેની મદદે આવી પહોંચેલા બીજા સાથીઓ ઉપર મારો ચલાવવા લાગ્યા. ભારતીય વીરોએ આવી રીતે શત્રુપક્ષ ઉપર સખ્ત મારો ચલાવીને પોતાના નાયકનો મૃત દેહ મેળવ્યો હતો, એ વાત ગ્રીક લેખકોએજ કબૂલ કરી છે. તુરમય સાથે ભારતવાસીઓના થયેલા આ યુદ્ધપ્રસંગે અલેકઝાંડરના જાણવામાં જ્યારે એમ આવ્યું કે, પોતાના પક્ષનો પરાજય થાય છે, ત્યારે તેણે કેટલુંક પાયદળ તુરમયની મદદે મોકલ્યું. આ પ્રમાણે ગ્રીક સૈનિકોની સંખ્યા વૃદ્ધિંગત થતાં તેઓએ પ્રબળ પ્રરાક્રમથી ભારતવાસીઓ ઉપર ફરીથી આક્રમણ કરવાનો આરંભ કર્યો. ગ્રીક ઐતિહાસિક લખે છે કે, આ પ્રમાણે ફરીથી ઉભય પક્ષનું જે યુદ્ધ થયું હતું તેમાં ભારતવાસીઓ પરાજય પામ્યા હતા, તથા તેમને પોતાના નાયકનો મૃત દેહ શત્રુઓને સ્વાધી કરી નાસી જવું પડયું હતું.

અલેકઝાંડરે ત્યાર પછી આગળ વધવા માંડયું અને વિના વિલંબે બાજોરના પહાડી પ્રદેશમાં પ્રવેશ કર્યો. ઍરિગેઇયન નગરના રહેવાસીઓ અલેકઝાંડરના આવવા પહેલાંજ નગરને અગ્નિ સળગાવી પલાયન કરી ગયા હતા. તેથી બળીને ભસ્મ થઇ ગયેલું એ નગર મેળવવામાં અલેકઝાંડરને હરકત નડી નહિ. ક્રિટિરસ પણ પોતાનું

કાર્ય સર્વાંશે બજાવીને આ ઠેકાણે અલેકઝાંડરને આવી મળ્યો. આ સ્થાનની પ્રકૃતિનું અપૂર્વ માધુર્ય જોઇ અલેકઝાંડર ઘણો મુગ્ધ થયો. તેણે બળીને ભસ્મ થઇ ગયેલા ઍરિગેઇયન નગરની પુનઃ સ્થાપના કરવાનો યત્ન કર્યો તથા જે સર્વ નગરવાસીઓ નગરમાં રહેવાને કબૂલ થયા હતા તેમને તેમજ પોતાના જે સૈનિકો યુદ્ધમાં ઉતરવાને માટે નાલાયક થઇ પડયા હતા તેમને સર્વેને તેણે આ નગરમાં નિવાસ કરવાની રજા આપી.

કોઇપણ પ્રકારના ચેપી રોગનો ઉપદ્રવ શરૂ થતાંજ લોકો પોતાના નિવાસસ્થાનનો ત્યાગ કરી બીજે સ્થાને ચાલ્યા જાય છે યા તો પહાડી પ્રદેશમાં રહીને આત્મરક્ષણ કરે છે, તેજ પ્રમાણે અલેકઝાંડરના ઉપદ્રવના ભયથી ઘણાખરા માણસો નિવાસસ્થાનનો ત્યાગ કરી પહાડી પ્રદેશમાં રહી આત્મરક્ષણ કરતા હતા. આમ છતાં પણ એ ઉપદ્રવ તે લોકોની પાછળ પડયા વિના રહેતો નહિ. પર્વત પછી પર્વત વટાવીને અલેકઝાંડર હવે આગળ વધવા લાગ્યો. જે જે પર્વતોની ઉપર ભારતીય વીરો આશ્રય ગ્રહણ કરીને રહેતા જણાતા હતા, તે પર્વતોની તળેટીમાં અલેકઝાંડર પોતાની છાવણી નાખતો હતો; પરંતુ જ્યારે અલેકઝાંડરને એવી ખબર પડતી હતી કે, ઉપરથી ભારતીય વીરોએ પર્વતની આસપાસ અગ્નિ સળગાવ્યો છે, ત્યારે તે સૈન્યના એક ભાગને છાવણી આગળ રાખી, બીજા ભાગને પોતાની સાથે લઇને ભારતીય વીરો ઉપર ટૂટી પડતો હતો. યુદ્ધપ્રસંગે તે પોતાના સૈન્યના બીજા ત્રણ વિભાગ કરી નાખી તે ત્રણેની સરદારીનું કામ અનુક્રમે લિઓનેટસ, તુરમય અને પોતાના હાથમાં રાખતો હતો. ભારતીય વીરો પણ શત્રુઓ વિરૂદ્ધ યુદ્ધ કરવામાં પાછી પ્હાની કરતા નહિ. બન્ને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થતાં હતાં. એક પક્ષ પોતાની સ્વતંત્રતા તેમજ માન-પ્રતિષ્ઠા અને પોતાના-

સર્વસ્વનું રક્ષણ કરવાને માટે યુદ્ધ કરતો હતો; જ્યારે બીજો પક્ષ પોતાની ઉચ્ચ આશા, પોતાનું અભિમાન તથા પોતાના ભોગ–વિલાસની લાલસાને પરિતૃપ્ત કરવા માટે યુદ્ધ કરતો હતો. સર્વ સમયે ન્યાયી પક્ષજ કાંઇ વિજયી થતો નથી. ભારતીય વીરો જીવવાની આશા છોડી દઇને યુદ્ધ કરવા છતાં પણ પરાજય પામ્યા હતા, તથા કેદ પકડાઇને શત્રુઓના ક્રોધાગ્નિના ભોગ થઇ પડયા હતા. અલેકઝાંડરનો સહચર અને ગ્રંથલેખક તુરમય જણાવે છે કે, આવા પ્રકારનાં ભયંકર યુદ્ધોમાં ૪૦ હજાર કરતાં પણ વિશેષ ભારતવાસીઓ કેદ પકડાયા હતા. આ મનુષ્યોનું અંતિમ પરિણામ કેવું આવ્યું હતું તે જણાતું નથી; આ યુદ્ધોને અંતે શત્રુપક્ષને ૨ લાખ ૩૦ હજાર કરતાં પણ વધારે ગાયો પ્રાપ્ત થઇ હતી. અલેકઝાંડરે તેમનાં સૌંદર્યથી અતિ આશ્ચર્ય પામીને એમાંની કેટલીક ગાયો પોતાના દેશમાં મોકલી દીધી હતી.

સ્વદેશવાસીઓના પરાજયના સમાચાર જાણી પાસે આવેલા અશ્વક ઇનિયાન* (Assakenians) પ્રદેશના રહેવાસીઓ ભયથી ધ્રુજી નહિ જતાં પોતાના દેશબંધુઓના પરાજયનો બદલો લેવાને માટે અતિ ઉત્સાહથી તૈયાર થઇ ગયા. તેઓ ૨૦ હજાર ઘોડેસ્વાર, ૩૦ હજાર પાયદળ તથા ૩૦ હાથી લઇને શત્રુઓ સામે યુદ્ધમાં ઉતરવાને ચાલી નીકળ્યા.

અલેકઝાંડરે તેમના ઉપર હુમલો કરવાને માટે વેગવતી ગૌરિયસ નદીની પાર ઉતરીને ત્વરાથી અદ્રિભૂમિમાં રહેનારા અશ્વકોની નગરી ‘ મશકવતી ’ ઉપર ચઢાઇ કરી. અશ્વકોએ પણ પોતાની જન્મભૂમિનું રક્ષણ કરવામાં પાછી પાની કરી નહિ. તેમને તેમના આ

* અશ્વક શબ્દનો અપભ્રંશ છે. મહાભારતમાં આ પ્રદેશનું નામ પ્રસિદ્ધ થયેલું છે.

પવિત્ર કાર્યમાં બીજા ૭ હજાર ભારતભક્ત યોદ્ધાઓએ સહાયતા કરી હતી.

મેસિડોનિયનો નગરની પાસે જઇ પહોંચીને છાવણી નાખવાની તૈયારી કરતા હતા, તેવામાંજ અશ્વકોએ ભારતીય યોદ્ધાઓની સાથે એકત્ર થઇ જઈને ભયંકર પરાક્રમનું દર્શન કરાવતાં શત્રુઓ ઉપર હુમલો કર્યો. ભારતીય વીરો તેમજ અશ્વકોના હુમલાથી અલેકઝાંડરને તેમજ તેના સૈનિકોને પાછા હઠવું પડયું. ગ્રીક ગ્રંથકાર જણાવે છે કે અલેકઝાંડર તથા તેનું સૈન્ય ભયને લીધે પાછું હઠયું નહોતું; પરંતુ તેણે એવું વિચાર્યું હતું કે, જો નગરથી દૂર આવેલા સ્થાને ઉભય પક્ષનું યુદ્ધ થશે તો નગર સહેલાઇથી પોતાની સત્તામાં આવશે, અને પોતાનો સર્વાંશે વિજય થશે. અલેકઝાંડરને તેના સૈન્યસહ પાછો હઠતો જોઇને અશ્વકો તેમજ ભારતીય યોદ્ધાઓ અપૂર્વ ઉત્સાહથી તેમની પાછળ પડી તેને હંફાવવા લાગ્યા, પરંતુ અલેકઝાંડરની પાછળ પાછળ જવાથી પરિણામ એ આવ્યું કે અશ્વકો પોતાનો વિજય ત્વરાથી થશે એમ વિચારી છુટા પડી જઈને યુદ્ધ કરવા લાગ્યા. આ સુયોગનો લાભ લઇ અલેકઝાંડર સૈન્યસહ તેમના ઉપર તૂટી પડયો. ઉભય પક્ષ વચ્ચે ઘણા સમયસુધી સતત યુદ્ધ ચાલ્યું. ઘણા સમયસુધી જય પરાજયનો કાંઇ નિર્ણય થયો નહિ. છેવટે પોતાનો પરાજય થવાનો પ્રસંગ અશ્વકોને તેમજ ભારતીય યોદ્ધાઓને પાસે આવતો જણાતાં તેઓએ પાછા હઠી નગરમાં પ્રવેશ કરી નગરનાં પ્રવેશદ્વારો બંધ કરી દીધાં. અલેકઝાંડરે વિજયનો પોકાર કરતાં કરતાં પોતાના સૈન્યસહ નગરની આસપાસ આવેલા કિલ્લાને ઘેરો ઘાલ્યો. અશ્વકો તેમજ ભારતીય યોદ્ધાઓ કિલ્લા ઉપરથી યુદ્ધ કરવા લાગ્યા. આ પ્રસંગે અલેકઝાંડરને પણ એક તીર વાગ્યું અને તે ઘાયલ થયો. તે દેવપુત્ર કહેવાતો હોવા છતા નરલોકની માફક તેને પણ એ ઘાની વેદનાથી દુઃખી થવું પડયું

હતું. બીજે દિવસે પોતાનાં સઘળાં યંત્રો મંગાવીને અલેકઝાંડરે કિલ્લાની દિવાલને તોડી પાડવાનો યત્ન આરંભ્યો. અંતે તેઓ કિલ્લાની દિવાલને એક ઠેકાણેથી થોડી ઘણી તોડી શકયા. એ ઠેકાણેથી તેઓએ યુદ્ધ કરતાં કરતાં નગરમાં પ્રવેશ કર્યો; પરંતુ છેવટે ભારતવાસીઓના અસાધારણ પરાક્રમ આગળ તેમને પરાજિત થઇને પાછા હઠવાની ફરજ પડી. પરાજિત મેસિડોનિયનો તે દિવસે ફરીથી યુદ્ધ કરવાનું સાહસ કરી શકયા નહિ. બીજે દિવસે તેઓ સાહસનો સંચય કરીને ફરીથી યુદ્ધ કરવા લાગ્યા. સઘળાં લાકડાનાં યુદ્ધયંત્રો કિલ્લાની દિવાલ આગળ મૂકી તેઓ બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે, તે દિવસે શત્રુઓના સતત મારાથી ભારતીય યોદ્ધાઓને થોડા પાછા હઠવું પડયું; પરંતુ અલેકઝાંડરનું સૈન્ય આગળ વધી શકયું નહિ.

ત્રીજે દિવસે પુનઃ યુદ્ધનો આરંભ થયો. અલેકઝાંડર આ સમયે સમસ્ત સૈન્યની સરદારી લઇને આગળ વધ્યો. ત્રીજે દિવસે પણ સતત યુદ્ધ ચાલ્યું. ભારતીય યોદ્ધાઓએ ઘણા મેસિડોનિયનોનો નાશ કર્યો. અસંખ્યને ઘાયલ કરી નાખ્યા. આથી કરીને નિરૂપાયે અલેકઝાંડરને તે દિવસે પણ પાછા ફરવું પડયું. તે દિવસે અલેકઝાંડરના જે સૈનિકો ઘાયલ થયા હતા, તેમને છાવણીમાં પહોંચતા કરવાનું કામ અલેકઝાંડરે પોતાના ઍલકિટાસ નામક સરદારને સોંપ્યું હતું.

ચતુર્થ દિવસે પણ પાછા બન્ને પક્ષના યોદ્ધાઓ સ્હામા સ્હામી થયા. અલેકઝાંડરે શત્રુઓ ઉપર હુમલો કરવાને માટે યુદ્ધયંત્રો કિલ્લાની દિવાલની બીજી બાજુએ મોકલી દીધાં. ત્યાં આગળથી અલેકઝાંડરના સૈન્યે એ યંત્રોની મદદથી દિવાલ ઉપર ચઢી જઇને ભારતીય યોદ્ધાઓ ઉપર સખ્ત મારો ચાલુ કર્યો. અશ્વકાનો નૃપતિ પોતાનાં ધન, ધાન્ય તથા પોતાના નગરનું રક્ષણ કરવાને માટે, પોતાની પ્રજાને

શત્રુઓના સખ્ત મારમાંથી બચાવવાને માટે સર્વથી આગળ વધીને, પ્રાણની માયા–મમતાનો ત્યાગ કરીને યુદ્ધ કરવા લાગ્યો. ભારતીય યોદ્ધાઓમાં તેમજ અશ્વકોમાં નવીન સાહસ તેમજ શૂરાતનનો સંચાર થયો. ઘણા સમયસુધી ભીષણ યુદ્ધ ચાલ્યા કર્યું. અંતે અશ્વકોનો નૃપતિ આ યુદ્ધમાં વીરલોકમાં ચાલ્યો ગયો. પોતાના શૂરવીર નૃપતિના મૃત્યુથી સઘળા નગરવાસીઓ શોકાતુર બની ગયા. તેમને શું કરવું એ સૂઝયું નહિ. હવે પોતાને સ્વતંત્રતામાં સુખ મળશે નહિ એમ વિચારીને તેમણે અલેકઝાંડરની સત્તા શિરે ચઢાવવાનું કહેણ મોકલ્યું. દુઃખનું નિવારણ થયાનું વિચારીને અલેકઝાંડરે એ કહેણને માન્ય કર્યું. તેણે એવો વિચાર કર્યો હતો કે, જે સર્વ યોદ્ધાઓ તેમના સ્વદેશબંધુઓને સંકટસમયે સહાયતા કરવા આવ્યા હતા, તેમને અર્થલોભમાં ફસાવીને પોતે ભારતનો બીજો પુણ્યપ્રદેશ પણ હસ્તગત કરી શકવાને શક્તિશાળી થશે. જ્યારે અશ્વકોને અલેકઝાંડરની સત્તાને શિરે ચઢાવવાને તૈયાર થયેલા ભારતવાસીઓએ જોયા, ત્યારે તેઓ પોતાના નિવાસસ્થાને ચાલ્યા જવાને માટે નીકળી પડયા, અને તેમણે મશકવતી નગરીથી થોડે દૂર આવેલા એક પર્વત ઉપર રાત્રિનો સમય પસાર કરવાને માટે છાવણી નાખી. અલેકઝાંડરના જાણવામાં આવ્યું કે, દ્રવ્યલોભથી એ સર્વ વીર પુરૂષો, તેની સત્તામાં નહિ રહેતાં સ્વદેશવાસીઓનાં હૃદયમાં તીક્ષ્ણ ધારવાળી સમશેરોનો ઘા કરવામાં અસંમત થયા છે, ત્યારે તેણે તેમને સર્વેને તેમના આ પાપના (!) પ્રાયશ્ચિત્ત તરીકે યોગ્ય થઇ પડે એવી સખ્ત શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો.

ડ્યુડોર્સ જણાવે છે કે, સંધિના નિયમપ્રમાણે અલેકઝાંડરે, અશ્વકોને સહાયતા કરવા માટે જે ભારતીય યોદ્ધાઓ આવ્યા હતા તેમને સશસ્ત્ર સ્થિતિમાં નગરની બહાર જવા દેવાનું કબૂલ કર્યું હતું; પરંતુ જ્યારે ભારતીય યોદ્ધાઓએ નગરની બહાર નીકળી પડી, ઉપર

જણાવ્યા પ્રમાણે એક પર્વત ઉપર છાવણી નાખી ત્યારે અલેકઝાંડરે એકાએક પોતાના સૈન્ય સાથે એ પર્વત પાસે જઇ પહોંચીને તેમના ઉપર હુમલો કર્યો. આ સમયે ભારતીય યોદ્ધાઓએ અલેકઝાંડરને કહ્યું કેઃ—"જે દેવતાના નામના શપથ સ્વીકારીને તમે અમારા ઉપર હુમલો કરશો નહિ, એ સંધિના નિયમને પ્રથમ માન્ય કર્યો હતો, એજ દેવતા તમને તમારા આ અસત્ય શપથની યોગ્ય શિક્ષા ત્વરાથી કરો." સત્યવાદી દેવપુત્ર અલેકઝાંડરે પ્રત્યુત્તરમાં કહ્યું કેઃ—"હું તો તમને માત્ર નગરમાંથી બહાર નીકળવા દેવાને માટે પ્રતિજ્ઞાથી બંધાયલો હતો. હરહમ્મેશને માટે એ નિયમનું પ્રતિપાલન કરવાને હું બંધાયો નથી." આમ કહીને આ એરિસ્ટોટલના શિષ્યે પોતાના શત્રુઓ ઉપર સખ્ત મારો ચલાવ્યો. ભારતીય વીર પુરૂષો પોતાના ઉપર એકાએક આવી પડેલા સંકટથી ગભરાઇ ગયા નહિ. તેઓએ વ્યૂહરચના કરીને, પોતાના પરિવારનું રક્ષણ કરતાં કરતાં યુદ્ધ કરવા માંડયું. ભારતના વીર પુરૂષોના પ્રહારથી મેસિડોનિયન સૈનિકો આકુળ–વ્યાકુળ બની ગયા હતા. એ હકીકત શત્રુપક્ષીય ગ્રંથકારના કહેવા ઉપરથી માલૂમ પડી આવે છે, એટલે તેને માટે અન્ય પ્રમાણની જરૂર રહેતી નથી. ભારતીય વીરોએ યૂરોપીય વીરત્વના ઉપર કલંક લગાડવાનો યત્ન કર્યો હતો; પરંતુ અલેકઝાંડરની સત્તામાં અસંખ્ય સૈન્ય હોવાથી ધીમે ધીમે ભારતીય વીરો દુર્બળ બની ગયા. વીર પુરૂષોનાં સાહસ તેમજ શક્તિની પણ હદ હોય છે. જો કે તેઓ દુર્બળ બની ગયા તો પણ તેમના અસાધારણ વીરત્વથી અલેકઝાંડરને તેમજ તેના સૈન્યને આશ્ચર્ય લાગ્યા સિવાય રહ્યું નહિ. ભારતીય યોદ્ધાઓ ઘાયલ થવા લાગ્યા તો પણ તેમણે પાછી પાની કરી નહિ, જ્યારે તેઓ શત્રુઓના ઘામાંથી બચી જઇને તેમને પરલોક પહોંચાડવાને તૂટી પડતા હતા ત્યારે તેઓ આ મૃત્યુલોકના માનવી હોય એમ લાગતું નહોતું–પ્રબળ શત્રુના ભયંકર આક્રમણથી

સ્વતંત્રતાનું કેવી રીતે રક્ષણ કરવું તેનું ઉદાહરણ દેખાડવાને માટે તેઓ અમરલોકમાંથી આ મૃત્યુલોકમાં આવ્યા હોય એવી કલ્પના થતી હતી. આ ભીષણ સંગ્રામમાં જ્યારે ભારતીય વીરપુરૂષો સ્વદેશની સ્વતંત્રતાનું રક્ષણ કરવાને માટે પોતાના પ્રાણની પરવા રાખ્યા સિવાય યુદ્ધમાં ઉતરીને અમરલોકમાં ચાલ્યા ગયા ત્યારે ભારતીય લલનાઓ, પતિ, પુત્ર તથા ભ્રાતાની યુદ્ધ જગ્યાએ ઉપસ્થિત થઇને, ચામુંડાની માફક પ્રચંડ પરાક્રમથી શત્રુઓનો સંહાર કરવા લાગી. જે રમણીઓને અસ્ત્ર–શસ્ત્ર ચલાવતાં આવડતું નહોતું તેઓ યુદ્ધમાં ઉતરેલી વીર રમણીઓને અસ્ત્ર–શસ્ત્ર પૂરાં પાડવા લાગી. કોઇ કોઇ પતિપ્રાણા સાધ્વી સતી પોતાના પતિના ઘાયલ થયેલા શરીરને ચામડાની અંદર છુપાવીને કોઇ સુરક્ષિત સ્થળે જઇ પહોંચી, પતિદેવતાનું રક્ષણ કરવાના ઉપાયો યોજવા લાગી. આવી રીતે ભીષણ યુદ્ધ કરીને આપણી પુણ્યભૂમિ ભારતની વીરરમણીઓએ પણ સ્વદેશના સંરક્ષણ માટે અથાગ શ્રમ સહન કરી, સાહસિકતાથી સતત યુદ્ધ કરીને પોતાની કીર્તિને જગતના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ કરી છે એ આપણે માટે કાંઇ સાધારણ અભિમાનની વાત નથી. એ રમણીઓ તો દેવલોકની દેવાંગનાઓ હતી. કોઇ પુણ્યલોકની પવિત્ર પ્રતિમાઓ હતી; આમ છતાં પણ અસંખ્ય ક્રૂર શત્રુઓ આગળ તેમનું શું ચાલી શકે? તેમનો શત્રુઓ સાથેના યુદ્ધમાં પરાજય થયો. જો કે અલેકઝાંડર વિજયી થયો, તો પણ તેનો આ વિજય અસત્ય ધોરણને અનુસરતો હતો. વિશ્વાસઘાત કરીને વિજય મેળવવાનું કાર્ય સહેલું છે, એટલે પછી અલેકઝાંડર પણ ભારતીય વીરોને અભયવચન આપી, દેવતાના શપથ સ્વીકારી, પાછળથી વિશ્વાસઘાત કરે તો એને વિજય મળે એ સાહજિકજ છે, જે જે ભારતીય વીરપુરૂષોએ તથા વીરરમણીઓએ આ સ્થાને યુદ્ધ કર્યું તેમણે અક્ષય કીર્તિ પ્રાપ્ત કરી. અલેકઝાંડરના આવા પાપકાર્યની પ્રશંસા કરનારા

ણુ કેટલાક પુરૂષો નીકળી આવ્યા હતા. વિનસેન્ટ એ. સ્મિથ નામક
ાહસ્થ જણાવે છે કે, શત્રુઓની સાથે મળી જઇને પુનઃ ભારત-
ાસીઓ પોતાને અડચણ કરી શકે નહિ એમ વિચારી અલેકઝાંડરે
ક્તિથી પ્રથમ ભારતવાસીઓનો સંહાર કર્યો એ ઘણું સારૂં કર્યું.
ત્રુદ્વારા આપણું અનિષ્ટ ક્યારે થશે, એવી આશંકાને હૃદયમાં સ્થાન
આપી શત્રુઓનો વિશ્વાસઘાતથી સંહાર કરવો એ કાર્ય અમને તો
નનુચિત જણાય છે.

અલેકઝાંડરે વિશ્વાસઘાતથી ભારતીય યોદ્ધાઓનો સંહાર કરીને
એકાએક નગર ઉપર હુમલો કર્યો. અલેકઝાંડરે સંધિને માન્ય કરેલી
હોવાથી સઘળા નગરવાસીઓ શાંતિ ધારણ કરીને સ્વસ્થતાથી નગ-
રમાં નિવાસ કરી રહ્યા હતા. આલેકઝાંડરે તેમના ઉપર એકાએક
હુમલો કર્યો તેથી તેઓ ગભરાઈ ગયા. વિદેશી શત્રુના ઉપર વિશ્વાસ
રાખવાથી કેવું પરિણામ આવે છે, તેનો તેમને તરતજ અનુભવ થયો.
અશ્વકોના નૃપતિની ભાર્યા પોતાના પરિવારસહ અલેકઝાંડરની કેદી થઇ
ડી. એ સમયના એક બે લેખકોએ આ વિધવા રમણીના ઉપર
લંકનો આરોપ મૂક્યો છે; પરંતુ અમે વર્તમાન પ્રસંગે પણ એ
લંક ઉપર વિશ્વાસ રાખી શકતા નથી. જેના વીરપતિએ, સ્વદેશની
વતંત્રતાનું સંરક્ષણ કરવા માટે, શત્રુઓથી યુદ્ધ કરીને અમરલોકમાં
ામન કર્યું—તે વીરપુરૂષની વીરપત્ની વિનાવિલંબે પોતાની ધર્મભા-
ના—પવિત્રચરિત્ર તથા પોતાના સન્માનને જલાંજલિ આપીને એક
વદેશી શત્રુને પોતાનું યથાસર્વસ્વ અર્પણ કરે એ પ્રકાર તે પવિત્ર
મણીને માટે સર્વથા અસંભવિત છે. જે દેશની રમણી એક પતિનો
રલોકવાસ થતાં આનંદથી બીજો પતિ કરી શકે છે, એ દેશના
રૂષો કદાચિત્ આ કલંકને સત્ય માનશે; પરંતુ જે દેશની રમણીઓ
તિની સાથે અગ્નિપ્રવેશ કરી સતી થવામાંજ જીંદગીનું સાર્થક સમજે

છે, એ દેશમાં શત્રુપક્ષના લેખકોએ આ આર્યરમણી ઉપર મૂકેલું કલંક કદાપિ સત્ય ગણાવાનું નથી.

અલેકઝાંડરે મશકવતી નગરી ઉપર હુમલો કર્યો તેથી તે કલંકિત થયો છે. સંધિનાં બંધનોને છિન્ન–ભિન્ન કરી નાખીને તેણે વિશ્વાસઘાત કર્યો છે. એ નગરનાં નરનારીઓને છેતરી, કેદ કરી તેણે ઉલટું પોતાની ક્રૂરતામાં વધારો કર્યો છે, વિદેશી ગ્રંથકારના જણાવ્યા પ્રમાણે ઉપરના યુદ્ધમાં અલેકઝાંડરના પચીસ સૈનિકો પણ ભાગ્યે મરણને શરણ થયા હશે !

મશકવતીને હસ્તગત કર્યા પછી, અલેકઝાંડરને એવો વિચાર થઈ આવ્યો હતો કે, પોતાના નામના પ્રચંડ પ્રભાવથી શત્રુઓ ભયથી વ્યાકુળ બની જઇને પોતાને શરણે આવશે; પરંતુ તેની આવી ધારણા ફળીભૂત થઈ નહિ. સર્વે વીરનરોએ '**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी**' એ મહાસૂત્રને હૃદયમાં રાખી પોતાની જન્મભૂમિની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવાનો પોતાની શક્તિઅનુસાર શ્રમ સહન કર્યો હતો. સર્વે વીરપુરૂષો પોતાના હાથમાં નાગી તરવારો લઈ વિદેશી શત્રુ વિરૂદ્ધ યુદ્ધ કરવાને ટૂટી પડ્યા હતા. અલેકઝાંડરે પોતાના કૈનસ નામક સરદારને બાદિરા* તથા પોતાના બીજા આતાલસ, દેમિત્રસ અને આલકિતાસ નામના ત્રણ સરદારોને ઓરાનામક સ્થાન ઉપર હુમલો કરવાને રવાના કર્યા. ઓરાના રહેવાસીઓ પોતાના નગરની આસપાસ આવેલા સુદૃઢ કિલ્લાની બહાર નીકળી પડ્યા, તથા અસ્ત્ર–શસ્ત્રથી સુસજ્જિત થઇને શત્રુઓ વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરવાની તૈયારી કરવા લાગ્યા. મેસિડોનિયનોએ પોતાનું સન્માન સાચવી રાખ-

* કોઇ કોઇ બાદિરાને હમણાં બાજીરા કહે છે. કાલપાન યા તો કાલપાણિ નદીના તટ ઉપર જે બાજોર નામનું મોટું ગામ છે તેને ગ્રીક લેખકોએ બાદિરા તરિકે દર્શાવ્યું છે.

વાને માટે પ્રચંડ પરાક્રમથી યુદ્ધ કરવા માંડયું; પરંતુ ભારતવાસીઓ આગળ પ્રથમ તો તેમનું કાંઇ વળ્યું નહિ. ઉભય પક્ષ વચ્ચે ભીષણ યુદ્ધ થવા લાગ્યું. ગ્રીક ગ્રંથકાર જણાવે છે કે, આ યુદ્ધને અંતે ભારતવાસીઓએ નગરમાં પ્રવેશ કરીને પોતાના યુદ્ધશ્રમને દૂર કર્યો. આ સર્વ પહાડી પ્રદેશમાં રહેતા ભારતવાસીઓને શત્રુવિરૂદ્ધ યુદ્ધ કરવામાં પોતાની આસપાસ આવેલાં રાજ્યોની સારી સહાયતા મળતી હતી. ઓરાવાસીઓ પોતાને બીજાં રાજ્યો તરફથી સહાયતા પ્રાપ્ત થયેલી હોવા છતાં અલેકઝાંડરથી પરાજિત થયા. અભીસારના* રાજાએ તેમને કરેલી સહાયતા નિષ્ફળ થઇ પડી.

કૈનસ નામક સરદાર બાજીરાવાસીઓને કાંઈ વિશેષ નુકસાન કરી શક્યો નહિ. બાજીરાવાસીઓ થોડે દૂર એક ઉચ્ચ પર્વત ઉપર આવેલા સુદૃઢ કિલ્લામાં રહીને પોતાની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવા લાગ્યા. અલેકઝાંડરે, કૈનસને બાજીરાવાસીઓ જે દુર્ગમાં છુપાઇ રહ્યા હતા એ દુર્ગની આસપાસ ઘેરો ઘાલવાને માટે થોડું સૈન્ય ત્યાં રાખી, બીજા સૈન્યસહ પોતાને આવી મળવાનું જણાવ્યું. આ પ્રમાણે કૈનસ થોડું સૈન્ય કિલ્લાની બહાર રાખીને ચાલ્યો ગયો કે, થોડાજ સમયમાં બાજીરાવાસીઓ કિલ્લામાંથી અસ્ત્ર–શસ્ત્રથી સુસજ્જિત થઇને બહાર નીકળ્યા, અને તેઓ શત્રુસૈન્ય ઉપર ટૂટી પડયા. બન્ને પક્ષ વચ્ચે

* અભીસાર ઘણું પ્રાચીન રાજ્ય છે, મહાભારતના ભીષ્મપર્વમાં, આ નામનો ઉલ્લેખ થયેલો છે. કાશ્મીરના ઇતિહાસ રાજતરંગિણીમાં દાર્વાભિસાર નામક એક નાના રાજ્યની હકીકતનો ઉલ્લેખ થયેલો છે. કેટલાકનો અભિપ્રાય એવો છે કે, દાર્વાભિસાર અને અભીસાર એકજ રાજ્ય છે, અમે અભીસારને સ્વતંત્ર રાજ્ય ધારીએ છીએ. મહાભારતમાં અભીસાર, દર્વી, નવદર્વી વગેરે રાજ્યોનાં નામ જોવામાં આવે છે. હાજરા પ્રાચીન અભીસાર હોય એવો સંભવ છે. આ અભિસાર રાજ્ય સિંધુ નદીની છેક પાસે આવેલું હતું.

ઘણા સમય સુધી સખ્ત ઝપાઝપી થઇ. ગ્રીક ગ્રંથકાર જણાવે છે કે:— ભારતવાસીઓએ પ્રચંડ પરાક્રમથી યુદ્ધ કર્યું તો પણ તેમને કિલ્લાની અંદર પાછા ફરી આત્મરક્ષણ કરવું પડયું હતું. આ સાધારણ યુદ્ધમાં પાંચસો ભારતવાસીઓ ઘાયલ થયા હતા, તથા ૭૦ શત્રુઓના કેદી થઇ પડયા હતા.

આ સમય દરમ્યાન જ્યારે ઓરાવાસીઓના જાણવામાં એમ આવ્યું કે, અલેકઝાંડરે બાજીરાવાસીઓને પરાજિત કર્યા છે, ત્યારે તેઓએ એમજ વિચાર્યું કે હવે અલેકઝાંડર પોતાની ઉપર ચઢાઇ કરશે, અને એવા પ્રસંગે આત્મરક્ષણ કરવાનું કાર્ય કઠિન થઇ પડશે. આમ વિચારીને ઓરાવાસીઓ એક દિવસે મધ્યરાત્રિના વખતે નગરનો પરિત્યાગ કરી, ઓરનસ નામક એક પ્રાચીન કિલ્લામાં આવીને આત્મરક્ષણ કરવા લાગ્યા. આવી રીતે અનેક જનશૂન્ય નગરો અલેકઝાંડરે સહેલાઇથી સ્વાધીન કર્યાં; અને પોતાના ગૌરવનો સર્વત્ર ફેલાવો કરી દીધો.

પૂર્વ દેશમાં અગ્રેસર થવા પહેલાં એક પ્રકારથી અલેકઝાંડર ઘણો ખુશી થયો હતો. હમણાંનો કો–ઇ–ઘોર નામનો પર્વત એ સમયે નિશા નામથી ઓળખાતો હતો તથા ત્યાં આગળ આવેલું એક નગર નિશાનગર નામથી પ્રખ્યાત હતું. પેશાવર આગળથી તેનું શિખર નજરે પડે છે. આ પર્વત ઉપર દ્રાક્ષાદિ વિશેષ પ્રમાણમાં ઉત્પન્ન થતી હોવાથી અલેકઝાંડરને આ પર્વત જોઈ અપૂર્વ આનંદ થયો હતો.

અલેકઝાંડરે નિશાનગરવાસીઓથી છુપી રીતે નિશાનગરની પાસે છાવણી નાખી. આ સ્થાને સખ્ત ઠંડીને લીધે અલેકઝાંડરને તેમજ તેના સૈન્યને ઘણું કષ્ટ સહન કરવું પડયું. ઠંડીનું દુઃખ દૂર કરવાને માટે તેમણે લાકડાં એકત્ર કરીને તાપણીઓ સળગાવી. જે જોઇ કૂતરાંઓ ભસવા લાગ્યાં, અને તેથી નિશાનગરવાસીઓ જાણી

શક્યા કે, શત્રુઓએ આવી નગર નજીક છાવણી નાખી છે. આવી હકીકત જાણવામાં આવતાંજ પ્રથમ તો તેઓ નગરનું રક્ષણ કરવા માટે તૈયાર થયા હતા. પરંતુ એ કાર્યમાં સર્વ નગરવાસીઓ એકમત થયા નહિ. અલેકઝાંડર નગરવાસીઓના મતભેદની હકીકત જાણી લઇને કોઇનું લોહી રેડયા સિવાય ઓરા નગરને ઘેરો ઘાલી સૈન્યસહ ત્યાંજ પડી રહ્યો. નગરવાસીઓને જ્યારે એમ જણાયું કે, શત્રુસૈન્ય નગરને ઘેરી લઇને યુદ્ધ માટેની તૈયારી કરી બેસી રહ્યું છે; ત્યારે તેમની યુદ્ધમાં ઉતરવાની ઇચ્છા ઉડી ગઇ. સર્વ નગરવાસીઓએ યુદ્ધમાં નહિ ઉતરવાની સંમતિ દર્શાવ્યાથી તેઓનો સરદાર ઓકખોનિસ (અક્ષોભ) ત્રીસ ગૃહસ્થોને સાથે લઇને અલેકઝાંડર પાસે જઇ પહોંચ્યો. જેવી રીતે અલેકઝાંડર નગરવાસીઓની દુર્બળતા જાણી શક્યો હતો તેવીજ રીતે નગરવાસીઓ પણ અલેકઝાંડર કયા પ્રકારથી દુર્બળ બની જાય છે એ પ્રકાર જાણી ગયા હતા. તેમણે વિચાર્યું હતું કે, દેવપુત્ર દેવ જેવા પુરૂષે સ્થાપિત કરેલા નગર ઉપર જુલ્મ ગુજારશે નહિ. નિશાનગર ગ્રીકોના પરમ પૂજનીય દેવનહુસે (દેઓનિસસે) સ્થાપિત કર્યું હતું. આથી કરીને ઓકખોભિસ તથા ઉપર જણાવેલા ત્રીસ ગૃહસ્થોએ અલેકઝાંડર પાસે જઇને દેવનહુસ જેવા પરમપૂજનીય મહાપુરૂષે સ્થાપિત કરેલું નગર રક્ષા પામે એવી વિનંતિ કરી. અલેકઝાંડરે તેમની વિનંતિને માન્ય કરી. નિશાનગર આવી રીતે અલેકઝાંડરના જુલ્મને ભોગ થઇ પડતાં બચી ગયું. નગરવાસીઓના આગ્રહથી અલેકઝાંડરે નિશાનગરમાં ઘણા દિવસ સુધી મુકામ કર્યો. મોજ—શોખના જલસાઓ ઉડયા. મદ્યપાનની સીમા રહી નહિ, તેમજ અલેકઝાંડરે કામવાસના તૃપ્ત કરવામાં પણ પાછી પ્હાની કરી નહિ. આવી રીતે અનાચાર કરીને અલેકઝાંડર સર્વાંશે સંતુષ્ટ થયો.

ગ્રીકોએ દર્શાવેલો ઓરનસ કિલ્લો એક ઉચ્ચ પર્વત ઉપર

આવેલો હતો. આ કિલ્લો જે પર્વત ઉપર આવેલો હતો, એ પર્વતની દક્ષિણ દિશાએથી સિંધુ નદી ખળખળ અવાજ કરતી પર્વતના ચરણોને ધોઇને આગળ વહી જતી હતી. બીજી દિશાઓએ પણ અનેક નદી નાળાંઓ આવેલાં હોવાથી એ પર્વત ઉપર ચઢીને કિલ્લા પાસે જવાનું કામ ઘણું કઠિન હતું. અલેકઝાંડરે એ પર્વત ઉપર ચઢી કિલ્લા સુધી જઇ પ્હોંચવાને માટે માર્ગમાં જે નદી નાળાં આવતાં હતાં, તેમાં એક સ્થળે વૃક્ષાદિ નખાવી પર્વત પાસે જવાનો માર્ગ સરળ કર્યો. તે જાતે આસપાસ આવેલાં વૃક્ષોને જડમૂળથી ઉખેડી નાખીને નદી નાળાંમાં ફેંકવા લાગ્યો. ત્યારપછી અલેકઝાંડરે પોતાના સૈનિકોનો ઉત્સાહ સતેજ કરવા માટે અતિ ઉત્તેજક ભાષણ કર્યું, કે જેના પ્રતાપે તેના સર્વે શૂરવીર સૈનિકોએ પર્વત ઉપર ચઢી ઓરનસ કિલ્લાને હસ્તગત કરવાનો દૃઢ નિશ્ચય જાહેર કર્યો, સાત દિવસસુધી સતત શ્રમ કરવામાં આવ્યો ત્યારેજ અલેકઝાંડર જળાશયોને ઓળંગીને પર્વત સુધી પહોંચી શક્યો. ત્યાર પછી તેણે પોતાના સૈનિકોને કિલ્લા ઉપર તીરોનો વરસાદ વરસાવવાની આજ્ઞા કરી, સૈનિકોએ સ્વામિની આજ્ઞાને અમલમાં મૂકી; પરંતુ તેમના આ પ્રયત્નથી કિલ્લામાં સુરક્ષિત રહેલા મનુષ્યોને કાંઇ નુકશાન પહોંચ્યું નહિ. કિલ્લામાં આત્મરક્ષા કરી રહેલા ભારતીય યોદ્ધાઓ કિલ્લા ઉપર ચઢી જઇને મેસિડોનિયનો ઉપર પત્થરો ફેંકવા લાગ્યા, અને તેને પ્રરિણામે મેસિડોનિયનો વ્યાકુળ બની ગયા; પરંતુ અલેકઝાંડર કાંઇ ગભરાઈ જાય એવો નહોતો. તેણે પોતાના ત્રીસ શૂરવીર સરદારોને પર્વતના શિખર ઉપર ચઢી હુમલો કરવાને મોકલ્યા. તેમની સાથે બીજા મેસિડોનિયન સૈનિકો પણ પર્વત ઉપર ઉંચે ચઢયા; પરંતુ તેઓ ભારતીય યોદ્ધાઓના પ્રબળ હુમલાથી અને સતત મારાથી વીરગતિને પામ્યા. યુદ્ધભૂમિ મેસિડોનિયનોના શબદેહોથી ભરાઇ ગઈ. કોઇ શત્રુના મારથી નદીમાં જઇ પડયો. કોઇ પ્રાણહીન સ્થિતિમાં પર્વત ઉપરથી

ગબડી પડવા લાગ્યો, સારાંશ એજ કે, આ પ્રસંગનો દેખાવ ઘણો મર્મભેદક થઇ પડયો. જે મેસિડોનિયન સૈનિકો પર્વતની નીચેના ભાગમાં ભરાઇ બેઠા હતા તેઓ પોતાના દેશબંધુઓની આવી શોચનીય સ્થિતિ જોઇને ગભરાઇ ગયા. તેઓ પોતાના ભવિષ્યનો વિચાર કરતાં કરતાં રૂદન કરવા લાગ્યા. આ પ્રસંગે કોઇ પણ મેસિડોનિયન સૈનિક એવો નહિ હોય કે, જે પોતાના દેશબંધુઓની આવી ખરાબ દશા જોઇને નેત્રોમાંનાં આંસુ રોકી શક્યો હોય. ડયુડોર્સ જણાવે છે કે, જ્યારે દેવપુત્ર, પ્રબળ પરાક્રમી અલેકઝાંડર ભારતીય યોદ્ધાઓની શૂરવીરતાને તેમજ પોતાના સૈનિકોની દુર્દશાને જોઇ શું કરવું તેના મોટા વિચારમાં પડી ગયો, ત્યારે એક દરિદ્ર ગૃહસ્થ પોતાના બે પુત્રોની સાથે તેની પાસે આવી ચઢીને તેને કિલ્લા ઉપર ચઢી જવાનો એક ગુપ્ત માર્ગ દેખાડવાનું કહેવા લાગ્યો. અલેકઝાંડરે એ વૃદ્ધ પુરૂષને પુષ્કળ દ્રવ્ય આપવાનો લોભ દર્શાવીને, તેના બન્ને પુત્રોમાંથી એક પુત્રને જામીન તરીકે પોતાની પાસે રાખ્યો; અને એ વૃદ્ધની તથા તેના એક પુત્રની સાથે પોતાના કેટલાક વિશ્વાસપાત્ર સરદારોને એ ગુપ્ત માર્ગ જોઇ આવવા માટે મોકલ્યા. અંતે અલેકઝાંડરના સરદારો એ ગુપ્ત માર્ગ જોઇ આવ્યા, અને એ માર્ગે થઇને અલેકઝાંડર પોતાના સૈન્યસહ કિલ્લા ઉપર ચઢી ગયો, અને ત્યાંથી તેણે ભારતીય યોદ્ધાઓ ઉપર સતત મારો ચલાવ્યો. કુર્ટિયસ જણાવે છે કે, કિલ્લામાં નિવાસ કરનારા યોદ્ધાઓ મોટા મોટા પત્થરો, અસ્ત્ર–શસ્ત્ર વગેરેથી શત્રુઓને આકુળ–વ્યાકુળ બનાવી દેવા લાગ્યા; તેમણે ત્રણ દિવસ સુધી આવી રીતે વિદેશી શત્રુઓને હંફાવ્યા; પરંતુ પછીથી જ્યારે તેમને એમ માલૂમ પડી આવ્યું કે, હવે શત્રુસૈન્યને પોતાનાથી પરાજિત કરી શકાય તેમ નથી, ત્યારે તેઓ ત્રીજે દિવસે રાત્રે કેટલીક સળગતી મશાલો સાથે લઇને, તેના પ્રકાશથી કિલ્લાનો ત્યાગ કરી આત્મરક્ષણ કરવાને

માટે અન્ય કોઇ સ્થાન તરફ ચાલી નીકળ્યા. જ્યારે અલેકઝાંડરને એમ માલૂમ પડી આવ્યું કે દુર્ગવાસીઓ પલાયન કરી જાય છે, ત્યારે તેણે તેમના ઉપર હુમલો કરવાને માટે પોતાનું કેટલુંક સૈન્ય મોકલ્યું. મેસિડોનિયન સૈનિકોને હાથે મરવા કરતાં અનેક ભારતીય વીરો પર્વત ઉપરથી ગબડી પડતાં પોતાની આ લોકની લીલાને પૂરી કરી ગયા. અલેકઝાંડરે આવી રીતે અનેક પ્રકારનું કષ્ટ સહન કરીને આ ઓરનસ કિલ્લો હસ્તગત કર્યો. આ કિલ્લો હસ્તગત થયા પછી તેને માલૂમ પડી આવ્યું કે, કિલ્લાની અંદરના ભાગની જમીન એટલી બધી રસાર્દ્ર હતી કે જો એ કિલ્લાને બંધ રાખી અંદર જીવન પર્યંત નિવાસ કરવામાં આવે તોપણ ખાદ્યસામગ્રી તેમજ જળનો અભાવ રહે નહિ. અલેકઝાંડરે આ વિશાળ કિલ્લાને સ્વાધીન કરી એમાં કેટલાક દિવસ સુધી આનંદ ભોગવ્યો.

જે વૃદ્ધ પુરૂષે અલેકઝાંડરને કિલ્લા ઉપર ચઢવાનો ગુપ્ત માર્ગ બતાવી દઇને સ્વદેશવાસીઓનું સત્યાનાશ વાળી વિદેશવાસીઓને વિજયી થવામાં સહાયતા કરી હતી, તેને અલેકઝાંડર પાસેથી ત્રણ લાખ રૂપિયા મળ્યા હતા. તેનું આ અપવિત્ર દ્રવ્ય તેમજ શરીર અનેક વર્ષો થયાં નાશ પામ્યું છે; પરંતુ તેનું આ નીચ કાર્ય કાળાંતરે પણ તેને સ્વદેશીઓના તિરસ્કારથી બચાવી શકશે નહિ. કિલ્લા ઉપર ચઢી જવાનો માર્ગ અલેકઝાંડર એક સ્વદેશદ્રોહી પાસેથી જાણી શક્યો; તેથીજ તે વિજયી થયો હતો, નહિ તો ઓરનસ કિલ્લો આ મહાન શક્તિશાળી બાદશાહ જીતી શકે એમ નહોતું. લંકા સુરક્ષિત હોવા છતાં પણ સ્વદેશદ્રોહીની સલાહથીજ નાશ પામી હતી. તેજ પ્રમાણે ઓરનસ કિલ્લો સુરક્ષિત હોવા છતાં, એક સ્વદેશદ્રોહીના દ્રવ્યલોભને લીધે તેણે શત્રુઓને પોતાનું ગર્વમંડિત મસ્તક નમાવ્યું હતું. સ્વદેશભક્ત અને સ્વદેશદ્રોહી, બન્નેને વિધાતાએ એકઠાજ ઉત્પન્ન કર્યા છે,

દીપકની નીચેજ જેમ અંધકાર હોય છે, તેમ સ્વદેશભકતોના ચરણો નીચેજ સ્વદેશદ્રોહીઓનો વાસ હોય છે; અને અવકાશ મળતાંજ એ સ્વદેશદ્રોહી સર્પ સ્વદેશભક્તને ડંખ માર્યા સિવાય રહેતો નથી.

અલેકઝાંડરે ઓરનસનો સુદૃઢ તેમજ ઉચ્ચ કિલ્લો તથા તેની આસપાસનો પ્રદેશ હસ્તગત કરીને, તેણે શશીકોટસ યાતો શશીગુપ્ત નામક એક પુરૂષને એ પ્રદેશનો અધિકાર ચલાવવાનું કામ સોંપ્યું. આ માણસ પણ એક સ્વદેશદ્રોહી હતો, અને તેણે સ્વદેશનું સત્યાનાશ કરવાના કેટલાક માર્ગો અલેકઝાંડરને જણાવેલા હોવાથી તે અલેક-ઝાંડરનો પ્રેમપાત્ર તેમજ વિશ્વાસપાત્ર થઈ પડયો હતો. એક પ્રેમ તથા એક વિશ્વાસના ફળ તરિકે અલેકઝાંડરે તેને ઉપર્યુક્ત પ્રદેશનો અધિકારી બનાવ્યો !

આ સમય દરમ્યાન અલેકઝાંડરને એમ માલૂમ પડી આવ્યું કે, જે અશ્વકો તેના જુલ્મનો ભોગ થઈ પડતાં બચી ગયા છે, તેઓ અસંખ્ય સૈન્ય એકત્ર કરીને ઓરનસ કિલ્લાથી થોડે દૂર આવેલા એક સ્થળે પોતાના ઉપર ગુજરેલા જુલ્મનો બદલો વાળવાની તૈયારી કરી રહ્યા છે. આ સમાચાર જાણવામાં આવતાંજ, તે તેમના ઉપર ચઢાઇ કરવાને, ઓરનસ કિલ્લાનો ત્યાગ કરી ચાલી નીકળ્યો. અલેકઝાંડરે ઓરનસની આજુબાજુ આવેલા ઘણે દૂર સુધીના પ્રદેશનું અવલોકન કર્યું; તો પણ તે અશ્વકો કે બીજા કોઇ ભારતીય યોદ્ધાઓને જોઇ શકયો નહિ. પ્લૅગ કે કૉલેરા ફાટી નીકળે છે, ત્યારે પણ સર્વ મનુષ્યો એકત્ર થઇને એકજ સ્થાને નિવાસ કરી સંકટમાંથી મુક્ત થવા માટે ઇશ્વરની પ્રાર્થના કરે છે; પરંતુ અલેકઝાંડરનો જુલ્મ તો પ્લૅગ કે કૉલેરાથી પણ વધી જાય એવો હોવાથી ઓરનસની આસપાસ આવેલા ઘણા દૂર સુધીના પ્રદેશમાં જે જે મનુષ્યો રહેતાં હતાં, તે અલેકઝાંડર જેવા જીવતા યમરાજના જુલ્મમાંથી પોતાનું રક્ષણ કરવાને નાસી

છુટયાં હતાં, તથા ઘણે દૂર જઇ પહોંચીને નિશ્ચિંત થયાં હતાં.

જ્યારે અલેકઝાંડરને ઓરનસની આસપાસના પ્રદેશમાં કોઇ પણ શત્રુ જણાયો નહિ, ત્યારે તેણે પોતાના કેટલાક સૈનિકો તેમજ સરદારોને સિંધુ નદી તરફ રવાના કરી પોતે પણ બાકીના સૈન્યસહ સિંધુ નદી તરફ ચાલી નીકળ્યો. આ પ્રમાણે સિંધુ નદી તરફ જતાં કેટલાક ભારતીય પુરૂષોને રસ્તેથી જતા તેણે પકડયા હતા. આ ભારતીય પુરૂષોના કહેવાથી અલેકઝાંડર જાણી શકયો કે, ઓરનસ કિલ્લાની આસપાસ રહેતા મનુષ્યો, અભીસાર રાજ્યમાં જઇ પહોંચીને ત્યાં આગળ પોતાની સ્વતંત્રતાનું રક્ષણ કરે છે. આ હકીકત જાણવામાં આવ્યા પછી અલેકઝાંડર ત્વરાથી સિંધુ નદી સમીપ જઇ પહોંચ્યો કે, જ્યાં આગળ તેના માણસોએ અગાઉથીજ નદીને પાર ઉતરવાની સર્વ વ્યવસ્થા કરી રાખી હતી.

પરિચ્છેદ ૯ મો.

અલેકઝાંડર કયે સ્થાનેથી સિંધુ નદીની પાર ઉતરી ગયો હતો એ સંબંધીનો નિર્ણય હમણાં કરી શકાતો નથી. કોઇનું એમ કહેવું છે કે, હાલ જ્યાં અટક આવેલું છે, એ સ્થાને થઇને તે સિંધુની પાર ઉતરી ગયો હતો. આ સ્થાને સિંધુનદીનો પટ ઘણો સાંકડો છે, અર્થાત્ તરીને પણ બીજી પાર જઇ શકાય તેમ છે; પરંતુ જો કોઇ દૃઢતાથી આ સ્થાન આગળ શત્રુને આગળ વધતો અટકાવવાનો યત્ન કરે તો એ સ્થાનેથી આગળ વધવાનું કામ ઘણું કઠિન થઈ પડે. પ્રથમ મુસલમાનો પણ આ સ્થળેથીજ સિંધુ નદીની પાર ઉતરીને ભારતવર્ષમાં આવ્યા હતા. વળી કનિંગહામ વગેરે જણાવે છે કે, પ્રાચીન ઉદભાન્ડપુર અને

હમણાંના ઓહિંદ નામક સ્થળેથી અલેકઝાંડર સિંધુ નદીની પાર ઉતર્યો છે.

અલેકઝાંડરે સિંધુના તટ ઉપર આવીને જોયું તો તેને માલૂમ પડયું કે, હિર્પેસ્ટિયન તકલાદી પૂલ તૈયાર કરીને તેની રાહ જોઇ રહ્યો છે. આ તકલાદી પૂલ સિવાય હિર્પેસ્ટિયને અનેક નાની નૌકાઓ તથા બીજી ત્રીસ મોટી નોકાઓ પણ મેળવી રાખી હતી. હિર્પેસ્ટિયનની વ્યવસ્થા જોઇ અલેકઝાંડર તેના ઉપર ઘણો ખુશી થઇ ગયો હતો.

અલેકઝાંડરની કૃપાનો ભિખારી, તક્ષશીલાનો રાજા આંતિ, અલેકઝાંડરની દયાનું દાન ગ્રહણ કરવાના સુયોગને ચૂકયો નહોતો. અલેકઝાંડર સિંધુ સરિતાના તટ સુધી આવી પહોંચ્યો એ સમય દરમ્યાન તેણે બસો સુવર્ણ ટોલાન્ટ, ત્રણ હજાર હૃષ્ટપુષ્ટ સાંઢ, દશ હજાર ઘેટાં વગેરે અલેકઝાંડરને મોકલીને તેનો સત્કાર કર્યો હતો. કેટલાક સમયથી આંતિના પિતા પરલોકયાત્રા કરી ગયેલા હોવાથી, પુત્રના આ પ્રકારથી તેઓ કેટલા પ્રસન્ન થયા હશે એ વાત જાણી શકવાનો તો કશો ઉપાય નથી, પરંતુ તેનો આ લોકનો દેવતા સુપ્રસન્ન થયો હતો, એ વાત ઇતિહાસની સાક્ષીથી સાબિત થઇ શકે છે!

અલેકઝાંડરે સિંધુ સરિતાના તટ ઉપર એક માસ સુધી છાવણી નાખીને, યુદ્ધથી તેમજ મુસાફરીથી થાકી ગયેલા પોતાના સૈનિકોને નિશ્ચિંત જીવે આરામ લેવાનું જણાવ્યું. આ પ્રસંગે તેણે અનેક પ્રકારના ઉત્સવો ઉજવીને પોતાના સૈનિકોને પ્રફુલ્લિત કર્યા હતા.

હિંદુકુશ વટાવીને સિંધુ સરિતા સુધી આવી પહોંચતાં અલેકઝાંડરને લગભગ નવ માસ લાગ્યા હતા. આ નવ માસમાં અલેકઝાંડરને તથા તેના સૈનિકોને જે દુઃખો સહન કરવાં પડયાં હતાં, એ દુઃખોની તુલના થઇ શકે તેમ નથી. અલેકઝાંડરને પોતાના દેશમાંથી નીકળ્યા પછી કોઇ પણ ઠેકાણે આટલું દુઃખ ભોગવવું પડયું નહોતું. ભારતવર્ષમાં પ્રવેશ કરતી વખતેજ તેને આટલું દુઃખ સહન કરવું પડયું,

તેથી પોતે ભારતવર્ષમાં સત્કાર પામશે કે કેમ એ સંબંધી એને સંદેહ રહેવા લાગ્યો. આથી કરીને તેણે પોતાના સમસ્ત સૈન્યને ત્રીસ દિવસ સુધી વિશ્રાંતિ લેવાનું જણાવી તેમને નવીન બળથી બળવાન બનાવવાનું વિચાર્યું હતું.

ઇ. સ. ૩૨૬ પૂર્વે ગ્રીષ્મકાળની શરૂઆતમાં ચૈત્ર માસના એક દિવસે પ્રભાતકાળે અલેકઝાંડરે સિંધુ નદી ઓળંગી જઇને પોતાના સૈન્યસહ તક્ષશીલાના રાજ્યમાં પ્રવેશ કર્યો. આ ઠેકાણેથી ગ્રીકો ભારતીય મનુષ્યો, પશુ-પક્ષીઓ, તથા વિવિધ પ્રકારની વનસ્પતિ જોઇને અતિ આશ્ચર્ય પામ્યા હતા. આ દેશની સભ્યતા ગ્રીકોની ઉન્નતિ સાધવાની સભ્યતા આગળ નિર્જીવ હતી. આ દેશમાં આવેલાં વડનાં વૃક્ષો, કપાસના છોડવાઓ, મયૂરનું નૃત્ય વગેરેનું દર્શન કરીને અલેકઝાંડર ઘણો પ્રસન્ન થયો હતો; વળી મયૂર ઉપર તો તેને એટલી બધી દયા માતો માયા ઉત્પન્ન થઈ હતી કે, તેણે "પોતાના કોઈ પણ માણસે મયૂરને મારવો નહિ, અને જે કોઇ આ આજ્ઞાથી વિરૂદ્ધ વર્તશે તેને સખ્ત શિક્ષા થશે" એવું ફરમાન પ્રસિદ્ધ કર્યું હતું.

સિંધુના પૂર્વ કિનારે ઉતરીને, છાવણી નાખ્યા પછી અલેકઝાંડરે પોતાના દેવની પૂજા પણ કરી, અને એક માસ વીતી ગયો એટલે તે પોતાના સૈન્યસહ તક્ષશીલા તરફ આગળ વધ્યો. આંભિ અલેકઝાંડરને સહાયતા કરવાને માટે યુદ્ધ-સામગ્રીથી સજ્જિત થઇને પોતાના સૈન્યસહ નગરમાંથી બહાર નીકળી પડયો. અલેકઝાંડરે દૂરથી આવતા સુસજ્જિત હાથીઓ, ઘોડેસ્વારો તથા અસંખ્ય સૈન્ય જોઇને આંભિ પોતાનો વિશ્વાસઘાત કરીને પોતાની વિરૂદ્ધ યુદ્ધ કરવા આવે છે એમ ધાર્યું, તેણે તરતજ પોતાના સૈન્યને અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જિત થઇ જવાની આજ્ઞા કરી. આંભિના સૈન્ય ઉપર હુમલો કરવાનું ફરમાવ્યું, જ્યારે અલેકઝાંડરના સૈન્યની આ ચળવળ આંભિના જાણવામાં આવી

ત્યારે તે કેટલાક સહચરોની સાથે અલેકઝાંડરની પાસે આવ્યો અને પોતાનો હેતુ અલેકઝાંડરને સહાયતા કરવાનો છે એમ જણાવ્યું; આથી કરીને અલેકઝાંડરે પોતાની થયેલી ભૂલ માટે દિલગીરી દર્શાવી.

આંતિએ વિદેશીઓએ જ્યારે ભારતભૂમિમાં પદાર્પણ કર્યું ત્યારે તેમને કોઇ પણ પ્રકારે અટકાવ્યા સિવાય તેમને સહાયતા કરી તો પણ આપણા દેશનાં અજ્ઞાની પશુઓ સુદ્ધાં આંતિની માફક સ્વદેશદ્રોહી થયાં નહિ. તેઓ પોતાની શક્તિ પ્રમાણે અલેકઝાંડરની સ્હામે થવા જતાં બિલકુલ બ્હીધાં નહિ. સ્ટાર્બો જણાવે છે કે, અલેકઝાંડર જ્યારે પોતાના સૈન્ય સાથે ભારતવર્ષમાં આગળ વધતો હતો ત્યારે વનમાં નિવાસ કરતા વાનરો પણ જાણે કે અલેકઝાંડરની ગતિને અટકાવવાને માટે, પહાડી સ્થાન ઉપર એકત્ર થઇને યુદ્ધ કરવાની તૈયારી ચલાવી રહ્યા હોય એમ લાગતું હતું. તેમને જોઇને વિદેશીય સૈન્ય ઘણું ભય પામ્યું હતું.

અલેકઝાંડરે વાનરોને યુદ્ધ માટે સજ્જિત થયેલા જોઇને પોતાના સૈનિકોને તેમના ઉપર તીરો છોડવાની આજ્ઞા કરી; પરંતુ પછીથી આંતિએ જ્યારે વાનરો સંબંધીનો ખુલાસો કર્યો, ત્યારેજ અલેકઝાંડરનો ભ્રમ દૂર થયો; પરંતુ આંતિનો ભ્રમ દૂર થયો નહિ. સ્વદેશનું સંરક્ષણ કરવું એ પ્રત્યેક સ્વદેશવાસીનું મુખ્ય કર્તવ્ય છે, આવા પ્રકારનો ઉપદેશ આંતિને વાનરો પાસેથી મળ્યો તો પણ તે એ ઉપદેશને ગ્રહણ કરી શક્યો નહિ.

હમણાં એ અતિ પ્રાચીન તક્ષશીલા નગરીનાં અવશેષ ચિહ્ન કવચિત્ જોવામાં આવે છે. જે નગરી દશરથના પુત્ર ભરતે સ્થાપિત કરીને તેનું નામકરણ પોતાના પુત્રના નામ ઉપરથી કર્યું હતું; જે નગરીમાં મહારાજ જનમેજયે નાગયજ્ઞનું અનુષ્ઠાન કરીને નાગવંશને નિર્વંશ જેવો કરી નાખ્યો હતો; જે નગરીમાં જનમેજયની સમક્ષ ઋષિઓમાં

મહાભારતનો પ્રથમ પ્રચાર થયો હતો;—જે નગરીના જગવિખ્યાત વિશ્વવિદ્યાલયમાં, પાણિનિ, જીવક, ચાણાક્ય વગેરેએ અભ્યાસ કર્યો હતો; જ્યાં આગળ અભ્યાસ કરવાને માટે કાશી વગેરે દૂર દૂરની નગરીઓમાંથી શિષ્યવર્ગ અતિ કષ્ટ સહન કરીને આવતો હતો; એ નગરીમાં હમણાં મુસલમાની રાજ્ય હોઈ થોડા-ઘણા હિંદુ વ્યાપારીઓ સિવાય બીજા કોઇ હિંદુઓનો નિવાસ નથી! જે ઉંચા પહાડ ઉપર પૂર્વે રાજમહેલ આકાશમાં ડોકિયાં કરી રહ્યા હતો, એ સ્થાને હમણાં ખેડૂતો હળ ફેરવે છે! સમયની તેમજ ભાગ્યની આ કેવી વિચિત્ર સ્થિતિ! પાઠકો જો આ સર્વ પ્રકારનું બરાબર અવલોકન કરશે તો તેઓ દેશના દુર્ભાગ્યને સમજી શકશેજ. હમણાં એ નગરીનું પ્રાચીન નામ બદલાઇ ગયું છે અને તેને બદલે ટેરિસા નામ પ્રચલિત થયું છે; તો પણ લાહોરનો એક દરવાજો તક્ષશીલાનું નામ ગ્રહણ કરીને તેના ભૂતકાળની સમૃદ્ધિનું સ્મરણ કરાવે છે.

અલેકઝાંડરની સાથે આંતિની જ્યારે પહેલી મુલાકાત થઇ ત્યારે આંતિએ શિષ્ટાચાર દર્શાવ્યા પછી કહ્યું હતું કે:—"આપ અમારૂં ખાદ્યદ્રવ્ય તેમજ બીજું કોઈપણ પ્રકારનું પ્રયોજનીય દ્રવ્ય મેળવવા આવ્યા નથી તો પછી હું શા માટે આપની વિરૂદ્ધ યુદ્ધ કરવાને માટે હથિયાર ગ્રહણ કરૂં? હું આપને દ્રવ્યાદિ મેળવી આપવાના કાર્યમાં યથાશક્તિ સહાયતા કરીશ, અને મારા કાર્યનો જે બદલો આપ ઉદારતા દર્શાવીને મને આપશો તે લઇને હું સંતોષ પામીશ." અલેકઝાંડરે આંતિનાં આવાં વચનોથી અંતઃકરણપૂર્વક તેનો ઘણો આભાર માન્યો હતો.

અલેકઝાંડરે આંતિની વિનતિને માન આપીને તક્ષશીલામાં પ્રવેશ કર્યો. ગ્રીક ગ્રંથકાર જણાવે છે કે, એ સમયે એ પ્રદેશની સર્વ નગરીઓ કરતાં તક્ષશીલા નગરી ઘણી મોટી અને સમૃદ્ધિશાળી હતી.

તેનો રાજ્યકારભાર પણ સારી રીતે ચાલતો હતો. એ નગરીની રસાર્દ્ર જમીન ફળાદિ તેમજ પુષ્પાદિથી ઘણી શોભાપૂર્ણ હોઇ જોનારના આત્માને આનંદ આપતી હતી. અલેકઝાંડરે આંતિની પોતાના તરફની પ્રેમભક્તિથી પ્રસન્ન થઇને તેને તેના પિતાના સિંહાસન ઉપર પ્રતિષ્ઠિત કર્યો. આંતિ પોતાના દેશશત્રુ અલેકઝાંડરને હાથે સિંહાસન ઉપર બેઠો તેથી તે પોતાના જીવનને સફળ થયેલું સમજવા લાગ્યો; પરંતુ સ્વદેશભક્ત ભારતવાસીઓએ તેનો સ્વદેશદ્રોહી તરીકે ઘણો તિરસ્કાર કર્યો હતો. પોતાની પુણ્ય–પવિત્ર ભારતભૂમિને યવનોના પાદસ્પર્શથી કલંકિત કરી, તેથી તે સર્વેના ધિક્કારને પાત્ર થઇ પડયો હતો, અને અકાળે મરણ પામ્યો હતો.

તક્ષશીલામાં રહેતી વખતે અલેકઝાંડર આંતિનો આતિથ્યસત્કાર પામ્યો હતો. તેના સૈનિકોને પણ વિવિધ પ્રકારની ભોજન–સામગ્રી મળી હતી. અલેકઝાંડર તેમજ તેના સાથીઓને આંતિએ સુવર્ણ મુકુટો પહેરાવ્યા હતા. આ સિવાય ૮૦ ટૅાલાન્ટ જેટલા રૂપાના સિક્કાઓ આંતિએ અલેકઝાંડરને ભેટ ધર્યા હતા. રાજનીતિજ્ઞ અલેકઝાંડરે આંતિએ મોકલાવેલા દ્રવ્યાદિનો સ્વીકાર નહિ કરતાં પોતાની લૂંટમાં મળી આવેલા દ્રવ્યમાંથી એક હજાર ટૅાલાન્ટ, ઇરાન દેશનાં વિવિધ પ્રકારનાં કીંમતી વસ્ત્રો, તથા એક અતિ ચતુર અશ્વ આંતિને મોકલી આપ્યો હતો.

અલેકઝાંડરે આંતિને આટલું બધું દ્રવ્ય તેમજ બીજો સરસામાન આપ્યો તેથી મેસિડોનિયનો કાંઇક નારાજ થયા હતા; પરંતુ અલેકઝાંડરના જુલ્મનો વારંવાર તેમને ખ્યાલ થઇ આવતો હોવાથી તે પોતાના મુખમાંથી એક પણ શબ્દનો ઉચ્ચાર કરી શક્યા નહોતા.

અલેકઝાંડરનો નિવાસ તક્ષશીલા નગરીમાં હતો ત્યારે અભીસારના અધીશ્વરે પોતાના બંધુની સાથે કેટલાક ચતુર સરદારોને અલેક-

ઝાંડરની તરફ તેની સ્થિતિની તપાસ કરવાસારૂ મોકલ્યા હતા. અલેક-ઝાંડર ઉપર ચઢાઇ કરવાને માટે અભીસારનો અધીશ્વર પોતાનું સૈન્ય તૈયાર કરતો હતો અને પૌરસની સાથે મળી જઇ વિદેશી શત્રુઓને ભારતમાંથી હાંકી કાઢવાની ગોઠવણ કરી રહ્યો હતો. તેણે અલેકઝાંડરને મળવાને માટે પોતાનાં માણસોને મોકલ્યાં નહોતાં. ગમે તેમ હો, પરંતુ બુદ્ધિશાળી અલેકઝાંડરે, અભીસારના અધીશ્વરને પોતાને મળી જવાનું જણાવ્યું. આ સમય દરમ્યાન દોજારસ (Doxares) તરફથી પણ એક દૂતે આવી અલેકઝાંડરને સન્માન આપ્યું હતું. આ દોજારસ માહાભારતના સમયે દ્વિગર્ત્ત નામથી ઓળખાતું હતું. હમણાં જેઓ દોગરા નામથી ઓળખાય છે, તેઓજ ગ્રીકોએ દર્શાવેલા દોજારસ વાસીઓ હોવા જોઇએ એમ અનુમાન થઇ શકે છે. હમણાંનો જંબૂ વગેરે પ્રદેશ દોગરાઓની નિવાસભૂમિ છે.

અલેકઝાંડર આગળ આંતિનું ક્ષાત્રતેજ સર્વાંશે ઉડી ગયેલું હોવા છતાં પણ તક્ષશીલા નગરીમાં રહેતા બ્રાહ્મણો આગળ, તેનું સ્વાભિમાન તથા ગર્વ નાશ પામ્યાં હતાં. યૂરોપવાસીઓ તક્ષશીલાના નાગરિકોની સમૃદ્ધિ તેમજ સભ્યતા જાણવા છતાં પણ ભારતવાસી-ઓને ' જંગલી–અસભ્ય ' એવાં સંબોધનોથી સંબોધ્યા સિવાય રહી શકતા નથી. કેમકે તેમણે નાગરિકોને પગથી તે મસ્તક સુધી સુવ્યવસ્થિત વસ્ત્રો પહેરતાં જોયા છે, હમણાંની માફક પોતાના મસ્તક ઉપર કીંમતી પાઘડી પહેરતાં નિહાળ્યા છે, તેમના વીરત્વનો યથેષ્ટ પરિચય મેળવ્યો છે.

રાજાનો ઠાઠ–માઠ ગ્રીકવાસીઓને આશ્ચર્ય પમાડયા સિવાય રહેતો નહિ. રાજા જયારે બહાર નીકળતો ત્યારે તે જે રસ્તેથી જવાનો હોય તે રસ્તે સૌગંધ–પૂર્ણ જળ છાંટવામાં આવતું હતું, તેના અનુચરો સોનાની છડી હાથમાં ધારણ કરી ચાલતા હતા. રાજા રત્નજડિત

કીંમતી પાલખીમાં બિરાજીને બહાર નીકળતો હતો. જરીકામથી જળહળી રહેલાં વસ્ત્રોથી રાજાનું સર્વાંગ પ્રકાશી ઉઠતું હતું. પાલખીની પાછળ કેટલાક ઘોડેસ્વારો અસ્ત્ર–શસ્ત્રથી સુસજ્જિત થઇને ચાલતા હતા. સર્વ જનોને માટે રાજમહેલનાં દ્વાર ખુલ્લાં રહેતાં હતાં. રાજા ગમે એવા જરૂરી કાર્યમાં રોકાયેલો હોય તો પણ તે પોતાનું કાર્ય એક બાજુએ રાખી પ્રથમ ગરીબની દાદને સાંભળતો હતો. રાજમહેલમાં અનેક સુવર્ણસ્તંભો ઉપર પુષ્પમાળાઓ લટકી રહેતી હતી. આ સ્તંભોનું કોતરકામ એવું તો આકર્ષક હતું કે, તેને જોનાર વ્યક્તિ ક્ષણભર ચકિતજ થઇ જાય. પાઠક ! એ સમયના યૂરોપિયનોએ વર્ણવેલા આપણા દેશના રાજમહેલની કાંઇક ભાગી તૂટી કલ્પના કરી જુઓ એટલે ભારતભૂમિ આજે અસભ્ય છે, કે અઢી હજાર વર્ષ પૂર્વે અસભ્ય હતી તે આપોઆપ સમજાશે.

મેસિડોનિયનોએ તક્ષશીલા જવાના રાજમાર્ગ ઉપર એક પ્રકારના લોકો જોયા હતા. તેઓ સુખ–દુઃખની દરકાર કરતા નહોતા. તેમની ઉત્કટ તપશ્ચર્યા જોઇને મેસિડોનિયનો અતિ આશ્ચર્ય પામ્યા હતા. તેઓ નગરીની બહાર પર્ણકુટીઓમાં નિવાસ કરતા હતા. વૃક્ષોનાં ફળફળાદિથી તેમજ ઝરાઓના પાણીથી તેમની ક્ષુધા તથા તૃષા પરિતૃપ્ત થતી હતી. આ સર્વ બ્રહ્મચારી અને સંન્યાસીઓને એ સમયના વિદેશીઓએ "જીમનોસોફિસ્ટ" અગર તો 'નગ્નજ્ઞાની' તરીકે ઓળખ્યા છે. એ મહાપુરૂષો જ્યારે નગરીમાં આવતા ત્યારે નગરનિવાસીઓ તેમનો યોગ્ય આદર–સત્કાર કરતા હતા. ઉત્તમ પ્રકારનાં ભોજનોથી તેમને સંતોષતા હતા. બજારમાંના વ્યાપારીઓ તેમને વિના મૂલ્યે સર્વ પ્રકારની સામગ્રી આપતા હતા. ગ્રીકોને આ પ્રકાર જોઇને બહુજ આશ્ચર્ય થતું હતું. ભારતભૂમિનાં પશુ, પક્ષી, વૃક્ષ વગેરેને જોઇને ગ્રીકવાસીઓ જેમ અવાક્ બની ગયા હતા તેમ એ મહાત્મા

ઓનો અદ્દભૂત આચાર–વ્યવહાર જોઇને પણ તેઓ દંગ થઈ ગયા હતા. ગુણગ્રાહી અલેકઝાંડર તેમનાં દર્શન કરવાને માટે ઘણો આતુર બની ગયો હતો. તેણે પોતાના એક સહચરને એ સાધુ બ્રાહ્મણોના મંડળ તરફ રવાના કરી તેની સાથે એક બ્રાહ્મણને પોતાની પાસે આવવાની પ્રાર્થના કરી. જ્યારે આ સરદાર તે મંડળમાં જઇ પહોંચ્યો ત્યારે ત્યાંના 'કલ્યાણ' નામક બ્રાહ્મણે એ સરદારને કહ્યું:—"પ્રથમ તારાં અપવિત્ર વસ્ત્રોનો ત્યાગ કર. તે પછીજ હું તારી સાથે વાત-ચિત કરીશ. નહિ તો હું એક પણ શબ્દ બોલનાર નથી."

અલેકઝાંડરના સરદારે કલ્યાણ બ્રાહ્મણનું કહેવું કબૂલ કરી તે પ્રમાણે વર્ત્તન ચલાવ્યું હતું કે કેમ એ અમે જાણતા નથી, પરંતુ એ પોતે કલ્યાણને અલેકઝાંડર આગળ લઈ જઇ શકયો નહોતો. જ્યારે પોતાના સરદારથી આ કાર્ય ન બન્યું ત્યારે અલેકઝાંડરે તક્ષ-શીલાના રાજાને, કલ્યાણને બોલાવી લાવવા માટે મોકલ્યો. તક્ષ-શીલાના રાજા આંતિના અનુરોધથી કલ્યાણ અલેકઝાંડર પાસે આવ્યો. કલ્યાણે એક સૂકાઇને વાંકા થઇ ગયેલા ચર્મને અલેકઝાંડરના સામ્રાજ્ય તરીકે કલ્પીને એ ચર્મની એક બાજુએ પગ મૂકયો, જેથી બીજી બાજુનો ભાગ ઉંચો થઇ ગયો, અને બીજી બાજુએ પગ મૂકયો તો પ્રથમ બાજુનો ભાગ ઉંચો થઇ ગયો; પરંતુ જ્યારે તે મધ્યભાગમાં ઉભો રહ્યો ત્યારે ચામડું બરાબર સીધું રહ્યું. કલ્યાણે આ પ્રમાણે કર્યું તેનું કારણ એજ કે, તે અલેકઝાંડરને એમ સમજાવવા માગતો હતો કે તું તારા સામ્રાજ્યનો ત્યાગ કરી સર્વત્ર પગ પેસારો કરે છે, તેથી તને કાંઇ લાભ થનાર નથી. તું તારા સામ્રાજ્યનેજ સંભાળી રહીશ તોજ તારૂં અને તારી પ્રજાનું કલ્યાણ થશે, અલેકઝાંડર કલ્યાણની અદ્દભૂત શારીરિક સંપત્તિ જોઇને, તથા તેની સાથે દાર્શનિક ચર્ચા કરીને ઘણોજ આનંદ પામ્યો હતો. તેણે કલ્યાણનું ઘણું માન સાચ-

વીને તેને પોતાની પાસે રાખ્યો હતો. પરંતુ કલ્યાણ પોતાપ્રત્યેની અલેકઝાંડરની આવી ભક્તિને પરિણામે, સમસ્ત બ્રાહ્મણ–સમાજમાં નિંદાપાત્ર તથા ધિક્કારપાત્ર થયો હતો.

અલેકઝાંડરે બ્રાહ્મણ સમાજના નેતા મહાવિદ્વાન પુરૂષ દંડીને સન્માન સહિત બોલાવી લાવવાને માટે પોતાના સરદારને મોકલ્યો હતો. સરદારે મહાત્મા દંડી પાસે જઇને કહ્યું હતું કેઃ—"જ્યુપિટરનો પુત્ર, મનુષ્યજાતિનો અધીશ્વર સમ્રાટ્ અલેકઝાંડર તમને પોતાની પાસે બોલાવે છે. તેમની પાસે હાજર થશો એટલે તેઓ તમને યોગ્ય પુરસ્કાર આપીને તમારો સત્કાર કરશે; પરંતુ જો કદાચ તમે તેમના આદેશને અનુસરીને તેમની પાસે નહિ આવો તો તમારૂં મસ્તક તમારા ધડથી જૂદું થઈ જશે."

તૃણશય્યા ઉપર સૂઇ રહેલા મહાપુરૂષ દંડીએ અલેકઝાંડરના સરદારના ઉક્ત શબ્દો સાંભળીને સહજ પણ વિચલિત નહિ થતાં સ્મિતહાસ્ય કરીને ઉત્તરમાં કહ્યું:—"પરમકૃપાળુ પરમાત્મા કોઇ પણ પ્રાણીનું વિના કારણ અનિષ્ટ થવા દેતો નથી. છતાં જો કોઈ મનુષ્ય વિના અપરાધે મૃત્યુ પામે છે, તો તેને તે પુનર્જીવન અર્પે છે. તમારો અલેકઝાંડર કાંઇ પરમેશ્વર નથી કે, તે મને મૃત્યુના મુખમાં નાખી શકે. તેને પણ એક દિવસે ઈશ્વર આગળ પોતાનાં પાપોની શિક્ષા સહન કરવીજ પડશે. જે હજી સુધી તીબ્રબોણ નદીના તટ સુધી જઇ શક્યો નથી; જે હજી સુધી ગાધી રાજ્ય (કાન્યકુબ્જ) ની સીમા સુધી જઇ શક્યો નથી; તે શું વિચારીને જગતનો અધીશ્વર થવાની ઇચ્છા રાખે છે? ગગનમંડળમાં સૂર્યદેવ ક્યા માર્ગનું અવલંબન કરીને ગમન કરે છે, તેજ હજી સુધી જે સમજી શક્યો નથી, જેનું નામ હજી સુધી અસંખ્ય મનુષ્યજાતિઓએ સાંભળ્યું પણ નથી; એ પુરૂષ ક્યા સાહસથી પોતાને જગતના સ્વામી તરીકે ઓળખાવે છે? તેણે જે જે

રાજ્યો ઉપર વિજય મેળવ્યો છે, તેથીજ જો તે ફૂલાઇ ગયો હોય તો તેને કહો કે, તે જો અમારી નદીની પાર ઉતરીને આગળ વધશે તો તેની આકાંક્ષા પુરી થશે. અલેકઝાંડરે મને જે પુરસ્કાર આપવાની વાત કહી છે, એ પુરસ્કારની મારી આગળ કાંઇ કીંમત નથી. પર્ણ-કુટી તથા શય્યાને માટે મારી પાસે પુષ્કળ પાંદડાં છે, ક્ષુધા તૃપ્ત કરવાને માટે મને વન-જંગલમાંથી ઘણાં ફળો પ્રાપ્ત થાય છે, તેમજ તૃષાની શાંતિ માટે એક અંજલિ જેટલું પાણી બસ થઇ પડે છે. એટલીજ સંપત્તિ મારા જીવન-નિર્વાહને માટે બસ છે. માયામાં લુબ્ધ કરનાર દ્રવ્ય અનેક સંકટો આવી પડવાના કારણરૂપ થઇ પડે છે. હું દ્રવ્ય પ્રાપ્ત કરવાનો મારા મન સાથે વિચાર સુદ્ધાં કરતો નથી; ઉલટો તેનો તિરસ્કાર કરૂં છું. સુવર્ણપ્રાપ્તિ થયાથી મનુષ્યની નિદ્રા ઉડી જાય છે. જનની જે પ્રમાણે સંતાનનું પોષણ કરે છે, તેજ પ્રમાણે પૃથ્વી મારા સઘળા અભાવને દૂર કરે છે. જ્યાં જવાની ઇચ્છા થાય છે, ત્યાં હું કોઇ પણ પ્રકારની ચિંતા સિવાય ચાલ્યો જાઉં છું. જો કદાચ મહાન્ અલેકઝાંડર મારો શિરચ્છેદ કરશે તોપણ તે મારા આત્માને તો કદી પણ પોતાની સત્તામાં લાવી શકશેજ નહિ. એ કદાચ મારૂં છિન્ન મસ્તક મેળવી શકશે ખરો; પરંતુ એથી તો જૂનાં વસ્ત્રોની પેઠે આ શરીરનો ત્યાગ કરીને મારો આત્મા જેણે આ શરીર અર્પણ કર્યું છે તે પરમકૃપાળુ પરમાત્મા પાસે જઈ પહોંચશે. પૃથ્વીમાં આવીને અમે તે પરમાત્માની આજ્ઞા પ્રમાણે વર્તીએ છીએ કે નહિ, તે જોવાને માટે તેણે અમને પૃથ્વી ઉપર મોકલ્યા છે. આ શરીરનો અંત આવતાંજ તે પાછો અમારાં સમસ્ત કાર્યોનો ન્યાય કરે છે. દુઃખીના આર્ત્તનાદ અને દીર્ઘ નિશ્વાસોજ દુઃખ કર્ત્તાની સજાનું સ્વરૂપ થઇ પડે છે. હું જ્યારે અમારા એ મુખ્ય ન્યાયાધીશની પાસે જઇ પહોંચીને મારાં કાર્યોના ન્યાયનું નિરીક્ષણ

રીશ ત્યારેજ શાંતિ મેળવી શકીશ."

"તમે તમારા અલેકઝાંડરને જઇને કહો કે, જે મનુષ્ય સુવર્ણ પ્રાપ્ત કરવાની આકાંક્ષા રાખે છે, જે સંપત્તિ પ્રાપ્ત કરવાને માટે પાપકાર્યમાં પ્રવૃત્ત થાય છે, અથવા તો જે મૃત્યુના ભયથી સર્વદા ભયભીત રહે છે; તેવો મનુષ્યજ તેનાં વાક્યોથી ડરી જાય તેમ છે. બ્રાહ્મણો સુવર્ણ પ્રાપ્ત કરવાની આકાંક્ષા રાખતા નથી, તેથી મૃત્યુભય તેમને બિલકુલ ભયભીત કરતો નથી. તમે અલેકઝાંડરને અવશ્ય કહેજો કે પવિત્ર દંડી તારી પાસેથી એક રતી જેટલું પણ દ્રવ્ય મેળવવાની ઇચ્છા રાખતો નહિ હોવાથી તે કદિ પણ તારી પાસે આવશે નહિ. તમારે જો દંડીને કાંઇ પ્રાર્થના કરવી હોય તો તમેજ નિર્ભયતાથી બેલાશક તેની પાસે પધારો."

નિસ્પૃહી દંડીનો આ ઉત્તર અલેકઝાંડરને મળે, તે પૂર્વેજ તે દંડીનાં દર્શન કરવાને ઘણો આતુર બની ગયેલો હોવાથી તે આ પવિત્ર પુરૂષનાં દર્શન કરવાને માટે તક્ષશીલા નગરીની બ્હાર નીકળી પડયો હતો. અંતે તે દંડીનાં દર્શન કરી કૃતાર્થ થયો હતો. ગ્રીક દેશના મેગોસ્થનિસે લખ્યું છે કે, અલેકઝાંડર પોતાના સરદારની મારફત દંડીનો ઉત્તર સાંભળીને તેનાં દર્શન કરવાને માટે ઘણો વ્યાકુળ બની ગયો હતો. અંતે આ દિગંબર વૃદ્ધની આગળ અલેકઝાંડરે પોતાનો પરાભવ કબૂલ કર્યો હતો. અલેકઝાંડરની આગળ આંતિ જેવાનું ક્ષાત્ર તેજ પરાભવ પામ્યું હતું ખરૂં પણ ભારતવર્ષના એક પરમ પવિત્ર બ્રાહ્મણની આગળ તો યૂરોપના આ વીર–શિરોમણિ વિશ્વવિજેતા અલેકઝાંડરનું અભિમાન ચૂર્ણ–વિચૂર્ણ થઇ ગયું હતું. જે દેશના બ્રાહ્મણો અગ્નિમાં પ્રવેશ કરીને જનસમાજના મનમાંથી મૃત્યુનો ભય દૂર કરતા હતા, તેજ દેશનો આંતિ હોવા છતાં એક યવન નૃપતિનો સાધારણ ધન્યવાદ મેળવવાને માટે તે કેટલા બધા સ્વદેશવાસીઓના

મૃત્યુના કારણરૂપ થઇ પડયો હતો ! જે દેશના વાસીઓ અર્થને અનર્થનું કારણ સમજી તેના સંસર્ગથી દૂર રહેતા હતા, એજ અર્થની લાલસાથી આંતિએ વિદેશી અલેકઝાંડરના ચરણોમાં પોતાનું શિર ઝુકાવી, સ્વદેશવાસીઓનો ધ્વંસ કરીને સ્વતંત્રતાનો નાશ કર્યો હતો ! !

એ નગરીમાં જે બ્રાહ્મણો રહેતા હતા તેઓમાંના ઘણા ખરા જ્યોતિષિ તરીકે સુપ્રસિદ્ધ હતા. તેઓ ગ્રહ—નક્ષત્રની ગતિનું બરાબર અવલોકન કરીને વૈજ્ઞાનિક રીત પ્રમાણે ભવિષ્યમાં બનનારા બનાવોની ગણના કરતા હતા. એકલા ગ્રીકો તો શું, પરંતુ પૃથ્વી ઉપર આવેલા સર્વ દેશોના માણસો જ્યારે સભ્યતાના પ્રથમ પગથિયા ઉપર પગ મૂકી શકયા નહોતા ત્યારે ભારતવર્ષમાં આપણા પૂર્વજો જ્યોતિષશાસ્ત્રના વિષયમાં ઉત્તમ પ્રકારનું જ્ઞાન ધરાવતા હતા. એ સમયે આપણા પૂર્વજોના ચરણો પાસે બેસીને પૃથ્વી ઉપરની પ્રત્યેક જાતિ આ શાસ્ત્રનો અભ્યાસ કરતી હતી. ઉદાર સ્વભાવના બ્રાહ્મણો, ગુણવાન્ શિષ્યના ગુણોનો સત્કાર કરવામાં પાછી પ્હાની કરતા નહિ.

અલેકઝાંડરનો જ્યારે તક્ષશીલામાં મુકામ હતો ત્યારે તેણે પૈરસની તરફ દૂત મોકલીને તેને કર આપવાનું તથા રાજ્યની સરહદે આવીને પોતાને મળવાનું ફરમાવ્યું હતું. ક્ષાત્રધર્માભિમાની પૈરસે દૂત મારફત અલેકઝાંડરનું ફરમાન સાંભળી બિલકુલ ગભરાયા સિવાય જણાવ્યું કે:—" હું મારા રાજ્યની સરહદે મારા હાથમાં નગ્ન સમશેર રાખીને તમારા બાદશાહની મુલાકાત લઇશ." અલેકઝાંડર પૈરસના આવા ગર્વિત ઉત્તરથી આશ્ચર્ય પામ્યો. તેણે પ્રથમ એવો વિચાર કર્યો હતો કે, પૈરસ કોઇનું પણ લોહી નહિ રેડાવતાં પોતાની સત્તાને શિર ઉપર ચઢાવશે; પરંતુ જ્યારે તેનો વિચાર સત્ય ઠર્યો નહિ, ત્યારે તે પૈરસની વિરૂદ્ધ યુદ્ધ કરવાની તૈયારી કરવા લાગ્યો. પૈરસના

રાજ્ય ઉપર ચઢાઈ કરવા જતાં રસ્તામાં અલેકઝાંડરને વિતસ્તા* નામક નદી પાર ઉતરવાની હતી. શત્રુ નદીની પાર ઉતરી શકે નહિ એટલા માટે તેણે એ નદીમાંની નૌકાઓનો નાશ કર્યો હશે, એમ વિચારીને અલેકઝાંડરે સિંધુસરિતામાં પોતાની જે નૌકાઓ હતી તે સઘળી વિતસ્તા નદી આગળ મંગાવી.

અલેકઝાંડરે તક્ષશીલા નગરીનો રાજ્યકારભાર પોતાના દેશનાજ એક માણસને સોંપ્યો. વળી પાછળથી કાંઇ ખટપટ ન થાય એ હેતુથી તેણે એ નગરીમાં પોતાનું કેટલુંક સૈન્ય રાખ્યું અને પોતાના બાકીના સૈન્ય સાથે તથા સ્વદેશદ્રોહી આંતિના પાંચ હજાર ભારતીય સૈન્ય સાથે પૌરસ વિરૂદ્ધ યુદ્ધ કરવાને માટે તે વિતસ્તા નદી તરફ ચાલી નીકળ્યો. તક્ષશીલા નગરીથી બે રસ્તા વિતસ્તા નદી તરફ જાય છે. એક રસ્તો રાવળપિંડી, માનકેલા× વગેરે સ્થળોએ થઇને વિતસ્તા સુધી જાય છે, અને બીજો દુધિયાલ થઇને ડાબી બાજુએ ટિલા-પર્વત મૂકી ન્હાની ન્હાની કેટલીક નદીઓ વટાવીને જલાલપુર આગળ વિતસ્તા સુધી જાય છે. અલેકઝાંડર આ બે રસ્તાઓ પૈકી કયે રસ્તેથી વિતસ્તા અર્થાત્ જેલમ નદી આગળ જઇ પહોંચ્યો હતો, તેનો નિશ્ચય હમણાં થઇ શકે તેમ નથી. કનિંગહામ વગેરે એમ જણાવે છે કે,

* આપણાં ભારતીય નામો વિદેશીઓની જડ જિહ્વાથી કેવી રીતે ઉચ્ચારાયાં છે, તે આ વિતસ્તા નામ ઉપરથી સમજી શકાય તેમ છે. આ નદીને વિદેશીઓએ કોઇ કોઈ સમયે હાઈડાસપેસ, બિડાસપેસ વગેરે નામોથી ઓળખાવી છે. મુસલમાનોના સમયથી એ વિતસ્તા નદી જેલમ નામથી ઓળખાય છે, અને હજી સુધી તેનું આ જેલમ નામજ કાયમ રહ્યું છે. તેને કિનારે જેલમ નામનું એક ગામ પણ આવેલું છે.

× એનું પ્રાચીન નામ માણિક્યાલય છે. રેલ્વે માર્ગે રાવળપિંડી જતાં આ સ્થાનનાં અતિ ઉંચાં બૌદ્ધ દેવાલયો જોવામાં આવે છે.

અલેકઝાંડરે જલાલપુરવાળો માર્ગ ગ્રહણ કર્યો હતો. બીજા પક્ષમાં એબટ જણાવે છે કે, અલેકઝાંડરે રાવળપિંડીવાળો માર્ગ ગ્રહણ કર્યો હતો. હમણાં વિન્સેન્ટ સ્મિથ સાહેબે પણ આ મતને દઢ કરવાનો પ્રયાસ કર્યો છે. પ્રાચીન કાળના લેખકોએ અલેકઝાંડરના માર્ગ સંબંધી જે કાંઈ વર્ણન કર્યું છે, તે વર્ણન ઉપરથી અલેકઝાંડરે કયો માર્ગ સ્વીકાર્યો હતો એ જાણી શકવાનું કાર્ય બહુ કઠિન છે. બે હજાર વર્ષમાં વિતસ્તા નદીમાં ઘણો ફેરફાર થઇ ગયો છે, તથા તે સાથે ભૌગોલિક સ્થિતિમાં પણ ઘણો ફેરફાર થયો છે. વિનસેન્ટ સ્મિથે બીજાના ઉપર દોષારોપ મૂકતી વખતે ભૌગોલિક અવસ્થાનની વાતનો ઉલ્લેખ કર્યો છે; પરંતુ તેમણે જે સ્થાન જણાવ્યું છે તે અલેકઝાંડરની હયાતી પ્રસંગે વિતસ્તાના ગર્ભમાં છુપાઇ રહ્યું હોય તો, તેનું શું પ્રમાણ છે? પૂર્વે વિતસ્તા જેલામ–સરાઈ અને નારંગાબાદની પાસે થઇને વહેતી હતી ત્યારે હમણાં આ સ્થાનોથી ઘણે દૂર તે વહે છે. જેથી અલેકઝાંડર કયે માર્ગેથી વિતસ્તા નદી સુધી આવી પહોંચ્યો હતો એ સંબંધી કોઇથી પણ સત્ય નિશ્ચય ઉપર આવી શકાતું નથી.

અલેકઝાંડરે સૈન્યસહ વિતસ્તાના તટ ઉપર ઉપસ્થિત થઇને જે પ્રકાર જોયો તે પ્રકારથી તેનો અંતરાત્મા નિરાશ બની ગયો. તેના મુખ ઉપર ચિંતાની છાયા છવાઇ ગઇ. તેણે એમ વિચાર્યું હતું કે, સ્હેલાઇથી સમસ્ત દેશ પોતાને સ્વાધીન થશે, અને સર્વ રાજાઓ બુદ્ધિશાળી આંતિની માફક પોતાના ચરણોમાં તેમનાં શિર ઝુકાવશે; પરંતુ અલેકઝાંડરનો આવો વિચાર ખરો ઠર્યો નહિ. તેણે જોયું કે, ભારતવર્ષમાં સર્વ રાજાઓ કાંઇ આંતિના જેવા નથી. સઘળા ભારતવાસીઓ પોતાના પ્રબળ પ્રતાપી શત્રુનો માર્ગ રોકવાને માટે નદીની બીજી બાજુએ છાવણી નાખીને પડયા હતા, તથા એ છાવણીનો દેખાવ એક શહેર જેવો જણાતો હતો. ભારતીય સૈન્યમાં હોદ્દાવાળા

બસો હાથીઓ શત્રુઓને પોતાની પ્રબળતાનું દર્શન કરાવવાને માટે ડોલતા જણાતા હતા. વળી ધાતુના બનેલા ત્રણસો રથો આમ તેમ ફરતા જોવામાં આવતા હતા. તે સિવાય ત્રીસ હજાર પાયદળ જાણે કે ભારતના સન્માનનું સંરક્ષણ કરવાને માટે દૃઢચિત્ત થઇ ગયું હોય એવું જણાતું હતું. પૌરસનું લગભગ પચાશ હજાર જેટલું સૈન્ય વિજયી થવાને માટે યાતો રણભૂમિમાં મરણને શરણ થઈ અમરલોકમાં પહોંચી જવાને માટે દૃઢ નિશ્ચય કરીને વિતસ્તા નદીના બીજી બાજુના તટ ઉપર છાવણી નાખીને પડયું હતું; વિતસ્તા પણ જાણે કે વિદેશીય શત્રુના સ્પર્શથી પોતાના અંગરૂપ જળને કલંકિત નહિ થવા દેવાના નિશ્ચયથી ત્વરાથી દોડતી જણાતી હતી. આ સર્વ ભયંકર દેખાવ જોઇ અલેકઝાંડર જેવો મહાન્ શક્તિશાળી બાદશાહ પણ વ્યાકુળ બની જાય એમાં શું આશ્ચર્ય ? નદીની પાર કેવી રીતે ઉતરવું એ સંબંધી તે મોટા વિચારમાં પડી ગયો. તેણે પોતાની જે નૌકાઓ સિંધુ નદીમાંથી મંગાવી હતી, તેમાં બેસીને વિતસ્તાની પાર ઉતરવું એ તેને ઘણું જોખમ ભરેલું જણાવા લાગ્યું. જે સ્થાને અલેકઝાંડરે તંબુ નાખ્યો હતો, તેની સામેજ બીજી બાજુએ પૌરસે પોતાનો તંબુ નાખ્યો હતો. ઉભય પક્ષના સૈનિકો યુદ્ધ–ગર્જનાથી ગગનને ગજવી મૂકતા હતા. આ પ્રસંગે પૌરસના સૈન્યમાંના મદોન્મત્ત હસ્તીઓના ભીષણ અવાજથી મેસિડોનિયનો ધ્રૂજી ઉઠતા હતા. કેટલાક સાહસિક મેસિડોનિયન સૈનિકો વિતસ્તા નદીમાં ઉતરી પોતાના ભાલાઓને ફેરવતા નદીની પાર ઉતરવાનો યત્ન કરવા લાગ્યા; પરંતુ પોતાના દુર્ભાગ્યે તેઓ ભારતીય યોદ્ધાઓના આઘાતનો ભોગ થઇ પડયા. તેઓ પૈકી કેટલાક માર્યા ગયા અને કેટલાક વિતસ્તા નદીના પ્રચંડ પ્રવાહમાં તણાઇ જઇને જળચરોના આહાર સ્વરૂપ થઈ ગયા.

અલેકઝાંડર સમજી ગયો કે, સરળતાથી પોતાનો હેતુ સિદ્ધ

થાય તેમ નથી તેથી તેણે પોતે કપટજાળ રચવાનો આરંભ કર્યો. તેણે એવું જાહેર કર્યું કે શીયાળામાં વિતસ્તાનો પ્રવાહ ધીમો પડેથી યુદ્ધ કરવામાં આવશે. શત્રુપક્ષ પોતાના કથન ઉપર વિશ્વાસ રાખે એ હેતુથી અલેકઝાંડરે પોતાના ઘણાખરા સૈનિકોને, ઘણો સમય ચાલે એટલી ખાદ્યસામગ્રી મેળવવાને ચારે દિશાએ રવાના કરી દીધા. બીજી તરફ તેણે પુષ્કળ ઘાસ એકઠું કરીને એ ઘાસની આસપાસ ચામડાંઓ સીવી લેવાની આજ્ઞા કરી. ત્યાર પછી સઘળી નૌકાઓને આમતેમ રવાના કરી નદી પાર ઉતરવાનો ડોળ દર્શાવીને તે શત્રુસૈન્યને હરકત પહોંચાડવા લાગ્યો. નદીની પાર ઉતરી જવાના ઉદ્દેશથી સમસ્ત રાત્રિ-પર્યંત મશાલોને સળગતી રાખીને, સૈન્યને નદી કિનારા ઉપર એકત્ર કરીને અલેકઝાંડરે પૌરસને વ્યાકુળ બનાવી દીધો. શત્રુ કદાચ નદીની પાર ઉતરી પોતાના ઉપર હુમલો કરશે એવી આશંકા થઇ આવવાથી પૌરસે પોતાના સૈન્યને યુદ્ધમાં ઉતરવાને માટે નદીને કિનારે મોકલ્યું. અલેકઝાંડરે હમ્મેશાં આવો પ્રકાર ચાલુ રાખીને પૌરસને છેતરવાનો માર્ગ સાફ કર્યો. પૌરસ પણ આ પાશ્ચાત્ય શત્રુની ધૂર્તતા સમજી ગયો કે, અલેકઝાંડરે કાંઇ પોતાના સૈનિકોને ખાદ્યસામગ્રી માટે નહિ પણ અન્ય કોઇ સુગમ સ્થળેથી નદીની પાર ઉતરી જવાને માટેજ મોકલ્યા છે. આથી તેણે પણ વિતસ્તા નદી ઉપર સ્થાને સ્થાને ગુપ્ત તો રવાના કરી દીધા, અને ઘણેખરે સ્થાને થોડું થોડું સૈન્ય પણ મોકલી દીધું. આ પ્રમાણે તેણે અલેકઝાંડરનો હેતુ સફળ નહિ થવા દેવાનો યત્ન કર્યો.

અલેકઝાંડરને આ સમય દરમ્યાન જ્યારે માલૂમ પડયું કે, અભી-સારનો અધીશ્વર અસંખ્ય સૈન્ય સાથે લઇને પૌરસને સહાયતા કરવાને માટે ૨૨—૨૩ ગાઉના અંતર ઉપર છાવણી નાખીને બેઠો છે, ત્યારે એ બન્ને સૈન્યનું મિલન થતાં પૂર્વેજ અલેકઝાંડરે શત્રુ ઉપર ચઢાઇ કરવાની તૈયારી કરી.

અલેકઝાંડરની છાવણીથી ૧૫૦ સ્ટેડિયા (લગભગ ૮ાા ગાઉ) ઉપર વિતસ્તાના તટ ઉપર જે ભૂમિ હતી તે ઘણી ઉંચાણવાળી અને વનસ્પતિથી પરિપૂર્ણ હતી. અલેકઝાંડરે પોતાનો હેતુ સફળ કરવાને માટે એ સ્થાને જવાનું વ્યાજબી વિચાર્યું. તેણે પોતાની નૌકાઓને બે વિભાગમાં વહેંચી દઇને એ સ્થાન તરફ રવાના કરી દીધી, તથા ત્યાં જઇને નદી પાર ઉતરવાનો નિશ્ચય કર્યો. એ સ્થાને વિતસ્તા નદીનો બન્ને બાજુનો કિનારો એટલો બધો ઉંચો હતો કે જો કોઇ માણસ નદીના કિનારાના છેવટના ભાગ સુધી ન આવે તો તે નદીનું જળ જોઇ શકે નહિ, તો પછી દૂરથી તો કેવીજ રીતે જોઇ શકે ?

એક ઠેકાણેથી બીજે ઠેકાણે જેમ બની શકે તેમ ત્વરાથી સંદેશા પહોંચાડવાને માટે થોડે થોડે દૂર સબળું સૈન્ય વિભાગ પાડીને રાખવામાં આવ્યું. પહેલા વિભાગમાં ક્રિટિરસ સરદાર પોતાની સત્તા નીચેના સૈન્ય સાથે, મેસિડોનિયાના પાયદળ, અને ઘોડેસ્વારો તથા તક્ષશીલા નગરીના પાંચ હજાર ભારતીય સૈન્યને સંભાળી રહ્યો હતો. અલેકઝાંડરે તેને ઉપદેશ આપ્યો કે:—"પૌરસ પોતાના સમસ્ત સૈન્યસહ જ્યાં સુધી મારા ઉપર હુમલો ન કરે ત્યાં સુધી તમારે મારી મદદે આવવું નહિ."

ત્યારપછી અલેકઝાંડર બાકીના સૈન્યના વિભાગ પાડી નાખીને તે પ્રત્યેક વિભાગના સરદાર તરીકે મિલોગાર, આતાલસ અને અરજિસ નામક શૂરવીર પુરૂષોને નિયુક્ત કર્યા, તથા તેમને એવું સૂચવવામાં આવ્યું કે, જે સમયે તેની સાથે શત્રુસૈન્યના યુદ્ધનો આરંભ થાય તે સમયેજ તેઓએ નદીની પાર ઉતરી જવું. આવી રીતે અલેકઝાંડરે પોતાના સૈન્યની સુવ્યવસ્થા કરી નાખી. જે દિવસે અલેકઝાંડરે પૌરસથી છુપી રીતે આ વિતસ્તા નદીના ઉચ્ચ કિનારાવાળા ભાગ તરફ ગમન કર્યું તે રાત્રે વૃષ્ટિનું જોર ઘણારે હતું, અને સર્વત્ર

એવો ભીષણ અંધકાર ફેલાઇ ગયો હતો કે, અલેકઝાંડર સ્હેલાઇથી પોતાના સૈન્યસહ આ સ્થાને આવી પહોંચ્યો હતો. છુપાવી રાખેલી નૌકાઓને જંગલમાંથી મંગાવી, નદીમાં ઉતારી અલેકઝાંડર પોતાની સરદારી નીચેના સૈન્યસહ નદીની પાર ઉતરી જવાની તૈયારી કરવા લાગ્યો. રાત્રિભર સખ્ત વરસાદ પડયો. વિજળીના ચમકારાથીજ કાંઇક પ્રકાશ પડતો હતો, બાકી જ્યાં જોવામાં આવે ત્યાં ભયંકર અંધકાર ફેલાઇ રહ્યો હતો. આવો પ્રકાર હોવાથી અલેકઝાંડર ભારતીય વીરવર પૌરસને સ્હેલાઇથી છેતરી શકે એ સાહજિક છે. સૂર્યોદય થવા પહેલાં વરસાદ બંધ થઇ ગયો. જેવો અલેકઝાંડર નદીની પાર ઉતર્યો કે તરતજ પૌરસના ગુપ્ત દૂતો તેને પિછાની શક્યા. એરિયાન જણાવે છે કેઃ—"એ રાત્રે વરસાદ સખ્ત રીતે વરસતો હોવાથી અલેકઝાંડર સ્હેલાઇથી નદીની પાર ઉતરી શક્યો હતો." ત્યારે હવે એરિસ્ટોબુલસ જણાવે છે કેઃ—"જે સમયે અલેકઝાંડર નદીની પાર ઉતર્યો એ સમયે પૌરસનો પુત્ર ૬૦ રથોને સાથે લઇને એ સ્થાને હાજર થયો હતો. તે આ સમયે અલેકઝાંડરની વિરૂદ્ધ યુદ્ધ કરી શકત, પરંતુ તેણે એવું કાંઇ કર્યું નહિ, અને તેથી કરીનેજ અલેકઝાંડર વિતસ્તા જેવી પ્રબળ પ્રવાહિની નદીની પાર ઉતરી શકયો હતો. જેવો અલેકઝાંડર નદીની પાર ઉતરી ગયો કે તરતજ ઉભય પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધમાં બન્ને પક્ષના ઘણા સૈનિકો માર્યા ગયા. યુદ્ધભૂમિ સૈનિકોના રૂધિરથી ભીંજાઇ ગઇ." વળી કોઇ લેખક એમ જણાવે છે કેઃ—"પૌરસના પુત્રે અસંખ્ય સૈન્યસહ આવી પહોંચીને અલેકઝાંડરને નદીની પાર ઉતરતી વખતે ઘણો દુઃખી કર્યો હતો. પૌરસના પુત્રે પોતાના સૈન્યની આગળ આવીને અલેકઝાંડરને તથા તેના અતિપ્રિય સુચતુર અશ્વ બુકેફેલ્સને ઘાયલ કર્યો હતો. આથી કરીને મેસિડોનિયન સૈનિકો ઘણા ગભરાઇ ગયા હતા." તુરમય નામક ઐતિહાસિકનું

કહેવું એવું છે કે:–"ગુપ્ત દૂત મારફત જ્યારે અલેકઝાંડરના નદીની પાર ઉતરવાના વર્તમાન પૌરસના જાણવામાં આવ્યા ત્યારે પૌરસે પોતાના પુત્રની સરદારી નીચે ૧૨૦ રથ અને બે હજાર સૈનિકો અલેકઝાંડર ઉપર હુમલો કરવાને મોકલ્યા હતા; પરંતુ તેઓ આવી પહોંચે તે પૂર્વેજ અલેકઝાંડર નદીની પાર ઉતરી ગયો હતો. અલેકઝાંડરે પૌરસના સૈન્યને આવતું જોયું ત્યારે તેને એવોજ વિચાર થઈ આવ્યો કે, પૌરસ જાતે તેના સૈન્યસહ પોતાની વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરવાને આવે છે. અલેકઝાંડરે વિશેષ સમય નહિ ગુમાવતાં પોતાના સૈનિકોને યોગ્ય વચનોથી ઉત્તેજિત કરીને યુદ્ધમાં ઉતરવાની રજા આપી. ઉભય પક્ષ વચ્ચે ભીષણ યુદ્ધ થયું. યુદ્ધની આગલી રાત્રિએ પુષ્કળ વૃષ્ટિ થયેલી હોવાથી જમીન ઘણા કાદવ–કીચ્ચડથી ભરાઇ ગઇ હતી, અને તેને પરિણામે પૌરસનો પુત્ર પોતાની સાથે જે રથો લાવ્યો હતો તેનો કાંઇ ઉપયોગ યુદ્ધ–પ્રસંગે થઇ શક્યો નહિ. સઘળા રથો નિરૂપયોગી થઇ પડવાથી શત્રુસૈન્ય વિશેષ પ્રબળ બની ગયું. પૌરસના પુત્રે પોતાના સમસ્ત સૈન્યને મોખરે રહી યુદ્ધ કરીને, મેસિડોનિયનોને ભારતીય વીરત્વનો ઉત્તમ પરિચય કરાવ્યો. અંતે તે શત્રુઓને હાથે સખ્ત ઘાયલ થતાં દેવલોકમાં ચાલ્યો ગયો. આ યુદ્ધ–પ્રસંગે ચારસો ભારતીય વીર સૈનિકો સ્વદેશની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવાને માટે આ લોકની માયાને છિન્ન–ભિન્ન કરી, મનુષ્ય જીવનનું સર્વોત્તમ કર્ત્તવ્ય બજાવી, દેવલોકમાં વિદાય થયા." ધન્ય છે વીર પુરૂષો તમારા જીવનને! ધન્ય છે તમારી દેશભક્તિને! અને ધન્ય છે તમારા જેવા કર્ત્તવ્યપરાયણ પુરૂષોને પયદા કરનારી પવિત્ર ભારતભૂમિને !!

પૌરસે પ્રથમ એવી કલ્પના કરી હતી કે, અભીસારનો અધીશ્વર પોતાને સહાયતા કરવાને માટે આવે છે, અને તેથીજ તેણે પોતાના પુત્રની સાથે યુદ્ધમાં વિશેષ સૈન્ય મોકલ્યું નહોતું; પરંતુ જ્યારે

તેને એમ માલૂમ પડયું કે, એ ભયંકર યુદ્ધમાં રાજકુમાર શત્રુઓને અપૂર્વ શૌર્યનું દર્શન કરાવી દેવલોકમાં જઇ પહોંચ્યો છે ત્યારે તેનો ભ્રમ દૂર થયો. તેને પુત્રના મૃત્યુનો શોક નહિ થતાં અલેકઝાંડર વિરૂદ્ધ યુદ્ધ કરવાને તે વિશેષ ઉત્તેજિત બની ગયો. વીરશિરોમણિ પૌરસે શત્રુઓ એકાએક નદીની પાર ઉતરી ગયા તેથી વિચલિત નહિ થતાં પોતાના સમસ્ત સૈન્ય તેમજ હાથીઓને સાથે લઇને શત્રુઓની સાથે યુદ્ધમાં ઉતરવા માટે પ્રયાણ કર્યું.

પૌરસ જ્યારે અલેકઝાંડરની લગભગ પાસે આવી પહોંચ્યો ત્યારે તેણે એક સુયોગ્યસ્થાને પોતાના સૈન્યની બુદ્ધિપૂર્વક બ્યૂહરચના કરી. તેણે પોતાના સૈન્યની આગળના ભાગમાં બસો હાથીઓને રાખ્યા, હાથીઓની બન્ને બાજુએ ત્રણસો રથો અને ચાર હજાર ઘોડેસ્વારો રાખવામાં આવ્યા તથા એ સર્વની પાછળ ત્રીસ હજાર પાયદળ સૈન્યને સુવ્યવસ્થિત ગોઠવવામાં આવ્યું. હાથીઓના રક્ષણમાં ઉભા રહેલા આ સૈનિકો વિજય મેળવવાની દૃઢ પ્રતિજ્ઞા કરીને ઉભા હોય એવા જણાવા લાગ્યા. પૌરસના સૈન્યમાંના રથો પણ કાંઈ સાધારણ નહોતા. એ ચક્રરથો આગળ ગમે એવા વીરવરો પણ પરાજય પામતા હોવાથી મેસિડોનિયન સૈનિકો વ્યાકુળ બની જાય એમાં આશ્ચર્ય જેવું નથી. એ રથને ચલાવનારા છ સારથિઓ રથને શત્રુસૈન્યમાં લઇ જતા તે સમયે એનો પ્રબળ વેગ તેમજ આઘાત સહન કરવાનું ઘણું અડચણકર્ત્તા થઇ પડતું હતું. રથના છ સારથિઓ પૈકી બે પુરૂષો શત્રુ સૈન્યમાં તીરોનો વરસાદ વરસાવતા હતા. બીજા બે ઢાલદારા એ બન્ને ધનુર્ધારીઓનું શત્રુપક્ષના હુમલાથી રક્ષણ કરતા હતા, તથા બાકીના બે સારથિનું કામ કરતા હતા. જ્યારે રથ શત્રુસૈન્યમાં લઇ જવામાં આવતો હતો ત્યારે તેના ઘોડાઓને ચલાવવાની જરૂર રહેતી નહિ. એ સમયે ઉભય સારથિઓ તીવ્ર ભાલાઓથી શત્રુઓના

શરીરને છિન્ન–ભિન્ન કરી નાખતા હતા. વિદેશી ગ્રંથકારો જણાવે છે કે, પૌરસના સૈન્યની આગળ હરકયુલિસની આકૃતિવાળી પતાકા હવામાં ફરકતી હતી. ભીષણ યુદ્ધ–પ્રસંગે પણ એ પતાકાનો ત્યાગ કરવામાં આવતો નહિ. પતાકાને હાથમાં રાખનાર એક મનુષ્ય સ્વધામ પહોંચી જતો તો અન્ય સૈનિક વિનાવિલંબે એ કાર્ય ઉઠાવી લેતો હતો; આ પ્રમાણે ભારતીય વીરો જીવનની પરવાહ કર્યા સિવાય એ પતાકાનું રક્ષણ કરતા હતા. મહાબળવાન પૌરસ, એક હાથી ઉપર આરોહણ કરીને સર્વથી ઉંચા આસને બિરાજેલો નજરે પડતો હતો. મેસિડોનિયનો આ સર્વ પ્રકારથી ઘણો ભય તેમજ આશ્ચર્ય પામ્યા હતા. અલેકઝાંડરે દૂરથી પૌરસ તથા તેના સૈન્યનું અવલોકન કરીને પોતાના સહચરોને કહ્યું કેઃ—"આટલા દિવસો પછી હવેજ મારા સાહસને યોગ્ય થઇ પડે એવો ભીષણ પ્રસંગ મને પ્રાપ્ત થયો છે. હવે આ યુદ્ધમાંજ હું મારા વીરત્વની પરીક્ષા કરી શકવાનો છું." આમ કહી તેણે કૈનસની તરફ નજર કરીને કહ્યુંઃ—"જ્યારે હું તુરમય, પાર્દિકા તથા હિફ્રિસ્ટયનની સાથે શત્રુના ડાબા હાથ ઉપર હુમલો કરૂં, જ્યારે મને તમે ભીષણ રણસંગ્રામમાં પ્રવૃત્ત થયેલો જુઓ ત્યારે તમે તમારી સાથેના સૈન્યસહ શત્રુપક્ષના જમણા હાથના સૈન્ય ઉપર હુમલો કરીને તેને વ્યાકુળ બનાવી દેજો." ત્યાર પછી અલેકઝાંડરે, એન્ટિજિનસ, લિઓનેટન્સ તથા તુરમય તરફ ફરીને કહ્યું કેઃ—"તમે સર્વે શત્રુઓના મધ્યભાગ ઉપર હુમલો કરીને શત્રુસૈન્યને ગભરાવી દેજો, આપણા લાંબા ભાલાઓ શત્રુ સૈન્યમાંના બલિષ્ઠ હાથીઓનો તથા તેમના ચાલકોનો નાશ કરવાને માટે ઘણા ઉપયોગી થઇ પડશે. તમે સર્વ તમારા ભાલાઓના આઘાતથી, સર્વ હાથીઓનો અને તેના ઉપર ચઢી બેઠેલા શત્રુઓનો સંહાર કરો, એટલે શત્રુસૈન્ય ગભરાઇ ગયા સિવાય રહેશે નહિ."

આવો હુકમ આપીને અલેકઝાંડર પોતાના હાથ નીચેના સૈન્ય-સહ શત્રુઓની તરફ ચાલી નીકળ્યો; અને જોતજોતામાં પૌરસના સૈન્યસમીપ જઈ પહોંચી યુદ્ધનો આરંભ કર્યો. અલેકઝાંડરને ભીષણ યુદ્ધમાં પ્રવૃત્ત થયેલો જોઈને કૈનસે વિલંબ નહિ કરતાં પૌરસના ડાબી બાજુના સૈન્ય ઉપર હુમલો કર્યો, તથા પાયદળ સૈન્યે પૌરસના સૈન્યના મધ્ય ભાગ ઉપર હુમલો કર્યો. આવા હુમલાઓથી પૌરસનું સકળ સૈન્ય વિભિન્ન થઇ ગયું. આ સુયોગનો લાભ અલેકઝાંડરના સૈનિકોએ લીધો. તેઓ પૌરસના સૈન્યમાં ભરાઇ ગયા, અને પ્રચંડ પરાક્રમથી યુદ્ધ કરવા લાગ્યા.

પૌરસના સૈન્યમાં જે વ્યાકુળતા માલૂમ પડી આવી તે મરણના ભયની કે ભીરૂતાની નહોતી. ગ્રીક ગ્રંથકારો જણાવે છે કે, પૌરસના સઘળા હાથીઓ ઉપર અલેકઝાંડરના ઘોડેસ્વારોએ હુમલો કર્યો તે પ્રસંગે ધનુર્ધારીઓ ત્વરાથી તીરો ન છોડી શકવાથી ભારતીય સૈન્યમાં વ્યાકુળતા પેઠી હતી. ભારતીય ધનુર્ધારીઓ ભૂમિ ઉપર ધનુષ્ય રાખીને, લક્ષ્ય તાકી, તીર છોડતા હતા; પરંતુ દુર્ભાગ્યને લીધે આગલી રાત્રે સતત વૃષ્ટિ થઇને સઘળી ભૂમિ ભીંજાઈ ગયેલી હોવાથી ભૂમિ ઉપર ધનુષ્યને બરાબર ગોઠવી શકાતું નહિ.

મહાવીર પૌરસ પોતાના સૈન્યને વ્યાકુળ થયેલું જોઇને વિશેષ વીરત્વપૂર્વક યુદ્ધ કરવા લાગ્યો. યુદ્ધભૂમિએ પ્રથમના કરતાં પણ વિશેષ ભયંકર દેખાવ ધારણ કર્યો. ભારતીય સૈન્યમાંના હાથીઓએ પણ આ સમયે પોતાનું કર્ત્તવ્ય ઉત્તમ પ્રકારે બજાવ્યું. તેઓ શત્રુ-પક્ષીય સૈનિકોને પોતાના પગતળે છુંદી નાખવા લાગ્યા, પૃથ્વી ઉપ-રથી આકાશમાં ઉડાવી પાછા જમીન ઉપર પછાડવા લાગ્યા. આ પ્રકા-રથી પોરસનું સમસ્ત સૈન્ય વ્યાકુળતાનો ત્યાગ કરી વિશેષ ઉત્તેજિત બની જઇને યુદ્ધ કરવા લાગ્યું. પરિણામ એ આવ્યું કે, અલેકઝાંડરનું

સૈન્ય ભારતીય સૈન્યની સ્હામે ટક્કર ઝીલી શકયું નહિ. પ્રત્યેક સૈનિકે યુદ્ધભૂમિમાંથી પલાયન કરી જવાનો વિચાર કર્યો; પરંતુ નદીની પાર ઉતરી નાસી છુટવાનું કામ પણ બહુ કઠિન હોવાથી ઘણા નિરાશ બની જઇને કેવીરીતે આત્મરક્ષણ કરવું તેનો વિચાર કરવા લાગ્યા. તેઓ આવો વિચાર કરતા હતા એવામાંજ તેમણે પૌરસના સૈન્યને દુર્બળ બની જતું જોયું. પૌરસના સૈનિકો બરાબર વ્યૂહરચનામાં રહીને યુદ્ધ કરતા નહોતા. તેઓ પોતાની ઇચ્છામાં આવે એ તરફ જઇ વિદેશી શત્રુઓ ઉપર ટૂટી પડતા હતા. આવા પ્રકારની વિભિન્નતા થઈ જવાથી તેઓ વિશેષ સમય સુધી શત્રુઓને હંફાવી શકયા નહિ. તેઓ જૂદા પડી જવાથી તેમને પૌરસની આજ્ઞા પણ પહોંચી શકતી નહિ. આથી કરીને તેઓ શત્રુઓ ઉપર વિજય મેળવવાને સમર્થ થઇ શકયા નહિ.

સમસ્ત સૈન્યની મદદ નહિ મળવા છતાં મહાબાહુ પૌરસે પોતાને યોગ્ય તેમજ શોભાસ્પદ થઈ પડે એવા સાહસથી શત્રુસૈન્ય ઉપર હુમલો કર્યો. મેસિડોનિયનો પાછા હઠેલા હોવા છતાં પણ તેઓ પોતાના પૂર્વેના વિજયગૌરવને યાદ કરીને, મૃત્યુની વાત ભૂલી જઇ, ભારતીય વીર પૌરસ ઉપર વિજય મેળવવાને માટે તેની ઉપર ટૂટી પડ્યા. પ્રચંડ દેખાવવાળા હાથીઓના પરાક્રમ આગળ અલેકઝાંડરના ઘોડેસ્વારો આગળ વધી શકયા નહિ. સર્વ ઘોડાઓ હાથીઓના પ્રચંડ અંગને જોઇ જોઇને ચમકવા લાગ્યા. હાથીઓ જ્યારે અલેકઝાંડરના સૈનિકોને ઘોડા ઉપરથી આકાશમાં ઉડાવી નીચે પછાડવા લાગ્યા, ત્યારે તેના સૈન્યમાં કોઇ પણ એવો પુરૂષ નહોતો કે જેનું હૃદય આ હૃદયભેદક દેખાવ જોઇને ગભરાયા સિવાય રહ્યું હોય. અલેકઝાંડર જ્યારે પોતાના સૈનિકોની શોચનીય સ્થિતિનું દર્શન કરી શક્યો, ત્યારે તેણે પોતાના સર્વ સૈનિકોને પૌરસની ઉપર તીરોનો વરસાદ વરસાવવાની

અને ભાલાદારોને પૌરસના હાથી ઉપર ભાલાઓ ચલાવવાની આજ્ઞા કરી આવી રીતે અલેકઝાંડરના સઘળા સૈનિકોએ પૌરસના ઉપરજ મારે ચલાવ્યો, પરંતુ પૌરસે દૃઢતાથી પોતાનું રક્ષણ કર્યું. તેના સાથીદારે એક પછી એક ભૂમિવશ થવા લાગ્યા. મેસિડોનિયનોએ અલેકઝાંડરન ઉત્તેજિત વચનોથી મરણીયા થઇને મારો ચલાવ્યો. તેઓએ પ્રબળ શત્રુની સામે પ્રચંડ સ્વરૂપ ધારણ કરીને યુદ્ધ કરવા માંડયું. ઘણુ ખરા હાથીઓ શત્રુઓનાં હથિઆરોનો ભોગ થઇને ભૂમિ ઉપર પડ્યા જે હાથીઓ બચી ગયા તેઓ પોતાના સૈન્યમાંજ ઘુમીને મોટો અનર્થ કરવા લાગ્યા. આથી પૌરસનું સૈન્ય આકુળ—વ્યાકુળ બની ગયું. મેસિડોનિયનોએ શત્રુઓને વ્યાકુળ બની ગયેલા જોઇને વિશેષ ઉત્સાહથી હુમલાઓ કરવા માંડયા. પૌરસે પોતાના સૈન્યને સુવ્યવસ્થિત કરવાને ઘણો યત્ન કર્યો; પરંતુ તેનો યત્ન નિષ્ફળ થયો. પોતાને અને આઘાતો થયા છતાં પણ જે અપૂર્વ સાહસપૂર્વક યુદ્ધ તેણે કર્યું હતું એ હકીકત જો વિદેશી ગ્રંથકારોએ નિવેદન કરી ન હોત તો આ દેશના પતિત ભારતવાસીઓ પૌરસના અદ્વિતીય વીરત્વ ઉપર વિશ્વાસ રાખત કે કેમ? એ શંકાયુક્ત છે. ગ્રીક યોદ્ધાઓએ મુક્તકંઠે ભારતીય યોદ્ધાઓના વીરત્વની પ્રશંસા કરી છે. અલેકઝાંડરે સત્યજ કહ્યું હતું કે:—“ ભારતવર્ષમાંજ તેણે તેના સાહસને યોગ્ય થઇ પડે એવા દુશ્મનોની સામે ટક્કર ઝીલી હતી. ”

જે હાથીઓને શત્રુ પક્ષનો નાશ કરવાને માટે સૈન્યમાં રાખવામાં આવ્યા હતા, તેજ હાથીઓ દુર્ભાગ્યે પોતાનાજ નાશના કારણરૂપ થઇ પડયા. જે પુણ્યભૂમિની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવાને માટે ભારતીય વીરો પોતાના રૂધિરનું અત્યાર સુધી બળિદાન આપતા હતા, તેઓ નિરૂપાયે વિદેશી શત્રુઓની ક્રૂરતાના ભોગમાંથી બચી જવાને માટે પલાયન કરી જવા લાગ્યા. પોતાના સૈન્યની આવી પરિ

સ્થિતિ જોવામાં આવ્યા છતાં, તથા હાથીઓનો ઉપદ્રવ નજરે પડયા છતાં, પૌરસ નિડરતાથી યુદ્ધ કરતો હતો, પૌરસના વીરત્વથી મેસિડોનિયનો આશ્ચર્યચકિત થઇ ગયા હતા, તથા પૌરસનું સૈન્ય પલાયન કરી જતું હોવા છતાં, તેઓ પૌરસની વિરૂદ્ધ યુદ્ધ કરતાં ગભરાવા લાગ્યા. જ્યારે શરીરમાં થયેલા આઘાતોને પરિણામે પૌરસના શરીરમાંથી ઘણું રૂધિર વહી ગયું, અને તે કાંઇક અંશે બેભાન બની ગયો ત્યારેજ તેના હાથીનો મહાવત પોતાના વીર અધીશ્વરના જીવનનું રક્ષણ કરવાના હેતુથી યુદ્ધભૂમિનો પરિત્યાગ કરી ચાલી નીકળ્યો. અલેકઝાંડર પૌરસને પકડવાને માટે તેની પાછળ પડયો; પરંતુ તેનો અશ્વ ઘણો ઘાયલ થયેલો હોવાથી તેજ સમયે મરણ પામ્યો. અલેકઝાંડરે પોતાના એક માણસને પૌરસ પાસે મોકલી કહેવડાવ્યું કે, હવે નિષ્પ્રયોજન કોઇનું લોહી રેડાવ્યા સિવાય તેણે આધીન થવું. પરંતુ પૌરસે અલેકઝાંડરનું કહેવું કબૂલ કર્યું નહિ. ગ્રીક ગ્રંથકારો એમ જણાવે છે કે, અલેકઝાંડરે પૌરસને ઉપરનો સંદેશો પહોંચાડવા માટે જે માણસને મોકલ્યો હતો, તે માણસ તક્ષશીલાના રાજા આંતિનો ભાઇ હતો, અને પૌરસ તેને સારી રીતે પિછાનતો હતો. જ્યારે આંતિના ભાઇએ પૌરસ પાસે જઇને તેને અલેકઝાંડરનો સંદેશો કહી સંભળાવ્યો ત્યારે પૌરસે આંતિના ભાઇને ઓળખી લીધો. તેણે કહ્યું:—" નીચ ! સ્વદેશદ્રોહી ! તું શું મ્હોડું લઇને મને આવો સંદેશો કહેવા આવ્યો છે ! કુલાંગાર લે, તારા પાપનું પ્રાયશ્ચિત્ત હું તને આપું છું ! " આમ કહીને પૌરસે પોતાની પાસેનું એક નગ્ન હથિયાર આંતિના ભાઈ તરફ ફેંકયું: પરંતુ વખત વિચારી જઇ આંતિનો ભાઇ દૂર ખસી ગયો, નહિ તો કયારનોય તે આ મૃત્યુલોકનો ત્યાગ કરી પોતાનાં પાપોનો ન્યાય મેળવવા યમરાજનાં દરબારમાં જઇ પહોંચત, તે તરતજ એ સ્થળેથી ચાલ્યો ગયો.

પૌરસને હવે જણાયું કે પોતાનો હાથી બહુજ નિર્બળ બની ગયો છે, અને તેથી પોતાનાથી કોઇ નિર્ભયસ્થાને પહોંચી શકાય તેમ નથી, ત્યારે તેણે સ્હામે મ્હોડે યુદ્ધ કરી પ્રાણ ત્યાગવાનો નિશ્ચય કર્યો. એક ઉર્દુ કવિએ સત્યજ કહ્યું છે કેઃ—

જઇફીમેં જવાનીસે જ્યાદા જોશ આતા હય;
ધડકતા હય, ચિરાગે સુબ્હ, જબ ખામોશ હોતા હય.

આવી રીતે પૌરસને પણ પોતાના અંતકાળ સમયે વિશેષ બળ આવી ચઢયું. તેણે બાકી રહેલા સૈન્યસહ ફરીથી યુદ્ધમાં ઉતરવાની તૈયારી કરવા માંડી. સર્વ વ્યવસ્થા થઇ ગયા પછી ફરીથી તે યુદ્ધભૂમિમાં જઇ ચઢયો. પુનઃ ઉભયપક્ષ વચ્ચે તુમુલ યુદ્ધનો આરંભ થયો. આ યુદ્ધ પ્રસંગે અલેકઝાંડરે પણ પોતાના સૈનિકોની આગળ આવીને પોતાનાં અસ્ત્ર—શસ્ત્રોનો પ્રચંડતાથી ઉપયોગ કરવા માંડયો. યુદ્ધનો અંત જેમ જેમ પાસે આવતો ગયો તેમ તેમ ઉભય પક્ષનાં સૈન્ય વિશેષ વીરત્વ દર્શાવવા લાગ્યાં. આ યુદ્ધને અંતે પૌરસને એટલા બધા ઘા થયા કે તે પોતાના હાથી ઉપર બેસી શક્યો નહિ. મહાવતે પોતાના અધીશ્વરને હાથી ઉપર બેસાડવાને માટે હાથીને નીચે બેસાડયો. આવી રીતે જ્યારે પૌરસનો મુખ્ય હાથી નીચે બેઠો, એટલે બીજા બધા હાથીઓ પણ રાજાના હાથીને અનુસરીને નીચે બેઠા. પરિણામ એ આવ્યું કે, મેસિડોનિયનોએ આવા સુયોગને વ્યર્થ જવા દીધો નહિ. પૌરસને અનેક ઘા થયા હતા અને તેનું સર્વાંગ લોહીના વહેવાથી શક્તિહીન બની ગયું હતું. તે જોતજોતામાં તો અચેતન થઇને ભૂમિ ઉપર ઢળી પડયો. આ પ્રસંગે તેના હાથીએ પોતાના સ્વામીને અચેતન અવસ્થામાં જોઇને સ્વામીના શરીરમાં જે અસ્ત્રો પ્રવેશી રહેલાં હતાં તે પોતાની સુંઢથી બહાર ખેંચી કાઢવા માંડયાં. આ સમયે શત્રુઓ પૌરસને મૃત્યુ પામેલો ધારીને, તેના શરીર ઉપરનું બખ્તર

અને ધનરત્ન વગેરે લૂંટી લેવાને આગળ વધ્યા. શત્રુઓને સ્વામીના ઉપર હુમલો કરવાને આવતા જોઇને રાજહાથીએ પોતાના સ્વામીના શરીર ઉપર પોતાની સુંઢનું છત્ર કર્યું. આથી કરીને મેસિડોનિયનોએ પૌરસના સ્વામિભક્ત હાથી ઉપર તીરો છોડવા માંડયાં. પરિણામે અંતે એ સ્વામિભક્ત હાથીએ પોતાના માલિકના જાનનું સંરક્ષણ કરતાં કરતાં દેવલોકમાં પ્રયાણ કર્યું. રાજદ્રોહી થનાર નીચ પુરૂષોને માટે આ હાથીની સ્વદેશભક્તિનું, તેમજ સ્વામિનિષ્ઠાનું ઉદાહરણ કાંઇ સાધારણ નથી.

રાજહાથી માર્યો જતાંજ અલેકઝાંડર પૌરસના અચેતન શરીરને હસ્તગત કરી શકયો. પૌરસને હસ્તગત કર્યા પછી અલેકઝાંડર તેના વીરત્વ–ગૌરવથી વિભૂષિત થયેલા મુખમંડળને નિહાળી ઘણો મુગ્ધ થયો. પૌરસ જ્યારે કાંઇક સાનમાં આવ્યો ત્યારે અલેકઝાંડરે તેને પૂછયું:–“તમે મારા તરફથી કેવા વ્યવહારની આશા રાખો છો?” તેજસ્વી વીર પુરૂષ પૌરસે સ્વાભિમાનથી કહ્યું:–“અલેકઝાંડર! રાજાને યોગ્ય વ્યવહારનીજ હું પ્રત્યાશા રાખું છું.” આ ઉત્તરથી અલેકઝાંડરે અતિ પ્રસન્ન થઇને કહ્યું:–“હું તમારી સાથે હવે એવાજ પ્રકારનો વ્યવહાર ચલાવીશ; પરંતુ એ સિવાય તમારી બીજી કાંઇ ઇચ્છા છે?” પૌરસે પ્રત્યુત્તર આપ્યો કે:–“મારા ઉત્તરમાં સર્વ હકીકત આવી ગઇ છે.” અલેકઝાંડર પૌરસની આવી શોચનીય સ્થિતિમાં તેનું વીરત્વ તથા હૃદયની દૃઢતા જોઇને ઘણું આશ્ચર્ય પામ્યો; તથા તેણે પૌરસને પોતાના એક બંધુ તરીકે સ્વીકારીને પોતાના મહત્વનો અને બુદ્ધિમત્તાનો પરિચય કરાવ્યો.

ઇ. સ. ૩૨૬ પૂર્વે આશ્વિન માસના અંતકાળ સમયે પૌરસની સાથે અલેકઝાંડરનું આ ભયંકર યુદ્ધ થયું હતું. ડયુડોર્સ જણાવે છે કે:–“આ ભયંકર સંગ્રામમાં પૌરસના સૈન્ય પૈકી ૧૨ હજાર ભારત-

સીઓ માર્યા ગયા હતા અને ૯ હજાર કેદ પકડાયા હતા; ત્યારે
લેકઝાંડરના સૈન્ય પૈકી ૨૮૦ ઘોડેસ્વારો અને ૬૦૦ સૈનિકો
ાયા હતા. વળી એક ગ્રંથકાર એમ જણાવે છે કેઃ—" પૌરસના
ાના ૨૦ હજાર સૈનિકો તથા ૩ હજાર ઘોડેસ્વારો માર્યા ગયા
ા, ત્યારે અલેકઝાંડરના પક્ષના માત્ર ૨૦૦ જ સૈનિકો અને ૩૦
ડેસ્વારો માર્યા ગયા હતા." જો કે આ બન્ને ઐતિહાસિકો પૈકી
ક પણ ઐતિહાસિકના મત ઉપર વિશ્વાસ રાખી શકાતો નથી,
ાપિ અદ્યાપિ પર્યંત કોઇએ એ સંખ્યા સંબંધી સંશય દર્શાવ્યો
ી. પ્લુટાર્ક જણાવે છે કે બરાબર આઠ કલાક સુધી આ યુદ્ધ
લ્યું હતું.

અલેકઝાંડરે પોતાના આ અસાધારણ વિજયને સ્મરણીય કર-
ને માટે એ સ્થળે બે નગરો નિર્માણ કર્યાં. આ બન્ને નગરો પૈકી
ક નગરનું નામ નિકાઇયા (Nikaia) તથા બીજા નગરનું નામ
ાના ઘોડાના નામનુંજ એટલે કે બુકેફેલિયા રાખ્યું.

મહાબાહુ પૌરસે કયા વંશને ઉજ્વળ કર્યો હતો તેનો હમણાં
શ્ચય કરી શકાય તેમ નથી. ભારતવર્ષમાં પ્રાચીન સમયે બ્રાહ્મણ
પતિઓ પણ રાજ્યકારભાર ચલાવતા હતા; એવો ઘણા પ્રાચીન ગ્રં-
માં ઉલ્લેખ જોવામાં આવે છે. મુખ્યત્વે અત્યાચારમાંથી સ્વદેશનું
ણ કરવાને માટે વાત્સ ગોત્રના બ્રાહ્મણોએ જેવા બાહુબળનો પરિ-
ૈ કરાવ્યો હતો, તેવો પરિચય એ સમયે ક્ષત્રિયોએ કરાવ્યાનાં ઉદા-
ણો ભાગ્યેજ જણાય છે. એક સમયે કાબુલ વગેરે રાજ્યો પણ
હ્મણ રાજાઓની સત્તા નીચે સુવ્યવસ્થિત ચાલતાં હતાં–હમણાં પણ
રતવર્ષમાં ક્ષત્રિયધર્માનુયાયી બ્રાહ્મણોનો અભાવ નથી; અને કોઇનું કહેવું
મ છે કે, મહાબાહુ પૌરસ મુજહાલ બ્રાહ્મણ હતો. કોઇનું એમ
વું છે કે તે ભરદ્વાજ ગોત્રનો હતો. પૌરસે ગમે એ વર્ણ તેમજ

ગોત્રને ઉજ્વળ કર્યાં હોય તો પણ તેણે સમસ્ત ભારતભૂમિને ઉજ્વળ કરી છે એ નિઃસંશય છે. પૌરસના પવિત્ર કાર્યની પ્રશંસા કરવાનો તેમજ તેને લીધે પોતાના દેશના પૂર્વ સમયના ગૌરવની કીર્તિ કથન કરવાનો પ્રત્યેક ભારતવાસીને સમાન અધિકાર છે. એ વીરવરની કીર્તિકથા સુયોગ્ય પાઠકો સમક્ષ નિવેદન કરવા બદલ અમને પણ અતિ આનંદ થાય છે.

આ મહાયુદ્ધમાં જે જે ગ્રીકો માર્યા ગયા હતા તેમને મહાવીર અલેકઝાંડરે સમાધિસ્થ કર્યા હતા. અલેકઝાંડરે પૌરસ જેવા વીરવરના ઉપર વિજય મેળવીને, એ સ્થાને ઘણા દિવસ સુધી યજ્ઞાદિનાં અનુષ્ઠાન કર્યાં હતાં, તથા અનેક દિવસો સુધી ઉત્સવ ઉજવ્યો હતો.

પરિચ્છેદ ૧૦ મો.

દુઃખના દાવાનળમાં સાહસથી આત્મસમર્પણ કરનાર અલેકઝાંડર, પોતાની જન્મભૂમિમાંથી સેંકડો ગાઉ દૂર આવીને, અનેક વિષમ સંકટોની વિરૂદ્ધ ઝઝુમીને, પ્રચંડ વીર્યથી શત્રુઓનો પરાજય કરી વિજયી થયો. જે પુરૂષ નીતિ, ઉત્સાહ, દઢતા, સાહાસિકતા વગેરે ગુણોનો ઉપયોગ કરીને કાર્યક્ષેત્રમાં આગળ વધે છે તે વિજયી થાય છે; એટલુંજ નહિ પરંતુ તે પોતાના દેશના ગૌરવને પણ વૃદ્ધિંગત કરે છે.

અલેકઝાંડર ભારતવર્ષમાં આવી ચઢયો તે પૂર્વે તેને કેટલાક નીચ દેશદ્રોહી માણસોની મારફત એવી બાતમી મળી હતી કે ભારતવર્ષમાં આવેલાં કેટલાંક અરક્ષિત સ્થાનોમાં પુષ્કળ ધન રત્નાદિ સમાયલાં છે; એ સ્થળોએ જવાથી પોતાને પુષ્કળ દ્રવ્યની પ્રાપ્તિ થશે એવું અલેકઝાંડરે પોતાના સૈનિકોને સમજાવીને તેમને ઉત્સાહિત

કર્યા હતા. પરંતુ જ્યારે અલેકઝાંડર પોતાના સૈન્યસહ ભારતવર્ષમાં આવી ચઢ્યો ત્યારે ભારતવર્ષની પરિસ્થિતિ તેની નજરે પડતાંજ તેનો દ્રવ્યમોહ દૂર થયો. અત્યાર સુધીમાં તેણે જે યુદ્ધો કર્યાં હતાં તે સર્વ યુદ્ધો તેને ભારતીય યુદ્ધો આગળ બાળકોની રમતના જેવાં જણાયાં. પૂર્વેના યુદ્ધોમાં વિજય પ્રાપ્ત થવાથી તેનું અભિમાન વધી ગયું હતું. ભારતીય ભયંકર યુદ્ધમાં પણ વિજય મળતાં હવે તેના મનમાં વિશ્વવિજેતા તરીકે વિશ્વના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ થવાની લાલસા ઉત્પન્ન થઇ, પૂર્વેનાં યુદ્ધોમાં પ્રાપ્ત કરેલી કીર્તિને કાયમ રાખવા માટે ઘણાજ સાહસથી તથા કેવી રીતે પોતાના પ્રાણનું રક્ષણ કરી, સ્વદેશમાં નિર્ભયતાથી સિધાવી જવું એ વિચારથી તેને યુદ્ધમાં ઉતરવું પડ્યું હતું.

ચતુર સેનાપતિઓ સર્વ સમયે પોતાના સૈનિકોને સત્ય હકીકત જણાવતા નથી, કેમકે તેથી કદાચ સૈનિકો ભયથી કર્ત્તવ્યવિમુખ થાય, કે તેમના મનમાં દ્વેષ ઉત્પન્ન થાય, એવી શંકા રહે છે. જેથી સૈનિકો ઉત્તેજિત થાય એવાં વચનો જેઓ તેમને કહી સંભળાવે છે. સુચતુર અલેકઝાંડરે પણ આ પ્રસંગે પોતાના સઘળા સૈનિકો અને સરદારોને એકત્ર કરીને તેમના વીરત્વની પ્રશંસા કરતાં કહ્યું કેઃ—" આપણા યુદ્ધદુઃખનો અંત હવે ત્વરાથી આવશે. જો આપણે ચાલાકીથી ભવિષ્યનાં યુદ્ધો કરીશું તો આપણો વિજય અવસ્ય થશે. હવે આપણી વિરૂદ્ધ દ્રઢતાથી યુદ્ધ કરવાની શક્તિ ભારતીય સૈનિકોમાંથી આ યુદ્ધને કારણે નાશ પામી છે. હવે આ દેશમાંનું અઢળક દ્રવ્ય પ્રાપ્ત કરવાનો આપણે યત્ન આદરવાનો છે. હમણાં આપણે જે દેશની તરફ જઇએ છીએ, તે દેશ વિશ્વપ્રસિદ્ધ ધન–રત્નોથી પરિપૂર્ણ છે. ઇરાનથી આપણને જે દ્રવ્ય મળ્યું હતું તેને પ્રથમ આપણે દુર્લભ સમજતા હતા; પરંતુ એવું દ્રવ્ય આ દેશમાંથી તો જોઇએ એટલું મળી આવે તેમ છે. હવે આપણે મણિ, મુક્તા, સુવર્ણ, હાથીદાંત ઇત્યાદિ

આપણાં ગૃહોને શોભાવી શકીશું; એટલુંજ નહિ પણ મેસિડોનિયા અને ગ્રીસની સમસ્ત ભૂમિને પણ ધન–રત્નાદિથી પરિપૂર્ણ કરી શકીશું."

અલેકઝાંડરનાં આવાં લોભી વચનોથી તેના સૈનિકોની લોભવૃત્તિ ઘણી વધી ગઈ! તેઓ અલેકઝાંડરની સાથે સર્વત્ર લૂંટફાટ કરવાને માટે કબૂલ થયા.

યુદ્ધમાં કદાચ પરાજય થાય તો માર્ગમાં હરકત નડે એવી આ-શંકાથી દૂરદર્શી અલેકઝાંડરે તક્ષશીલાના કિલ્લામાં પોતાનું કેટલુંક સૈન્ય રાખ્યું હતું, તેજ પ્રમાણે આ સ્થળે પણ તેણે ક્રિટિરસનો કિલ્લો નિર્માણ કરી તેમાં નિવાસ કરવાની આજ્ઞા કરી. અલેકઝાંડરની આજ્ઞાથી હિમાલય ઉપરથી કેટલાક ગ્રીકોએ મોટાં મોટાં લાકડાં કાપી લાવીને પછીથી તેની કેટલીક નૌકાઓ તૈયાર કરી હતી.

જે સર્વ સૈનિકો તથા સરદારોએ પૌરસ વિરૂદ્ધના યુદ્ધમાં અપૂર્વ રણપાંડિત્યનું દર્શન કરાવ્યું હતું, તેમને અલેકઝાંડરે તેમના ગુણ પ્રમાણે યોગ્ય પુરસ્કાર અર્પણ કર્યો હતો, મહાબાહુ પૌરસ જ્યારે આરોગ્યતા પ્રાપ્ત કરી શકયો ત્યારે તેને પોતાના પ્રથમ રાજ્ય ઉપરાંત પણ બીજો કેટલોક પ્રદેશ અલેકઝાંડર પાસેથી મળ્યો હતો. અભીસા-રનો અધીશ્વર પોતે જાતે અલેકઝાંડરની પાસે આવ્યો નહોતો; પરંતુ તેણે અલેકઝાંડરની તરફ કેટલીક ઉપહાર આપવાયોગ્ય વસ્તુઓ મોકલીને તેની સત્તાને શિરપર ચઢાવી હતી; પરંતુ અલેકઝાંડરે અભીસારના અધીશ્વરને પોતાની મુલાકાત લઇ જવાનું જણાવ્યું હતું, તથા જો તે પોતાની મુલાકાત લઇ નહિ જાય તો પોતાને તેની મુલાકાત લેવા તથા તેના બાહુબળની પરીક્ષા કરવા આવવું પડશે એવું તેણે કહાવ્યું હતું. આ પહાડી પ્રદેશના અધીશ્વરે યવનપતિ અલેકઝાંડરની આજ્ઞાનું પાલન કર્યું હતું કે નહિ તેનો આધાર મળતો નથી.

અલેકઝાંડર પૌરસના રાજ્યમાં એક માસ સુધી રહ્યો હતો. પૌરસની રાજ્યકારભાર ચલાવવાની ચતુરાઇ, સમૃદ્ધિપૂર્ણ પ્રજા વગેરેને જોઈ તે ઘણોજ મુગ્ધ બની ગયો હતો.

પૌરસ જો કે આ પ્રમાણે પરાજય પામ્યો; અને તેના સેંકડો રણશૂરા સૈનિકો સ્વદેશની સ્વાધીનતાનું સંરક્ષણ કરવાને માટે માર્યા ગયા; પરંતુ તેથી પૌરસના રાજ્યની આસપાસ આવેલાં રાજ્યોના રાજાઓ અલેકઝાંડરથી ભયભીત બનીને દબાઇ ગયા નહિ. તેઓ સર્વે પોતપોતાની શક્તિ પ્રમાણે સ્વદેશની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવાની તૈયારી કરવા લાગ્યા. અલેકઝાંડર ચંદ્રભાગા યાતો ચિનાબની* પાર ઉતરી જતાં પહેલાં એરિસ્ટોબોલસે દર્શાવેલી ગ્લોક—અનિકોઇ; અગર તો તુરમયે જણાવેલી ગ્લોડસાઇ§ ઉપર હુમલો કરવાને માટે પોતાના કેટલાક શૂરવીર સૈનિકોસહ આગળ વધ્યો. કેટલાક ગ્રીક ગ્રંથકારોનું કહેવું એવું છે કે, અલેકઝાંડરથી ભય પામીને ઘણાખરા પ્રદેશના રહેવાસીઓએ તેની સત્તાને શિર ઉપર ચઢાવી હતી. કોઇનું કહેવું એવું છે કે, આવી રીતે અલેકઝાંડર ૩૭ નગર જીતી શક્યો હતો. આ સર્વ નગરો પૈકી ઘણાંખરાં નગરોના રહેવાસીઓની સંખ્યા દશ હજાર કરતાં પણ વધારે હતી. કોઇ પણ નગરમાં પાંચ હજારથી

* આ નદીને ગ્રીકોએ એકિસિની, તથા સંસ્કૃતમાં ઓસિકિન તરીકે દર્શાવી છે.

§ વિતસ્તા તથા ચંદ્રભાગાની વચ્ચે આવેલા આ પ્રદેશને તે સમયે ભારતવાસીઓ કેવા નામથી ઓળખતા હતા, તે જણાયું નથી. ગ્રીક લૅટિન ગ્રંથોમાં પણ એ પ્રદેશનું કશું વર્ણન આપ્યું નથી. ઘણું કરીને તે હાલના કાશ્મીર આવેલા 'ભીમવર રાજોરી' નો પ્રદેશ હોવો જોઈએ. જેલમ સ્થાનની પાસે આવેલા 'દંતી વાસા' થી આગળ વધતાં પ્રાચીન સમયનાં અનેક ચિહ્નો નજરે પડે છે.

ઓછા રહેવાસીઓ તો હતાજ નહિ. આ સર્વ નગરો સિવાય બીજાં કેટલાંક નાનાં નાનાં ગામડાંઓ પણ અલેકઝાંડર પોતાની સત્તામાં લઇ શકયો હતો.

અલેકઝાંડર જે સમયે ભયંકર અશાંતિના કારણરૂપ થઇ પડીને ભારતવાસીઓને વ્યાકુળ કરી રહ્યો હતો તેજ સમયે અશ્વકોએ પોતાનાં વીરત્વવડે તેની આધીનતાના બંધનને છિન્ન-ભિન્ન કરી નાખીને પોતાની સ્વતંત્રતાની પુનઃ સ્થાપના કરી હતી અને તેમના આ પુરૂષાર્થ-સમયે ત્યાંના ગ્રીક સત્તાધિકારીને પોતાના જીવનની આહુતિ આપવી પડી હતી. અલેકઝાંડરે શશિગુપ્તની પાસેથી આ સમાચાર મેળવીને અશ્વકોની તરફ કેટલુંક સૈન્ય રવાના કર્યું. અલેકઝાંડરના સૈન્યે અશ્વકોના પ્રદેશમાં જઇને કેટલે અંશે શાંતિ સ્થાપન કરી હતી? એ જાણવાનાં સાધનો પ્રાપ્ત થતાં નથી. અલેકઝાંડરે એ સમયે તક્ષશીલાના અધીશ્વરને પણ તેની રાજધાની તરફ મોકલ્યો હતો. અલેકઝાંડરે તેને શામાટે મોકલ્યો હતો તે જણાયું નથી.

ત્યારપછી અલેકઝાંડરને ચંદ્રભાગા નદી સુધી પહોંચતાં સુધીમાં કાંઇ થોડું દુઃખ વેઠવું પડયું નહિ. આ બળવાન પ્રવાહવાળી નદીની પાર ઉતરતાં, વચમાંના કેટલાક સખ્ત પત્થરો સાથે અફળાઇને તેની કેટલીક નૌકાઓ ભાગી જવાથી અને ડૂબી જવાથી અનેક મનુષ્ય માર્યા ગયાં હતાં. આ નદીએ વિદેશી શત્રુને બીજી સર્વ નદીઓનાં કરતાં ઘણું દુઃખ દીધું હતું; આથી કરીનેજ ગ્રીકોએ એ નદીને 'આલેકઝાન્દ્રોફેગસ' અર્થાત્ અલેકઝાંડર-નાશિની એ નામથી ઓળખાવી છે. અલેકઝાંડર મહામહેનતે આ નદીની પાર ઉતરી શકયો હતો. તુરમય જણાવે છે કે:-" અલેકઝાંડર જે સ્થળેથી નદીની પાર ઉતર્યો હતો એ સ્થળે નદીનો વિસ્તાર લગભગ ૧૫ સ્ટેડિયા હશે."

અલેકઝાંડરે ચંદ્રભાગા નદીની પાર ઉતરી ગયા પછી એવી

આશા રાખી હતી કે એ પ્રદેશનો અધીશ્વર પૌરસ (ઉપર દર્શાવેલા પૌરસનો આત્મીય) સ્હામા આવીને પોતાની સત્તાને શિરપર ચઢાવશે; પરંતુ તેનો આ વિચાર સફળ થયો નહિ. આ પૌરસ પ્રથમ દર્શાવેલા પૌરસનો સગો થતો હતો એવો ઉલ્લેખ ગ્રીક ગ્રંથકારોએ કરેલો છે. આ પૌરસ બાહુબળથી પોતાના રાજ્યનું સંરક્ષણ કરી શક્યો નહિ, તોપણ તેણે અલેકઝાંડરનો આશ્રય સ્વીકાર્યો નહિ. વીર પુરૂષો શત્રુને શરણે જવા કરતાં મરવુંજ વધારે પસંદ કરે છે. પૌરસને વન–જંગલમાં રહીને પોતાનું રક્ષણ કરવાનું યોગ્ય લાગવાથી નગરનો ત્યાગ કરી પોતાના બંધુ–બાંધવોની સાથે જંગલમાં નિવાસ કરતો હતો. કહેવાની જરૂર રહેતી નથી કે તેની પ્રજાએ પણ તેના ઉદાહરણનુંજ અનુકરણ કર્યું હતું. અલેકઝાંડર ઉપર વિજય મેળવી શકવાને તેઓ સમર્થ નહોતા, છતાં તેમણે એ વિદેશી શત્રુને કોઇ પણ પ્રકારની સહાયતા કરી નહોતી. આક્રાંત દેશવાસીઓની આવી નીતિથી તેમના ઉપર આક્રમણ કરનારને બહુ દુઃખ વેઠવું પડે છે. પૌરસે પણ શત્રુને શિર નહિ ઝુકાવતાં આવી રીતે પોતાનું આત્મરક્ષણ કર્યું હતું. ગ્રીક ઐતિહાસિકોના ગ્રંથો ઉપરથી જણાય છે કે, અલેકઝાંડર આ પ્રદેશમાંથી આહાર–સામગ્રી નહિ મેળવી શક્યાથી તેને બીજે સ્થળેથી તે મંગાવવી પડી હતી.

ભારતવાસીઓના બાહુબળનો પરિચય આ સમય પૂર્વે અલેકઝાંડરને સારી રીતે મળી ચૂકેલો હોવાથી તેણે હવે ભારતવાસીઓનીજ સહાયતા લઇને તેમનો પરાજય કરવાનો નિશ્ચય કર્યો. તેણે પૌરસને તેની પાસેના સઘળા હાથીઓ અને સૈન્યને એકત્ર કરવાને માટે તેના રાજ્યમાં મોકલ્યો.

અલેકઝાંડર પૌરસને હસ્તગત કરવાને માટે ત્વરાથી ઐરાવતી નદીના તટ તરફ આગળ વધ્યો. ગ્રીકોએ આ ઇરાવતી નદીને હાઇ-

દ્રોતિસ નામથી ઓળખાવી છે. અલેકઝાંડરને ચંદ્રભાગા નદીને ઉતરવામાં જેવી મુશિબત નડી હતી તેવી આ નદીને ઉતરવામાં નડી નહોતી. દેશના મધ્ય ભાગમાં પ્રવેશ કરવા જતાં કદાચ પાછળના ભાગમાં વિપ્લવ ઉપસ્થિત થાય, એવી આશંકાથી સ્થાને સ્થાને થોડું-ઘણું સૈન્ય રાખીને અલેકઝાંડરે આ પ્રદેશ પોતાને આધીન થયેલા પૌરસને પ્રદાન કર્યો. અલેકઝાંડરની આ ઉદારતા કાંઇ સ્વાર્થરહિત નહોતી. એ સર્વ વિસ્તૃત પ્રદેશને તે પોતાની સત્તાથી સુરક્ષિત રાખી શકે, એ અસંભવ હતું.

અલેકઝાંડર ઐરાવતી નદીની બીજી પાર ઉતરી ગયો ખરો પરંતુ તે સંકટમાંથી મુક્તિ મેળવી શક્યો નહિ. કેટલાંક ગામોના લોકોએ પોતાની સ્થિતિ નિરાધાર હોવાથી અલેકઝાંડરની સત્તાને શિર ઉપર ચઢાવી હતી, તેમ કેટલાક નગરવાસીઓએ તેને આગળ વધતો અટકાવવાને તેની વિરૂદ્ધ યુદ્ધ પણ કર્યાં હતાં. કેટલાક લોકો પોતાનું રક્ષણ કરવાને માટે જંગલમાં જઈને રહ્યા હતા.

અલેકઝાંડર ઐરાવતી (રાવી) ની પાર ઉતરી ગયો એટલે તેણે સાંભળ્યું કે, એ પ્રદેશની યુદ્ધપ્રિય જાતિ તેની વિરૂદ્ધ યુદ્ધ કરવાની તૈયારી કરી રહી છે. આ સમાચાર મળતાંજ અલેકઝાંડરની સ્થિરતા ઉડી ગઈ. અલેકઝાંડરે પોતાની વિરૂદ્ધ યુદ્ધ કરવાને તૈયાર થતા પુરૂષોને તૈયારી કરવાનો વિશેષ વખત નહિ આપતાં તેમની ઉપર ચઢાઈ કરવાને માટે ત્વરાથી કૂચ કરવા માંડી. રાવીના તટનો ત્યાગ કરીને બીજે દિવસે અલેકઝાંડર ઓદરઈસ તાઈ અગર તો ઓરતરિઓઈ નામક જાતિની રાજધાની ‘ પિમપ્રમા ’ નામક સ્થાને જઈ પહોંચ્યો. એ સ્થાનના રહેવાસીઓએ અલેકઝાંડરની સત્તાને સ્વીકારીને આત્મરક્ષણ કર્યું હતું. આ સ્થાને એક દિવસ વિશ્રામ લઈને અલેકઝાંડર પોતાના સૈન્યસહ ‘ સાંગલા ’ તરફ ચાલી નીકળ્યો. સાંગલાનું

રક્ષણ કરવાને ખોનિયાન વીરો બીજા વીરપુરૂષોની સાથે મળી જઈને નગરની પાસે આવેલા એક ઉંચા પર્વત ઉપર સુસજ્જિત થઇને છાવણી નાખી પડયા હતા. અલેકઝાંડરે ભારતીય સૈન્યને જોઈને પોતાના સૈન્યના કેટલાક વિભાગ પાડી તે પૈકી કેટલાક વિભાગોને શત્રુઓ ઉપર ટૂટી પડવાને રવાના કર્યા. અલેકઝાંડરે એવો વિચાર કર્યો હતો કે, પોતાને અગ્રેસર થતો જોઈને શત્રુઓ પર્વત ઉપરથી નીચે ઉતરી આવીને યુદ્ધનો આરંભ કરશે; પરંતુ તેનો આ વિચાર સત્ય ઠર્યો નહિ. ભારતીય વીરો પર્વત ઉપરથી મેસિડોનિયનો ઉપર તીરોનો મારો ચલાવવા લાગ્યા. અલેકઝાંડરને એવો વિચાર થઈ આવ્યો કે, તેમના આગળ પોતાનું સૈન્ય ટક્કર ઝીલી શકશે નહિ ત્યારે તેણે પોતાના પાયદળ સૈન્યને પણ હુમલો કરવાને મોકલ્યું. ગ્રીક ગ્રંથકારો જણાવે છે કે, આ યુદ્ધમાં મેસિડોનિયનોને ઘણું દુઃખ પડયું હતું. ભારતીય વીરો એક ક્ષણનો પણ વિશ્રામ લીધા સિવાય અસ્ત્ર–શસ્ત્રો ચલવતા હતા; પરંતુ અલેકઝાંડરે પોતાના સૈનિકોને વીરત્વપૂર્ણ વચનોથી ઉત્તેજિત કર્યા એટલે તેઓ પણ પ્રચંડ પરાક્રમથી ભારતીય વીરો ઉપર ટૂટી પડયા. અલેકઝાંડરના સ્વદેશવાસી ગ્રંથકારો જણાવે છે કે, ભારતીય યોદ્ધાઓએ પર્વત ઉપરથી ઉતરી, નગરમાં પ્રવેશ કરીને નગરના દરવાજાઓ બંધ કરી દીધા. અલેકઝાંડરે નગરની આસપાસ આવેલા કિલ્લાને ચારે તરફથી ઘેરો ઘાલ્યો. આ નગરથી થોડે દૂર એક મ્હોટું તળાવ આવેલું હતું. કદાચ શત્રુઓ એ તળાવને ઓળંગીને નાસી છુટે એવી આશંકાથી અલેકઝાંડરે એ તળાવની ચારે બાજુ ગુપ્ત દૂતો રાખ્યા. નગર યા તો કિલ્લામાં ભરાઈ રહેવું અને શત્રુઓના કેદી થઈ પડવું એ સરખુંજ હોવાથી ભારતીય યોદ્ધાઓએ નગરની બહાર નીકળી પડી આત્મસંરક્ષણ કરવાનો નિશ્ચય કર્યો. આવા નિશ્ચયથી ભારતીય યોદ્ધાઓ એક દિવસે મધ્યરાત્રિને

સમયે દુર્ગમાંની કેદીના જેવી સ્થિતિમાંથી છુટીને દુર્ગની બહાર નીકળી પડયા તથા તળાવને ઓળંગી ગયા. ભારતીય યોદ્ધાઓ તળાવ ઓળંગીને પલાયન કરી ન જાય એવા હેતુથી અલેકઝાંડરે પોતાના સૈનિકોને તેમજ સરદારોને પ્રથમથીજ સાવચેત રાખ્યા હતા. ક્ષત્રિય યોદ્ધાઓ તળાવ ઓળંગીને જેવા આગળ વધ્યા કે તરતજ તેમના પલાયનની સૂચના અલેકઝાંડરના ગુપ્ત દૂતોએ સંકેતથી પોતાના સૈન્યમાં પહોંચાડી દીધી. વિનાવિલંબે બન્ને સૈન્ય વચ્ચે ભયંકર યુદ્ધનો આરંભ થયો. અંતે નગરનો ત્યાગ કરી પલાયન કરી જવામાં ફાયદો નથી એમ વિચારીને ભારતીય યોદ્ધાઓ નગરમાં પાછા ફર્યા.

રાત્રિ પસાર થઈ જતાંની સાથેજ અલેકઝાંડરે પ્રચંડ પરાક્રમથી નગર ઉપર હુમલો કર્યો. આ સમયે અલેકઝાંડરને સહાયતા કરવાને માટે પૌરસ પોતાના હાથીઓ તેમજ પાંચ હજાર સૈનિકોસહ મેસિડોનિયન સૈન્યમાં આવી મળ્યો. જેણે અત્યાર પૂર્વે અલેકઝાંડરની વિરૂદ્ધ અસ્ત્ર–શસ્ત્ર ધારણ કર્યાં હતાં, તેજ વ્યક્તિ આજે તેની પ્રસન્નતા પ્રાપ્ત કરવાને માટે સ્વદેશવાસીઓપર તીક્ષ્ણ અસ્ત્રોનો આઘાત કરવાને તૈયાર થઈ! સ્વદેશભક્તિથી પરિપૂર્ણ હૃદયમાં સ્વદેશદ્રોહે સ્થાન લીધું !

અલેકઝાંડરે કિલ્લાની નીચેનો ભાગ તોડવાનો યત્ન આરંભ્યો. અંતે એ યત્નમાં સફળ થઇને તેણે પોતાના સમસ્ત સૈન્યસહ નગરમાં પ્રવેશ કર્યો. ઉભય પક્ષવચ્ચે તુમુલ યુદ્ધ થવા લાગ્યું. આ દારૂણ યુદ્ધમાં ભારતવાસીઓએ પ્રાણની મમતાનો પરિત્યાગ કરીને સ્વાધીનતાનું રક્ષણ કરવા માટે જે વીરોચિત યુદ્ધ કર્યું હતું, અને જે અડગ ભાવપૂર્વક પોતાના પ્રાણને યુદ્ધભૂમિમાં અર્પણ કર્યો હતો તેને લીધે ઇતિહાસ તેમની કીર્તિને ચિરસ્થાયી રાખશે એ નિઃસંદેહ છે. વિદેશી લેખકોએ હિંદુ વીરોના વીરત્વની અલૌકિક હકીકતને વિસ્તા-

રથી પ્રસિદ્ધ કરી નથી, તોપણુ એ વીરોએ અલેકઝાંડરના સૈનિકોને યુદ્ધમાં ભોંયભેગા કર્યા હતા, અલેકઝાંડરના ક્રોધને સંકુચિત કર્યો હતો, એ વગેરે પ્રકારો ઉપરથી તેમની સંકટ સહન કરવાની શક્તિ, દઢતા, સ્વદેશભક્તિ વગેરે દૈવી ગુણોનું સહેલાઇથી અનુમાન કરી શકાય તેમ છે. આ થોડા સમય સુધી ચાલેલા ભયંકર યુદ્ધમાં એરિયાનના મત પ્રમાણે અલેકઝાંડરના પક્ષના એક હજાર બસો સૈનિકો માર્યા ગયા હતા! આ મૃત્યુ પામેલા સૈનિકોની સંખ્યામાં કેટલાક સરદારોનો પણુ સમાવેશ થયેલો છે. યૂરોપીય ઐતિહાસિકોનું આ સંખ્યા દર્શાવવામાં કેટલું સત્ય છે તેની કલ્પના અમે કરી શકતા નથી; પરંતુ તેઓએ પોતાના સ્વદેશવાસીઓના બાહુબળની વિશેષતા દર્શાવવાને માટે ખરી હકીકતને છુપાવી રાખી છે, એમ તો અમે ખાત્રીપૂર્વક નિવેદન કરીએ છીએ. પાઠક! આ એરિયાન નામક ઐતિહાસિકે આપણા ભારતવાસીઓ સંબંધીની હકીકત કેવા મુક્ત હાથે લખી છે તે પણુ જાણુવું જરૂરનું છે. તે જણાવે છે કે ૧૭ હજાર હિંદુઓ નિર્દયતાથી માર્યા ગયા હતા; તથા ૭૦ હજાર કેદી થયા હતા. તે સિવાય ૫૦૦ ઘોડેસ્વારો, ૩૦૦ રથો વગેરેને અલેકઝાંડર હસ્તગત કરી શક્યો હતો. કુર્ટિયસે પોતાના ગ્રંથમાં એક સ્થળે લખ્યું છે કેઃ—“ શત્રુપક્ષનાં આઠ હજાર માણસો નાશ પામ્યાં હતાં.” આ ઉભય ઐતિહાસિકો પૈકી કયા ઐતિહાસિકના અભિપ્રાય ઉપર વિશ્વાસ રાખવો એ અમે સમજી શકતા નથી; પરંતુ અમને સારી રીતે માલૂમ પડી આવે છે કે, અલેકઝાંડરના આ યુદ્ધમાં જેટલા સૈનિકો માર્યા ગયા હતા તેટલા પૂર્વેના કોઇ પણુ યુદ્ધમાં માર્યા ગયા નહોતા. આ ઉપરથી આપણે સહેલાઇથી એવો નિશ્ચય કરી શકીએ છીએ કે, ભારતીય યોદ્ધાઓ તરફથી અલેકઝાંડરને ઉત્તમ પ્રકારની શિક્ષા મળી હતી. ગ્રીક ઐતિહાસિકોએ જે ભાવથી આ યુદ્ધની વાતનું વર્ણુન કર્યું છે, તે વર્ણુન

ઉપરથી એમ માલૂમ નથી પડી આવતું કે, ઉપર્યુક્ત ભારતીય સૈન્ય કયા રાજાની સત્તા નીચે હતું.

અલેકઝાંડરે સાંગલા હસ્તગત કરીને, પોતાના એક યુમિનિસ નામક સરદારને ત્રણસો ઘોડેસ્વારો સ્વાધીન કરીને, જે ભારતવાસીઓ સાંગલાવાસીઓની સાથે મળી જઇને પોતાની વિરૂદ્ધ યુદ્ધમાં ઉતર્યા હતા; તેમને સાંગલાના પતનની હકીકત જણાવવાને માટે રવાના કર્યા. પરંતુ અલેકઝાંડરની સત્તાને શિરે ચઢાવવાને તેઓ કબૂલ થયા નહિ. અલેકઝાંડર ભારતવાસીઓના આ સંકલ્પને જ્યારે જાણી શક્યો, ત્યારે તેણે એક ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય કૂચ શરૂ કરી. અલેકઝાંડર આવે છે, એવું જાણતાંજ ભારતવાસીઓએ દૂર આવેલા એક પ્રદેશમાં જઈ પહોંચીને પોતાનું સંરક્ષણ કર્યું. જેઓ અલેકઝાંડરના હાથમાં સપડાઈ ગયા તેમનું નિર્દયતાથી મૃત્યુ નીપજ્યું. આવી રીતે મૃત્યુ પામનાર ભારતવાસીઓની સંખ્યા પાંચસોથી ઓછી નહોતી. અલેકઝાંડરને જ્યારે એમ લાગ્યું કે, આવી રીતે પૂંઠ પકડવાથી સારૂં પરિણામ આવવાનું નથી ત્યારે તે તરતજ સાંગલા તરફથી પાછો ફર્યો.

અલેકઝાંડર જ્યારે ભારતવાસીઓને વિશેષ હરકત પહોંચાડી શક્યો નહિ ત્યારે તેનો ક્રોધ નિર્જન સાંગલા ઉપર ઉતર્યો. સાંગલાના રહેવાસીઓએ મેસિડોનિયનોને ઘણા દુઃખી કરેલા હોવાથી અલેકઝાંડરે સાંગલાના દરેક ઘરનો નાશ કર્યો, તથા તેની હયાતિનું એક પણ ચિહ્ન તેણે રહેવા દીધું નહિ, એક ભારતીય સ્વદેશદ્રોહી પુરૂષ, કે જેણે સ્વેચ્છાથી પોતાનું શિર અલેકઝાંડરના ચરણોમાં ઝુકાવ્યું હતું, તેને અલેકઝાંડરે સાંગલાનો પ્રદેશ સ્વાધીન કરી તેના સન્માનમાં વૃદ્ધિ કરી હતી.

અલેકઝાંડર સાંગલાનો પરિત્યાગ કરીને, પોતાની રણતૃષ્ણા પરિ-

તૃપ્ત કરવાને માટે ફરીથી પૂર્વ તરફ આગળ વધવા લાગ્યો. આવી રીતે થોડા દિવસ પૂર્વ તરફ કૂચ કરીને તે હાઇપૅસિસ નદીને કિનારે જઈ પહોંચ્યો. એ નદી આપણી વિપાશા નદી હોવાનું અનુમાન કરી શકાય છે. પુત્રશોકથી શોકાતુર બનેલા મહર્ષિ વસિષ્ઠ આસન વાળીને ઉરૂંજિરા નદીમાં નિમગ્ન થયા હતા; પરંતુ થોડા સમયમાંજ તેઓ નદીના પ્રવાહમાંથી, છુટી ગયેલા આસને કિનારે આવી ચઢ્યા હતા; ત્યારથી એ ઉરૂંજિરા નદી પોતાના પૂર્વ નામનો ત્યાગ કરી વિપાશા નામથી ઓળખાય છે.*

વિપાશા યા તો હમણાંની બીઆસ નદીને કિનારે મહાબાહુ અલેકઝાંડરે છાવણી નાખી. આ સ્થળે અલેકઝાંડરના સૈનિકોએ જે હકીકત સાંભળી, તેથી તેમની દિગ્વિજયી થવાની આશા ઉડી ગઈ. તેઓ ભારતનાં અમૂલ્ય રત્નો પ્રાપ્ત કરવાને બદલે સ્વદેશ તરફ પાછા ચાલ્યા જવાને માટે આકુળ–વ્યાકુળ બની ગયા. તેમને એમ માલૂમ પડ્યું કે, વિપાશાની આસપાસનો પ્રદેશ ઘણો રસાળ છે. એ પ્રદેશના રહેવાસીઓ જેમ ખેતીના કાર્યમાં ચતુર છે, તેમ યુદ્ધમાં પણ પોતાનું રણપાંડિત્ય અને સાહસિકતા દર્શાવે એવા છે. તેમનો રાજ્યકારભાર પણ ઉત્તમ પ્રકારે ચાલે છે. સઘળાં મનુષ્યોમાં અગ્રેસર ગણાતા ગૃહસ્થોની આજ્ઞા નીચે એ રાજ્યનો સાધારણ જનસમાજ રહે છે. બીજાં રાજ્યો કરતાં એ રાજ્યનું હસ્તિબળ (હાથીઓનું બળ) વિશેષ છે. એ રાજ્યના હાથીઓ ઘણા બળવાન તેમજ શત્રુઓના ગર્વને ઉતારી નાખે એવા મદોન્મત્ત છે. વળી ગાંગેય પ્રદેશના રાજાની સત્તામાં ૨ લાખ સૈનિકો, ૨૦ હજાર ઘોડેસ્વારો અને ત્રણ હજાર

---

* पाशा अस्यां विपाश्यन्त वासिष्ठस्य मुमूर्षतः । तस्मात् विपाड् उच्यते पूर्व्वमासीदुरुञ्जिरा: । ઉરૂંજિરા યા તો વિપાશા નદીજ બીઆ નદી છે; તથા તે પંજાબમાં આવેલી છે.

હાથીઓ છે. એટલે આ સઘળું સૈન્ય યુદ્ધમાં ઉતરી શકવાને સમર્થ છે. પૌરસના સૈન્યમાંના હાથીઓએ મેસિડોનિયનોની જે દુર્દશા કરી હતી, તે અદ્યાપિ તેઓ ભૂલી ગયા નહોતા. બીઆસ નદીથી થોડે દૂર એક વિશાળ મયદાનમાં ઉપરનું સઘળું સૈન્ય અસ્ત્ર-શસ્ત્રાદિથી સુસજ્જિત થઈને યુદ્ધમાં ઉતરવાની તૈયારી કરી રહ્યું છે એવી હકીકત પૌરસના મુખે સાંભળીને મેસિડોનિયનોના મનની સ્થિતિ કેવી થઈ હશે, તેનો ખ્યાલ સુજ્ઞ પાઠકો સહેલાઈથી કરી શકે તેમ છે.

એરિયાન જણાવે છે કે, જ્યારે અલેકઝાંડરના જાણવામાં એમ આવ્યું કે તેના સૈનિકો હવે આગળ વધવાને નારાજ છે, ત્યારે તેણે તેમને સર્વેને એકત્ર કરીને કહ્યું કેઃ-"મારી વિશ્વવિખ્યાત કીર્તિના આધારસ્તંભો ! શું તમે તમારા ઉત્સાહનો ત્યાગ કરીને આ સંકટપ્રસંગે મને સહાયતા કરશો નહિ ! તમે જે સઘળાં સંકટપૂર્ણ કાયા કર્યાં છે એ બદલ હું તમને સર્વેને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું. તમે જે સતત શ્રમ સહન કર્યો છે તેને પરિણામેજ આપણે જોનદેશ-હેલિસપોન્ટ-ફ્રાઈગિયાદ્વય, કૅપેડોસિયા, પૅફ્લાગોનિયા, લિડિયા, કોરિયા, લાઇકિયા, પૅમફિલિયા, ફિનિસિયા, ઇજીપ્ત, લાઈબિયા, અરબસ્થાનનો કેટલોક પ્રદેશ, સિરિયા, મેસોપોટેમિયા, બૅબિલોન, સુસા, ઇરાન, મિડિયા વગેરે પ્રદેશોને હસ્તગત કરી શકયા છીએ. આ સમસ્ત પ્રદેશ ઉપરાંત હિંદુસ્થાનનો પણ કેટલોક પ્રદેશ આપણે જીતી શકયા છીએ. હવે જ્યારે આપણે આટલાં બધાં સ્થાનો ઉપર વિજય મેળવ્યો છે, ત્યારે પછી બીઆસ નદીની પાર ઉતરી જઇ ગંગા નદી સુધીનો પ્રદેશ સ્વાધીન કરવામાં તમે શા માટે પાછી પ્હાની કરો છો ? ભારતભૂમિમાં નિવાસ કરતા જંગલી લોકો આપણી ગતિને અટકાવી શકશે એવી મિથ્યા કલ્પનાને તમે તમારા હૃદયમાં શા માટે સ્થાન આપો છો ? આપણે એમાંના કંઈએક લોકોને તો પરાજિત કરી

ચૂક્યા છીએ. કેટલાકો સ્વેચ્છાથી આપણે શરણે આવ્યા છે; એમનો સઘળો પ્રદેશ તમનેજ પ્રાપ્ત થવાનો છે. ઉત્સાહી પુરૂષ પ્રાણાંતે પણ પોતાની કીર્તિ વધારવામાં પાછી પ્હાની કરતો નથી. આપણે હવે ગંગા નદી સુધીનો પ્રદેશ સ્વાધીન કરીને આપણી યુદ્ધયાત્રા પૂર્ણ કરીશું. ગંગા નદી તથા પૂર્વ સમુદ્ર આ સ્થાનેથી વિશેષ દૂર નથી. આપણે હિંદુસ્થાનના અખાતમાંથી ઇરિની અખાતમાં જઇશું, અને ત્યાંથી આપણે આપણી નૌકાઓને સ્હેલાઇથી આફ્રિકા તરફ લઈ જઇશું. જો આપણે અહીંથીજ નિરાશ થઇને પાછા ફરીશું તો પછી હૈફાસિસ નદી અને પૂર્વ સમુદ્ર વચ્ચેનો પ્રદેશ જીતવાનો બાકી રહી જશે, હવે તમે તમારા નિરૂત્સાહને કાઢી નાખી ઉત્સાહી થાઓ. પુનઃ કર્ત્તવ્યક્ષેત્રમાં વિજયી થવાને માટે અપૂર્વ સાહસનો સંચય કરો. આફ્રિકાથી આપણો દેશ વિશેષ દૂર નથી. વળી આફ્રિકા સુધી જવાથી આફ્રિકાનો મધ્ય પ્રદેશ તેમજ સમસ્ત એશિયાખંડ આપણી સત્તામાં આવશે. દેવતાઓએ પૃથ્વીની જે સીમા નક્કી કરી છે, એ સીમાજ આપણા સામ્રાજ્યની સીમા છે એવું આપણે પૃથ્વી ઉપરની સમસ્ત જાતિઓને બતાવી આપવાનું છે. વળી તમે જાણો છો કે, આપણે આ કર્ત્તવ્યથી વિમુખ થઈ સ્વદેશ તરફ પાછા ફરીશું તો જે ભારતીય પુરૂષો અદ્યાપિ આપણાથી અપરાજિત રહ્યા છે તેઓ આપણાથી પરાજિત થયેલા પુરૂષોને, પુનઃ સુયોગ પ્રાપ્ત થતાંજ ઉત્તેજિત બનાવી દેશે, અને તેને પરિણામે આપણો સઘળો શ્રમ વ્યર્થ થઇ પડશે, આપણને પુનઃ નવીન સંકટની સામે ઝઝુમવું પડશે, માટે મ્હારા સુખ દુઃખના સાચા સાથીઓ ! તમે થોડા સમય સુધી ધૈર્યને ધારણ કરો, તથા તમારી નિરાશાને પરહરો. જે સંકટમય કાર્યને પરિપૂર્ણ કરવાને માટે ઉત્સાહથી તેમજ સતત શ્રમથી અગ્રેસર થાય છે તેને રિદ્ધિ તથા સિદ્ધિ પ્રાપ્ત થવા ઉપરાંત ચિરસ્થાયી કીર્ત્તિની

પણ પ્રાપ્તિ થાય છે. જે જીવન અદ્દભૂત કાર્યો કરી શકે છે, એ જીવનજ આનંદમય હોય છે. એવાં અદ્દભૂત કાર્યો કરી શકવાને સમર્થ થનારા વીર પુરૂષો પોતાના મૃત્યુ પાછળ પણ પોતાનું નામ સમસ્ત વિશ્વમાં ચિરકાળને માટે વિખ્યાત કરી જાય છે. તમે સર્વે જાણો છો કે, આપણા પૂર્વજોએ જે કીર્તિ પ્રાપ્ત કરી હતી તે કાંઈ ઘરમાં યા તો સ્વદેશમાંજ બેસી રહીને પ્રાપ્ત કરી નહોતી. તપસ્યા કર્યા સિવાય કોઈ મહત્વને પામી શકે છે? આપણે નિસ્તા પસાર કરીને ઘણે દૂર આવી પહોંચ્યા છીએ. જે દુર્ગમ દુર્ગને કોઈ પણ વીર પુરૂષ હસ્તગત કરી શક્યો નહોતો તેજ ગિરિદુર્ગ ઑરનસ આપણે આપણી સત્તામાં મેળવ્યો છે. હવે એશિયાખંડનો બાકી રહેલો સમસ્ત પ્રદેશ આપણી સત્તામાં આવશે અને આપણી વિજય-કીર્તિ દિગ્દિગાંતરમાં ફેલાઈ જશે."

"વિચાર કરીને જુઓ, કે આપણે મેસિડોનિયામાંજ બેસી રહ્યા હોત તો પછી આપણે આવાં ચિરસ્મરણીય કાર્યો કરી શકવાને સમર્થ થાત ખરા? વળી આપણે જે જે દુઃસાધ્ય કાર્યો કર્યા છે, તેમાં મ્હેં તમને એકલાને તો આગળ કર્યા નથી ને? જો તેમ કર્યું હોય તો તમે નવીન કાર્યને પરિપૂર્ણ કરવાને માટે નિરૂત્સાહ દર્શાવો એ વાસ્તવિક છે; પરંતુ હું કાર્યપ્રસંગે તમારી માફકજ અગ્રેસર થાઉં છું. ઉલટું તમારા સર્વેના કરતાં હું મ્હારો જીવ વધારે જોખમમાં નાખું છું. આમ છતાં આપણને આપણાં કાર્યોમાંથી જે કાંઈ ફળની પ્રાપ્તિ થઇ છે અર્થાત્ જે કાંઈ દ્રવ્ય મળી આવ્યું છે, તે સઘળું મ્હેં આનંદથી તમનેજ વહેંચી આપ્યું છે. જે પ્રદેશ આપણે હસ્તગત કરી શક્યા છીએ તેનો અધીશ્વર હું એકલો નહિ પરંતુ આપણે સર્વે છીએ. સમગ્ર એશિયાખંડ આપણને પ્રાપ્ત થશે એટલે પછી તમારા સર્વે મનોરથ સિદ્ધ થશે. એશિયાખંડમાંથી આપણે એટલું બધું દ્રવ્ય

મેળવી શકીશું કે, જેથી કરીને આપણે માત્ર આપણાં મકાનોનેજ નહિ પરંતુ સમસ્ત ગ્રીસ તેમજ મેસિડોનિયાને સમૃદ્ધિશાળી કરી શકીશું. આપણા કુટુંબમંડળને આનંદમાં અને સુખમાં નિભાવી શકીશું. આ સર્વ પ્રકારનો તમે વિચાર કરી જોશો તો તમે કદાપિ નિરાશ થઇ જઈ કર્ત્તવ્યને અપૂર્ણ રાખી સ્વદેશમાં ચાલ્યા જવાની કલ્પના સુદ્ધાં નહિ કરો એવો મને દૃઢ વિશ્વાસ છે."

અલેકઝાંડરનાં આવાં અસાધારણ ઉત્તેજનાપૂર્ણ વચનોથી પણ તેના નિરાશ બની ગયેલા સૈનિકોના મુખ ઉપર ઉત્સાહનાં ચિહ્નો માલૂમ પડયાં નહિ. એક સમયે અલેકઝાંડરના એક સાધારણ સંકેતથી પણ જે સૈનિકો પોતાના જીવનો ભોગ આપવાને તત્પર થતા હતા, તેજ સૈનિકો આ પ્રસંગે મ્લાન મુખે પત્થરની માફક દૃઢતાથી બેસી રહેલા જણાવા લાગ્યા. ઘણો સમય ગયા છતાં કોઈએ કાંઇ ઉત્તર ન આપ્યો ત્યારે વૃદ્ધ સરદાર કૈનસે સાહસનો સંચય કરી, અલેકઝાંડર તરફ દૃષ્ટિ ફેરવી કહ્યું કેઃ—

"હે રાજન્! આપે જ્યારે મેસિડોનિયનોને તેમની ઇચ્છાવિરૂદ્ધ આપની સાથે આગળ નહિ લઇ જવાનું કબૂલ કર્યું છે, આપે જ્યારે તેમની વિનંતિને માન્ય કરવાની ઉદારતા દર્શાવી છે, ત્યારે એ સંબંધી હું આપને બે ચાર શબ્દો કહેવાની ઇચ્છા રાખું છું. અમે સર્વ સમજીએ છીએ કે, આપે અમને અમારી યોગ્યતા કરતાં પણ વિશેષ સન્માન આપ્યું છે; અમારામાંના ઘણાખરાને આપે પુષ્કળ દ્રવ્ય આપીને રાજી કર્યા છે; બીજાઓની ઉપર પોતાનું પ્રભુત્વ બેસાડવાની શક્તિ અમે આપની પાસેથી સારી રીતે મેળવી શક્યા છીએ, આથી કરીને અમે સદા સર્વદા આપને આધીન રહી અનેક યુદ્ધો કરતા કરતા અહીં સુધી આવી પહોંચ્યા છીએ. અમને કેટલો બધો શ્રમ પહોંચ્યો છે, એ સંબંધે આપ નામવરે વિચાર કરીને પ્રેમપૂર્વક

અમને સ્વદેશપ્રત્યે પાછા ફરવાની રજા આપવી જોઇએ. મેસિડોનિયાથી નીકળ્યા પછી આજ સુધીમાં કેટલા ગ્રીકો મરણને શરણ થયા છે, એ સંખ્યા આપના લક્ષ્ય બહાર તો નહિજ હોય. કેટલાક ગ્રીકો આપે બંધાવેલાં નવીન નગરોમાં નિવાસ કરે છે. થિસિલિયન લોકોને યુદ્ધથી કંટાળેલા જોઇને આપે તેમને બક્ટ્રિયામાં નિવાસ કરવાની રજા આપેલી હોવાથી તેઓ એ પ્રદેશમાં પડી રહ્યા છે, તોપછી અમને પણ વિશ્રામ મળે એવી વ્યવસ્થા આપે કૃપા કરીને કરવી જોઇએ. આપણે અત્યાર સુધી જે જે યુદ્ધો કર્યાં છે, તે સર્વ યુદ્ધોમાં મળીને આપણા સૈન્યના ઘણા–ખરા સૈનિકો રણભૂમિમાં મરણને શરણ થયા છે, અને તેને પરિણામે જીવતા રહેલા સૈનિકો પણ હવે વ્યાકુળ બની ગયા છે, હવે તો સર્વ સૈનિકોનાં મન સ્વદેશભૂમિનાં, પોતાનાં સગાંવ્હાલાંનાં, તેમજ કુટુંબ પરિવારનાં દર્શન કરવાને માટે અતિ ઉત્સુક બની ગયાં છે. આપની કૃપાથી આપણા સૈન્યમાંનો પ્રત્યેક સૈનિક શ્રીમંત થઈ શક્યો છે; તો પછી આવી શ્રીમંતાઇના સમયે તેમને પોતાના દિવસો કુટુંબ સાથે રહીને સુખમાં પસાર કરવાની ઇચ્છા થાય એ સાહજિક છે. માટે આપને અમારી સર્વેની એવી નમ્ર પ્રાર્થના છે કે, હવે આપ અમને પરાણે આગળ દોરી જશો નહિ. હવે સર્વ સૈનિકોનાં મન સૈનિકવૃત્તિ ઉપરથી ઉઠી ગયાં છે, અને તેમની આવી નિરાશા આપને આપના ભાવી વિજયના કાર્યમાં અતિ અડચણકર્તા થઇ પડશે, એવો મારો નમ્ર મત છે. આપે પણ હવે સંકટો સહન કરવામાં કાંઇ બાકી રાખ્યું નથી; માટે આપ સુદ્ધાં સ્વદેશમાં પધારી, આનંદથી આપના દિવસો પસાર કરો. આપે અત્યાર સુધીમાં જે કીર્તિ મેળવી છે તે કાંઈ થોડી નથી. આપની કીર્તિનો ઇતિહાસ જગતના ઇતિહાસમાં યુગના યુગ સુધી સુવર્ણઅક્ષરે ચળકતો રહેશે એ નિઃસંદેહ છે, વળી આપ જાણો છો

કે પ્રત્યેક કાર્યની સીમા હોવી જોઇએ—આપને હવે સમસ્ત પૃથ્વી ઉપર કોઇનો ભય રહ્યો નથી. આપે વિશ્વવિજેતા તરીકેની કીર્ત્તિ સંપાદન કરી લીધી છે; છતાં અદ્યાપિ આપની યુદ્ધો કરવાની આકાંક્ષા પરિતૃપ્ત થઇ ન હોય તો થોડા સમય સુધી સ્વદેશમાં વિશ્રાંતિ મેળવી, રાજમાતાની સેવા બજાવી, મિત્રમંડળની મુલાકાત લઇ, પુનઃ આ તરફ પધારજો, એવે પ્રસંગે અમારા જેવા વૃદ્ધોને બદલે ગ્રીસના તેમજ મેસિડોનિયાના તેજસ્વી યુવકો આપને સહાયતા કરવા માટે તત્પર થઇને આપની સાથે ભારતભૂમિમાં આવશે. દ્રવ્યના લોભથી એ યુવકો આપની સાથે અનેક વિષમ સંકટોની સામે થશે. તેમને જ્યારે જણાશે કે, આપના સહચરો દરિદ્રને બદલે ઘણા ધનવાન, ઉચ્ચ અધિકારયોગ્ય, અને કીર્તિશાળી થઇને સ્વદેશમાં નિર્વિઘ્ને પાછા ફર્યા છે ત્યારે તેઓ વિશેષ ઉત્સાહથી અમારા જેવું સુખ પ્રાપ્ત કરવાને તૈયાર થશે. આપ એવા સાહસિક સૈન્યની સહાયતા મેળવી શકશો એટલે કોઇ પણ મનુષ્ય શત્રુ આપનું અનિષ્ટ કરી શકશે નહિ.”

અલેકઝાંડરના ઘણાખરા સૈનિકોએ વૃદ્ધ સરદાર કૈનસનાં વચનોને અનુમોદન આપ્યું, પરંતુ કૈનસનાં વચનોથી તેમજ પોતાના સૈનિકોની સ્વદેશ તરફ પાછા ફરવાની વૃત્તિથી અલેકઝાંડર ઘણો નારાજ થઈ ગયો. તેણે તરતજ દરબારને બરખાસ્ત કરી નાખ્યો. તેનો ક્રોધ શાંત થયો નહિ; ફરીથી બીજે દિવસે તેણે પોતાના મુખ્ય સરદારોને બોલાવીને કહ્યું કેઃ—“હું બીઆસ નદી ઓળંગીને આગળ જઇશજ. કોઈ પણ સૈનિકને હું પરાણે મારી સાથે લઈ જઈશ નહિ. જે સૈનિકો સ્વદેશમાં ચાલ્યા જશે, તેમને માથે એવું કલંક બેસશે કે, તેઓ પોતાના રાજાને સંકટ સમયે સહાયતા નહિ કરતાં પોતાનો જીવ બચાવવાને ઘેર નાશી આવ્યા છે.” આમ કહીને અલેકઝાંડર પોતાના તંબુમાં ચાલ્યો ગયો; તેના પ્રેમપાત્ર સરદાર

યા તો સહચરને સુદ્ધાં તેના તંબુમાં પ્રવેશ કરવા દેવો નહિ એવી આજ્ઞા થઇ; આવી રીતે ત્રણ દિવસ પસાર થઇ ગયા. અલેકઝાંડર એવું ધારતો હતો કે, તેના ક્રોધને પરિણામે સઘળા સૈનિકોનો વિચાર બદલાઇ જશે, પરંતુ તે વિચાર ખરો પડયો નહિ. ઘણાખરા સૈનિકોએ સ્વદેશમાં જવાનો દૃઢ નિશ્ચય કર્યો. અલેકઝાંડરે આવા સંકટ સમયે નીચે દર્શાવેલી યુક્તિનો ઉપયોગ કર્યો, અને તેણે પોતાનું માન સાચવી રાખ્યું. તેણે દેવતાઓની પૂજા કરવાનો આરંભ કર્યો. તે કાર્ય થઇ ગયા પછી તેણે પોતાના સરદારો તથા સહચરોને જણાવ્યું કે:—"દેવતાઓની પૂજા કરતાં એમ માલૂમ પડી આવ્યું છે કે, બીઆસ નદીની પાર ઉતરી આગળ જવું એ આપણે માટે હિતકર્ત્તા નથી. તમે સર્વે સરદારો તમારી સત્તા નીચેનાં સૈન્યને સ્વદેશ તરફ પાછા ફરવા તૈયારી કરવાની આજ્ઞા કરો." જ્યારે અલેકઝાંડરની આ આજ્ઞા તેના સરદારો મારફત તેના સૈનિકોના જાણવામાં આવી ત્યારે તેઓના આનંદની સીમા રહી નહિ.

ડ્યુડોર્સ જણાવે છે કે ભોગતા અગર તો ફ્રિગોસ નામક એક રાજાએ અલેકઝાંડરની સત્તાને સ્વીકારી હતી. આ રાજાએ અનેક ઉપહારો તથા ભારતીય અનેક પ્રકારના સ્વાદિષ્ટ ભોજ્ય પદાર્થો અલેકઝાંડરની સેવામાં મોકલી આપ્યા હતા. અલેકઝાંડરે આ રાજાને અતિ સન્માન આપીને તેની મારફત ભારતવર્ષની કેટલીક હકીકત જાણી લીધી હતી. અલેકઝાંડર એ રાજાનાં વચનો ઉપરથી સમજી ગયો કે, બીઆસ નદીની બીજી પાર કેટલેક દૂર આગળ જતાં એક વિસ્તૃત રેતાળ રણ આવેલું છે. એ રણને વટાવી જવાને માટે બાર દિવસ લાગે છે. ત્યાર પછી આગળ વધતાં ગંગા નદી આવે છે. એ નદી ભારતની બીજી બધી નદીઓ કરતાં ઘણી ગંભીર હોઈ તેની પહોળાઈ લગભગ ૩૨ સ્ટેડિયા છે. તેની આગળ પ્રાચ્ય દેશ

તથા ગંગારાડ પ્રદેશ આવેલો છે. એ દેશના રાજાનું નામ ચંદ્રગુપ્ત છે. તેની સત્તામાં ૨૦ હજાર ઘોડેસ્વારો, ૨ લાખ સૈનિકો, ૨ હજાર રથ તથા ૪ હજાર હાથીઓ છે. જ્યારે અલેકઝાંડરે ફ્રિગોસ મારફત આ હકીકત સાંભળી ત્યારે તેને ફ્રિગોસનાં વચનો ઉપર વિશ્વાસ બેઠો નહિ. તેણે પોતાનો સંદેહ દૂર કરવાને માટે પૌરસને બોલાવી મંગાવ્યો. પૌરસે ફ્રિગોસનાં વચનોનું સમર્થન કર્યું, તથા ત્યાર પછી તેણે કહ્યું કેઃ—" ગંગારાડનો અધીશ્વર કાંઈ કરી શકે તેમ નથી. તે હજામનો પુત્ર છે, એમ સર્વ સ્થળે વાત ચાલતી હોવાથી સાધારણ પ્રજા તેના તરફ શ્રદ્ધાની નજરે જોતી નથી. એનો પિતા એક સાધારણ માણસ હતો. તેના ઉપર રાણી મોહિત થઇ હતી અને તેને પરિણામે રાણીએ પોતાના વૃદ્ધ પતિનું ખૂન કર્યું હતું. ત્યાર પછી એ સાધારણ પુરૂષનો પુત્ર ચંદ્રગુપ્ત નામ ધારણ કરીને રાજ્યાસન ઉપર બેઠો છે."

આ સમયે સત્તર દિવસ સુધી મુસળધાર વૃષ્ટિ થવાથી અલેકઝાંડરના સૈનિકોને કાંઇ ઓછું કષ્ટ ભોગવવું પડયું નહોતું. તેઓ આકુળ—વ્યાકુળ બની ગયા હતા તેથી પુનઃ સંકટની વિરૂદ્ધ તેમને ઉભા કરવાનું કામ અસંભવિત હતું. કોઇ પણ સૈનિક આગળ વધવાની ઇચ્છા રાખતો નહોતો. અલેકઝાંડરે જ્યારે આગળ વધવાના પોતાના સંકલ્પને દૂર કર્યો ત્યારે તેના સૈન્યના આનંદની સીમા રહી નહિ.

અલેકઝાંડરે, હસ્તગત કરેલા પ્રદેશની સીમા નક્કી કરવાને માટે બીઆસ નદીને કિનારે બાર વેદીઓ તૈયાર કરાવી; અને ઉત્સવો ઉજવવાની શરૂઆત કરી. અલેકઝાંડર ભારતવાસીઓને મૂર્ખ પુરૂષો તરીકે વિચારતો હતો; પરંતુ તેનો આ વિચાર ખોટો ઠર્યો. અલેકઝાંડર કેટલા દિવસ સુધી બીઆસ નદીના કિનારા ઉપર છાવણી

નાખીને રહ્યો હતો, એ જાણવાનાં સાધનો મળી આવતાં નથી. એક યૂરોપીય સાધુ, ઇસુખ્રિસ્તના દ્વિતીય સૈકામાં ભારતવર્ષમાં આવ્યો હતો, ત્યારે તેણે અલેકઝાંડરે જે વિજયસ્તંભ બીઆસ નદીના તટ પ્રદેશ ઉપર નિર્માણ કર્યો હતો, તે નિહાળ્યો હતો, તથા તે સમયે એ વિજયસ્તંભ ઉપરના અક્ષરો આ યૂરોપીય સાધુ વાંચી શક્યો હતો. વળી પ્લુટાર્ક જણાવે છે કે, ગંગાના તટ ઉપર અલેકઝાંડરે જે વિજયસ્તંભની પ્રતિષ્ઠા કરી હતી, તે વિજયસ્તંભની, પ્રાચ્ય દેશના રાજાઓ દર વર્ષે ગંગા નદીની પાર ઉતરીને, ગ્રીક રીવાજ અનુસાર પૂજા કરતા હતા. પ્લુટાર્કનાં આ વચનો ઉપર વિશ્વાસ મૂકી શકાતો નથી; કારણ કે અલેકઝાંડર બીઆસ નદીની પાર ઉતરી શક્યો નહિ હોવાથી ગંગાને કિનારે એ વિજયસ્તંભની પ્રતિષ્ઠા કરે એ સર્વથા અસંભવિત છે. મેગોસ્થનિસ કે જે ભારતવર્ષમાં ઘણા સમય સુધી રહ્યો હતો તેણે પણ પોતાના ભારતભ્રમણના ઇતિહાસમાં અલેકઝાંડરની વિજયવેદીની વાતનો કાંઇ ઉલ્લેખ કર્યો નથી. મેગોસ્થનિસ પંજાબ થઇને પાટલીપુત્ર સુધી જઇ પહોંચ્યો હતો, તેથી જો તેણે અલેકઝાંડરની વિજયવેદીનું દર્શન કર્યું હોત યા તો એ દેશના રાજાઓને ત્યાં પૂજા કરતા જોયા હોત તો તે, એ હકીકતનો ઉલ્લેખ કર્યા સિવાય રહેત નહિ. અલેકઝાંડરે પોતાની વિજયકીર્ત્તિના સ્મરણીય સ્તંભની સ્થાપના ક્યાં આગળ કરી હતી, એ પ્રકાર જાણવાને માટે યૂરોપીય વિદ્વાનો ઘણો યત્ન કરે છે, અને ઇચ્છામાં આવે એવા ભિન્ન ભિન્ન પ્રકારના અભિપ્રાય જાહેર કરે છે. કોઇ એમ જણાવે છે કે, ગુરૂદાસપુરમાં બીઆસના તટ ઉપર એ વિજયસ્તંભની સ્થાપના થયેલી હોવી જોઇએ. બીઆસ નદીને કયે કિનારે આ સ્તંભની સ્થાપના થયેલી હોવી જોઇએ એ સંબંધી જૂદા જૂદા અભિપ્રાય જોવામાં આવે છે; પરંતુ ઘણાખરા ઐતિહાસિકોનું જણાવવું એવું છે કે,

એ વિજયસ્તંભની સ્થાપના બીઆસ નદીના પશ્ચિમ કિનારા ઉપર થયેલી હતી.

આ વિજયસ્તંભની સ્થાપના સમયે અલેકઝાંડરે ગાન, તાન, નાચ, ઘોડદોડ, કુસ્તી વગેરે આનંદજનક પ્રકારોની યથેષ્ટ વ્યવસ્થા કરી હતી; પરંતુ આ સ્થાને તે ઘણા દિવસ સુધી રહ્યા હોય એમ લાગતું નથી. અલ્પ સમયમાં તેની જે સઘળી વિજયકીર્ત્તિ પ્રસ્તુત થઈ હતી, તે ક્યાં સુધી દૃઢ થઈ હતી એ સંબંધી પણ સંદેહ ઉત્પન્ન થયા સિવાય રહેતો નથી. અલેકઝાંડરના મૃત્યુ પછી પ્રબળ પ્રતાપી ચંદ્રગુપ્તે જ્યારે અલેકઝાંડરે હસ્તગત કરેલા પંજાબના રાજ્યને પોતાના રાજ્યમાં એકત્ર કરી નાખ્યું ત્યારે તેણે સ્વદેશદ્રોહીઓને તેમનાં પાપકાર્યોની યથાયોગ્ય શિક્ષા કરી હતી. અમે તો એમ વિચારીએ છીએ કે ચંદ્રગુપ્તે એ પ્રસંગે અલેકઝાંડરના વિજયચિહ્નનો જડમૂળથી નાશ કર્યો હોવો જોઇએ.

પરિચ્છેદ ૧૧ મો.

અલેકઝાંડર બીઆસ નદીને કિનારે પોતાની વિજયકીર્ત્તિની સ્થાપના કરીને સ્વદેશ તરફ પાછા ફરવાની તૈયારી કરવા લાગ્યો. પોતે હસ્તગત કરેલો સમસ્ત પંજાબનો પ્રદેશ તેણે પોતાના આજ્ઞાધીન માણસોને વહેંચી આપ્યો. પૌરસને તેના ભાગ્યને લીધે બીઆસના પશ્ચિમ કિનારા તરફનો સઘળો પ્રદેશ પ્રાપ્ત થયો. ઇ. સ. ૩૨૬ પૂર્વે આશ્વિન માસમાં ચિરકાળને માટે બીઆસના તટપ્રદેશનો પરિત્યાગ કરીને અલેકઝાંડર ચાલી નીકળ્યો. ધીમે ધીમે તે ઐરાવતી નદીની પાર ઉતરી જઇને પુનઃ ઓસિકિનની સમીપ આવી પહોંચ્યો. આ સમય પૂર્વે તેણે હિફેસ્ટિયનને જે નગર તૈયાર કરવાની આજ્ઞા

આપી હતી તે નગરને તેણે આ સમયે સર્વ પ્રકારે તૈયાર થઇ ગયેલું જોયું. એ પ્રદેશના જે લોકોએ એ સ્થાને રહેવાની ઇચ્છા દર્શાવી તેમને ત્યાં રહેવાની રજા આપવામાં આવી. જે ભાકુતી સૈન્ય વ્યાકુળ થઇ જઇને યુદ્ધમાં ઉતરવાને માટે નાલાયક થઇ પડયું હતું, તેઓમાંના કેટલાક સૈનિકોને તેમની ઇચ્છાનુસાર આ નવીન નગરમાં રહેવાની રજા મળી. ઘણાખરાનું કહેવું એવું છે કે, હાલમાં જે સ્થાને વજીરાબાદ આવેલું છે, એ સ્થાનેજ અલેકઝાંડરે હિપૅસ્ટિયનની મારફત ઉપર્યુક્ત નગરને નિર્માણ કરાવ્યું હતું.

જે સમયે અલેકઝાંડર ઓસિકિનના તટ ઉપર છાવણી નાખીને સમુદ્ર તરફ જઇ પહોંચવાની તૈયારી કરી રહ્યો હતો એ સમયે અભીસારની પાસે આવેલા ઉરસનો (ઓરસકિનનો) અધીશ્વર વિવિધ પ્રકારના કીંમતી ઉપહારો લઇને અલેકઝાંડર પાસે આવી ચઢ્યો. તેની સાથે અભીસારના અધીશ્વરનો ભાઈ પણ પોતાના આત્મીયોની સાથે ૩૦ હાથી લઇને અલેકઝાંડર પાસે આવ્યો. અભીસારનો અધીશ્વર બીમાર હોવાથી તે અલેકઝાંડરને સન્માન આપવાને માટે આવી શક્યો નહિ; પરંતુ તેના તરફથી દૂત આવેલો હોવાથી અલેકઝાંડરે અભીસારના અધીશ્વરની બીમારીનો અપરાધ (!) માફ કર્યો હતો. અભીસારના અધીશ્વરને પોતાનુંજ રાજ્ય પ્રાપ્ત થયું, તથા તે સિવાય ઓરસકિ (વર્ત્તમાન હાજારાની પાસેનો પ્રદેશ) પણ તેને સ્વાધીન કરવામાં આવ્યો. કોણે કેવી રીતે કર ભરવો એ સંબંધીનો નિકાલ કરીને અલેકઝાંડરે તેમને પરતંત્રતાનાં બંધનમાં દઢતાથી બાંધી લીધા.

ઓસિકિન યા તો ચંદ્રભાગાના તટનો ત્યાગ કરતાં પહેલાં અલેકઝાંડરે એ સ્થાને યજ્ઞ—યાગ કર્યા અને ત્યાર પછી તે ચંદ્રભાગા નદીની પાર ઉતર્યો. એ સ્થળે મેસિડોનિયાથી નીકળેલા ૫ હજાર

ઘોડેસ્વારો અને ૭ હજાર સૈનિકો અલેકઝાંડરને આવી મળ્યા. ડ્યુડોર્સ જણાવે છે કે, મેસિડોનિયાથી ૩૦ હજાર સૈનિકો અને ૬ હજાર ઘોડેસ્વારો અલેકઝાંડરને આવી મળ્યા હતા; પરંતુ આ અભિપ્રાય ઉપર વિશ્વાસ મૂકી શકાતો નથી.

ચંદ્રભાગાની પાર ઉતરીને અલેકઝાંડર પોતાના સમસ્ત સૈન્યસહ વિતસ્તા સુધી આવી પહોંચ્યો. ત્યાં જતાંજ તેને માલૂમ પડી આવ્યું કે, તેણે એ સ્થળે જે બે નગરો સ્થાપિત કર્યાં હતાં તે બન્ને નગરો અતિશય વૃષ્ટિ થયેલી હોવાથી હતાં ન હતાં થઇ ગયાં હતાં. અલેકઝાંડરે ફરીથી એ નગરોને સુવ્યવસ્થિત રીતે નિર્માણ કરાવી તેનો નાશ ન થઇ જાય એવી યોજના કરી.

અલેકઝાંડર વિતસ્તાના તટ ઉપર છાવણી નાખીને જ્યારે સમુદ્રમાં મુસાફરી કરવાની તૈયારી ચલાવી રહ્યો હતો, ત્યારે પારમિનિઓનો જામાત્ર વીરવર કૈનસ પરલોકયાત્રા કરી ગયો. પોતાના આ સુચતુર સરદારના પરલોકવાસથી અલેકઝાંડરને ઘણો શોક થયો હતો; અલેકઝાંડરે કૈનસની સમાધિ ઘણાજ ઠાઠમાઠથી કરાવી હતી.

અલેકઝાંડર તેમજ તેના સૈનિકોને સમુદ્રની મુસાફરી કરવાને માટે, લગભગ બે હજાર નૌકાઓ તૈયાર કરાવવામાં આવી હતી. આ નૌકાઓમાં ૮૦ મ્હોટી નૌકાઓ હતી અને બીજી બધી ન્હાની હતી. જે લોકો સમુદ્રના કિનારાની આસપાસ નિવાસ કરતા હતા, તથા જેઓ નાવિકના કાર્યમાં કુશળતા ધરાવતા હતા તેમણે ઉપરની નૌકાઓના નાવિક થવાનું કબૂલ કર્યું હતું. ન્યુર્યોકર્સ નામક વીર પુરૂષ આ નૌકાસૈન્યનો અધ્યક્ષ નિમાયો હતો. અલેકઝાંડરના આ જળપ્રવાસના પ્રસંગે ઓનિસિક્રેટો નામક એક માણસ તેની સાથે હતો. તેણે આ જળપ્રવાસનો ઇતિહાસ પ્રસિદ્ધ કર્યો છે. એ ઇતિહાસમાંની હકીકત સર્વાંશે અસત્ય નથી, માત્ર તેણે પોતાના માનમાં વધારો

કરવાને માટે અનેક પ્રકારની આશ્ચર્યજનક વાર્તાઓને એ ઈતિહાસમાં પ્રસિદ્ધ કરી છે !

જળપ્રવાસની સઘળી તૈયારી થઈ ચૂકી ત્યારે અલેકઝાંડરે પોતાના સર્વ સરદારો વગેરેની સમક્ષ પૌરસને બે હજાર નગરોનો અધિકાર અર્પણ કર્યો. એક સત્યવાદી પાશ્ચાત્ય લેખકે એવી હકીકત જાહેર કરી છે કે, અલેકઝાંડર ભારતવર્ષમાં બે હજાર નગર જીતી શકયો નહોતો. કેટલાક વિચારને અંતે એમ માલૂમ પડી આવે છે કે, ઉપર્યુક્ત ઉદારતાપૂર્ણ વચનોનો મર્મ એવો છે કે, સત્યવ્રત વિદેશી ઐતિહાસિકોએ જેવું સાંભળ્યું છે, તેવુંજ લખ્યું છે ! પૌરસની સાથે તક્ષશિલાના અધીશ્વરનો ઘણા સમયથી જે વિરોધ હતો તે અલેકઝાંડરે દૂર કરાવ્યો, તથા ઉભય વિવાહસૂત્રથી સંધાઇ ગયા.

પોતાના માર્ગમાં કદાચ લવણપર્વતનો અધીશ્વર સોપિટિસ (સૌભૂતિ) અડચણકર્તા થઇ પડશે એવી આશંકાથી અલેકઝાંડરે પોતાના હિર્પેસ્ટિયન અને ક્રિટિરસ નામક બે મુખ્ય સરદારોને ત્વરાથી સોપિટિસ ઉપર એકાએક હુમલો કરવાને માટે મોકલ્યા. ગ્રીક ઐતિહાસિકો જણાવે છે કે, સોપિટિસે કાંઇ પણ બોલ્યાચાલ્યા સિવાય અલેકઝાંડરની સત્તાને શિરે ચઢાવી હતી.

ઇ. સ. પૂર્વે ૩૨૬ ના કાર્તિક માસમાં પ્રભાતકાળે અલેકઝાંડર પોતાના અસંખ્ય સૈન્યસહ જળપ્રવાસે નીકળી પડયો. તેની સાથેના સૈન્યની સંખ્યા ૧ લાખ ૨૦ હજાર હતી; તથા એ સૈન્ય જૂદા જૂદા દેશોનું હતું. તે સિવાય અલેકઝાંડરના સૈન્યમાં બે હજાર હાથીઓ હોવાથી એ હાથીઓએ મેસિડોનિયાના અધીશ્વરના ગૌરવમાં વૃદ્ધિ કરી હતી.

ક્રિટિરસે કેટલાક ઘોડેસ્વારો, તેમજ કેટલાક પગે ચાલતા સૈનિકો સહિત વિતસ્તાની જમણી દિશાએ, અને હિર્પેસ્ટિયને કેટલાક ઘોડે-

સ્વારો તેમજ કેટલાક પગે ચાલતા સૈનિકોને સાથે લઇને વિતસ્તાની ડાબી દિશાએથી આગળ વધવું એવી અલેકઝાંડર તરફથી આજ્ઞા થઈ હતી.

જળપ્રવાસે ચાલી નીકળતાં પહેલાં અલેકઝાંડરે સઘળી નૌકાઓની સામે ઉભા રહીને વિતસ્તા, ચંદ્રભાગા અને સિંધુ સરિતાની પૂજા કરવા માંડી. આ પૂજા થતાં પૂર્વે હરકયુલસ, આમન તથા બીજા દેવતાઓ પણ પોતાના ભક્તની પૂજાથી વંચિત રહ્યા નહોતા. સીટીનો સ્વર થતાંજ સર્વ નૌકાઓ ચાલવા લાગી. નૌકાઓ એક બીજીથી અથડાઇને જળમાં ડૂબી ન જાય એ હેતુથી પ્રત્યેક નૌકાને અમુક અમુક અંતરે ચલાવવાની નાવિકને પ્રથમથી આજ્ઞા થયેલી હતી. હજારો નૌકાઓના મોજાં સાથે અથડાતાં થતા મધુર સ્વરો, સૈનિકોનો યુદ્ધધ્વનિ, સુકાનીઓનાં આજ્ઞાવાક્ય, વગેરેથી સર્વત્ર શોરબકોર થઇ રહ્યો. અલેકઝાંડરની સત્તાને શિર ઉપર ચઢાવી ચૂકેલા ભારતવાસીઓ અલેકઝાંડરને વિદાયગિરી આપવાને માટે વાદ્યો વગડાવીને તથા નૃત્યગીત કરાવીને અલેકઝાંડરને આનંદિત કરતા હતા. જળમાર્ગે સ્વદેશ પ્રતિ પ્રયાણ કરતું સૈન્ય બે દિવસ સુધી જળપ્રવાસ કરીને ત્રીજે દિવસે, જ્યાં આગળ ક્રિટિરસ અને હિફેસ્ટિયનને છાવણી નાખવાનું ફરમાવવામાં આવ્યું હતું ત્યાં જઇ પહોંચ્યું, આ સ્થળે સમસ્ત સૈન્યને બે દિવસ સુધી વિશ્રામ મેળવવાની રજા મળી. આ બે દિવસમાં ફિલિપો પણ સૈન્યમાં આવી મળ્યો. એ પ્રદેશના કેટલાક રહેવાસીઓ અલેકઝાંડરની આજ્ઞાને આધીન થયા; તોપણ કેટલાક રહેવાસીઓ વિદેશી શત્રુની વિરૂદ્ધ અસ્ત્રો ઉંચકવાને માટે પણ પાછા હઠયા નહિ. કદાચ પુનઃ ભયંકર યુદ્ધનો આરંભ થશે તો પોતાના થાકી ગયેલા સૈનિકો ભયથી વ્યાકુળ બની જશે એવી આશંકાથી અલેકઝાંડર ત્વરાથી જળમાર્ગે આગળ વધવા લાગ્યો. વળી જે સ્થાને પોતાના દાસ થઈ રહેલા

લોકો નિવાસ કરતા હતા એ સ્થાનેજ તે રાત્રિનો સમય પસાર કરેલો હતો. ફિલિપો સરદાર અધાપિપર્યંત સૈન્યની પાછળના ભાગનું રક્ષણ કરતો કરતો આગળ વધતો હતો, તેને હવે નદીને કિનારે સમસ્ત સૈન્યની આગળ મુસાફરી કરવાનું ફરમાન નીકળ્યું. ત્વરાથી અલેકઝાંડર વિતસ્તા તથા અલેકઝાંડરનાશિની (ચંદ્રભાગા) નદીના સંગમસ્થાને જઇ પહોંચ્યો. ગ્રીક ગ્રંથકારોએ લખ્યું છે કે, જે સ્થાને આ ઉભય નદીઓ એકત્ર થઈ છે, એ સ્થાન ઘણું સાંકડું હોવાથી, જળપ્રવાહ ઘણા જોશથી, પ્રચંડ સ્વરૂપ ધારણ કરીને, પત્થરો સાથે અથડાતો અથડાતો, આગળ વધતો હતો. ઘણે દૂરથી એ પ્રચંડ પ્રવાહની ગર્જના સાંભળવામાં આવતી હતી. આ ભયંકર સંગમની વાત અલેકઝાંડર પોતાના ભારતીય સ્નેહીઓ પાસેથી જાણી ગયો હતો, અને તેથીજ તે ઘણી સાવધાનતાથી આગળ વધતો હતો. જ્યારે તે સૈન્યસહ સંગમસ્થાને જઈ પહોંચ્યો ત્યારે સર્વ નાવિકો તેમજ સૈનિકો અને અલેકઝાંડર વગેરે એ સંગમસ્થાન આગળ થતા જળપ્રવાહના પ્રચંડ સ્વરને સાંભળીને ઘણા મુગ્ધ થઈ ગયા હતા. તેઓએ ઘણો યત્ન કર્યો. નૌકાઓને દોરડાં બાંધીને ખેંચાવી તો પણ તેઓ હરકત વેઠયા સિવાય આ સંગમસ્થાનને પસાર કરી શકયા નહિ. કેટલીક નૌકાઓ એકબીજીની સાથે અથડાઇને ભાંગી ગઈ. કેટલીક તેને બાંધવામાં આવેલાં દોરડાં ટૂટી જવાથી જળમગ્ન થઈ ગઈ; અર્થાત્ આ સ્થાને ઘણું નુકસાન થયું. કુર્ટિયસ જણાવે છે કે, અલેકઝાંડર જે નૌકામાં બિરાજ્યો હતો એ નૌકા પણ ડૂબી જવાની તૈયારીમાં હતી. એવામાં અલેકઝાંડર પોતાનાં વસ્ત્રો કાઢી નાખી જળમાં કૂદી પડયો; તથા તેનાં માણસોએ મહામુશિબતે તેનો જીવ જતો બચાવ્યો. આવી રીતે ચંદ્રભાગા નદીએ પોતાના અલેકઝાંડરનાશિની નામને કાંઇક અંશે સાર્થક કર્યું હતું. આવી રીતે ભયંકર સંકટમાંથી

મુક્ત થઇને અલેકઝાંડરે સુરક્ષિત રહેલી નૌકાઓને એક ભયહીન સ્થળે લંગર નખાવીને રોકી રખાવી, તથા જે સઘળી નૌકાઓ થોડે ઘણે અંશે ભાંગી ગઇ હતી તેને સુધરાવી.

એ સમયના ભારતવાસીઓના આત્મત્યાગની વાતનો વિચાર કરતાં શરીર ધ્રૂજી ઉઠે છે, મસ્તક ભમી જાય છે. એ સમયે અનેક વ્યક્તિઓ યુદ્ધ—યજ્ઞમાં પોતાના શરીરની આહુતિ આપતી હતી, એટલું જ નહિ પરંતુ આ પવિત્ર કાર્ય કરતી વખતે તેમના વદન-મંડળ ઉપર સહજ પણ ચિંતાની રેખા અંકિત થયેલી માલૂમ પડતી નહિ. જેઓ યુદ્ધ—યજ્ઞમાં પોતાના આત્માની આહુતિ આપી દેતા હતા તેમને અમર કરવાને માટે, તેમની આદર્શ જીવન—લીલાનું માહાત્મ્ય ચિરસ્થાયી રાખવાને માટે, સહસ્ર સહસ્ર વ્યક્તિઓ એક નિષ્ઠાથી પ્રાણ અર્પવા તૈયાર થતી હતી. અલેકઝાંડરના જુલમમાંથી પોતાની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવા માટે તેમણે જે પ્રચંડ પરાક્રમનું દર્શન કરાવ્યું હતું તે પરાક્રમનું દર્શન કરીને વિદેશી શત્રુઓએ દાંતમાં આંગળીઓ ઘાલી હતી ! પરંતુ ભારતવર્ષના દુર્દૈવે સહસ્રાવધિ દેશભક્તોના પ્રાણનો નાશ થયા છતાં તેઓ પરાસ્ત થયા હતા. અલેકઝાંડરના બેસીતમ જુલમથી ભારતવાસીઓ ઘણા સંકટને સ્વાધીન થયા તો પણ તેમની આશાનો દીપક બુઝાઇ ગયો નહોતો. તેઓએ યથાશક્તિ પોતાની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવાનો યત્ન કર્યો હતો.

અલેકઝાંડર જ્યારે દુઃખી થઇને ચંદ્રભાગા અને વિતસ્તાના સંગમસ્થાન સમીપ રોકાઇ રહ્યો હતો, તે સમયે તેને એમ માલૂમ પડી આવ્યું કે, સિબિ (sebi) પ્રદેશના રહેવાસીઓ, માલ* પ્રદેશ (મુલતાન)ના લોકોની સાથે મળી જઇને પોતાની વિરુદ્ધ શસ્ત્ર ઉંચકવાની તૈયારી કરી રહ્યા છે. અત્યાર પૂર્વે આ માલદેશના રહે-

* આ નામનો ઉલ્લેખ મહાભારતમાં થયેલો જોવામાં આવે છે.

વાસીઓ, ક્ષત્રિયોની સાથે મળી જઇ અલેકઝાંડરની ગતિને અટકાવવાને તૈયાર થયા હતા; પરંતુ તેમનું ઉભયનું મિલન થતાં પૂર્વેજ અલેકઝાંડરે ક્ષત્રિયો ઉપર હુમલો કરીને તેમને વ્યાકુળ બનાવી દીધા હતા. સિબિઓનું નગર નદીના કિનારેથી લગભગ ૨૫૦ સ્ટેડિયાને અંતરે આવેલું હતું. અલેકઝાંડરે આ અંતર વટાવી જઇને સિબિઓના ઉપર હુમલો કર્યો રસ્તે જતાં જતાં જે જે ગામ તેની નજરે પડયાં તે સર્વ તેના ક્રોધાગ્નિનો ભોગ થઇ પડવાથી એ ગામોની હયાતિનું એક પણ ચિહ્ન કાયમ રહ્યું નહિ.

સિબિઓની રાજધાની સ્વાધીન કરવામાં અલેકઝાંડરને કાંઇ થોડી મુશ્કેલી વેઠવી પડી નહોતી. નગરની આસપાસ કિલ્લાની ચોદિશે ઘેરો ઘાલીને તે એ નગર સ્વાધીન કરી શકયો હતો. સિબિ રાજ્યની પાસે આગાલાસોઇ (Agalassoi) નામની એક જાતિ હતી. એ જાતિનું સૈનિકબળ ઘણું બળવાન હતું. એ જાતિ યુદ્ધ–પ્રસંગે ૪૦ હજાર પાયદળ તથા ૩ હજાર ઘોડેસ્વારોને યુદ્ધભૂમિમાં લઇ જવાને સમર્થ થતી. અલેકઝાંડરના આગમનની હકીકત સાંભળીને એ વીરજાતિના સર્વ પુરૂષોએ સંપથી એકત્ર થઇ જઇને નિદ્રામાંથી જાગ્રત થએલા સિંહના જેવા પ્રચંડ જુસ્સાથી તેઓ અલેકઝાંડરની ગતિને અટકાવવાને માટે તૈયાર થઇ ગયા. તેમણે નદીના કિનારા ઉપર રહીને અલેકઝાંડર સાથે ભયંકર યુદ્ધ કર્યું હતું. નદીના કિનારા ઉપર રહીને ભારતવાસીઓએ ભીષણ યુદ્ધ કર્યું તોપણ આ યુદ્ધ તેમના પક્ષમાં શુભજનક નિવડયું નહિ. ૪ળ અનુકૂળ થયું હતું કે કેમ તે આપણે વિદેશી લેખકોના અભિપ્રાય ઉપરથી જાણી શકીએ છીએ; એ વિદેશી લેખકો સત્યતાને સાચવી રાખે છે કે કેમ એ માટે ઘણો સંદેહ રહે છે. ગમે તેમ હોય તો પણ વિદેશી ગ્રંથકારો આ યુદ્ધ સંબંધી જણાવે છે કે, અલેકઝાંડરના

પક્ષનો વિજય થયો, તથા તે શત્રુઓને નસાડી મૂકી આગળ વધી શક્યો હતો. જેઓ પોતાના નગરમાં જઇ પહોંચીને ફરીથી યુદ્ધમાં ઉતરવાની તૈયારી કરતા હતા, તેમના નગરની આસપાસ ઘેરો ઘાલીને તેમના ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. કુર્ટિયસ જણાવે છે કે, આ ભયંકર યુદ્ધમાં મેસિડોનિયનોની સમશેરોના સપાટામાંથી કોઇ પણ ભારતવાસી મુક્તિ મેળવી શક્યો નહોતો. જે ભારતવાસીઓ મેસિડોનિયનોના જુલમમાંથી બચી ગયા હતા તેઓ દાસરૂપે વેચાઇ ગયા હતા.

કુર્ટિયસે બીજી પણ એક જાતિની યુદ્ધ કથાનું કીર્તન કર્યું છે. એ જાતિના નામનો તેણે ઉલ્લેખ કર્યો નથી. એ નામનો ઉલ્લેખ કરવામાં તેની જીભને કષ્ટ થતું હશે કે કેમ તેનો નિર્ણય અમે કરી શકતા નથી; પરંતુ તે જાતિના વીર પુરૂષોએ મેસિડોનિયનોની સાથે ક્રોધે ભરાયલા સિંહોની માફક યુદ્ધ કર્યું હતું. યુદ્ધ-પ્રસંગે તેમણે પોતાના પ્રાણની બિલકુલ મમતા બતાવી નહોતી, એ સર્વ વીર યોદ્ધાઓએ જન્મભૂમિનું રક્ષણ કરવાને માટે, પોતાના પરાક્રમવડે અલેકઝાંડરની ગતિને અટકાવી હતી. અસંખ્ય મેસિડોનિયનો એ વીર યોદ્ધાનાં શસ્ત્રોના ભોગ થઈ પડયા હતા. અલેકઝાંડરે પ્રચંડ પરાક્રમથી નગર ઉપર હુમલો કર્યો તોપણ તે સ્હેલાઈથી નગરને સ્વાધીન કરી શકયો નહોતો. અંતે જ્યારે નગરવાસીઓને નગરનું રક્ષણ કરવાનું કઠિન જણાયું ત્યારે તેમણે પોતપોતાનાં ગૃહોને અગ્નિ સળગાવી; એ પવિત્ર યજ્ઞમાં કુટુંબ પરિવાર સાથે પોતાની પણ આહુતિ આપી હતી. આવી રીતે એકંદરે ૨૦ હજાર ભારતવાસીઓનો નાશ થયો હતો. *

* ગ્રીક ગ્રંથકારો એમ જણાવે છે કે, સિબિઓ તેમના હરકયુલસના વંશજો હતા. સંભવતઃ તેઓ આપણા હરકયુલસના વંશજ યાદવો

ભારતવાસીઓ પોતાના ગૃહની પવિત્રતાનું રક્ષણ તેમાં અગ્નિ મૂકીને કરતા હતા, ત્યારે અલેકઝાંડર એ સર્વ પવિત્ર મંદિરોને હસ્તગત કરવાને માટે અગ્નિ બુઝાવવાનો યત્ન કરતો હતો. નગર ભસ્મીભૂત થયું તોપણ કિલ્લાને કોઈ પણ પ્રકારનું નુકસાન થયું નહિ. અલેકઝાંડર કિલ્લો હસ્તગત કરી, ત્યાં કેટલુંક સૈન્ય રાખીને પુનઃ જ્યાં તેની નૌકાઓ અટકી રહી હતી ત્યાં આવી પહોંચ્યો.

અલેકઝાંડરે ગુપ્ત દૂત મારફત શત્રુઓની ચળવળના સમાચાર જાણી લીધા પછી ઉભય જાતિના શત્રુઓ એકત્ર થઇને પોતાની વિરૂદ્ધ યુદ્ધમાં ન ઉતરે એ હેતુથી તેણે તેમની બન્નેની ઉપર જૂદા હુમલાઓ કરવાનો નિશ્ચય કર્યો.

જો કોઇ અતિ કઠિન યુદ્ધ કરવાનું હોય તો તે યુદ્ધમાં સફળતા મેળવવાને માટે સમસ્ત સૈન્યમાં જેઓ ઘણા સાહસિક, દઢવૃત્તિવાળા, કર્ત્તવ્યપરાયણ, તેમજ કર્ત્તવ્ય આગળ પ્રાણને તુચ્છ સમજનારા પુરૂષોની ઘણી જરૂર રહે છે. આવા પ્રકારના ગુણવાન સૈનિકો વિજય પ્રાપ્ત કર્યા સિવાય યા તો આત્મોત્સર્ગ કર્યા સિવાય કદાપિ પાછા હઠતા નથી. અલેકઝાંડરે પણ આવા પ્રકારના સૈનિકોની પસંદગી કરીને શત્રુઓ તરફ ચાલી નીકળ્યો. જે રસ્તેથી તે આગળ વધતો હતો એ રસ્તો તેને માલૂમ નહોતો; પરંતુ અમે નિવેદન કરવાને દિલગીર છીએ

હોવા જોઈએ. એ સમયે એ સર્વ પ્રદેશ યાદવોના અધિકારમાં હતો. હાલમાં પણ એ પ્રદેશમાં ઘણા યાદવો રહે છે. ગ્રીક મહાશયો આપણી કોઇ જાતિની સાથે પોતાનું કાંઈ મળતાપણું જોવામાં આવતાંજ એ જાતિ તેમનાજ પૂર્વજોથી ઉતરી આવેલી હોવાનું જણાવવાનો યત્ન કરે છે. તેઓ જણાવે છે કે, જે સમયે હરક્યુલસે ભારત ઉપર આક્રમણ કર્યું હતું, તે સમયે તેનું જે સૈન્ય રોગી અને દુર્બળ બની ગયું હતું તેને એ સ્થાને નિવાસ કરવાની રજા આપવાંમાં આવી હતી.

કે, આપણા ભારતવાસીઓજ અલેક્ઝાંડરના માર્ગના ભોમિયા થયા હતા. જ્યારે એક તરફથી પુણ્યભૂમિ ભારતવર્ષના સ્વદેશભક્ત વીર પુરૂષો અરસ્પરસની શત્રુતાને ભૂલી જઇને સ્વદેશને માટે પ્રાણ વિસર્જન કરવાની તૈયારી ચલાવી રહ્યા હતા, ત્યારે બીજી તરફથી કેટલાક કુલાંગાર ભારતવાસીઓજ દેશને પરતંત્રતાનાં બંધનોમાં બંધાવી રેતી ઉપર તેમના પાપપૂર્ણ ગૃહને સ્થાપન કરવાનો યત્ન કરતા હતા.

અલેક્ઝાંડર પોતાના સૈન્યસહ ઓસિકિનથી ૨૦ સ્ટેડિયા દૂર આવેલી એક નદીને કિનારે જઇ પહોંચ્યો; તથા ત્યાં તેણે પોતાના સૈનિકોને થોડા સમય સુધી વિશ્રાંતિ લેવાની રજા આપી. હવે તેમને સર્વને જળહીન મરૂભૂમિમાં થઇને આગળ વધવાનું હતું, આથી કરીને અલેક્ઝાંડરે પ્રત્યેક સૈનિકને તેમની પાણીની મશક ભરી લેવાનું સૂચવ્યું હતું. જળ વગેરેની વ્યવસ્થા થઇ ગયા પછી અલેક્ઝાંડર ચાલી નીકળ્યો, અને ત્વરાથી ચારસો સ્ટેડિયા પસાર કરીને બીજે દિવસે સવારે એક નગર આગળ જઈ પહોંચ્યો. આ નગરમાં ઘણા માલવાસીઓ આશ્રય મેળવીને રહ્યા હતા. તેમને કેદ પકડવાને માટે અલેક્ઝાંડર ત્યાં જઈ ચઢયો હતો. નગરવાસીઓને તથા તેમાં આશ્રય મેળવીને રહેલા માલવાસીઓને સ્વપ્ને પણ એવો વિચાર નહોતો આવ્યો કે, અલેક્ઝાંડર આ જળહીન મરૂભૂમિમાં મુસાફરી કરીને તેમના ઉપર ચઢાઇ કરવા આવી પહોંચશે. તેથી તેઓ કોઇ પણ પ્રકારનો સંશય રાખ્યા સિવાય નિશ્ચિંત રીતે નગરમાં નિવાસ કરતા હતા. જે માણસો કાર્યને લીધે નગરની બહાર નીકળી પડયા હતા. તેમને અસ્ત્ર-શસ્ત્ર સિવાયની સ્થિતિમાં મેસિડોનિયનોએ કેદ પકડીને પોતાના વીરત્વનો પરિચય કરાવ્યો હતો! આમ છતાં કેટલાક માણસોએ ત્વરાથી નગરમાં જઈ પહોંચીને શત્રુઓના આગમનના સમાચાર સઘળા નગરવાસીઓને નિવેદન કર્યા. તરતજ નગરવાસીઓએ

નગરનાં પ્રવેશદ્વાર બંધ કરી દઇને શત્રુઓ નગરમાં પ્રવેશ ન કરી શકે એવી વ્યવસ્થા કરી.

અલેકઝાંડરે નગરની આસપાસ પોતાના સમસ્ત સૈન્યને એકત્ર કર્યું. વિના વિઘ્ને પાયદળ પણ આવી પહોંચ્યું એટલે અલેકઝાંડરે પોતાના ઘોડેસ્વારોને પાર્દિકાની સરદારીમાં સ્વાધીન કર્યા, તથા પાર્દિકાને પાસે આવેલું એક બીજું નગર જીતી લેવાને માટે મોકલ્યો. તેને રવાના થયાને થોડો સમયજ થયો હશે, એટલામાં બીજું મેસિડોનિયન સૈન્ય અલેકઝાંડરની પાસે આવી પહોંચ્યું; સૈન્ય આવી પહોંચ્યું કે તરતજ તેણે નગર ઉપર હુમલો કર્યો. કદાચ કોઇ માણસ છુપી રીતે પલાયન કરી જઇને, તેના સંકટની હકીકત બીજી જાતિઓના લોકોને જણાવીને તેમને સતર્ક કરી ન નાખે એ હેતુથી અલેકઝાંડરે વિશેષ સતર્કતાથી નગરની આસપાસ ઘેરો ઘાલી નગરવાસીઓ ઉપર હુમલો કરવા માંડયો. આ હુમલા પ્રસંગે વિરૂદ્ધ પક્ષના નગરવાસીઓએ પણ પ્રચંડ પરાક્રમ દર્શાવ્યું. અસંખ્ય મેસિડોનિયનો સ્વધામ સિધારી ગયા. નગરની આસ-પાસ આવેલો કોટ દુર્બળ બની ગયેલો હોવાથી શત્રુઓ ત્વરાથી નગરમાં પ્રવેશ કરી શકવાને સમર્થ થયા. આવો પ્રકાર બનવાથી નગરવાસીઓ ઉંચાણવાળી જગ્યા ઉપર આવેલા કિલ્લામાં પ્રવેશ કરીને યથાશક્તિ પોતાની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવા લાગ્યા. અલેકઝાંડર નગર સ્વાધીન કરી શકયો; પરંતુ નગરવાસીઓને સ્વા-ધીન કરી શકયો નહિ, તેથી તેને ઘણું ખોટું લાગ્યું. તે વિશેષ પરાક્રમથી કિલ્લાને હસ્તગત કરવાનો યત્ન કરવા લાગ્યો. તે અનેક પ્રકારે પોતાના સૈનિકોને ઉત્સાહિત કરવા લાગ્યો. ભારતવાસીઓની સંખ્યા ઘણી થોડી હોવાથી તેમની સર્વ મહેનત વિફળ થઇ પડી. જો કે તેમનો રક્તપાત એ સમયે વિફળ થઇ પડયો તો પણ એ યુદ્ધમાં હજારો વ્યક્તિ અસ્ત્ર-શસ્ત્રોથી સજ્જિત થઇને ઘુમી હતી. જે

બે હજાર માણસોએ કિલ્લામાં આશ્રય લીધો હતો તે સર્વ પકડાયા હતા, અને શત્રુઓને હાથે વીરગતિને પામ્યા હતા. અંતે અલેકઝાંડરે જનહીન કિલ્લાને હસ્તગત કરીને તેના ઉપર પોતાની વિજય-પતાકા ફરકતી કરી હતી.

માત્ર એકજ ગામ યા તો એકજ નગર શત્રુઓની સત્તામાં ગયું તેને પરિણામે આ યુદ્ધનો અંત આવ્યો નહિ; ઉલટું પરાજિત થયેલા ભારતવાસીઓ સવિશેષ ઉશ્કેરાઈ ગયા. તેમણે સ્વદેશની સ્વાધીનતાનું સંરક્ષણ કરવાને માટે આત્મત્યાગની પ્રતિજ્ઞા કરેલી હોવાથી તેઓ નિર્ભયતાથી શત્રુઓની ગતિ અટકાવવાનો યત્ન કરવા લાગ્યા. આ ભયંકર નરમેધ યજ્ઞમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર સર્વેએ આત્મોત્સર્ગ કર્યો. સર્વે જાણે એક બીજાની સ્પર્ધા કરીને મોક્ષ ગતિને પામ્યા. કુર્ટિયસ જણાવે છે કે શૂદ્રકો (Sudraco)એ આ યજ્ઞમાં યોગદાન દેવામાં વિલંબ કર્યો નહિ. શૂદ્રકો સામરિક વિષયમાં નિપુણ નહોતા તોપણ દેશના વિપત્–પ્રસંગે, ધર્મના વિપત્–પ્રસંગે તથા જાતિના વિપત્–પ્રસંગે શાંતિથી ઘરમાં સૂઈ નહિ રહેતાં તેઓ વિકરાળ વાઘની માફક શત્રુઓની વિરૂદ્ધ ઉભા થયા હતા.

મેસિડોનિયનોએ જેના ભયથી ગાંગેય ભૂમિનો પરિત્યાગ કર્યો હતો, તેજ ભય પુનઃ સ્વદેશપ્રતિ પ્રયાણ કરતી વખતે ઉપસ્થિત થયો. જ્યારે તેમણે સાંભળ્યું કે આ પ્રદેશમાં તેમની ગતિને અટકાવવાને માટે ૮૦–૯૦ હજાર પાયદળ, ૧૦ હજાર ઘોડેસ્વાર, તથા સાતસોથી નવસો સુધીના યુદ્ધરથ તૈયાર છે, ત્યારે તેમની વ્યાકુળતાની સીમા રહી નહિ. તેઓ ચારે દિશાએ અંધકાર જોવા લાગ્યા. ગાંગેય પ્રદેશના પરિવર્તનમાં જાણે કે યુદ્ધદેવીએ આ પ્રદેશમાં આગમન કર્યું છે. આ દેશના અસંખ્ય વીર પુરૂષો જાણે કે લોહીની નદીઓ વહેવડાવી તેને સમુદ્રમાં મેળવી દેવાનો યત્ન આરંભી રહ્યા છે. આ

અજાણ્યા પ્રદેશના વીર પુરૂષો નૂતન બળથી નૂતન તેજ સાથે વિદેશી શત્રુઓને હંફાવવાને માટે અતિ ઉત્સુક બની ગયા છે. ભારતીય વીરોનો આ અપૂર્વ ઉત્સાહ, સાહસિકતા, નિડરતા, સ્વદેશભક્તિ વગેરે જોઇને મેસિડોનિયનો આશ્ચર્યમગ્ન થઇ ગયા; એટલુંજ નહિ પરંતુ પોતાની શી સ્થિતિ થશે એ સંબંધી તેઓ ઘણા વિચારમાં પડી ગયા.

ડ્યુડોર્સ જણાવે છે કે, એક દૈવજ્ઞે અલેકઝાંડરને આ યુદ્ધમાં નહિ ઉતરવા સંબંધીની સલાહ આપી હતી; પરંતુ અલેકઝાંડરે એ દૈવજ્ઞની સલાહને સ્વીકારી નહોતી. તેને એવી ખાત્રી હતી કે, જો તે પોતે શત્રુઓના ભયથી વિચલિત થઈ જઈને યુદ્ધમાં નહિ ઉતરે તો પોતાના સર્વ સૈનિકોના નિરૂત્સાહની સીમા રહેશે નહિ.

પાર્દિકાને જે ગામની વિરૂદ્ધ મોકલવામાં આવ્યો હતો, એ ગામના રહેવાસીઓ શત્રુના આગમનના સમાચાર સાંભળતાંજ ગામનો પરિત્યાગ કરીને ચાલ્યા ગયા હતા. પાર્દિકાએ એ ગામમાં જઇ પહોંચીને કેટલાક નિરાધાર ગરીબ લોકોને મારી નાખીને પોતાના વીરત્વનો પરિચય કરાવ્યો હતો !

અલેકઝાંડરે નગર હસ્તગત કરીને સૈનિકોને ભોજન કરવાનો સમય આપ્યો, તથા રાત્રિના બાર વાગ્યા સુધી તેમને વિશ્રાંતિ લેવાની રજા આપી. બાર વાગી ગયા પછી પુનઃ તેણે આગળ ચાલવા માંડયું. પ્રભાતકાળ થતામાં તો તે પોતાના સૈન્યસહ ઘણી મુસાફરી કરીને ઐરાવતી અગર તો રાવી નદીના તટ પાસે જઇ પહોંચ્યો. ત્યાં આગળ તેને એમ માલૂમ પડી આવ્યું કે તેના આવતાં પહેલાં ઘણા માલદેશવાસીઓ નદીની પાર ઉતરી ચાલ્યા ગયા હતા. ભારતવાસીઓ જે નૌકાઓમાં બેસીને ઐરાવતી નદીની પાર ઉતરી ગયા હતા, એજ નૌકાઓમાં બેસીને અલેકઝાંડર નદીની પાર ઉતર્યો હોય એવો સંભવ છે. નદીની પાર ઉતરી અલેકઝાંડરે એક ક્ષણનો પણ સમય વ્યર્થ

નહિ ગુમાવતાં માલદેશવાસીઓની પૂંઠ પકડી. થોડા ભારતવાસીઓ રસ્તે પકડાયા તેમનો અલેકઝાંડરે નાશ કર્યો હતો. બીજા ઘણા-ખરા માલદેશવાસીઓ એક સુદૃઢ કિલ્લામાં જઇ પહોંચીને આશ્રય મેળવી શક્યા હતા. આ સ્થાનની પાસે આવેલા બહુલ નામક નગરમાં ઘણા માલવાસીઓ જઇ પહોંચ્યા હતા. જ્યારે આ સંબંધીની હકીકત અલેકઝાંડરના જાણવામાં આવી ત્યારે તેણે પિથોન નામના સરદારને પ્રથમ દર્શાવેલા સ્થાન તરફ રવાના કરીને તે પોતે બહુલ ગામ તરફ જઈ ચઢયો. બીજી બધી જાતિઓએ વિદેશી શત્રુના અધિકારને શિર ઉપર ચઢાવ્યો, તોપણ બ્રાહ્મણો આ લોકની માયાને ભૂલી જઈ સ્વર્ગે સિધારવાની ઉત્સુકતાથી યુદ્ધમાં ઉતર્યા હતા, આથી કરીને જો બ્રાહ્મણોનો પરાજય કરવામાં આવશે તો મેસિડોનિયનોનો માર્ગ સરળ તેમજ સંકટમુક્ત થઈ જશે, એવો વિચાર નક્કી કરીને અલેકઝાંડરે પ્રબળ પરાક્રમથી બ્રાહ્મણો ઉપર ચઢાઇ કરી. બ્રાહ્મણો પણ નિર્ભયતાથી અલેકઝાંડરની વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરીને પોતાનો પ્રાણ અર્પણ કરવાને તૈયાર થઇ ગયા. મેસિડોનિયનો ગામની આસપાસ આવેલી દુર્બળ દીવાલને તોડી પાડી અંદર પ્રવેશ કરવાની ખટપટ કરવા લાગ્યા. અંતે ગ્રામવાસીઓ નિરૂપાયે કિલ્લામાં આશ્રય મેળવવા ચાલી નીકળ્યા. આ સમયે કેટલાક મેસિડોનિયનોએ તેમની પૂંઠ પકડી. ઉભય પક્ષ વચ્ચે ફરીથી યુદ્ધનો આરંભ થયો. મેસિડોનિયનો ભારતીય બ્રાહ્મણો આગળ ટકી શક્યા નહિ, તેથી પલાયન કરી જવા લાગ્યા. આ થોડા સમય સુધી ચાલેલા યુદ્ધમાં ગ્રીક ગ્રંથકારના જણાવ્યા પ્રમાણે ૨૫ મેસિડોનિયનો યમલોકના અતિથિ થયા. યુરોપીય સૈન્યના સૈનિકોની લોહીધારાઓથી ભૂમિ ભીંજાઈ ગઈ, તેથી અલેકઝાંડર ઘણો ગુસ્સે ભરાયો. તેણે કિલ્લાની દીવાલ તોડી પાડીને પોતાના સૈનિકોને અંદર પ્રવેશ કરવાની આજ્ઞા કરી. દુર્બળ કિલ્લાની નીચેનો

પાયો ખોદવામાં આવતાં કિલ્લાની દીવાલ તૂટી પડી; વિનાવિલંબે અલેકઝાંડર કિલ્લાની દીવાલ ઉપર ચઢી ગયો, આવો પ્રકાર જોવામાં આવતાં સર્વેના આશ્ચર્યની સીમા રહી નહિ. અલેકઝાંડરને અગ્રેસર થયેલો જોઇને તેના સૈનિકોમાં પણ વિશેષ ઉત્સાહ આવી ગયો. સર્વ દિવાલ ઓળંગી જઇને ભારતીય વીરો ઉપર તૂટી પડવાને માટે આગળ વધ્યા. કોઇ દિવાલ ઉપર ચઢીને તો કોઈ ભગ્ન સ્થાનમાં પ્રવેશ કરીને દુર્ગમાં પહોંચી ગયા. દુર્ગમાં આશ્રય મેળવીને રહેલા બ્રાહ્મણો શત્રુઓને દુર્ગ ઉપર ચઢી આવેલા જોઇને સહજ પણ વિચલિત નહિ થતાં પ્રચંડ પરાક્રમથી શત્રુઓ વિરૂદ્ધ યુદ્ધમાં ઉતર્યા. કોઈ બ્રાહ્મણવીરે પોતાના ગૃહમાં અગ્નિ સળગાવીને આ ભયંકર દેખાવને વિશેષ ભયંકર બનાવી દીધો. એરિયાન જણાવે છે કે, ઘણાખરા બ્રાહ્મણોએ યુદ્ધમાં ઉતરીને આત્મોત્સર્ગ કર્યો. લગભગ પાંચ હજાર બ્રાહ્મણો માર્યા ગયા. બ્રાહ્મણ યોદ્ધાઓ ઘણા તેજસ્વી તેમજ દેશભક્ત હોવાથી તેઓ પૈકીના ઘણા થોડાજ કેદ પકડાયા હતા. પિથોન સરદારને જેમની વિરૂદ્ધ મોકલવામાં આવ્યો હતો તે પણ પોતાના કાર્યને સિદ્ધ કરી છાવણીમાં આવી મળ્યો હતો, એવું ગ્રીક ગ્રંથકારોનું કહેવું છે.

અલેકઝાંડરે બ્રાહ્મણોના ગામમાં રહીને ત્યાં આગળ તેણે પોતાના સૈનિકોને એક દિવસને માટે વિશ્રામ લેવાની રજા આપી. આ પ્રદેશમાં બીજાં જે નગરો તેમજ ગામો આવેલાં હતાં, એ સર્વ સ્થાનોને હસ્તગત કરવાને માટે તે પુનઃ ચાલી નીકળ્યો. પ્લેગ ચાલુ થતાં તેના ભયંકર ભયથી મનુષ્યો જે પ્રમાણે કોઈ દૂર આવેલા સુરક્ષિત સ્થાને જઈ પહોંચીને આત્મરક્ષણ કરે છે, તેવીજ રીતે અલેકઝાંડરના જુલ્મરૂપી પ્લેગના ભયથી એ ગામો તથા નગરોના રહેવાસીઓ નગરો તથા ગામોને શૂન્ય કરીને ચાલ્યા ગયા. જ્યારે આ પ્રકાર અલેકઝાંડરના જાણવામાં આવ્યો ત્યારે તે આનંદિત થયો. પછીથી

તેણે ડેમિટ્રાસ અને પિથોનને, નદીના તટ પ્રદેશ ઉપર જે જંગલ આવ્યું હતું એ જંગલમાં જો કદાચ કોઈ શત્રુ છુપાઈ રહ્યા હોય તો તેની ઉપર હુમલો કરવાને માટે મોકલ્યા. ડેમિટ્રાસ અને પિથોન અલેકઝાંડરની આજ્ઞા પ્રમાણે થોડા સૈન્યસહ જંગલમાં જઈ પહોંચ્યા, ત્યાં તેઓ કેટલાક નિરાધાર ભારતવાસીઓનો સંહાર કરી શક્યા હતા.

આ સર્વ કાર્યો સંપૂર્ણ થઈ ગયા પછી અલેકઝાંડર એક મોટા નગર તરફ ચાલી નીકળ્યો. એ નગરમાં અનેક ભારતવાસીઓએ આશ્રય લીધો હતો. વિદેશી શત્રુ પોતાના ઉપર ચઢી આવે છે, એ સમાચાર નગરવાસીઓના જાણવામાં આવતાં તેઓ નગરમાં કેદીની માફક પડી નહિ રહેતાં, અલેકઝાંડરને નદીની પાર ઉતરતો અટકાવવા માટે, અસ્ત્ર-શસ્ત્રથી સજ્જિત થઈને નગરમાંથી ચાલી નીકળ્યા, અને નદીના ઉચ્ચ તટ ઉપર સાવધાનતાથી છાવણી નાખી. ભારતવાસીઓ નદીના તટ ઉપર આવી પહોંચ્યા છે, એવા સમાચાર અલેકઝાંડરને મળતાં તેણે પોતાના સર્વ ઘોડેસ્વારોને સાથે લઈને આગળ વધવા માંડયું, પાયદળને તેણે ઘોડેસ્વારોની પાછળ રાખ્યું. એરિયાન જણાવે છે કે, જ્યારે અલેકઝાંડર નદીના મધ્ય ભાગમાં આવી પહોંચ્યો ત્યારે ભારતવાસીઓ કાંઈક પાછા હઠી ગયા હતા; પરંતુ જ્યારે તેમણે જાણ્યું કે, અલેકઝાંડરની સાથે વિશેષ સૈન્ય નથી, ત્યારે તેઓ પાછા આગળ વધ્યા. તેમને ખબર નહોતી કે, અલેકઝાંડરે યુક્તિનો ઉપયોગ કરીને, તેના પાયદળને પાછળ રાખ્યું હતું. અલેકઝાંડર, યુદ્ધ કરવાથી સારૂં પરિણામ આવશે નહિ એમ વિચારીને ભારતીય સૈન્ય તરફ આગળ વધ્યો નહિ. તે દૂરથીજ ભારતીય સૈન્યનું અવલોકન કરવા લાગ્યો. એ સમય દરમ્યાન તેનું પાયદળ સૈન્ય પણ આવી પહોંચ્યું. ગ્રીક લેખક જણાવે છે કે, અલેકઝાંડરના સૈન્યમાં વધારો થયેલો જોઈને ભારતીય યોદ્ધાઓ યુદ્ધમાં નહિ ઉતરતાં નગર તરફ ચાલ્યા

ગયા, અને કિલ્લામાં આશ્રય મેળવીને દ્વાર બંધ કરી દીધાં. આમ પાછા હઠવામાં તેમનામાંના જે ભારતીય વીરો શત્રુઓની સમશેરોના ભોગ થઈ પડયા હતા, તેમની સંખ્યા ગ્રીક ઐતિહાસિકોએ પચાસ હજારની જણાવી છે. એ સંખ્યામાં અમને ઘણો સંદેહ ઉત્પન્ન થાય છે પરંતુ તેને પ્રમાણ દર્શાવીને અસત્ય ઠરાવી શકવાને અમે અસમર્થ છીએ.

અલેકઝાંડરે કિલ્લા પાસે જઇ પહોંચીને કિલ્લાની દિવાલને ચારે દિશાએથી ઘેરો ઘાલ્યો. સમસ્ત સૈન્ય કિલ્લા પાસે આવી પહોંચેલું નહિ હોવાથી તેમજ સૈનિકો ઘણા થાકી ગયેલા હોવાથી રાત્રિનો સમય ઘેરો નાખીનેજ પસાર કર્યો.

બીજે દિવસે પ્રભાતકાળે તેણે પોતાના સૈન્યના બે વિભાગ પાડી એક વિભાગનો સરદાર પોતે થયો, અને બીજાનો સરદાર સુચતુર પાર્દિકાને બનાવ્યો. ત્યાર પછી તેમણે બન્નેએ પોતાના સૈનિકોની સહાયતાથી કિલ્લાની દિવાલને તોડી પાડવાનો યત્ન આરંભ્યો. અંતે અલેકઝાંડર એક સ્થાનેથી નગરમાં પ્રવેશ કરી શકવાને સમર્થ થયો. પાર્દિકાએ પણ મહામુશિબત વેઠીને એક સ્થળેથી દિવાલ તોડી નાખી નગરમાં પ્રવેશ કર્યો. ભારતવાસીઓ નગરનો ત્યાગ કરી કિલ્લામાં જઇ પહોંચ્યા અને કિલ્લાનું રક્ષણ કરવાને માટે તેઓ યથાશક્તિ યત્ન કરવા લાગ્યા.

મેસિડોનિયનો કિલ્લો હસ્તગત કરવાને માટે ઘણો યત્ન કરવા લાગ્યા. તેઓ નિસરણીઓ મૂકીને, દોરડાંઓ પકડીને, કિલ્લા ઉપર ચઢવાનો યત્ન કરવા લાગ્યા; પરંતુ સફળ થયા નહિ. અલેકઝાંડર પોતાના સૈનિકોની આવી વ્યાકુળ સ્થિતિ જોઇને એક દોરડા તેમજ નિસરણીના આધારથી તે કિલ્લાની દિવાલ ઉપર ચઢી ગયો; પરંતુ ત્યાર પછી એ નિસરણી ઉપરથી બીજા અનેક સૈનિકો કિલ્લા ઉપર

ચઢવા જતાં નિસરણી ભાગી પડી. આથી બીજું કોઈ એ દિવાલ ઉપર ચઢી શક્યું નહિ.

શત્રુઓને કિલ્લાની દિવાલ ઉપર ચઢવાનો યત્ન કરતા જોઇને ભારતીય વીરોએ તેમના ઉપર તીરોનો સતત મારો ચલાવ્યો. અલેકઝાંડરનો જીવ બચવાનો પણ સંભવ રહ્યો નહિ. તેનું સઘળું સૈન્ય આકુળ-વ્યાકુળ બની ગયું. કોઇ પણ સૈનિક અલેકઝાંડર પાસે જઇ શક્યો નહિ. કેટલાક લોકોએ કિલ્લાની દિવાલ નીચે ઉભા રહીને અલેકઝાંડરને દિવાલ ઉપરથી કૂદી પડવાની પ્રાર્થના કરી. અલેકઝાંડરે પણ બીજો કોઈ ઉપાય નહિ હોવાથી દુર્ગની દિવાલ ઉપરથી એક વૃક્ષ ઉપર કૂદકો માર્યો. તેના સુભાગ્યે આ પ્રકારથી તેને કોઈ પણ પ્રકારની ઇજા થઇ નહોતી. અલેકઝાંડર જે વૃક્ષ ઉપર કૂદી પડયો તે એક મોટું પત્રાચ્છાદિત વૃક્ષ હતું. દુર્ગવાસીઓએ ચારે તરફથી પથરો, બાણો વગેરેનો મારો ચલાવ્યો. અલેકઝાંડરને ઘણા ઘા થયા અને તે મરણતોલ બની ગયો, તેનો શિરપેચ સુદ્ધાં છિન્ન-ભિન્ન થઇ ગયો. તેનામાં ઢાલ ધરીને આત્મરક્ષણ કરવાની શક્તિ પણ રહી નહિ. એવામાં એક ભયંકર તીર વાગવાથી તે છેક અશક્ત બની ગયો. શત્રુને દુર્બળ થયેલો જોઇ નિકટ ઉભેલા એક માણસે આવી પહોંચીને તેના ઉપર હુમલો કર્યો; અલેકઝાંડરે પોતાના કાળને પાસે આવી પહોંચેલો જાણીને પોતાની સઘળી શક્તિને એકત્ર કરીને પોતાના ઉપર હુમલો કરવા આવનાર માણસના ઉપર તેણે એક સખ્ત ઘા કર્યો. અલેકઝાંડરના માત્ર એકજ પ્રહારથી એ માણસ સ્વર્ગે સિધારી ગયો. આ દેખાવ જોઇને પાસે ઉભેલા સર્વ લોકોના આશ્ચર્યની સીમા રહી નહિ. કોઈ પણ અલેકઝાંડરની આગળ જવાનું સાહસ કરી શક્યો નહિ. સર્વની શક્તિ જાણે કે હવામાં ઉડી ગઇ. દૂરથી આવતાં તીરોથી અલેકઝાંડરની આસપાસની ચારે દિશાઓ પરિપૂર્ણ થઈ ગઈ. તરતજ

તે એક વીરની માફક દઢતાથી પોતાના હાથમાં સમશેર લઇ શત્રુઓના મારમાંથી પોતાનું રક્ષણ કરવાને માટે યા તો મૃત્યુને આલિંગન કરવાને માટે તૈયાર થઈ ગયો; પરંતુ પુનઃ તે મૂર્ચ્છિત થઇને ધરણી ઉપર ઢળી પડયો.

આ સમયે પ્યુકિસર્ટસ બીજી બાજુએથી દુર્ગમાં પ્રવેશ કરીને અલેકઝાંડરની પાસે આવી પહોંચ્યો. પાઠકોને સ્મરણ હશે કે, અલેકઝાંડરે એશિયાભૂમિમાં પદાર્પણ કરીને ટ્રૉયના યુદ્ધક્ષેત્રમાં આવેલા એથિના દેવીના મંદિરમાં પોતાનાં અસ્ત્ર-શસ્ત્ર મૂકીને પ્રાચીન વીરનાં જે અસ્ત્ર-શસ્ત્રો ગ્રહણ કર્યાં હતાં, એ સર્વે અસ્ત્ર-શસ્ત્રોને સાથે લઇને પ્યુકિસર્ટસ યુદ્ધમાં સર્વની આગળ ગમન કરતો હતો. અલેકઝાંડર વિદેશમાં શત્રુઓ આગળ થતા પોતાના અંતકાળ સમયે પોતાના સ્વદેશવાસી બંધુ પ્યુકિસર્ટસને જોઈને ઘણો સંતોષ પામ્યો હતો. પ્યુકિસર્ટસે ઢાલની મદદથી થોડા સમય સુધી અલેકઝાંડરનું રક્ષણ કર્યું. એવામાં વળી બીજા ત્રણ મેસિડોનિયનો ત્યાં આવી પહોંચ્યા. દુર્ગવાસીઓને જ્યારે માલૂમ પડયું કે, અલેકઝાંડર જાતે ઘાયલ થઇને કિલ્લામાં પડી રહ્યો છે, ત્યારે તેઓ તેને હસ્તગત કરવાને માટે આગળ વધ્યા. જે ત્રણ મેસિડોનિયનો અલેકઝાંડરની પાસે આવી પહોંચ્યા હતા; તેઓ પોતાના પ્રભુના પ્રાણનું સંરક્ષણ કરવાને માટે, સાહસિકતાથી તેમજ દઢતાથી યુદ્ધ કરવા લાગ્યા; પરંતુ તેઓ અલ્પ સમયમાંજ મરણને શરણ થઈ પૃથ્વી ઉપર ઢળી પડયા.

કિલ્લામાં અલેકઝાંડર ઘાયલ થઇને પડયો હતો, એ સંબંધીના વર્ત્તમાન વિનાવિલંબે મેસિડોનિયનોના જાણવામાં આવ્યા. તેમણે કર્ત્તવ્યથી વિમુખ નહિ થતાં, પોતાના અધીશ્વરનો ઉદ્ધાર કરવાને માટે, દુર્ગની દિવાલને ઓળંગી જવાનો સતત યત્ન કર્યો. **પૃથ્વી ઉપર એવું એક પણ સંકટ નથી કે જે કર્ત્તવ્યપરાયણ**

વ્યક્તિની ગતિને અટકાવી શકે. એક વખત મનુષ્યના હૃદયમાં કર્તવ્ય બજાવવાની પવિત્ર વૃત્તિ જાગ્રત થાય છે, એટલે જગતમાં તેનો કોઇ પણ હેતુ અપૂર્ણ રહી જતો નથી. મેસિડોનિયનો પણ પોતાના કર્તવ્યમાં દઢ હોવાથી પોતાના હેતુમાં સફળતા પ્રાપ્ત કરી શક્યા. કોઈએ નગરદ્વાર ભાંગી નાખીને અંદર પ્રવેશ કર્યો, તો કોઇએ કિલ્લાની દિવાલમાં મોટાં કાણાં પાડીને અંદર પ્રવેશ કર્યો. ભારતીય યોદ્ધાઓ અલેકઝાંડરને હસ્તગત કરવાની તૈયારીમાં હતા, એવામાંજ એકાએક મેસિડોનિયનો તેમના ઉપર પ્રચંડ પરાક્રમથી, ક્ષુધાતુર વાઘની માફક ટૂટી પડયા. ઉભય પક્ષ વચ્ચે મહાભયંકર યુદ્ધનો આરંભ થયો. અલેકઝાંડરની આસપાસની જમીન મેસિડોનિયનોનાં શબોથી ઢંકાઈ ગઇ. આ ભયંકર યુદ્ધમાં કોઈ પણ ભારતીય યોદ્ધા મરણથી ભય પામીને પલાયન કરી ગયો નહોતો. સર્વ ભારતીય વીરો ઉત્સાહથી અધીરા બની જઇને સ્વદેશની સ્વતંત્રતાનું સંરક્ષણ કરતા કરતા સ્વર્ગલોકને પ્રાપ્ત થયા હતા. યુદ્ધના અંતસમયે એક પણ ભારતવાસી જીવતો નહોતો.

મેસિડોનિયન પક્ષમાંથી કેટલા માણસો માર્યા ગયા હતા? એ સંબંધી વિદેશી ગ્રંથકારોએ કશું જણાવ્યું નથી. અલેકઝાંડર ઘાયલ થઇ પડેલો હોવાથી, તેની ચિંતાને લીધે તેઓ આ સંબંધીનો ઉલ્લેખ કરવાનું ભૂલી ગયા હોય એમ જણાય છે.

સ્વતંત્રતાના સંરક્ષણ સંબંધીનાં આ સકળ ભયંકર યુદ્ધ ક્યાં થયાં હતાં એનો નિશ્ચય થઇ શકવો અસંભવિત છે. હાલના મોન્ટ-ગોમરી જીલ્લામાં કેટલાક પ્રાચીન કિલ્લાઓનાં ભાગ્યાં–તૂટયાં ચિહ્નો નજરે પડી આવે છે. અનેકનું ધારવું એવું છે કે, કોટકમોલીયા તથા હોરપ્પ નામક સ્થાને આ સર્વ ભૂતકાળની ભયંકર ઘટનાઓ ઘટી હતી. ઘણાખરા મુલતાનને માલદેશ તરીકે ઓળખાવતા હોવાથી,

અમે પણ માલદેશને હાલના મુલતાન દેશ તરીકે ઓળખાવ્યો છે; છતાં કેટલાક એ માલદેશને હાલના માળવાના પ્રદેશ તરીકે ઓળખાવે છે; પરંતુ અમે આ દ્વિતીય મતને સંમત થઇ શકતા નથી.

અલેકઝાંડરને કિલ્લામાંથી ઉંચકીને છાવણીમાં લઇ જવામાં આવ્યો. તેની શોચનીય સ્થિતિ જોઇને સર્વે ચિંતાતુર થયા. અસ્ત્રવૈદ્ય પણ એ ગંભીર આઘાતમાંથી તીર ખેંચી કાઢવાનું સાહસ કરી શકયો નહિ. અલેકઝાંડરે એ વાત જાણી જઇને સંકેતથી તીર ખેંચી કાઢવાની વૈદ્યને આજ્ઞા કરી. વૈદ્યે અલેકઝાંડરની આજ્ઞાનુસાર તીર મહામુશિબતે ઘણીજ ચતુરાઇથી બ્હાર ખેંચી કાઢ્યું, પરંતુ તેમ થવાની સાથેજ ઘામાંથી ઘણું લોહી વહી જવા લાગ્યું. અલેકઝાંડરને આથી મૂર્છા આવી ગઇ. આ મૂર્છા દીર્ઘ કાળ સુધી રહેલી હોવાથી ઘણાખરા તો અલેકઝાંડરનો જીવ ચાલ્યો ગયો હશે એમ વિચારતા હતા.

અલેકઝાંડરની આવી સ્થિતિના સમાચાર તેના મરણના સમાચાર તરીકે ચંદ્રભાગા નદીના તટ ઉપરની છાવણી સુધી જઇ પહોંચ્યા. આ સમાચાર જાણતાંજ સર્વે સૈનિકો ચિંતાતુર બની ગયા. હવે કયો માણસ પોતાનો અધીશ્વર થશે? કોણ પોતાને આ દુઃખના દાવાનળમાંથી બચાવીને સ્વદેશમાં લઈ જશે? એ સંબંધી, તેઓ ઘણા ફિકર કરવા લાગ્યા. અલેકઝાંડર જીવતો છે, એવો તેની સહીનો પત્ર તેમને પહોંચાડવામાં આવ્યો; પરંતુ તેમણે તે ઉપર વિશ્વાસ મૂકયો નહિ. તેમને એમ લાગ્યું કે, સરદારો સત્ય હકીકતને છુપાવી રાખી અસત્ય હકીકત જણાવવાનો યત્ન કરે છે.

અલેકઝાંડરને થયેલા ઘામાંથી લોહી વહેતું અટકાવવાનું કામ રાજવૈદ્યથી થઇ શકયું નહિ. છેવટે લોહી પોતાની મેળેજ વહેતું બંધ થઇ ગયું, અને ઘા રૂઝાવા લાગ્યો. કેટલાક દિવસ પછી અલેકઝાંડરના શરીરમાં કાંઇક શક્તિ આવતાં તે નૌકામાં બેસી રાવી નદી પસાર

કરીને ચંદ્રભાગાના તટ ઉપરની પોતાની છાવણી તરફ ચાલી નીકળ્યો. અલેકઝાંડરની નૌકા છાવણીની પાસે જઇ પહોંચી તો પણ છાવણીમાંના સૈનિકોનો સંદેહ દૂર થયો નહિ. તેમને તો એમજ લાગ્યું કે, નૌકામાં અલેકઝાંડરનો મૃત દેહ લાવવામાં આવે છે; પરંતુ જ્યારે નૌકા છાવણીની નિકટ જઇ પહોંચી અને અલેકઝાંડરે હાથ ઉંચો કરીને સર્વના નમસ્કારને સ્વીકાર્યા ત્યારે સર્વ સૈનિકોના આનંદની સીમા રહી નહિ. પછીથી અલેકઝાંડર કિનારે ઉતરી, ઘોડેસ્વાર થઇને પોતાને માટે સુસજ્જિત રાખવામાં આવેલા તંબુ તરફ જવા લાગ્યો, ત્યારે તો તેના ઘણાખરા સૈનિકો આનંદથી અધીરા બની જઇને વાદ્યયંત્રો વગાડવા લાગ્યા, નાચવા તેમજ કૂદવા લાગ્યા; કોઇ અલેકઝાંડરને વારંવાર પ્રણામ કરવા લાગ્યા તો કોઇ તેનાં વસ્ત્રોથી પોતાનાં આનંદાશ્રુ સાફ કરવા લાગ્યા. અલેકઝાંડરના આ અતિ સાહસિક કાર્યને માટે તેના કેટલાક પ્રેમપાત્ર સરદારો ઘણો શોક દર્શાવવા લાગ્યા. જો કદાચ સામાન્ય સૈનિકની માફક તેનું મૃત્યુ નીપજ્યું હોત તો સમસ્ત સૈન્યની કેવી દુર્દશા થાત, તેની કલ્પના કરતાં પણ શરીર ધ્રૂજી ઉઠે છે, અને મસ્તક ભ્રમિત થઈ જાય છે. ભવિષ્યમાં તે ફરીથી આવા સાહસમાં પ્રવેશ ન કરે એ સંબંધી તેમણે તેને વારંવાર વિનંતિ કરી. કોઈ લેખક જણાવે છે કે, અલેકઝાંડર પોતાના સરદારોની આ સમાલોચનાથી વિરક્ત થયો હતો; તો કોઈ લેખક જણાવે છે કે, તે પ્રસન્ન થયો હતો. અલેકઝાંડરના જીવનમાં ઘણે સ્થળે ઐતિહાસિકોનો આવો મતભેદ જોવામાં આવે છે. જ્યારે અલેકઝાંડરના અતિપ્રિય સરદારો તેને ફરીથી આવા ભયંકર સાહસમાં પ્રવૃત્ત નહિ થવા દેવાની વિનંતિ કરતા હતા, ત્યારે બિઓસિયા દેશના એક સૈનિકે તેને એમ કહ્યું કેઃ— "હે મહા પ્રતાપશાળી અલેકઝાંડર! **મહાન્ પુરૂષોજ મહાન્ કાર્યો કરી શકે છે.**" અલેકઝાંડર આ વચન સાંભળીને પ્રસન્ન

થયો હતો, અને તેણે એ સૈનિકને પોતાની પાસે રાખ્યો હતો.

ઘણી મહેનત કરવા છતાં પણ જો ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત ન થઇ શકે તો તેથી કાંઈ ઉદ્યોગી પુરૂષ નિંદાપાત્ર થતો નથી. જે પુરૂષ બકરીની માફક પરાજિત નહિ થતાં પુરૂષની માફક પરાજિત થાય છે, તે પરાજિત થયા છતાં પણ પ્રશંસાનેજ પામે છે. અસંખ્ય ભારતવાસીઓએ પોતાની સ્વાધીનતાનું સંરક્ષણ કરવાને માટે, સાહસિકતાથી તથા દૃઢતાથી જે આત્મોત્સર્ગ કર્યો હતો, તેનો ઇતિહાસ જગતના ઇતિહાસમાં ચિરકાળપર્યંત સુવર્ણાક્ષરે પ્રકાશતો રહેશે. પરાજય થવાથી કાંઈ નિંદાપાત્ર થઈ શકાતું નથી. પરાજય પામેલો પુરૂષ સ્વદેશપ્રેમી ન હોય, કર્ત્તવ્યવિમુખ હોય, આત્મોત્સર્ગ કરવાને માટે સંકોચાતો હોય તોજ તે નિંદાપાત્ર થઈ પડે છે. ભારતવાસીઓ પરાજિત થયા છે, પરંતુ નિંદાપાત્ર થયા નથી. વળી બીજી વાત એ છે કે, વિદેશી ગ્રંથકારોનાં વચનો ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકાતો નથી, તેમણે આપણા ભારતવર્ષ, તેમજ ભારતવાસીઓ સંબંધી અનેક કપોલકલ્પિત વાતો લખી છે, તેથી અમને એવો સંદેહ થાય છે કે, સર્વ યુદ્ધોમાં શું ભારતીય વીરોજ પરાજિત થયા હશે ?

વિદેશી ગ્રંથકારો જણાવે છે કે, માલદેશવાસીઓએ અને ઓક્સિડ્રાકાઇઓએ ફરીથી યુદ્ધ કરવાના સંકલ્પનો ત્યાગ કરીને અલેકઝાંડરની સાથે સંધિ કરી મુક્તિ મેળવી હતી. અલેકઝાંડરે તેમને દંડ તરીકે એક હજાર મુખ્ય પુરૂષોને પોતાની સેવામાં મોકલી આપવાનું જણાવ્યું હતું. એરિયાન જણાવે છે કે, આ એક હજાર પુરૂષો ઉપરાંત પાંચસો યુદ્ધરથ પણ અલેકઝાંડરને પ્રાપ્ત થયા હતા. જેમની સાથે યુદ્ધ કરતી વખતે તે મહાસંકટમાં સપડાઇ ગયો હતો, તેમની આ સમયની ઉદારતાથી એ મુગ્ધ થયો. માલવાસીઓએ જે સર્વ દ્રવ્ય ઉપહારમાં આપ્યું હતું તેની એક નોંધ કુર્ટિયસે પ્રસિદ્ધ કરી છે.

એ નોંધ ક્યાં સુધી સત્ય છે, એ સંબંધી ઘણો સંદેહ રહે છે. ત્રણસો ઘોડેસ્વાર, ૧૦૩૦ રથ, એક હજાર ભારતીય ઢાલ, એકસો ટેલા-ન્ટની કીંમતનું લોઢું, અસંખ્ય વસ્ત્રો, કેટલાક પાળેલા વિકરાળ સિંહો અને વાઘો તથા પુષ્કળ ચામડાં વગેરેનો ઉલ્લેખ કુર્ટિયસે પોતાની નોંધમાં કર્યો છે. જણાવવાની જરૂર રહેતી નથી કે, આ સર્વ દ્રવ્યાદિ પ્રાપ્ત થયા કરતાં, માલદેશવાસીઓની સાથે મિત્રતા થવાથી અલેક-ઝાંડર ઘણો ખુશી થયો હતો. આ પ્રકારને લીધે તેણે છાવણીમાં આનંદના ઉત્સવો ઉજવ્યા હતા. અલેકઝાંડર ઇરાનીઓનું અનુકરણ કરીને આમંત્રિત વ્યક્તિઓને માટે સુવર્ણજડિત આસનોનો ઉપયોગ કરતો હતો.

પુનઃ અલેકઝાંડર પોતાના સૈન્યસહ જળપ્રવાસે આગળ વધ્યો, તથા આવી રીતે ઐરાવતીના સંગમનો ત્યાગ કરીને પુનઃ ઓસિ-કિનમાં ઉપસ્થિત થયો. વર્તમાનકાળે એ સર્વ સ્થાનોમાં ઘણો ફેરફાર થઈ ગયો છે, તેથી નદીની હમણાંની ગતિ જોઈને એ કાળનાં સ્થા-નોનો નિર્ણય કરી શકાય તેમ નથી. વળી નદીની ગતિ સિવાય આપણા દેશોનાં નામ પણ વિદેશીઓએ એવી જીભથી ઉચ્ચાર્યાં છે કે તે ઉપરથી પણ કોઇ પ્રકારનો નિશ્ચય કરી શકાતો નથી.

સિંધુ નદીની સાથે જે સ્થળે ચંદ્રભાગા નદીનું મિલન થયું છે, એ સ્થાને અલેકઝાંડરે કેટલાક દિવસ સુધી વિશ્રામ લીધો હતો. આ સમય દરમ્યાન અજયરથી તેની મુલાકાત કરવાને માટે આવ્યો હતો. કાબુલ પ્રદેશનો અધિકાર જે માણસને સ્વાધીન કરવામાં આ-વ્યો હતો તેની કારકીર્દી સારી નહિ નીવડવાથી અલેકઝાંડરે એ પ્રદે-શનો અધિકાર આ પ્રસંગે અજયરથીને અર્પણ કર્યો.

પરિચ્છેદ ૧૨ મો.

પંજાબ દેશમાં થઇ અલેકઝાંડર સિંધુ પ્રદેશમાં જઇ પહોંચ્યો. આ પ્રદેશના રહેવાસીઓએ તેને રોકવાનો ઘણો શ્રમ કર્યો અને સર્વ વર્ણના લોકોએ એકત્ર થઇને તેને આકુળ-વ્યાકુળ બનાવી દીધો હતો. મહામુશિબતે ભારતીય વીરોના પંજામાંથી છૂટીને તે પલાયન કરી ગયો હતો. આથી કરીને તે બ્રાહ્મણો ઉપર ઘણો ક્રોધે ભરાયો હતો. ઘણા બ્રાહ્મણોને અલેકઝાંડરના ક્રોધાગ્નિમાં પોતાના જીવનની આહુતિ આપવી પડી હતી. પતંગોની માફક પ્રાણનો ત્યાગ કરવો પડવા છતાં; તેમાંના કોઇનો પણ આત્મા મૃત્યુના ભયથી કાયર થઇને કર્ત્તવ્યથી વિમુખ થયો નહોતો. તેમના અદ્ભુત આત્મત્યાગની વાતનું સ્મરણ કરતાં શરીર ધ્રૂજી ઉઠે છે, મૃત્યુ એ તેમને મન જાણે કે ઘણું તુચ્છ, અર્થાત્ રમકડા જેવુંજ હોય એમ જણાઇ આવે છે.

અલેકઝાંડરે ચંદ્રભાગા તથા સિંધુના સંગમ પાસે છાવણી નાખીને એ પ્રદેશના રાજ્યકર્તાઓને સ્વાધીન કરવાને માટે પોતાના મુખ્ય મુખ્ય સરદારોને સૈન્યસહ મોકલ્યા. ગ્રીક ગ્રંથકાર જણાવે છે કેઃ-પાર્દિકા ઍબસ્ટૅનોઇ (Abastanoi) નામક સ્વતંત્ર જાતિના ઉપર વિજય મેળવવાને માટે ગયો હતો. ડયુડોર્સે એ જાતિનું નામ સૅમ્બૅસ્ટાઇ (Sambastai) હોવાનો ઉલ્લેખ કર્યો છે. મહાભારતમાં જે અમ્બષ્ઠ રાજ્યની હકીકત જોવામાં આવે છે, એ રાજ્યની સાથે આ જાતિનો કાંઇ સંબંધ હતો કે કેમ તે સમજી શકાતું નથી.

ક્ષત્રઇ (Xathroi) નામક બીજી એક સ્વતંત્ર જાતિએ અલેકઝાંડરની આધીનતાનો સ્વીકાર કરીને, પોતાની બનાવેલી કેટલીક નૌકાઓ અલેકઝાંડરને અર્પણ કરી હતી. ઓસાદિઓઇ (Ossadioe) નામક બીજી એક સ્વતંત્ર જાતિએ દૂત મોકલીને અલેકઝાંડરની સત્તાને

શિરે ચઢાવી હતી; આ સંક્ષિપ્ત હકીકત ઉપરથી એ સર્વ જાતિઓએ કેવી રીતે અને શા કારણથી અલેકઝાંડરની આધીનતાને સ્વીકારી હતી તે સ્પષ્ટ જણાતું નથી.

અલેકઝાંડર હવે ચંદ્રભાગા તથા સિંધુ નદીના સંગમ–સ્થાનથી આગળ વધવા લાગ્યો. સમસ્ત હાથીઓ તથા પુષ્કળ સૈન્યની સાથે તેનો ક્રિટિરસ સરદાર સિંધુ નદીને ડાબે કાંઠે આગળ વધતો હતો. એ પ્રદેશના રહેવાસીઓએ અલેકઝાંડરની સત્તાને નહિ સ્વીકારતાં તેને અટકાવવાનો યત્ન કર્યો હતો. તેઓનો પરાજય કરવાનું કામ અલેકઝાંડરે ક્રિટિરસને સોંપ્યું હતું. અલેકઝાંડરે જળમાર્ગે આગળ વધતાં સોગડોઇ (Sogdoi) નામક રાજનગરને સ્વાધીન કર્યું. એ રાજનગરમાં તેણે નૌકાઓ તૈયાર કરવાનું એક સ્થાન નિર્માણ કર્યું; તથા પોતાની જે નૌકાઓ બગડી ગઇ હતી તે તેણે આ સ્થળે સુધરાવી. ચંદ્રભાગાના સંગમ–સ્થળથી તે સમુદ્ર સુધીના સઘળા પ્રદેશનો કાર્યભાર તેણે અજયરથી તથા પિથિયનને સોંપ્યો હતો.

જે સૈનિકો યુદ્ધક્લેશથી કંટાળી ગયા હતા તેમને અલેકઝાંડરે વિનાવિલંબે ક્રિટિરસની સાથે સ્વદેશમાં મોકલી આપ્યા. સઘળા હાથીઓને પણ તેમની સાથે સ્વદેશમાં મોકલી દીધા. ક્રિટિરસ બોલન, કંદહાર અને સિસ્તાનને રસ્તે સ્વદેશમાં ગયો હોય એમ લાગે છે.

મહાબળવાન મુષિકાનના અધીશ્વરને પોતાની સેવામાં હાજર થયેલો નહિ જોવામાં આવ્યાથી અલેકઝાંડર શંકિત થયો હતો. કદાચ ભવિષ્યમાં એવો પ્રબળ શત્રુ પોતાની ગતિને આગળ વધતી અટકાવવાનો યત્ન કરે તો ? આવી આશંકા થઇ આવવાથી યુદ્ધશાસ્ત્રમાં પ્રવીણ અલેકઝાંડરે ઘણીજ ત્વરાથી મુષિકાન લોકોના ઉપર હુમલો કર્યો. એકાએક પોતાના ઉપર હુમલો થયાથી મુષિકાનો ગભરાઇ જઇ અલેકઝાંડરને આધીન થયા; તેથી તે ઘણો પ્રસન્ન થયો હતો. આ

સ્થાનનો પરિત્યાગ કરી જતાં પહેલાં, તેણે ત્યાંના દુર્ગને સુદૃઢ કરાવીને કેટલુંક સૈન્ય એ સ્થળે રાખ્યું હતું.

એરિયાન જણાવે છે કે, મુષિકાનો ઉપર વિજય મેળવીને અલેકઝાંડર ઑક્સિકેનસ (Oxy kanos) ની વિરૂદ્ધ ચાલી નીકળ્યો. ઑક્સિકેનોએ તેને સન્માન ન આપવાથીજ તે તેમની તરફ જઇ પહોંચ્યો હતો. ઉભય પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થયું હતું. જેને પરિણામે બે નગરો તેણે જીત્યાં હતાં. એમાંના બીજા નગરનું સંરક્ષણ કરવાને માટે મુશિકાનોએ ઘણો સમય ટક્કર ઝીલી હતી, પરંતુ છેવટે તેઓ અલેકઝાંડરના કેદી થઇ પડયા હતા. આ નગરોને લૂંટવાથી પ્રાપ્ત થયેલા દ્રવ્યાદિમાંથી અલેકઝાંડરે હાથીઓ સિવાય બીજી સર્વ વસ્તુઓ પોતાના સૈનિકોમાં વહેંચી દીધી હતી.

કુર્ટિયસ જણાવે છે કે અલેકઝાંડર મુષિકાનોનો પરાજય કરીને પ્રૅયસ્ટિ નામક જાતિને જીતવાને ચાલ્યો. એ જાતિનો રાજા પોર્ટિકેનસ પોતાનું રક્ષણ કરવાને એક સુદૃઢ નગરમાં જઇ રહ્યો. અલેકઝાંડરે ત્રણ દિવસ સુધી તેના નગરને ઘેરો ઘાલ્યો તો પણ તે નગરને તે જીતી શકયો નહિ. છેવટે જ્યારે તે નગરનો બચાવ થઇ શકે તેમ રહ્યું નહિ ત્યારે નગરવાસીઓએ દુર્ગમાં ભરાઇ જઇને પુનઃ યુદ્ધ કરવા માંડયું. દુર્ગવાસીઓએ સંધિ કરવાનો યત્ન કર્યો પરંતુ તે નિષ્ફળ ગયો. યુદ્ધ ચાલુ હતું તેમાં એકાએક કિલ્લા ઉપરનો બુરજ તૂટી પડયો. મેસિડોનિયનો ઉન્મત્ત બની જઇને એ સ્થાનેથી અંદર પ્રવેશ કરીને ભારતીય વીરો સાથે ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. આ દારૂણ સંગ્રામમાં મહાવીર પૉર્ટિકેનસે સ્વદેશની કીર્તિનું રક્ષણ કરવાને માટે રણભૂમિમાં યુદ્ધ કરતાં કરતાં દેવલોકમાં ગમન કર્યું.

ઉપલા યુદ્ધમાં જીવતાં પકડાયલાં બાળક, બાળિકા, સ્ત્રી તેમજ વૃદ્ધો ગુલામ તરીકે વેચાયાં હતાં. અલેકઝાંડરે એ સિવાય બીજા

પણ અનેક ભારતીય નગરો અગ્નિથી બાળી ભસ્મ કરી નાખ્યાં હતાં, પોતાનાં અસ્ત્ર-શસ્ત્રોનો ઉપયોગ કરીને જમીનદોસ્ત કરી નાખ્યાં હતાં.

અલેકઝાંડર આ પ્રમાણે આવાં પૈશાચિક કાર્યો કરીને વિજયી થતો હતો તે સમયે મુષિકાનના રાજાએ નહિ જેવી આધીનતાના બંધનને પણ તોડી નાખીને તેની વિરૂદ્ધ અસ્ત્ર-શસ્ત્ર ધારણ કર્યાં. ગ્રીક ગ્રંથકારો જણાવે છે કે, મુષિકાનનો રાજા, કૌપીનધારી બ્રાહ્મણોની ઉત્તેજનાથી પાર્થિવ સુખની વાતને ભૂલી જઇને, સ્વર્ગીય કીર્ત્તિનું રક્ષણ કરવાને માટે પ્રચંડ પરાક્રમથી યુદ્ધભૂમિમાં ઉતરી પડયો. પૃથ્વીના ઇતિહાસમાં સ્વાધીનતાનું સંરક્ષણ કરવાને માટે આવું અદ્ભૂત યુદ્ધ બીજા કોઇ દેશમાં થયું હતું કે કેમ ? તે અમે જાણતા નથી. યુદ્ધક્લેશને સહન નહિ કરી શકે એવા રાજાઓ અલેકઝાંડરને શરણે ગયા, તો પણ સ્વદેશ ભક્ત બ્રાહ્મણોએ સર્વ સાધારણ પ્રજાજનોને એકત્ર કરીને જે સાહસિકતા, ક્લેશસહિષ્ણુતા, નિઃસ્વાર્થતા વગેરેનો પરિચય કરાવ્યો છે, એવો પરિચય કોઇ પણ જાતિએ પૃથ્વીના ઇતિહાસમાં કરાવ્યો હોય એમ જણાતું નથી. બ્રાહ્મણો ગામે ગામ, નગરે નગર જઈ પહોંચીને સઘળા પ્રજાજનોને સ્વદેશના ગૌરવનું સંરક્ષણ કરવા માટે ઉત્તેજિત કરતા હતા. બ્રાહ્મણોના ઉદાહરણથી આકર્ષાઇને ક્ષત્રિય, વૈસ્ય તથા શૂદ્ર સર્વે એકત્ર થઇને વિદેશી શત્રુઓને વ્યાકુળ કરી દેતા હતા. અનેક ભારતવાસીઓએ સ્વદેશની કીર્ત્તિનું સંરક્ષણ કરવાને માટે યુદ્ધયજ્ઞમાં પોતાના પ્રાણની આહુતિ આપવા છતાં તેમના મુખમંડળ ઉપર મૃત્યુના ભયનું એક પણ ચિહ્ન દષ્ટિગોચર થયું નહોતું.

આવી રીતે અલેકઝાંડરને અનેક પ્રકારનાં સંકટો સહન કરવાં પડયાં પણ તેથી તે ગભરાઇ ગયો નહિ. તેણે સામ્બો (Sambo) રાજ્ય ઉપર હુમલો કર્યો. સામ્બોનો રાજા પોતાના કુટુંબીઓનું સંર-

ક્ષણ કરવાને માટે અલેકઝાંડરને શરણે ગયો, અને શત્રુને નગરમાં આવવા દેવાને માટે તેણે નગરનો દરવાજો ઉઘાડો રખાવ્યો; પરંતુ પ્રજાજનોએ અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જિત થઇને નગરનું રક્ષણ કરવાનો યથાશક્તિ યત્ન કર્યો હતો.

જ્યારે અલેકઝાંડર આ સુદૃઢ નગરને જીતવાને અસમર્થ થયો ત્યારે તેણે એક સુરંગ ખોદાવી; તથા એ સુરંગમાં થઇને તે પોતાના સૈન્યસહ નગરમાં ઉપસ્થિત થયો. ગ્રીક ગ્રંથકારો જણાવે છે કે અલેકઝાંડરની આવી ચતુરાઇથી ભારતવાસીઓ ઘણું આશ્ચર્ય પામ્યા હતા. અલેકઝાંડરે યુદ્ધમાં ઉતરવાથી વિપરીત પરિણામ આવશે એવા ભયને લીધે આવી રીતે ભારતવાસીઓને છેતરીને નગર ઉપર વિજય મેળવ્યો હતો.

પોતાના ઉપર આવી પડનારાં સર્વ સંકટોનું મૂળ ભારતીય બ્રાહ્મણો છે; એવો નિશ્ચય થવાથી અલેકઝાંડર તેમના ઉપર ઘણો ગુસ્સે ભરાયો હતો. કોઇનું એમ કહેવું છે કે, અલેકઝાંડરે ૮૦ હજાર બ્રાહ્મણોને મારી નાખ્યા હતા, તથા અસંખ્ય બ્રાહ્મણોને ગુલામ તરીકે વેચ્યા હતા.

પ્લુટાર્ક જણાવે છે કે, સામ્બો દેશની સ્વતંત્રતાના રક્ષણને માટે જે સર્વ બ્રાહ્મણો મેસિડોનિયનોની વિરૂદ્ધ જન સાધારણને ઉત્તેજિત કરતા હતા તેઓમાં દશ બાર મુખ્ય બ્રાહ્મણો કેદ પકડાઇને અલેકઝાંડર આગળ હાજર થયા હતા. જે બ્રાહ્મણો શાસ્ત્રચર્ચામાં પોતાનું જીવન પસાર કરતા હતા, અને જેઓએ સ્વદેશના સંરક્ષણને માટે અસ્ત્ર-શસ્ત્રો ધારણ કર્યાં હતાં, એ બ્રાહ્મણોને વિચિત્ર સ્વભાવના અલેકઝાંડરે પોતાની પાસે હાજર થયેલા જોઇને કેટલાક પ્રશ્નો પૂછીને તેમનો પરાજય કરવાનો નિશ્ચય કર્યો. તેણે એ બ્રાહ્મણોને કહ્યું કે, જે બ્રાહ્મણ તેના પ્રશ્નનો વાસ્તવિક ઉત્તર નહિ આપે તેને તે મારી નાખશે.

અલેકઝાંડરે પહેલા બ્રાહ્મણને પૂછ્યું:—"જગતમાં મૃત્યુ પામેલા મનુષ્યોની સંખ્યા વધારે છે કે જીવતા મનુષ્યોની?" બ્રાહ્મણે મરણની ચિંતા રાખ્યા સિવાય ઉત્તર આપ્યો કે:–"જીવતા મનુષ્યોની; કારણ કે મૃત્યુ પામેલાઓ તો હવે આ લોકમાં છેજ નહિ!"

બીજાને પ્રશ્ન પૂછયો:—"સર્વથી મોટામાં મોટું પ્રાણી જળમાં રહે છે કે જમીન ઉપર?" ઉત્તર મળ્યો કે:–"જમીન ઉપર; કારણ કે જળ તો જમીનનો એક ભાગજ છે."

ત્રીજાને પ્રશ્ન કર્યો:—"સર્વથી વિશેષ સુચતુર કોણ છે?" ઉત્તર મળ્યો કે:—"જેની સાથે હજી સુધી મનુષ્યને ઓળખાણ નથી થઇ તે."

ચોથાને પ્રશ્ન કર્યો:—"શા માટે તમે સામ્બોના લોકોને યુદ્ધ કરવાને માટે ઉત્તેજિત કર્યા હતા?" પ્રત્યુત્તર મળ્યો કે:–"તેઓ મર્યાદા સાચવીને જીવતા રહે યા તો મર્યાદા સાચવીને મરી જાય તે માટે."

પાંચમાને પ્રશ્ન કર્યો:—"દિવસ મોટો કે રાત્રિ?" બ્રાહ્મણે પ્રત્યુત્તર આપ્યો કે:–"દિવસ."

છઠ્ઠાને પૂછયું કે:—"પોતાના ઉપર સર્વ હેત રાખે એવી જેની ઇચ્છા હોય તેણે કેવી રીતે વર્તવું?" ઉત્તર મળ્યો કે:–"એવા માણસે પોતાના અધિકારની દોરીને ઘણી ઢીલી રાખવી, કે જેથી કોઇ પણ તેનાથી ભય પામે નહિ."

સાતમાને પૂછયું:—"માણસ દેવ કેવી રીતે થઇ શકે?" ઉત્તર મળ્યો કે:–"જે કાર્ય મનુષ્યને અસાધ્ય દેખાય તે કરવાનો તેણે યત્ન કરવો."

આઠમાને પ્રશ્ન કર્યો:—"જીવ અને મરણ એ બન્નેમાંથી બળવાન કોણ?" ઉત્તર મળ્યો કે:–"જીવ, કારણ કે તે મૃત્યુ કરતાં વિશેષ દુઃખ સહન કરે છે. મૃત્યુથી એક પણ સંકટ સહન કરી શકાતું નથી."

નવમાને પૂછયું:—" મનુષ્યે ક્યાં સુધી જીવવું ? " ઉત્તર મળ્યો કે:—" મરવા કરતાં જીવવું સારૂં લાગે ત્યાં સુધી. "

અલેકઝાંડરે પ્રથમથીજ જે દશ માણુસોને ઉપર્યુક્ત પ્રશ્નોના ઉત્તરો ખરા છે કે ખોટા તેનો નિર્ણય કરવાને માટે નીમ્યા હતા, તેમને પૂછતાં " દરેકનો ઉત્તર ખોટો છે, " એવો અભિપ્રાય મળ્યો. પ્રથમ તો અલેકઝાંડરે તેમને મારી નાખવાનો વિચાર દર્શાવ્યો, પરંતુ કેટલાક વિચારોને અંતે તે એ સર્વ પવિત્ર બ્રાહ્મણોના ઉપર પ્રસન્ન થયો, તથા તેણે તેમને મ્હોટી બક્ષિસો આપીને વિદાય કર્યા.

ગ્રીક ગ્રંથકાર જણાવે છે કે, મુષિકાનના અધીશ્વરે સ્વદેશભક્ત બ્રાહ્મણોની ઉશ્કેરણીથી ઉશ્કેરાઇ જઇને, સ્વદેશના સન્માનનું સંરક્ષણ કરવાને માટે પ્રચંડ પરાક્રમથી યુદ્ધ કર્યું હતું. અલેકઝાંડરે પોતાના પિથોન નામક સરદારને કેટલુંક સૈન્ય સ્વાધીન કરીને તેની સ્હામે મોકલ્યો. ઉભય પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. ઉભય પક્ષવાળાઓ એક બીજાનો પરાજય કરવાને માટે પોતાની સઘળી શક્તિનો પરિચય કરાવવા લાગ્યા. પરિણામે પિથોન સરદાર મુષિકાનના રાજા તથા બીજા અનેક બ્રાહ્મણોને હસ્તગત કરી શક્યો હતો. જ્યારે એ સરદારે તેમને સર્વેને અલેકઝાંડર આગળ હાજર કર્યા, ત્યારે અલેકઝાંડરના ક્રોધાગ્નિમાં તેમને પોતાના જીવનની આહુતિ આપવી પડી હતી.

અલેકઝાંડર મુષિકાનોના રાજ્યનો ત્યાગ કરી દક્ષિણ તરફ આગળ વધતો હતો એવામાં પાતાલદેશના નૃપતિની (Moeres) તરફથી એક દૂતે આવીને આધીનતા સ્વીકારવાના સમાચાર સંભળાવ્યા. અલેકઝાંડરે દૂતને ઘણું સન્માન આપી, પોતાની મુસાફરીમાં સહાયતા કરવાનું જણાવી તેને પાછો રવાના કરી દીધો.

પાઠકો જાણે છેજ કે, અત્યાર પૂર્વે અલેકઝાંડરે પોતાના ક્રિટિરસ નામના સેનાપતિને, આપણા દેશમાંથી મળી આવેલા સમસ્ત

દ્રવ્ય સહિત તથા કેટલાક નિરૂપયોગી સૈન્ય સહિત સ્વદેશ તરફ મોકલી દીધો હતો. મુષિકાનોનો ઉત્પાત વધી પડવાથી અત્યાર સુધી અલેકઝાંડર પોતાની ઇચ્છાને કાર્યના સ્વરૂપમાં મૂકી શક્યો નહોતો. મુષિકાનોની પ્રબળતા જોઇને અલેકઝાંડરે ક્રિટિરસને સર્વ સમાચાર પહોંચાડી પોતાની સહાયતા માટે પાછો બોલાવી લીધો. જ્યારે ક્રિટિરસ સમસ્ત સૈન્યસહ અલેકઝાંડરની મદદે આવી પહોંચ્યો ત્યારેજ તે મુષિકાનોના હાથમાંથી મુક્તિ મેળવી શક્યો હતો. અલેકઝાંડર આવી રીતે મુક્તિ પામ્યો, એટલે તરતજ તેણે ભારતવર્ષમાંથી લૂંટી લીધેલું દ્રવ્ય સ્વદેશમાં મોકલી દીધું; કારણકે એ દ્રવ્ય કદાચ રખેને પાછું ભારતીય વીરો ઝુંટાવી લે ! એવી તેને આશંકા થયા કરતી હતી.

અલેકઝાંડર પુનઃ આગળ વધવા લાગ્યો. વળી પાછા કદાચ હિંદુઓ હુમલો કરીને અડચણ કરે એવી આશંકાથી તે સિંધુ સરિતાના બન્ને કિનારા ઉપર થઇને પૂર્વ પ્રમાણે આગળ વધવા લાગ્યો. આત્મરક્ષણને માટે મદદકર્ત્તા થઇ પડે એવાં જે કેટલાંક સ્થાનો રસ્તે આવેલાં હતાં ત્યાં અલેકઝાંડરે થોડું થોડું સૈન્ય રાખ્યું, તથા જ્યારે તે નિર્વિઘ્ને પાતાળ (Patal) પ્રદેશ સુધી જઈ પહોંચ્યો ત્યારે જ પાછળ રહેલું સમસ્ત સૈન્ય તેને આવી મળ્યું હતું. ગ્રીક ગ્રંથોમાં આ સર્વ પ્રદેશોની હકીકત એટલી બધી ટુંકમાં કહેવામાં આવી છે કે, એ પ્રદેશોમાં અલેકઝાંડર કેવી સ્થિતિમાં હતો તે બરાબર સમજી શકાતું નથી.

પ્રાચીન પાતાળ પ્રદેશ ક્યાં આવ્યો હતો, તેનો હમણાં નિર્ણય થઈ શકે તેમ નથી. અનેકની ધારણા એવી છે કે, પ્રાચીન બ્રાહ્મણાબાદમાં અથવા તો તેની આસપાસના પ્રદેશમાં પ્રાચીન પાતાળ પ્રદેશ આવેલો હોવો જોઇએ. હમણાંના મનસુરિયા નગરની પશ્ચિમે ત્રણ ગાઉ ઉપર બ્રાહ્મણાબાદનાં ભાંગ્યા–તૂટયાં ચિહ્નો હજી સુધી નજરે પડે છે. યૂરોપીય ઇતિહાસનાં, વીતી ગયેલા યુગનાં, અનેક ચિહ્નો અદ્યાપિ

આ સ્થાનની જમીનમાં સમાઈ રહેલાં છે, એવી અનેકની ધારણા છે.

અલેકઝાંડર ત્રણ દિવસ સુધી જળપ્રવાસ કરીને પાતાળ જઈ પહોંચ્યો. તેણે વિચાર્યું હતું કે, આ પ્રદેશના રહેવાસીઓ પોતાને ઘણું સન્માન આપશે, પરંતુ તેને ગામ તથા નગર મનુષ્યો વિનાનાં જણાયાં. ખેતરો અને બાગ બગીચાઓ ઘણા સુશોભિત હોવા છતાં તેમાં કોઈ પણ માણસ દેખાયું નહિ. અનેક રમણીય ગૃહો સુસજ્જિત હોવા છતાં વસ્તીને અભાવે તે માયાનગર જેવાં જણાવા લાગ્યાં. એરિયાન જણાવે છે કે, અલેકઝાંડરે પાતાળ દેશની આવી સ્થિતિ જોઇને કેટલુંક સૈન્ય મોકલીને આસપાસમાંથી એ પ્રદેશના રહેવાસીઓને શોધી કઢાવ્યા, અને તેમને અભયવચન આપીને તેમને નિવાસ-સ્થાને પાછા ફરવાનું સૂચવ્યું. આ અભયસૂચનથી અનેક માણસો પોતપોતાનાં નગરમાં જઇને વસ્યાં હતાં. એરિયાન વળી એક સ્થળે એમ પણ જણાવે છે કે, અલેકઝાંડરને આ પાતાળ દેશના જળમાર્ગની ખબર નહિ હોવાથી, તેણે એ દેશના કેટલાક માણસોને રસ્તાના ભોમિઆ તરીકે સાથે લઈ લેવાને માટે પોતાના કેટલાક સૈનિકોને તેમને પકડી લાવવા માટે મોકલ્યા હતા.

અલેકઝાંડરે પાતાળની ભૂમિને યુદ્ધ માટે વિશેષ અનુકૂળ થઈ પડે એવી જોઇને ત્યાં આગળ એક સુદૃઢ બંદર બંધાવ્યું અને એ પ્રદેશમાં જળનો અભાવ જોઇને કેટલાક માણસોને થોડે થોડે અંતરે કૂવાઓ ખોદવા માટે મોકલ્યા, પરંતુ પાતાળ પ્રદેશના રહેવાસીઓના હુમલાથી તેઓનો નાશ થવાથી અલેકઝાંડરે બીજાં વધારે માણસોને મોકલીને પોતાનો હેતુ પાર પાડયો. આ દેશના રહેવાસીઓ શત્રુઓને વિશેષ અડચણ કરી શક્યા હોય એમ લાગતું નથી. તેમણે મરૂ-ભૂમિમાં આશ્રય મેળવીને પોતાનું રક્ષણ કર્યું હતું.

પાતાળ પાસે થઇને સિંધુ બે ભાગમાં જૂદી પડીને સમુદ્ર

તરફ વહે છે. અલેકઝાંડર સિંધુ નદીની ગતિ તથા તે ક્યાં આગળ સમુદ્રને મળે છે, તે નિહાળવાને માટે દક્ષિણ પ્રવાહનું અવલંબન કરીને નૌકા સૈન્ય લઈ આગળ વધ્યો. લિઓનેટસ સરદારને કેટલાક સૈન્ય સાથે કિનારે કિનારે આ નૌકા સૈન્યની પાછળ પાછળ આવવાની આજ્ઞા થઇ. અલેકઝાંડર જળમાર્ગનો જાણીતો નહિ હોવાથી તથા સિંધુ નદીના કિનારાના પ્રદેશના રહેવાસીઓ તેના આવવા પહેલાં પલાયન કરી ગયેલા હોવાથી તેની મુશ્કેલીનો પાર રહ્યો નહોતો. તે નીકળ્યો તેને બીજેજ દિવસે ભયંકર વૃષ્ટિ થવાથી તેની કેટલીક નૌકાઓ ભાંગી ગઇ હતી. આવા સંકટ પ્રસંગે વળી બીજો પણ એક અણધાર્યો બનાવ બનેલો જોઇને મેસિડોનિયનોના આશ્ચર્યની સીમા રહી નહોતી. સમુદ્રજળનો ભરતી ઓટ ભૂમધ્ય સાગરમાં માલૂમ પડી આવતો નહિ હોવાથી મેસિડોનિયનો ભરતીઓટની બાબતથી તદ્દન અજ્ઞાત હતા. તેથી સિંધુ સરિતામાં પ્રબળ ભરતી આવવાથી અલેકઝાંડરનું સમસ્ત સૈન્ય ગભરાઇ ગયું હતું. કેટલીક નૌકાઓ એક બીજીની સાથે અથડાઇને ભાંગી ગઇ હતી. આવા પ્રસંગે અલેકઝાંડરને એક બેટ માલૂમ પડી આવવાથી તેણે પોતાના સૈન્યસહ તે બેટ ઉપર આશ્રય મેળવ્યો અને કોઇ પણ પ્રકારની અડચણ વેઠયા સિવાય સ્વદેશમાં જઇ શકાય એ હેતુથી તેણે ત્યાં અનેક દેવ દેવીઓની પૂજા કરી.

સમુદ્રની પાસે આવેલા ઘણાખરા પ્રદેશનું અવલોકન કરીને અલેકઝાંડર ફરીથી પાતાળ જઇ પહોંચ્યો, અને પછીથી પિથોન વગેરે સરદારોની સાથે તે સિંધુ સરિતાના જમણી બાજુના પ્રવાહ તરફ આગળ વધ્યો. એરિયાન જણાવે છે કે પ્રથમના કરતાં આ જળમાર્ગ ઘણો સુગમ હતો. સિંધુ સંગમ આગળ જઇ પહોંચ્યા પછી અલેકઝાંડરે લિઓનેટસને સમુદ્રના કિનારેથી આગળ વધવાની આજ્ઞા કરી તથા પોતે જળમાર્ગે આગળ વધવા લાગ્યો. આ માર્ગની

સુગમતા જોઇને અલેકઝાંડર ઘણો સંતુષ્ટ થયો હતો. લિઓનેટસ જમીનમાર્ગે આગળ વધીને મેસિડોનિયન સૈનિકોને માટે ઉત્તમ પ્રકારના જળનો અભાવ રહે નહિ એ હેતુથી કૂવાઓ ખોદાવતો હતો. એરિયાને દર્શાવેલી આ હકીકત સાચી છે કે કેમ એ સંબંધી ઘણો સંદેહ થઇ આવે છે. એ સમયે વર્ષાઋતુના દિવસોમાં એ પ્રદેશની જમીન એટલી બધી કાદવ કીચ્ચડવાળી રહેતી હતી કે, એ જમીન ઉપર ઘોડેસ્વાર થઇને તો શું પરંતુ પગે ચાલીને આગળ વધવાનું પણ સર્વથા અસંભવ હતું; વળી એ સર્વ પ્રદેશમાં વિદેશીઓએ કૂવાઓ ખોદાવ્યા હતા એ હકીકત ઉપર પણ વિશ્વાસ મૂકી શકાતો નથી; કારણ કે એ પ્રદેશ એટલો બધો નીચાણમાં હતો કે સમુદ્રમાં ભરતી આવતાંજ એ પ્રદેશની સઘળી જમીન પાણીમાં ડૂબી જતી હતી. કેટલાંક વર્ષો પૂર્વે એ પ્રદેશમાં મોહું તૈયાર કરવાની મહેનત કરવામાં આવી હતી. એવા સ્થળેથી મીઠા પાણીનું એક પણ બિંદુ મળવું એ કેટલું અસંભવિત છે તેની કલ્પના સુજ્ઞ પાઠકો સહેલાઇથી કરી શકશે. સૈનિકોને પીવાને માટે ઘણે દૂરથી જળ મંગાવવામાં આવતું હતું. આવી રીતે વિદેશી ગ્રંથકારોએ કેટલી અસત્ય કથાઓનો ઉલ્લેખ કરીને પોતાના સ્વદેશવાસીઓના ગૌરવની વૃદ્ધિ કરવાનો યત્ન કર્યો છે, તેનો નિર્ણય કરી શકાય તેમ નથી.

દરિયા કિનારે કેટલાક માસ પસાર કર્યા પછી અલેકઝાંડરે પોતાના સૈન્યના બે વિભાગ કરી નાખ્યા. તેમાંનો એક વિભાગ તેણે પોતાની સાથે પગરસ્તે લઇ જવાની, અને બીજો વિભાગ ન્યુર્યોકર્સની સરદારી નીચે ઇરાની અખાતમાં થઇને પોતાને આવી મળે, એવી યોજના કરી. ન્યુર્યોકર્સ સમુદ્રના રસ્તાથી અજાણ્યો હતો; તોપણ તેણે અલેકઝાંડરની યોજનાને વધાવી લીધી, તેથી અલેકઝાંડરે તેના ઉપર પ્રસન્ન થઇને તેને ઘણી ભારે બક્ષિસ આપીને પ્રસન્ન કર્યો.

ન્યુર્યોકર્સ જાતનો મેસિડોનિયન નહોતો; પરંતુ તે અલેકઝાંડરનો બાળમિત્ર હોવાથી તેઓ બન્નેનો એકબીજાના ઉપર ઘણો સ્નેહ હતો. ન્યુર્યોકર્સને ઋતુ બદલાય એટલે જળમાર્ગે પ્રવાસ કરવાનો હતો તેથી તેની પાસેથી વિદાય લઇને અલેકઝાંડર પોતાની સાથેના સૈન્યસહ પગરસ્તે ઇરાન તરફ ચાલ્યો ગયો.

ઋતુ બદલાતાં ન્યુર્યોકર્સે પણ જળમાર્ગે આગળ વધવા માંડયું. ન્યુર્યોકર્સ તથા તેના સૈન્યને ભારતીય નાવિકોજ તેમના સ્વદેશ તરફ પહોંચાડી આવ્યા હતા; પરંતુ આ સંબંધી વિદેશી ગ્રંથકારે એક પણ અક્ષર લખ્યો નથી! અલેકઝાંડરના મૃત્યુ પછી લગભગ સો વર્ષ પછી એક ગ્રીક લેખક (Agatharchides) જણાવે છે કે, આરબોનાં સઘળાં બંદરોએથી એશિયાનાં જેટલાં વહાણો વ્યાપારને માટે આવતાં હતાં તેઓમાંનાં ઘણાંખરાં અલેકઝાંડરે સ્થાપેલા પોટાના (Potana) નામક બંદરેથીજ આવતાં હતાં. આ વાકયમાં થોડો ઘણો ભ્રમ થયેલો જોવામાં આવે છે; કારણ કે એ પોટાના આપણા પાતાળ સિવાય બીજું કોઇ સ્થાન હોવું જોઇએ નહિ. તે તરફનો સમુદ્રમાર્ગ આપણા ભારતીય નાવિકોથી જાણીતો હતો. વિદેશી શત્રુઓ કદાપિ અજાણ્યા માર્ગે જઇને અજાણ્યા પ્રદેશમાં પ્રવેશ કરતા નહિ. આ ઉપરથી માલૂમ પડી આવે છે કે, ન્યુર્યોકર્સ આપણા દેશના નાવિકોની સહાયતાથીજ સ્વદેશ તરફ જઈ શકયો હતો.

અલેકઝાંડર સ્વદેશ તરફ જતો હતો તે સમયે તેને દ્રવ્યની કેટલી બધી તંગી પડી હતી એ નીચે દર્શાવેલી ઘટના ઉપરથી સમજી શકાય છે. આ વાત પ્રસિદ્ધિમાં મૂકવાથી અલેકઝાંડરના ગૌરવને હાનિ પહોંચશે એમ વિચારીને માત્ર પ્લુટાર્ક સિવાય કોઇ પણ વિદેશી ગ્રંથકારે આ સંબંધી સહજ પણ ઉલ્લેખ કર્યો નથી. અલેકઝાંડરે આ પ્રસંગે પોતાના સહચરો પાસેથી થોડું થોડું દ્રવ્ય લીધું હતું.

સેક્રેટરી યુમિનોસની પાસેથી તેણે ત્રણસો ટોલાન્ટની માગણી કરી હતી; પરંતુ પોતાની પાસે એટલી બધી રકમ નથી એમ જણાવીને તે સો ટોલાન્ટ આપવાને કબૂલ થયો હતો. અલેકઝાંડરે તેની પાસેથી સો ટોલાન્ટ લીધા નહિ; કારણ કે તેને એમ લાગ્યું હતું કે, યુમિનોસ તેની આગળ જૂઠું બોલે છે. વળી અલેકઝાંડર ઘણો ક્રોધી હતો, તેથી તેણે પોતાના કેટલાક વિશ્વાસપાત્ર નોકરો મારફત એક દિવસે રાત્રે યુમિનોસનો તંબુ અગ્નિથી સળગાવી દીધો. જોતજોતાંમાં યુમિનોસનો તંબુ ભસ્મીભૂત થઇ ગયો. અલેકઝાંડરના જે કાગળ પત્રો હતા તે સઘળા યુમિનોસના તંબુમાં હોવાથી બળી ગયા. તંબુ બળીને ખાખ થઈ ગયો ત્યારે એક હજાર ટોલાન્ટની કીંમતનું સોનું–રૂપું, ગળી ગયેલું અલેકઝાંડરની નજરે પડયું.

અલેકઝાંડરે વિતસ્તાના તટ ઉપર, પોતાના વિજયક્ષેત્રમાં જે નગર સ્થાપન કર્યું હતું એ સ્થાનથી પાતાળ સુધી આવી પહોંચતાં દશ માસનો સમય પસાર થઇ ગયો હતો, એમ એરિસ્ટોબોલસ જણાવે છે. જો કોઇ પણ પ્રકારની હરકત નડે નહિ તો આ પ્રવાસ માત્ર ૧૫ થી ૨૦ દિવસ સુધીમાં કરી શકાય તેમ છે. આ માત્ર ૧૫ થી ૨૦ દિવસ સુધીનો માર્ગ પસાર કરવામાં અલેકઝાંડર જેવા પુરૂષને દશ માસ લાગ્યા હતા. આ દશ માસમાં તેની દુર્દશાની સીમા રહી નહોતી. આ દશ માસમાં ભારતવાસી, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રોના ભુજબળની ભયંકરતાનો અલેકઝાંડરને તથા તેના સૈનિકોને સારો પરિચય પ્રાપ્ત થયો હતો. આ દશ માસ સુધી દુઃખ સહન કર્યા પછી કોઇ પણ પ્રકારનું સુફળ ઉત્પન્ન થયું હતું કે કેમ? તે અમે જાણતા નથી; પરંતુ તેમણે ભારતવર્ષમાંથી લૂંટમાં મેળવેલું સઘળું દ્રવ્ય ઉડી ગયું હતું, એ તો અમે સારી રીતે જાણીએ છીએ. અલેકઝાંડર કાર્તિકમાસમાં વિતસ્તાના તટ આગળથી નીકળીને શ્રાવણ માસમાં

પાતાળ આવી પહોંચ્યો હતો. સિંધુ પ્રદેશના સખ્ત તાપે વિદેશીઓને ભારતવાસીઓનાં મર્મભેદક તીક્ષ્ણ બાણો કરતાં પણ વિશેષ દુઃખી કર્યા હતા એમાં સંદેહ નથી.

અલેકઝાંડરે પાતાળ પ્રદેશમાં અઢી માસ સુધી છાવણી રાખીને આશ્વિન માસ પૂર્ણ થવા આવતાંજ પુનઃ આગળ વધવા માંડયું. પવન માફક ન હોવાથી ન્યુર્યોકર્સ જળમાર્ગે પ્રવાસ કરી શકયો નહિ. અલેકઝાંડરના છુટા પડી ગયા પછી, આપણા ભારતવાસીઓએ ન્યુર્યોકર્સ તથા તેની સરદારી નીચેના સૈન્ય ઉપર હુમલો કર્યો. અત્યાર પહેલાં જેઓ યુદ્ધભૂમિમાંથી ભારતવાસીઓનો ભય પામીને પલાયન કરી ગયા નહોતા, તેઓ આ પ્રસંગે પલાયન કરી જવા લાગ્યા. ન્યુર્યોકર્સની આ પલાયન સંબંધીની હકીકતનો, એરિયાન, કુર્ટિયસ, વગેરે કોઇ પણ વિદેશી ગ્રંથકારે ઉલ્લેખ કર્યો નથી. સુવિખ્યાત લેખક સ્ટાબોએ જો આ હકીકતને પ્રસિદ્ધ કરી ન હોત તો શત્રુને હાંકી કાઢવાને માટે, ભારતવાસીઓએ જે પ્રચંડ પરાક્રમ દર્શાવ્યું હતું તે જાણી શકાત નહિ. ન્યુર્યોકર્સે પવન અનુકૂળ થયેથી પ્રવાસ કરવાનો વિચાર કર્યો હતો. પરંતુ નિરૂપાયે પવન માફક નહિ હોવા છતાં પણ પ્રવાસ કરવાની તેને ફરજ પડવાથી પ્રવાસની શરૂઆતમાં તેને ઘણું કષ્ટ સહન કરવું પડયું હતું.

અલેકઝાંડર લૂંટફાટ કરતો કરતો ગ્રીકોએ દર્શાવેલી આરબિયસ (Arbios), હમણાંની પુરાલી નદી ઓળંગી જઇને બલુચિસ્તાનમાં થઇને આગળ વધવા લાગ્યો. એ સર્વ પ્રદેશોમાં રહેતા હિંદુઓએ તેની સ્હામે યુદ્ધ કર્યું હતું. આ યુદ્ધમાં અસંખ્ય ઑરિટૅઇઓ માર્યા ગયા. આ ઑરિટૅઈ તેજ હમણાંનું લૅસબેલા રાજ્ય છે. આ સ્થાનેથી આગળ વધી અલેકઝાંડર રામબાગ (હમણાંના ખઇરાકોટ) આગળ જઇ પહોંચ્યો. એ સ્થાનનો દેખાવ જોઇને તે ઘણો પ્રસન્ન

થયો હતો. પછીથી તે હિંગલ નદીના તટ તરફ આગળ વધ્યો હતો. ત્યાં આગળજ હિંગલાજ નામક તીર્થ આવેલું છે. આ તીર્થના દેવતા યૂરોપીય ઇતિહાસના ભૂતકાળથી સર્વ જાતિઓદ્વારા પૂજાયા હતા; અને હમણાંએ હિંદુ, મુસલમાન ઉભયથી પણ તેઓ સમાનભાવે પૂજાય છે.

પરિચ્છેદ ૧૩ મો.

અલેકઝાંડર ઇરાન દેશમાં આવેલા પાસારગદામાં જઈ પહોંચ્યો ત્યારે ત્યાં તેણે પ્રથમ નીમેલો સુબેદાર મરી ગયો હતો, અને તેના મૃત્યુ પછી આરસિનિજ નામનો સરદાર ત્યાંનો કારભાર ચલાવતો હતો. એ સરદાર ઉચ્ચ કુળનો હોઇ તેણે અલેકઝાંડરનાં કેટલાંક કઠિન કાર્યો પાર પાડી આપેલાં હોવાથી તેની તેના ઉપર બહુ કૃપા હતી. અલેકઝાંડર પોતાના તરફ આવે છે, એમ જાણતાંજ તે બહુ ધામધુમથી તેને સામો મળવાને માટે ગયો. અલેકઝાંડરને તેણે કેટલાક રથ, પુષ્કળ જર–જવાહિર અને નગદ ૪ હજાર ટેલાન્ટ ભેટ તરીકે અર્પણ કર્યાં. અલેકઝાંડરની સાથેના કેટલાક અમીરોને પણ તેણે ભેટ વગેરે આપીને ખુશ કર્યાં. અલેકઝાંડરને પ્રસન્ન કરવાને આટલો શ્રમ કર્યા છતાં પણ અંતે તેનું મૃત્યુ થયું ! અલેકઝાંડર પાસે બાગોસ નામનો એક ખોજો હતો. જે ઘણો ચીડાઉ, કપટી, મોટાઇ મેળવવાનો લોભી અને ચાડીઓ હતો. અલેકઝાંડરની તેનાપર ઘણી કૃપા હતી; અને તેની પાસે એકાંતમાં જવાની પણ તેને રજા હતી. અલેકઝાંડરની આટલી કૃપા છતાં પણ તે નીચ હોવાથી આરસિનિજે તેને કશી ભેટ આપી નહિ. પરિણામે આ ખોજાએ અલેકઝાંડર આગળ આરસિનિજની ખોદણી કરવા માંડી. આરસિનિજ બહુ સારા સ્વભાવનો સરદાર

હોવા છતાં બાગોસે હમેશાં તેની નિંદા કરવાથી અલેકઝાંડરના મનમાં તેને માટે સંદેહ ભરાતો ચાલ્યો. એવામાં અલેકઝાંડરને કોઇએ કહ્યું કે સાયરસ બાદશાહની કબરમાં પુષ્કળ ધન દાટવામાં આવ્યું છે. અલેકઝાંડરે તે કબર ખોદાવી જોઈ; પરંતુ તેમાંથી કશું પણ નીકળ્યું નહિ. અલેકઝાંડરે ધાર્યું કે કબરમાં દ્રવ્ય દાટેલું હશે ખરૂં; પરંતુ તે કોઇએ કાઢી લીધેલું હોવું જોઇએ. આ કામ આરસિનિજ સિવાય બીજાથી બની શકે નહિ, એમ બાગોસે અલેકઝાંડરને ઠસાવવાથી નિરપરાધી આરસિનિજને ગરદન મારવામાં આવ્યો.

ઇરાનમાં પૂર્વે એવો રિવાજ હતો કે, રાજા પરદેશમાંથી વિજય મેળવીને સ્વદેશમાં આવે ત્યારે તેણે પોતાના દેશમાંની સઘળી સ્ત્રીઓને એક એક સોના મહોર ભેટ આપવી જોઇએ. આ રિવાજ પ્રમાણે અલેકઝાંડરે ઇરાની સ્ત્રીઓને ઘણું દ્રવ્ય વહેંચી આપ્યું.

સાયરસની કબર ઉપર ભવિષ્યના રાજાઓને ઉદ્દેશીને ઇરાની ભાષામાં એક લેખ કોતરાવવામાં આવ્યો હતો, તેનો સારાંશ એવો હતો કેઃ—" હે મનુષ્ય ! તું પણ કોઇ પણ પ્રસંગે મારા રાજ્યમાં આવીશજ એ હું જાણું છું. તું ગમે તે હોય, અને ગમે ત્યાંથી આવ્યો હોય તેની મને ચિંતા નથી. તેમ હું ઇરાનના રાજ્યની સ્થાપના કરનાર હોવા છતાં રાજ્યની ક્ષણભંગુરતા જાણતો હોવાથી તે માટે પણ મ્હારે તને કાંઈ કહેવાનું નથી. મ્હારી વિનંતિ માત્ર એટલીજ છે કે, આ જે સાડા ત્રણ હાથ જમીનથી મ્હારૂં શરીર ઢંકાયલું છે તેટલી જમીન મેળવવાનો લોભ તું રાખીશ નહિ." અલેકઝાંડરના અંતઃકરણમાં આ વચનો વાંચતાંજ મૃત્યુ સંબંધીના વિચારો આવવા લાગ્યા.

અલેકઝાંડર સાથે હિંદુસ્તાનથી આવેલા લોકોમાં કોલોનસ નામનો એક તત્વજ્ઞાની હતો. તે હમેશાં નગ્ન સ્થિતિમાં રહેતો હતો. સદા આધ્યાત્મિક વિચારો કરવામાંજ તે નિમગ્ન રહેતો હતો. અલેકઝાંડર

સાથે તે ઇરાનમાં આવ્યો ત્યારે તેની વય લગભગ સીત્તેર વર્ષની હતી. આટલી મોટી ઉમરમાં તે કદાપિ માંદો પડયો નહોતો; તથાપિ ઇરાનમાં આવ્યા પછી તેની પ્રકૃતિમાં બિગાડ થયો. આથી કરીને તેણે ચિતામાં બળી મરવાનો નિશ્ચય કર્યો. અલેકઝાંડરે તેને ઘણું સમજાવ્યો; પણ પોતાનો નિશ્ચય તેણે ફેરવ્યો નહિ. અંતે અલેકઝાંડરે એક મોટી ચિતા તૈયાર કરાવી. કોલોનસે મેસિડોનિયનો પાસેથી વિદાય લઇને તેમને કહ્યું કેઃ—" મિત્રો ! હવે હું પરમકૃપાળુ પરમાત્મા પાસે જાઉં છું, તમારી પાસેથી વિદાય લઉં છું. આજનો દિવસ તમે તહેવારની માફક આનંદમાં ગાળજો. હું તમારા રાજાને થોડા દિવસમાં બેબિલોનમાં મળીશ." આમ કહી તે આનંદથી ચિતામાં જઇને સૂતો. તેની આજ્ઞા પ્રમાણે તેને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. ચિતા પ્રચંડતાથી સળગી ઉઠી તો પણ કોલોનસ હાલ્યો કે ચાલ્યો નહિ; તેમજ તેણે પોતાના મુખમાંથી એક અક્ષર ઉચ્ચાર્યો પણ નહિ ! અલેકઝાંડર એ સ્થળે આવ્યો નહોતો; પરંતુ અસંખ્ય મેસિડોનિયનો આ ભયંકર દેખાવ જોઇને બહુ આશ્ચર્યમાં પડી ગયા હતા. આ પ્રકાર બની ગયા પછી ઘણે વર્ષે ઑગસ્ટસ સીઝર નામના રોમન બાદશાહની નજર આગળ એથેન્સમાં હિંદુસ્તાનનો એક બીજો યોગી કોલોનસની માફક બળી ગયો હતો.

કોલોનસના બળી ગયા પછી, તેની ઇચ્છા પ્રમાણે અલેકઝાંડરે સંધ્યા સમયે પોતાના સઘળા મંડળને ભોજન કરવાને માટે બોલાવીને જણાવ્યું કેઃ—" આ પ્રસંગે જે સૌથી વિશેષ મદ્યપાન કરશે તેને હું પાંચસો રૂપિયાની કીંમતનો એક શિરપેચ ઇનામમાં આપીશ." પ્રોમાકસ નામના એક માણસે આ ઇનામના લોભથી પુષ્કળ દારૂ પીધો તથા ઇનામ મેળવ્યું; પરંતુ વિનાવિલંબે તે બીમાર થઇ ગયો અને બે ત્રણ દિવસમાંજ મૃત્યુ પામ્યો ! અલેકઝાંડરની સાથે ભોજન

કરવાને માટે જે જે માણસોને વારંવાર આમંત્રણ થતું હતું તેઓ પૈકી એકંદરે ૪૧ માણસો આવી રીતે અતિશય મદ્યપાન કરીને મરી ગયા હતા! અલેકઝાંડરની મિજબાનીઓને લીધે આવી રીતે અનેક માણસોનું મૃત્યુ નીપજે એ તેને માટે કાંઈ જેવી તેવી શરમભરેલી વાત નથી.

પાસારગદાથી નીકળીને તે બારોબાર પર્સિપોલિસમાં જઈ પહોંચ્યો. હિંદુસ્તાન તરફ જ્યારે અલેકઝાંડર ગયો હતો ત્યારે તે આ શહેરને બાળી નાખતો ગયો હતો. આ શહેરની દુર્દશા જોઈને આ પ્રસંગે અલેકઝાંડરને ઘણો પસ્તાવો થયો. પછી તે સુસામાં ગયો. અહીં તેનું સમસ્ત સૈન્ય તેને મળી ગયું. આ સ્થળે અલેકઝાંડરે ડરાયસની પરમ સ્વરૂપવતી કન્યા સ્ટૅટિરા સાથે લગ્ન કર્યું, અને પોતાના મિત્ર હિપૅસ્ટિયનનું સ્ટૅટિરાની બીજી બ્હેન સાથે લગ્ન કર્યું. આ પ્રસંગે અલેકઝાંડરે જણાવ્યું કે "મેસિડોનિયા અને ઇરાન દેશની પ્રજા એક બીજાની સાથે સગપણના સંબંધથી બંધાય એ હેતુથીજ આ લગ્ન કરવામાં આવ્યાં છે; તથા જે કોઈ મેસિડોનિયન ઇરાની કન્યા સાથે લગ્ન કરવાની ઇચ્છા ધરાવતો હોય તેને હું ઘણી ખુશીથી તેમ કરવાની પરવાનગી આપું છું." આવી પરવાનગી મળવાથી ઘણા મેસિડોનિયનોએ ઇરાની કન્યાઓ સાથે લગ્ન કર્યાં હતાં.

આ સમયે તેણે પોતાના સઘળા સરદારોને એક મોટી મિજબાની આપી. આ મિજબાનીમાં નવહજાર માણસોએ હાજરી આપી હતી. સર્વ સરદારોને મદ્યપાન કરવા માટે એકેક સોનાનો પ્યાલો આપવામાં આવ્યો હતો. અલેકઝાંડરની એક બીજી ઉદારતાનો ઉલ્લેખ અત્ર કરવો જોઇએ કે પ્રત્યેક સૈનિક પાસેથી તેણે દેવાની રકમનો આંકડો માગ્યો હતો. આ આંકડાઓ જણાવવા સૈનિકોની હિમ્મત નહિ ચાલવાથી તેણે સિપાઇઓ ઉપર જે કાંઇ દેવું હોય તે ચૂકવી દેવાની પોતાના કારભારીને આજ્ઞા કરી. પરિણામે અલેકઝાંડરના અનેક

સૈનિકોમાંનો એક પણ સૈનિક દેવાદાર રહ્યો નહિ. આ દેવું ચૂકવવામાં તેને ૧ કરોડ ૫૦ લાખ રૂપિયાનું ખર્ચ થયું હતું.

સુસાથી નીકળીને અલેકઝાંડર ધીમે ધીમે ઓપ્પિસ પાસે જઇ પહોંચ્યો. થોડો સમય ત્યાં વિશ્રામ લઇને તે મિડિઆ દેશમાં જઇ પહોંચ્યો. એ દેશમાં મુકામ રાખીને અલેકઝાંડર મોજ–શોખમાં ગુલતાન રહેવા લાગ્યો. એક વખતે તેણે ફરીથી પાછી પોતાના સરદારોને મિજબાની આપી. આ પ્રસંગે અલેકઝાંડરને ખુશી કરવાને માટે કેટલાક સરદારોએ પુષ્કળ દારૂ પીધો. પરિણામ એ આવ્યું કે, અતિશય મદ્યપાન કરનારા સરદારો પૈકીના કેટલાક મરણને શરણ થયા. અલેકઝાંડરનો પ્રિય મિત્ર તથા તેનો માનીતો સરદાર હિફૅસ્ટિયન સુદ્ધાં આથી મૃત્યુ પામ્યો.

ત્યાર પછી અલેકઝાંડર બેબિલોનમાં જઇ પહોંચ્યો. ત્યાં તેને અપૂર્વ સન્માન મળ્યું. ત્યાં આગળ તેણે જીતેલા ઘણાખરા દેશોના વકીલોનાં નજરાણાંનો સ્વીકાર કર્યો. આ સ્થળે અલેકઝાંડરે ઘણોજ વૈભવ ભોગવ્યો; આમ છતાં તે પોતાના પ્રિય પાત્ર સરદાર હિફૅસ્ટિયનને ભૂલી શક્યો નહોતો. હિફૅસ્ટિયનનું નામ ચિરકાળને માટે કાયમ રહે એ હેતુથી તેણે બેબિલોનમાં એક કબર, એક ઉત્તમ કારીગર પાસે તૈયાર કરાવી. કારીગરે કબર તથા તેની ઉપરની ઇમારતનો દેખાવ ઘણો આકર્ષક બનાવ્યો. આ કાર્યમાં અલેકઝાંડરને ૮૦ લાખ રૂપિયાનું ખર્ચ થયું હતું, એમ સલિન સાહેબે જણાવેલું છે.

અલેકઝાંડર પોતાને તો દેવ મનાવતોજ હતો! પરંતુ આ પ્રસંગે તેને પોતાનો મિત્ર હિફૅસ્ટિયન સુદ્ધાં દેવ તરીકે પૂજાય એવી ઇચ્છા થઇ. તેણે ઇજીપ્ત દેશમાંના પોતાના સુબા ક્લિઓમિનીમને એવી આજ્ઞા આપી કે:—"અલેકઝાંડ્રિયા તેમજ ફારોજમાં હિફૅસ્ટિયનનાં દેવળો સ્થાપવાનું કામ તમે જો ઉતાવળથી ઉત્તમ પ્રકારે કરશો, તો

તમે આજ સુધીમાં પ્રજાને સતાવીને જે ગુન્હાઓ કર્યા છે, તે માફ કરવામાં આવશે; તથા ભવિષ્યમાં પણ જો તમારે હાથે બીજા અપરાધો થશે તો તે સુદ્ધાં માફ થશે!”

અલેકઝાંડર બેબિલોનમાં એક વર્ષ સુધી રહ્યો હતો. અદ્યાપિ તેની વિજયતૃષા શાન્ત થઇ નહોતી. હજી કાસ્પિઅન સમુદ્રની આસપાસનો પ્રદેશ શોધી કાઢવાની, અરબસ્તાન જીતવાની, અને કાર્થેજના લોકો સાથે યુદ્ધમાં ઉતરીને, તેમને પોતાના દાસ બનાવવાની ઇચ્છા તેને થયા કરતી હતી. અલેકઝાંડરને નિરાંતે બેસી રહેવાથી કંટાળો આવતો હતો. તેનો વિજયલોભ તેમજ તેની કલ્પનાશક્તિ કદાપિ તેને નિરાંતે બેશી રહેવા દેતાં નહિ.

બેબિલોન શહેર યુફ્રેતિસ નદીને કિનારે આવેલું હતું. એક વખત અલેકઝાંડર બેબિલોન શહેરમાં આવ્યો ત્યારે એ નદીનો બાંધ ટૂટી ગયેલો જણાયો. તેથી તેણે હજારો માણસોને કામ ઉપર રોકીને તે ફરીથી બંધાવવાની શરૂઆત કરી. આ કામ ચાલુ હતું એવામાંજ અલેકઝાંડર મૃત્યુ પામવાથી એ કાર્ય અપૂર્ણજ રહ્યું.

બેબિલોનમાં બેલસ નામની મૂર્ત્તિનું એક દેવાલય હતું. તેમાંની મૂર્ત્તિ સાયરસ બાદશાહે ભાંગી નાખી હતી, તથા દેવાલયને જર્કસિઝ બાદશાહે જમીનદોસ્ત કરી નાખ્યું હતું. આ કામ તૈયાર કરાવવાને માટે અલેકઝાંડરે ૧૦ હજાર માણસો રોકયાં; પરંતુ તેનું એકાએક મૃત્યુ થવાથી આ કામ પણ અપૂર્ણ રહ્યું.

અલેકઝાંડર બેબિલોનમાં આવીને રહ્યો ત્યારથી તેના અંતઃકરણમાં જે વિચારો ચાલતા હતા તેમાંથી અરબસ્તાન ઉપર સ્વારી કરવાનો તેનો વિચાર નિશ્ચિત થયો; તથા આ નિશ્ચયની શરૂઆતમાં તે સમયની રીત પ્રમાણે મિજબાનીઓ ચાલવા લાગી. એક દિવસે રાત્રે પોતાને ત્યાં પોતાના સઘળા સરદારોને ભોજન માટે નોતરીને અલેકઝાંડરે તેમની સાથે પુષ્કળ દારૂ પીધો હતો. ભોજન વગેરે થઈ

ગયા પછી અલેકઝાંડર સૂવા જવાની તૈયારી કરતો હતો એવામાં મિડિયસ નામનો એક સરદાર તેને પોતાના કુટુંબના માણસોને એક વખત દર્શન આપી જવાની પ્રાર્થના કરવા લાગ્યો. મિડિયસ સાધારણ માણસ હતો; તથાપિ હિફૅસ્ટિયનનું મૃત્યુ થયા પછી તે અલેકઝાંડરનો પ્રીતિપાત્ર થઇ પડ્યો હતો. અલેકઝાંડર મિડિયસની પ્રાર્થના સ્વીકારીને તેને ત્યાં ગયો. આ પછી જે પ્રકાર બન્યો તેનો ઉલ્લેખ એક રોજનિશીમાં આ પ્રમાણે છે:—"અલેકઝાંડરે મિડિયસની સાથે બેસીને ઘણો દારૂ પીધો. પછીથી તે ઉઠી, સ્નાન કરીને સૂઇ ગયો. સૂઇને ઉઠયા પછી તેણે મિડિયસની સાથે ભોજન લીધું, અને પુન: સ્નાન કરીને સૂઇ ગયો. સૂતા પછી તેને તાવ ભરાયો. એવી સ્થિતિમાં તેને રથમાં બેસાડીને બાદશાહી મુકામપર લઇ જવામાં આવ્યો. ત્યાં તેણે પોતાના હમેશાંના નિયમ પ્રમાણે દેવભક્તિ કરી. સમસ્ત દિવસ તેણે પોતાની સ્વારીનાં કાર્યો ઉપર દેખરેખ રાખી. પગરસ્તે નીકળનાર સૈન્યને ચોથે દિવસે અને વહાણ મારફત નીકળનાર સૈન્યને પાંચમે દિવસે નીકળવાની તેણે આજ્ઞા કરી. પછીથી તે એક હોડીમાં બેસી યુફ્રેતિસ નદીની બીજી પાર આવેલા એક ઉદ્યાનમાં જઇને રહ્યો. ત્યાં તેણે પોતાના તાવની પરવાહ કર્યા સિવાય હમેશાં શીતળ જળથી સ્નાન કરીને ઇશ્વિરભક્તિ કરવાનો પોતાનો નિત્યનિયમ ચાલુ રાખ્યો હતો. એ ઉદ્યાનમાં તેની બિમારી ઘણી વધી ગઇ. આથી કરીને તેના માણસો તેને ડોળીમાં સૂવાડીને શહેરમાંના રાજમહેલમાં લઇ આવ્યા. આવી રીતે તેણે સત્તાવીસ દિવસ સુધી દુ:ખ ભોગવ્યું." અઠ્ઠાવીસમે દિવસે તેની જીભ ખેંચાઇ ગઇ, તથા ધીમે ધીમે તેની વાચાશક્તિનો નાશ થયો. આ ભયંકર સમય દરમ્યાન કોઇએ તેને એવો પ્રશ્ન કર્યો હતો કે:—"આપની પાછળ આપ કોને આપનું રાજ્ય મળે એવું ઇચ્છો છો?" અલેકઝાંડરે

મહાસુશિખતે આ પ્રશ્નનો એવો ઉત્તર આપ્યો હતો કે: "જે સૌથી વધારે બળવાન હોય તેને." આવો ઉત્તર આપીને જેના નામથી દશે દિશા ગાજી રહી હતી, જેના જુલ્મથી સમસ્ત પૃથ્વી ધ્રૂજી રહી હતી, જેના ભયથી મોટા મોટા પરાક્રમી નરપતિઓ કંપી ઉઠતા હતા તે અલેકઝાંડર ઈ. સ. પૂર્વે ૩૨૩ માં, બાર વર્ષ તથા આઠ માસ સુધી રાજ્ય કરી, પોતાની અતૃપ્ત વિજયાકાંક્ષાને સાથે લઇને બેબિલોન શહેરમાંજ મરણ પામ્યો.

અલેકઝાંડરના મૃત્યુના સમાચાર સૈન્યમાં જાહિર થતાંજ સર્વત્ર હાહાકાર થઇ રહ્યો. અનેક શૂરવીર પુરૂષો પથરાના પુતળાની પ્રમાણે સ્તબ્ધ બની ગયા. સમસ્ત સૈન્યનું જીવન જાણે ઉડી ગયું હોય એવી ભયંકર નિરાશા નજરે પડવા લાગી.

અલેકઝાંડર ઘણા દિવસ સુધી બીમાર રહીને મરવાથી તેને કોઇએ વિષ આપ્યું હોય એવો સંશય ધરાવવાનું કારણ નહોતું; તો પણ એ સંબંધીનીની ચર્ચા ઉપસ્થિત થયા સિવાય રહી નહિ. એ ચર્ચાની હકીકત રાજ્યમાતા ઓલિમફિયાના કાન સુધી પહોંચી ત્યારે તેણે એ સંબંધી તપાસ ચલાવી હતી. પરિણામે એન્ટિપિટર તથા એરિસ્ટોટલનાં નામો કારસ્થાન-કર્તા તરીકે પ્રસિદ્ધ થયાં હતાં. એન્ટિપિટર અલેકઝાંડરથી ઘણો ડરતો હતો, તથા તેનો પુત્ર અલેકઝાંડરના રસોઇખાતાનો મુખ્ય અધિકારી હતો; તેથી એન્ટિપિટર લોકોના તથા ઓલિમફિયાના સંશયનો ભોગ થઇ પડયો હતો. હવે રાજગુરૂ એરિસ્ટોટલ પણ આ સંશયનો ભોગ થઇ પડયો તેનું કારણ એ હતું કે, તેણે અલેકઝાંડરની પાસે કાલિસ્થનિસને યોગ્ય સલાહ આપવા રખાવ્યો હતો; પરંતુ અલેકઝાંડરને હાથે વિના અપરાધે તે માર્યો ગયો હોવાથી અલેકઝાંડરને તેના અયોગ્ય વર્ત્તનનો યોગ્ય બદલો આપવા માટે એરિસ્ટોટલ પણ અલેકઝાંડરના મૃત્યુના કારસ્થાનમાં સામિલ થયેલો હશે એવો સર્વેને સંદેહ થઇ આવ્યો હતો;

પરંતુ ખરૂં જોતાં અલેકઝાંડરનું મૃત્યુ કુદરતીજ હતું. એમાં એન્ટિપિટર કે એરિસ્ટોટલનો કશો વાંક નહોતો. આવો અભિપ્રાય કેટલાક સુજ્ઞ ગ્રંથકારોએ પ્રદર્શિત કર્યો છે.

પુત્રના મૃત્યુથી માતાને અસાધારણ શોક થાય એ સાહજિક છે. અલેકઝાંડરના મૃત્યુથી ઓલમફિયાને અપાર દુઃખ થયું. તેનો પુત્ર કાંઇ સાધારણ નહોતો. સમસ્ત વિશ્વને પોતાની હાકથી ધ્રૂજાવી મૂકનાર પુત્રના મૃત્યુથી કયા માતા દુઃખી થયા સિવાય રહે ? વળી અલેકઝાંડરની માતૃભક્તિ અસાધારણ હતી. તે આટલો બધો પરાક્રમી, આગ્રહી તેમજ હઠીલો હતો તો પણ તેણે પોતાની માતાની આજ્ઞા કદાપિ અમાન્ય કરી નહોતી.

અલેકઝાંડરના મૃત્યુથી ડરાયસની માતા સિસિગૅંબિસના ઉપર પણ કારમો ઘા થયો. તેણે પોતાની જે પુત્રી હિપૅસ્ટિયનની સાથે પરણાવી હતી તે વિધવા થઇ હતી, તેથી આ દુઃખ તો કાયમજ હતું. આ સિવાય તેના પિતાને, તેના પતિને તથા તેના એંશી બંધુઓને ઓકસે એકજ દિવસે ગરદન માર્યા હતા. આ ભયંકર દુઃખ પણ તેણે પત્થર જેવું કઠિન હૃદય કરીને સહન કર્યું હતું, પરંતુ તેના નશીબમાં વિશેષ દુઃખ સહન કરવાનું નિર્માણ થયેલું હતું; અને તેથી અલેકઝાંડરનું મૃત્યુ થયા પછી તેની સઘળી સહનશક્તિ ઉડી ગઈ. તેણે પોતાના ભાગ્યનો તિરસ્કાર કરીને અન્ન છોડી દીધું. તેની બન્ને છોકરીઓને વિધવા તરીકે જોવાનો દુર્દૈવી પ્રસંગ ઇશ્વરે તેને શિરે લાવી મૂક્યો. અંતે અન્નના અભાવથી તેનું શરીર ક્ષીણ થઈ ગયું, તથા વિના વિલંબે જગવિખ્યાત પરાક્રમી રાજા ડરાયસની માતા 'અલેકઝાંડર' 'અલેકઝાંડર' કરતી મૃત્યુ પામી. આ ઉપરથી અલેકઝાંડરનો તેની માતા પ્રત્યેનો તથા સિસિગૅંબિસ પ્રત્યેનો પ્રેમ કેવો હશે ? તેની કલ્પના સ્હેલાઇથી કરી શકાય છે.

ઉપસંહાર.

હવે અમે ચરિત્રના નિયમ પ્રમાણે ચરિત્રનાયકના ગુણદોષનું યથાશક્તિ વિવેચન કરી આ ચરિત્ર સંપૂર્ણ કરીશું.

પૃથ્વી ઉપર આજ સુધીના થઇ ગયલા મહાન્ પરાક્રમશાળી પુરૂષોમાં અલેકઝાંડરની પણ ગણના થઇ શકે છે. અલેકઝાંડર જન્મથીજ બુદ્ધિશાળી હતો; એરિસ્ટોટલ જેવા મહાવિદ્વાન ગુરૂની પાસેથી તેણે વિવિધ પ્રકારનું શિક્ષણ મેળવ્યું હતું. તેવા ગુરૂનો શિષ્ય તે ન થયો હોત તો તે આટલા બધા દેશો ઉપર વિજય ન મેળવી શકત એમ કહેવાનો અમારો આશય નથી. કારણ કે યુદ્ધકળાનું શિક્ષણ કાંઇ તેણે તેની પાસેથી પ્રાપ્ત કર્યું નહોતું. એરિસ્ટોટલ જેવા ગુરૂના શિક્ષણથી આ મહાબુદ્ધિશાળી શિષ્ય કાવ્યપ્રિય થયો હતો. અનેક વીરરસનાં કાવ્યો તે કંઠસ્થ કરીને તેના ઉપર અનેક પ્રકારની કલ્પનાઓ કરતો હતો. અલેકઝાંડર બાલ્યાવસ્થાથીજ પોતાનું અપમાન થયેલું જોઈ શકતો નહિ, એ વાત આ ચરિત્રમાં દર્શાવેલાં કેટલાંક ઉદાહરણો ઉપરથી પાઠકો સમજી શક્યા હશે. તેના સ્વાભિમાનની સીમા રહી નહોતી એ તે પોતે પોતાને દેવપુત્ર કહેવડાવતો હતો એ ઉપરથી સમજી શકાય છે.

રાજગાદી ઉપર બિરાજ્યા પછી અલેકઝાંડરે બીજા રાજાઓની માફક પોતાનું જીવન અયશઆરામમાં ગુમાવ્યું નથી. તેનો નિશ્ચય, તેની વૃત્તિ તથા તેની વાસના સમસ્ત પૃથ્વી ઉપર આવેલા દેશો ઉપર વિજય મેળવીને દિગ્વિજયી થવાની હતી. પોતાનો એ નિશ્ચય પૂરો કરવાને તેણે અથાગ શ્રમ કર્યો હતો. વળી તેણે પોતાને શરણે થનાર ઉપર કશો જુલ્મ ગુજાર્યો નથી તે જોતાં તેને જુલ્મી ગણી

શકાતો નથી. તેની વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરનાર વિરૂદ્ધજ તેણે ભયંકર જુલ્મ ગુજાર્યો છે.

બાદશાહ ડરાયસ અલેકઝાંડરનો મોટો શત્રુ હતો; તો પણ ડરાયસની મૃત્યુ સમયની દુર્દશા જોઇને અલેકઝાંડરની આંખોમાં અશ્રુજળ ભરાઈ આવ્યું હતું. એ ઉપરથી, તથા ડરાયસની માતા સિસિગૅંબિસ તરફ તેણે ચલાવેલા માયાળુ વર્ત્તનપરથી તે નરમ દિલનો હતો એમ માલૂમ પડી આવે છે. ડરાયસે અલેકઝાંડરના સૈનિકોની જે દુર્દશા કરી હતી તે જોતાં જો અલકઝાંડરની જગ્યાએ બીજો કોઈ બાદશાહ હોત તો ડરાયસના કુટુંબ પરિવારને દુઃખી કર્યા સિવાય રહેત નહિ એ નિઃસંદેહ છે.

અનેક જાતિના માણસોને સમાધાનીથી પોતાની સત્તામાં રાખવા એ પણ કાંઈ સાધારણ કાર્ય નથી. અલેકઝાંડરના સૈન્યમાં જૂદી જૂદી જાતિના સૈનિકો હતા, અને તેઓ તેને માટે પ્રાણ આપવાને તત્પર રહેતા હતા. તે જોતાં અલેકઝાંડર તેમની સર્વેની સાથે કેવું વર્ત્તન રાખતો હશે તે સમજી શકાય તેમ છે. મહા બુદ્ધિશાળી પુરૂષ સિવાય આવો ગુણ ભાગ્યેજ બીજામાં હોય છે. અલેકઝાંડરના સૈનિકો જ્યારે યુદ્ધજીવનથી કંટાળી જઇને તેની સાથે આગળ વધવાની અનિચ્છા દર્શાવતા હતા ત્યારે મહા ચતુર અલેકઝાંડર તેમને જે યુક્તિ પ્રયુક્તિથી તેમનું સાંત્વન કરી, પોતાના કાર્યક્ષેત્રમાં દોરી શકતો હતો એ કાંઇ સાધારણ પ્રકાર નથી.

અલેકઝાંડરનામાં એક મોટો દોષ એ હતો કે તે ક્રોધી હતો. તેના ક્રોધને પરિણામે અનેક માણસોના તથા વિદ્વાનોના જીવ ગયા છે. આ દુર્ગુણને લીધેજ તે પોતાની યુવાવસ્થામાં મૃત્યુ પામ્યો એમ કહીશું તો પણ ચાલી શકશે. તે પરદેશમાં નીકળ્યો તે પહેલાં તેની રીતભાત સારી હતી; પરંતુ પરદેશમાં નીકળી પડયા પછી તે

સ્વચ્છંદતાથી વર્ત્તતો હતો. તેને પોતાનો વિચાર પાર પાડયા સિવાય સહજ પણ ચેન પડતું નહિ. આ ઉપરથી અલેકઝાંડરના ગુરૂ એરિસ્ટોટલને કોઈ વ્યક્તિ દોષપાત્ર ગણે તો તે વ્યાજબી નથી, કારણ કે ક્રોધ જેવા ભયંકર દુર્ગુણને પરિણામે કેટલી બધી દુર્દશા થાય છે એ એરિસ્ટોટલ જેવા મહા વિદ્વાન પુરૂષના લખાણ ઉપરથી માલૂમ પડી આવે છે. અલેકઝાંડરનો ક્રોધ પરદેશમાં વધી પડયો હતો તેનું કારણ એ જણાય છે કે તેનામાં વિજયગર્વ વધતો ગયો હતો, તથા તે યુવાનીના પ્રચંડ તરંગો સાથે જીવન પસાર કરતો હતો. આમ હોવાથી બાલ્યાવસ્થામાં ગુરૂદ્વારા મળેલું કેટલુંક શિક્ષણ લક્ષ્ય બહાર રહે એ બનવા જેવું છે.

અલેકઝાંડરનામાં એક સારો ગુણ એ હતો કે એક વખત તે જેની સાથે મિત્રાચારી કરતો તેની સાથે તે કોઇ પ્રકારનો ભેદભાવ રાખતો નહિ. તે પોતાના અંતઃકરણની સર્વ હકીકત પોતાના મિત્રોને નિવેદન કરી તે સંબંધી તેમની સલાહ સાંભળતો હતો. અલેકઝાંડરનો કોઇ પણ મિત્ર કે સરદાર ખુશામદીઓ કે જૂઠો નહોતો; કારણ કે એવા માણસ તરફ તે તિરસ્કારથી જોતો હતો.

અલેકઝાંડરનો સ્વભાવ તેની બાલ્યાવસ્થાથીજ ઘણો ઉદાર હતો. પૈસાની તે બિલકુલ પરવાહ ધરાવતો નહિ. આથી કરીને તે પોતાના મિત્રોને, સરદારોને તેમજ સૈનિકોને વારંવાર ઇનામો આપતો હતો. મિજલસો કરતો હતો. તેણે પોતાના ખજાનામાંથી પોતાના સમસ્ત સૈનિકોનું દેવું ચૂકાવી આપ્યાની હકીકત અમે આ ચરિત્રમાં પૂર્વે નિવેદન કરી ચૂકયા છીએ. મનુષ્યને જેમ જેમ વિશેષ સંપત્તિ પ્રાપ્ત થતી જાય છે તેમ તેમ તે વિશેષ કંજુસ થતો જાય છે. પરંતુ અલેકઝાંડરનો સ્વભાવ આથી વિરૂદ્ધ હતો. તેને જેમ જેમ વિશેષ સંપત્તિ પ્રાપ્ત થતી ગઈ તેમ તેમ તે વિશેષ ઉદાર થતો ગયો હતો એ

આ ચરિત્રવાંચન ઉપરથી પાઠકો સારી રીતે સમજી શક્યા હશે. અલેકઝાંડરનો આ ગુણ કાંઇ જેવો તેવો નથી.

ઘણીવખત આહાર–વિહારની અનિયમિતતાજ મનુષ્યના વિનાશનું કારણ થઇ પડે છે. અલેકઝાંડરનું સત્વર મરણ થવામાં એ અવગુણ પણ એક કારણરૂપ હતો.

અલેકઝાંડરે પોતાની યુવાવસ્થામાંજ સમસ્ત વિશ્વમાં પોતાના વિજયગૌરવને પ્રસિદ્ધ કર્યું હતું એ તેને ઘણું શોભા આપનારૂં છે. આમ છતાં તેને પોતાના અસાધારણ શ્રમનું પરિણામ સુખેથી ભોગવવાનો સુયોગ પ્રાપ્ત થયો નહોતો. આમ થવાનું કારણ તેની રાક્ષસી મહત્વાકાંક્ષાજ હતી. અલેકઝાંડર કદાચ બીજાં કેટલાંક વર્ષ જીવતો રહ્યો હોત તો પણ તે પોતાનું જીતેલું વિશાળ સામ્રાજ્ય દીર્ઘકાળ સુધી પોતાની સત્તામાં રાખી શકત કે કેમ ? એ પણ શંકાયુક્તજ છે.

અલેકઝાંડર કેટલાંક રાજ્યો ઉપર વિજય મેળવ્યા પછી પોતાને દેવ તરીકે ઓળખાવવા લાગ્યો એ તેના જેવા મહાન્ પુરૂષને માટે ઘણું શરમભરેલું છે. જો કે તે તેના સમયમાં પૃથ્વી ઉપરના સર્વ રાજા મહારાજાઓ કરતાં વિશેષ પરાક્રમી હતો એ સત્ય છે; પરંતુ પોતાને દેવ કહેવડાવવા જેવાં દેવતાઈ કામો કાંઇ તેણે કર્યાં નહોતાં. રાજા ગમે એવાં મહાન્ કાર્યો કરે તો પણ તે પોતે પોતાની જાતને દેવ તરીકે ઓળખાવે એ સર્વથા અયોગ્ય છે. દેવ–પ્રભુ–સર્વશક્તિમાન છે તથા જગત માત્ર તેમને આધીન છે. આવો સિદ્ધાંત દુનિયાનાં સર્વે ધર્મશાસ્ત્રોમાં છે, તો પછી આ સિદ્ધાંત મેસિડોનિયનોના ધર્મશાસ્ત્રમાં પણ હોવો જોઇએ.

હવે એરિયાન ગ્રંથકારે અલેકઝાંડરના સ્વભાવનું જે વર્ણન કર્યું છે તેનો સારાંશ અત્ર નિવેદન કરી આ ચરિત્ર પૂર્ણ કરીશું.

એરિયાન જણાવે છે કેઃ—" જે કોઇ અલેકઝાંડરની યોગ્યતાનું વર્ણન કરે તેણે તેના દુર્ગુણો યાદ કરીને તે ઉપર ચર્ચા કરવામાં વખત ગુમાવવો નહિ; પરંતુ તેનાં મહાન્ કાર્યોને યાદ કરીને તે કેવો મહા પરાક્રમી હતો, તથા તેની તુલનામાં આપણે કેવા સામાન્ય છીએ તે વિચારવું જરૂરનું છે. અલેકઝાંડર જીવતો હતો ત્યારે એવો એક પણ દેશ નહોતો કે જે તેના નામથી અજાણ્યો હોય. મારો અભિપ્રાય તો એવો છે કે, ઇશ્વરે અલેકઝાંડરને કોઇ મુખ્ય ઉદ્દેશને લીધેજ આ વિશ્વમાં ઉત્પન્ન કર્યો હતો. * * * * અલેકઝાંડરનામાં જેમ કેટલાક અવગુણ હતા તેમજ અનેક સદ્ગુણ પણ હતા. તેની માતૃભક્તિ, અચળ ધૈર્ય, સાહસિકતા, અદ્ભુત વીરત્વ તેમજ અતુલ વૈભવનો વિચાર કરવા જતાં તેને માટે આશ્ચર્યયુક્ત પ્રશંસાનાં વચનો નીકળ્યા સિવાય રહેતાં નથી."

સમાપ્ત

ગોદરેજની તીજોરી અને મોતી.

ગોદરેજની તીજોરીઓના સંબંધમાં ઝવેરીઓ વારે વારે એવો સવાલ ઉઠાવે છે કે એ તીજોરીઓમાં આગની વખતે કાગળ બળતા નથી એ ખરૂં છે, છતાં તીજોરીની અંદર મેલેલાં મોતીનું આબ ઉડી જાય કે નહિ ?

ગયા નવેમ્બરમાં ગીરગામ એક રોડ ઉપર શેઠ લાલજી દયાલના મકાનમાં મોટી આગ થઇ; તે ઘરમાં શેઠ ગોરધનદાસ પટેલની માલેકીની એક તીજોરી ગોદરેજની બનાવેલી હતી અને તેમાં કાગળો ઉપરાંત મોતીની એક પોટલી હતી તે મોતીની હાલત આગ પછી કેવી હતી તે શેઠ ગોરધનદાસે ગોદરેજ ઉપર લખેલા નીચલા કાગળ ઉપરથી સમજી શકાશે—

મેસર્સ ગોદરેજ અને બાઇસ જોગ—

થોડા દહાડા ઉપર ગીરગામ એક રોડનાં મારાં ઘરમાં આગ લાગી તે વખતે મારા વપરાસમાં તમારી એક તીજોરી હતી. મારી રહેવાની જગ્યામાં સઘળું બળીને રાખ થઇ ગયું હતું અને જ્યાં આગ બહુ જોરમાં થઇ હતી ત્યાં તમારી તીજોરી હતી. તીજોરીમાં કરનસી નોટો અને ખતપત્રો ઉપરાંત સોનાના દાગીના હતા અને થોડાંક છુટાં મોતીની એક પોટલી હતી. તીજોરી ગોદરેજની બનાવેલી એટલે સૌની ખાતરી હતી કે કાગળો જરૂર સલામત રહેશે, પણ મોતીની હાલત સારી રહેશે કે નહિ તે માટે કેટલાકોને શક હતો. તીજોરી ખોલતાં હાજર રહેલાઓની અજાયબી વચ્ચે કાગળો તેમજ મોતી સંપૂર્ણ સારી હાલતમાં મળી આવ્યાં હતાં.

તા. ૨૮-૧૧-૧૪ **લી. સેવક,—ગોરધનદાસ વી. પટેલ.**

ગોદરેજનું કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ—મુંબઈ.

શાખા—રીચીરોડ—અમદાવાદ.

જરા સાચવજો !

કેસરીયા બનજો, પણ કૃપણ ન બની જાઓ તે સાચવજો ! ઉદાર બનજો, પણ ઉડાઉ ન બની જાઓ તે સાચવજો ! સ્વતંત્ર બનજો, પણ સ્વચ્છંદી ન બની જાઓ તે સાચવજો !